શ્રી
મહાવીર ભક્ત
મણિભદ્ર.

મેસર્સ મેઘજી હીરજીની કું.
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,
પાયધુની મુંબઈ.

અમારૂં નવું સાહસ—

નવયુગ જૈન સાહિત્ય.

બાર આના સીરીઝ.

જૈન બંધુઓ અને બ્હેનો થોડી કીમતે અમૂલ્ય ગ્રંથો પોતાની પાસે સંઘરી શકે એવી તદ્દન નવીન યોજના.

વિલાયતની સીરીઝોને પણ ભુલાવે તેવી નવયુગ જૈન સહિત્યની બાર આના સીરીઝ બ્હાર પાડવાની અમે યોજના કરી છે. આ સીરીઝમાં ઘણાં ઉત્તમ નવીન તેમજ પ્રાચીન ગ્રંથોનો સુંદર રીતે સમાવેશ થશે. જુના તથા નવા વિચારવાળા જૈન બંધુઓ આ સીરીઝનો સંપૂર્ણ લાભ લઇ શકશે. જે પુસ્તકો રૂપીયા ખર્ચવા છતાં પણ મળી શકતાં નથી તે પુસ્તકો માત્ર ૧૨ આનામાંજ હવેથી મલી શકશે. આ સીરીઝના પુસ્તકોનું કદ તથા બાઇન્ડીંગ પણ એવું થશે કે જેથી ખરેખર લાઇબ્રેરીની શોભામાં અપૂર્વ વધારો થશે.

માત્ર જેઓ આગળથી ગ્રાહક તરીકે નામ નોંધાવશે તેમની પાસેથીજ આ સીરીઝમાં પ્રકટ થતાં દરેક ગ્રંથની બાર આના કીમત લેવામાં આવશે. ગ્રાહક નહીં હોય તેમને બમણી કીમતે પણ આ સીરીઝનું પુસ્તક મળી શકશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે.

આવી બાર આના સીરીઝની યોજના તદ્દન નવીન અને સર્વકોઇને એક સરખી પ્રિય તથા અનુકૂળ હોવાથી થોડાજ વખતમાં હજારો ગ્રાહકો થઇ જાય તો તેમાં આશ્ચર્ય નથી. આ સીરીઝની ગ્રાહકો *પુરતીજ નકલો કઢાવવામાં આવશે.

એક વર્ષમાં આ સીરીઝના ચારથી અધિક ગ્રંથો પ્રકટ થશે નહીં. તેથી અમારા ગ્રાહકોને વર્ષ દીવસે ત્રણ રૂપીયાથી અધિક ખર્ચ થવાનો બીલકુલ સંભવ નથી.

અમને સંપૂર્ણ આશા છે, કે આ સીરીઝને આપણા જૈન સમાજમાં અપૂર્વ આવકાર મળ્યા વિના રહેશે નહીં.

ચિત્રોની વ્યવસ્થા.

પ્રત્યેક ગ્રંથમાં ચિત્રકળાની ઉત્તમ પદ્ધતિને અનુસરનારાં પ્રાસંગિક ચિત્રો પણ આપવામાં આવશે. મતલબ કે આ સીરીઝની ઉત્તમતા, સુંદરતા, મનોહરતા તથા ઉપયોગિતા માટે અમે અમારાથી બનતો દરેક પ્રયત્ન કરીશું.

આગળથી ગ્રાહક તરીકે નામ નોંધાવનારે ૦-૮-૦ આના ડીપોઝીટ તરીકે મોકલી આપવા. આ ડીપોઝીટ રકમ ગ્રાહક તરીકેનું નામ રદ થયેથી પાછી મોકલી આપવામાં આવશે.

મેસર્સ મેઘજી હીરજીની કંપની.

૫૬૬, પાયધુની—મુંબઇ.

---

* જવાબને માટે તથા વધુ ખુલાસાને માટે ટીકીટ મોકલવી.

શ્રીકૃષ્ણ પ્રી. પ્રેસ, અમૃતવાડી મુંબઈ.

સુશીલકૃત
નવયુગ જૈન સાહિત્ય દ્વિતીય કિરણ
શ્રી મહાવીરભક્ત

મણિભદ્ર.

કર્તા—પરી ભીમજી હરજીવન,
મહુડા-શિવસદન.

પ્રથમાવૃત્તિ. સં૦ ૧૯૭૨ ના અષાડ
૧૦૦૦. શુકલપક્ષ અષ્ટમી.

પ્રકાશકઃ—
મેસર્સ મેઘજી હીરજીની કું.
નં૦ ૫૬૬ પાયધુની, મુંબઇ.

મૂલ્ય નવયુગ જૈન સાહિત્યના
૧-૮-૦. ગ્રાહકો પાસેથી ૦-૧૨-૦

The Bombay Art Printing Works, Fort.



સ્વર્ગસ્થ શેઠ શ્રી વેલજી કાનજી મણશી.

જન્મ તિથિ :—સંવત ૧૯૩૬, ભાદ્રપદ, વદિ ૮, સોમવાર.

સ્વર્ગવાસ તિથિ :—સંવત ૧૯૭૨ ના ચૈત્ર સુદિ ૬, શનિવાર.

Bombay Art Printing Works, Fort

સ્નેહાંજલી.

સ્વર્ગસ્થ શેઠ શ્રી વેલજી કાનજી મણશી,

કે જેમની કીર્તિની કામનાવગરની પરોપકારી પ્રવૃત્તિઓ અક્ષય યશરૂપી પરિમલ પ્રસરાવી રહી છે; **કચ્છી જૈન બાલાશ્રમ** પ્રત્યેના જેમના નિઃસ્વાર્થ સેવાભાવનું આપ્તજનો અનેકવાર સ્મરણ કરી કૃતાર્થ થાય છે; અને જેઓ આ ક્ષણભંગુર જગત્માં અનંત કાળ પર્યંત સ્થાયી રહી શકે એવી સ્મૃતિઓ પોતાની પાછળ મુકી ગયા છે, તેમના આત્માને આ પુસ્તક સમર્પણ કરી કૃતજ્ઞતાનો કિંચિત્ અંશ પ્રકટ કરવાની ઉપકારભારથી દબાયેલો સેવક આ ક્ષણે છુટ લે એ સ્વાભાવિકજ છે.

સદા સર્વના સેવક,

મેઘજી.

The Bombay Art Printing Works, Fort.

॥ ॐ ॥

ઉપહાર-પૃષ્ટ.

______________________________ તરફથી

______________________________ રૂપે

______________________________ ભેટ

તા. ______________ } સહી. ______________

______________ } ______________

◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆

સ્પષ્ટીકરણ:—ઉપહાર પૃષ્ટની પ્રથમની ત્રણ પંક્તિઓમાંની પ્રથમ પંક્તિમાં ભેટ આપનારે પોતાનું નામ લખવું, બીજી પંક્તિમાં "પ્રેમોપહાર"રૂપે કિંવા મૈત્રીના ચિન્હ સ્વરૂપે અથવા શ્રી ——— ના સ્મરણરૂપે ઇત્યાદિ શબ્દોમાંથી જે પોતાને વાજબી લાગે તે શબ્દો લખવા; અને ત્રીજી પંક્તિમાં જે સજ્જનને આ પુસ્તક ભેટરૂપે મોકલવામાં આવતું હોય તે સજ્જનનું નામ લખવું.

સુજ્ઞ મહાશય,

આપનો જ્યારે આત્મોન્નતીનો સમય આવી પહોંચશે, અગર આપ જાતે આપનો ઉદય કરવાનો શ્રમ લેશો ત્યારે આપની ઉત્તમોત્તમ પુસ્તકો વાંચવાની ઇચ્છાઓ જાગૃત થશે. તે વખતે આપ અમને સારાં પુસ્તકોનાં નામ દર્શાવવાનું કહેશો ત્યારે અમો આપને નીચે જણાવેલાં જૈન કોમના મહાન્ સેવક પંડિત ફતેહચંદ્ર કર્પૂરચંદ્ર લાલનના ઉત્તમોત્તમ પુસ્તકો વાંચવાની ભલામણ કરીશું.

૧	લાલન આત્મવાટિકા	૦—૧૨—૦
૨	પરમ જ્યોતિ પંચવિંશતી	૦—૮—૦
૩	નય કર્ણિકા.	૦—૬—૦
૪	સદ્‌વક્તા	૦—૧૨—૦
૫	જૈનમાર્ગ પ્રવેશિકા ભાગ ૧—૨—૩ ...	૦—૧૧—૦
૬	જૈન માર્ગ પ્રારંભ પોથી ભાગ ૧—૨ ...	૦—૨—૬

લખો—

મેઘજી હીરજી બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ

પાયધુની—મુંબઇ.

શા. ચુનીલાલ અમથાશાહે

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

ઠે. રીચીરોડ-અમદાવદ.

વક્તવ્ય.

(પ્રકાશકનું)

જૈન નવયુગ સાહિત્યનું પ્રથમ કીરણ પ્રકટયું ત્યારે તે આવો અણધાર્યો પ્રકાશ, સ્ફુર્ત્તિ અને ચૈતન્ય પ્રસારશે એમ અમે ધાર્યું ન હોતું. શ્રી મહાવીર જીવન-વિસ્તાર પ્રકટ થયા પછી જૈન સાહિત્યના સંબંધમાં જે આશાતીત ઉત્તેજન અમને મળ્યું, તેના પરિણામે આ દ્વિતીય કીરણ પ્રકટ કરવાને અમે પુનઃ શક્તિમાન્ થયા છીએ. રા. સુશીલની લેખનશૈલી હવે જૈન સમાજમાં આદર પામી ચુકી છે, તેથી આ દ્વિતીય ગ્રંથ પણ અમારા વાચકોમાં આદર પામશે એવી આશા રાખીએ તો તે અસ્વાભાવિક નથી. જે રીતે અમારા ઉત્તેજકો અને સાહિત્યપ્રેમીઓ અમને સહાય કરતા આવ્યા છે તે રીતે જો તે ઉત્તેજન ચાલુ રહેશે તો અમે ભવિષ્યમાં યથાશક્તિ સુંદર અને ભાવપૂર્ણ ગ્રંથો વડે જૈન સાહિત્ય-મંદિરને શૃંગારવાનો પ્રયત્ન કરીશું, એ મનોરથ આ પ્રસંગે પુનઃ વ્યકત કરીએ છીએ. જે સજ્જનોએ અમને અમારા આ પ્રકાશન કાર્યમાં સહાય કરી છે તેમની સ્મરણીય નામાવલી આ ગ્રંથના પાછલા ભાગમાં પ્રકટ કરી, તેમનો ઉપકાર માનીએ છીએ.

પ્રકાશક.

ચિત્રકાર મહાશયનો ઉપકારઃ—

ચિત્રો—આ પુસ્તકમાં પ્રકટ થયેલાં ચિત્રો સુપ્રસિદ્ધ ચિત્રકાર રા. ધુરંધરની પ્રભાવશાળી પીંછીથી ચીતરાયેલાં છે. તેઓશ્રીએ ટુંકી મુદતમાં આવાં સુંદર ચિત્રો તૈયાર કરી આપવાનો જે શ્રમ લીધો છે તે બદલ અમે તેમના ચિર અનુગૃહિત થયા છીએ. રા. ધુરંધરની ચિત્રકાર તરીકેની કૂશળતા સર્વજનસુવિદિત જ છે, તેથી અમે તે વિષે વાગાડંબર કરવાનું ઉચિત માન્યું નથી.

કેટલાક અભિપ્રાયો.

મહાત્મા ગાંધીજી:—" તમારૂં પુસ્તક મહાવીર જીવન વિસ્તાર વાંચી ગયો છું. મને તે પુસ્તક ગમ્યું છે. "

પ્રસિદ્ધ વકતા શ્રી ચારિત્ર વિજયજી:—"ભાષાની મીઠાશ પ્રૌઢતા અને આશયની ગંભીરતા માટે જેઓની લેખિની એક ઝરારૂપ છે તેઓએ મહાવીર જીવન વિસ્તાર લખીને પોતાની બુદ્ધિના વિકાસનું સામર્થ્ય બતાવી આપ્યુંછે.'

જૈન સાક્ષર શ્રી મોહનલાલ દ. દેસાઇ:—"મહાવીર જીવન વિસ્તાર નામનું પુસ્તક એવી સુરમ્ય, ચિત્તાકર્ષક, બોધપ્રદ અને શૌર્યાન્વિત ભાષા શૈલીમાં વિચાર પૂર્વક રા. સુશીલે રચ્યું છે કે તે એકવાર વાંચવા લીધું તો પડતું મુકવું ન જ ગમે. "

જૈન અર્થશાસ્ત્રી શ્રી હીરાચંદ લી. ઝવેરી: " લેખકની યોજના કાળને અનુસરીને સારી લખાયેલી છે. જે પદ્ધત્તિએ લેખકે લખવાનું શરૂ કર્યું છે તે પદ્ધત્તિએ બીજા ગ્રંથો પણ લખાવામા આવશે તો સાહિત્યમાં જમાનાને અનુકૂળ વધારો થશે. "

વૈદ્યકવિ વિનયકાંત:—" રા. સુશીલની ભાષા, વાક્ય રચના, શબ્દ ચમત્કૃતિ–લાલીત્ય, માધુર્ય અને હેતુ પ્રસ્ફોટક શૈલી વગેરે પરત્વે કંઈ પણ લખવું તે કરતાં કહેવું બસ છે કે ઉક્ત લેખકની ઉચ્ચગામી રસવૃત્તિ અને પ્રતિભા આ પુસ્તકમાં પ્રત્યક્ષ દેખાઈ રહી છે."

રા. લધા ચાંપશી:—"સુશીલના લેખો હું જેટલા અંશે મનનં પૂર્વક વાંચુ છું, તેટલા અંશે મને અમોઘ લાભ થાય છે. એ ભાઈના લેખો જે મને સાંપડે છે તે અત્યંત પ્રીતિ પૂર્વક વાંચુ છું."

શ્રીયુત એ. ડી. ધર્મસિંહ:—" મહાવીર જીવન વિસ્તાર ખાસ વાંચવા–વિચારવા લાયક છે. શ્રીયુત સુશીલની શૈલી નવ યુગના. સાહિત્ય ક્ષેત્રમાં અત્યંત આદર પામે તેવી છે."

ગુર્જર સાક્ષરરત્ન શ્રીયુત્ ન્. ભ. વિભાકર બારીસ્ટર:—"શ્રી મહાવીર સ્વામીની આ જીવનકથા રસાલ તેમજ સંસ્કારી લેખિનીથી લખાયેલ છે. લેખની ભાષા. સંસ્કારી તેમજ વીર્યવતી છે. આ પવિત્ર જીવનકલામાંથી જૈનધર્મનું તત્ત્વજ્ઞાન આપોઆપ નિષ્પન્ન થાય છે. માત્ર જૈનબંધુઓને જ આ ગ્રંથ સંતોષ આપતો નથી, પરંતુ જૈનેતરોને પણ એક પ્રતાપી અને પવિત્ર આત્માની પવિત્રતાનો સહૃદય સ્પર્શ કરાવે છે."

પ્રસ્તાવના.

ખરી રીતે આવી એક ન્હાની સાંપ્રદાયિક નવલકથાને પ્રસ્તાવનાની જરૂર હોય એમ અમને લાગતું નથી. છતાં પ્રસ્તાવનાની રૂઢી સાહિત્યના વર્તમાન પ્રદેશમાં એવા ઉંડાં મૂળ ઘાલી બેઠી છે કે અમે તે રૂઢીનું અતિક્રમણ કરવાનું સાહસ કરી શકતા નથી. **महाजनो येन गतः स पन्थाः** એ ઉક્તિનો આશ્રય ગ્રહી પ્રસ્તાવનાના પડદામાં રહી પ્રસંગોપાત બે શબ્દો કહી દઈશું.

સાહિત્યની ઉત્તમતાની કસોટી એક પાશ્ચાત્ય પંડિતે એવા પ્રકારની કરી છે કે " જે વાંચન વડે વાચક ટુંકા સમયમાં અનેકાનેક ભાવનાઓ મેળવી શકે તે વાંચન શ્રેષ્ટતમ વાંચન છે." એ ધોરણને અનુસરવાનો આ નવલકથામાં અમે યથાશક્તિ પ્રયત્ન સેવ્યો છે. નવલકથાના વાંચનમાં નિબંધ કે ઇતિહાસના વાંચન જેટલું કષ્ટ ઉઠાવવાની વાચકના મનને જરૂર પડતી નથી, અને પરોક્ષ રીતેજ ઇષ્ટ કથિતવ્યની છાપ વાચકના હૃદયપટ ઉપર અંકિત થઈ જાય છે. એક લેખક પોતાના સંચિત અનુભવની છાપ નવલકથાદ્વારા વાચકના હૃદય ઉપર જેટલી સ્પષ્ટપણે બેસારી શકે તેવી અન્ય માર્ગદ્વારા ભાગ્યેજ બેસારી શકે છે. એનાં અનેક કારણો પૈકી મુખ્ય કારણ એ પણ છે કે વાર્ત્તા એ ઇષ્ટ ભાવનાને વહન કરવાનું અતિ મનોરમ અને આકર્ષક વેષ્ટન છે, અને એ ભાવના અવ્યક્તપણે વાચકને ખબર પણ ન પડે તેવી

રીતે, તેના હૃદય ઉપર પોતાનું સ્થાન શોધી લે છે. બુદ્ધિની શુષ્ક દલીલોને બદલે હૃદયની રસભીની લાગણીના બળથી એ ભાવના વાચકના અંતઃકરણને હસ્તગત કરે છે. આથી લેખક તેમજ વાચક ઉભયનું કાર્ય સરળ બને છે, એટલુંજ નહીં પણ ઉભયનો પ્રયત્ન કેટલેક અંશે સફળ પણ થાય છે. આટલું કહી હવે અમે પ્રસંગોપાત આ કથાના અંતઃભાગમાં પ્રવેશીશું.

કથાનું વસ્તુ ભગવાન્ મહાવીરના કાળમાં કલ્પ્યું છે. તેમ કરવામાં શ્રી મહાવીરના સમકાલીન શ્રી ગૌતમબુદ્ધના કથા સાહિત્યનો પણ કેટલેક અંશે આશ્રય ગ્રહ્યો છે. બે હજાર વર્ષ પૂર્વેની પરિસ્થિતિનો ચિતાર આપવા જતાં અમારે તે સમયની જૈનો અને બ્રાહ્મણો વચ્ચે ચાલતી સ્પર્ધાનો એક બે પ્રસંગે ઉલ્લેખ કરવો પડ્યો છે. એમ ન થાય તો આ નવલકથા તે કાળની પ્રચલિત ભાવનાને યથાયોગ્ય ન્યાય આપી ન શકે એ વાત સ્પષ્ટ જ છે. કોઇ પ્રકારની ઇર્ષ્યા અથવા દ્વેષની લાગણીને આધીન બની અમે એ સ્પર્ધાનો ઉલ્લેખ કર્યો છે એમ માનવું તે લેખકના આશયને અન્યાય આપવા જેવું છે. એક તો ઐતિહાસિક સત્યને કાયમ રાખવાનો તેમજ એ કાળની સાંપ્રદાયિક જડતા અને મતાગ્રહ પ્રત્યે અરૂચી દર્શાવવાનોજ અમારો ઉદ્દેશ છે. આ કાળે એ જુના વિરોધને પુનર્જીવન આપવાનો પ્રયત્ન કરવો એના જેવી બીજી એકે મૂર્ખાઇ નથી એ વાત અમારાં લક્ષ બહાર બીલકુલ નથી. હવે આપણે સર્વ કોઈ સમજવા લાગ્યા છીએ કે "સત્ય" નો કોઇ એક દર્શન કે સંપ્રદાયમાં ઇજારો નથી. સત્ય દેશકાળથી બાધિત નથી. "અમેજ સત્યને ઓળખીએ છીએ અને અમારા ગ્રંથો કે દફતરોમાં જ એ સત્યે અક્ષરાત્મકરૂપ લીધું છે" એમ,

કહેવું એ આ પ્રગતિશીલ યુગમાં અનેક અંશે ઉપહાસ્યનું કારણ થઇ પડે તેમ છે. પરંતુ જ્યારે કોઇ સંપ્રદાયબદ્ધ મનુષ્યો કર્મ-જડતામાં પડી જાય છે અને આભ્યંતર સ્વરૂપને સમજવાનું પડતું મુકે છે ત્યારે તેમનો સ્વમતાનુરાગ અન્ય સંપ્રદાયો પ્રત્યે કેવી દ્વેષ-મયતા ધરાવતો થાય છે તેનું રંગરહિત ચિત્ર આપવાનો અમે પ્રયત્ન કર્યો છે. તેમ કરવામાં સંપ્રદાય પ્રત્યેના વશીભૂતપણામાંથી ઉદ્દભવતાં અનિષ્ટ પરિણામો સામે ચેતવણી આપવા સિવાય બીજો કોઈ અમારો ઉદ્દેશ નથી.

કથાનાં પાત્રો સંબંધે પણ આ સ્થળે કિંચિત્ સ્પષ્ટીકરણ કર-વાનો પ્રસંગ હાથ ધરીશું. આ નવલકથાનું મુખ્ય પાત્ર મણિભદ્ર છે. તે મહાવીર પ્રભુના ઉપદિષ્ટ માર્ગનો પરમ અનુરાગી છે અને આત્માનું જે પરમ મંગળ ભાવી એ પ્રભુએ દર્શાવ્યું હતું તે મા-ર્ગમાં તેણે પોતાનું સર્વસ્વ અર્પણ કરેલું છે. તે પ્રભુ જ્યારે પોતાની (મણીભદ્રની) નિવાસભૂમિમાં પધારવાના છે એમ ચોક્કસ થયું ત્યારે તેની દર્શનોત્સુકતા, તેના આદર્શના મૂર્તિમંત સ્વરૂપને સાક્ષાત્ વિલોકવાની તેની આતૂરતા એ પરમ ભક્તની ચિત્તસ્થિતિનું આપણને ભાન કરાવે છે. એ દૈવી અભિલાષા અને હૃદયના ઉત્કટ ઉલ્લાસનું વર્ણન આપી શકાય તેમ નથી. એવી ચિત્તસ્થિતિ જેમણે કદિ પણ કિંચિત્માત્ર પણ અનુભવી નથી તેમને તો ભક્ત મણીભદ્રની અવસ્થાની કદર કરવાનું કાંઈ પણ સાધન જ નથી. જે જે અંતઃકરણોમાં એ દિવ્ય ગુણોનો કિંચિત્ પણ સ્પર્શ થયો છે તેમની સ્થિતિના અદ્ભૂતપણાનાં વર્ણનો આપણે અનેક ભક્ત પુરૂષોના ચરિત્રોમાં વાંચીએ છીએ. કોઇ કોઈવાર તેમાં આપણે અતિશયોક્તિ કરવામાં આવી હોય એમ પણ માનીએ છીએ. તેમ

છતાં તે "દિવ્ય ઉન્માદ" એક ખરેખર અને વાસ્તવિક સત્ય છે, એમાં અનેક માનનીય મહાનુભાવોની સાક્ષી છે. એ અવસ્થાના સંબંધમાં એમર્સન કે જેને ઈશ્વરી સ્વરૂપનો દીર્ઘકાલીન અનુભવ હતો, તે કહે છે કે:—

Always I believe, by the necessity of our constitution a certain enthusiasm attends the individual consciousness of that divine presence. The character and duration of this enthusiasm varies with the state of the individual, from an ecstacy and trance and prophetic inspiration—which is its rarest appearance, to the faintest glow of virtuous emotion, in which from it warms, like our household fires, all the families and associations of men.

અર્થાત્ મને લાગે છે કે આપણું બંધારણ જ એવા પ્રકારનું છે કે ઈશ્વરત્વના ભાનને અંગે મનુષ્યમાં અમુક પ્રકારનો ઉત્સાહ રહ્યા કરે છે. વ્યક્તિગત અવસ્થાને અનુસરીને આ ઉત્સાહનું સ્વરૂપ અને કાળમર્યાદા ભિન્ન ભિન્ન હોય છે. બ્રહ્માનંદ, સમાધિ અને ઈશત્વના ભાનથી માંડીને—કે જે બહુ કવચિત્ જ હોય છે—એક સદ્દગુણના આવેગ સુધીની અવસ્થાઓ હોય છે. જ્યારે એ ઉત્સાહ આ સદ્દગુણના આવેગનું રૂપ લે છે ત્યારે તે આપણા સ્થૂળ અગ્નિની માફક તે આપણી આસપાસના પરિવર્ગને અને પરિવેષ્ટનોને પણ પોતાની હૂંફ પહોંચાડે છે.

મણીભદ્રનો ઉત્સાહ આવા સ્વરૂપનો હતો. તેની આંતર ઉષ્મા છેવટે તેના આખા કુટુંબને અને સમાજને પહોંચે છે અને તેના સદ્‌ગુણમયતાના આવેગમાં સર્વ કોઇને તે લેતો ચાલે છે. આ પ્રકારની હૃદયગત પ્રીતિ અને મહાપુરૂષોના ચારિત્ર્ય પ્રત્યે સરળ નિષ્કપટ ભક્તિ એ આ યુગમાં અત્યંત દુર્લભ દૃશ્ય છે. હૃદયમાં જ્યારે કોઈ સત્યનો ઉદય થાય છે ત્યારે તે સત્યના સાક્ષાત્કાર અને પ્રતીતિના પ્રમાણમાં તેની આસપાસના સમાજ ઉપર અસર થયા વિના રહેતી નથી. એ હૃદયમાં પ્રકટ થયેલી આગ કેવી હોય છે એ વાત મહાત્મા એમર્સનના જ ભાવવાહી વાક્યોમાં આપણે સાંભળીશું:—

It is a fire that kindling its first embers in the narrow nook of a private bosom, caught from a wandering spark out of another private heart, glares and enlarges until it warms and beams upon the universal heart of all, and so lights up the whole world and all nature with its generous flames. અર્થાત્ "કોઈ એક વ્યક્તિના હૃદયમાંથી ઉડતા તણખાને યોગે કોઈ અન્ય હૃદયમાં પ્રકટ થયેલો એ એવો અગ્નિ છે કે જે અધિકાધિક પ્રાપ્ત થતે થતે, વૃદ્ધિ પામતે પામતે, અસંખ્ય પુરૂષો અને અસંખ્ય સ્ત્રીઓને પ્રકાશ અને આનંદ ઉપજાવે છે, સર્વનાં હૃદયોને પ્રકાશિત અને આનંદિત કરે છે, અને એમ સમગ્ર વિશ્વ—બ્રહ્માંડ માત્રને પોતાના ઉદાર પ્રકાશમાં ઉતારી લે છે."

મણીભદ્રે પણ પ્રભુ મહાવીરના હૃદયમાંથી એક તણખો ગ્રહણ કરી તેને પ્રેમ પૂર્વક ચિંતવનનું પોષણ આપી એટલી હદે પ્રદિપ્ત કર્યો હતો કે તેના પ્રકાશની મર્યાદામાં આખરે તેના સ્વજનો અને વિરોધી પરિવર્ગને પણ આવ્યા વિના ચાલ્યું નહીં.

અન્ય સુદ્રષ્ટાંતમય પાત્ર પણ મણીભદ્ર સાથે છેવટે આત્મ લગ્નની વિશુદ્ધ સુવર્ણરજ્જુની ગ્રંથીથી સંકળાયેલી દેવી રત્નમાળા છે. તે વિરાંગનાના સ્વત્વપૂર્ણ આત્માના પ્રભાવનો પરિચય જ્યારે સુભદ્ર તે દેવી પાસે કામુકભાવે જાય છે તે વખતે આપણને થાય છે. જેમ અંધકાર અને પ્રકાશના વિગ્રહમાં છેવટે પ્રકાશ જ વિજયી નીવડે છે તેમ રત્નમાળાના પ્રકાશમંડિત સાન્નિધ્ય આગળ સુભદ્ર પરાભવ પામે છે. જેમ positive (સબળ) પાસે negative (નિર્બળ) હાર ખાય છે તેમ સુભદ્ર પરાસ્ત થાય છે અને અધમ હેતુથી પ્રેરાએલો સુભદ્ર એક ક્ષણના પ્રસંગમાં અમૂલ્ય ડહાપણ અને અનુભવ મેળવી રત્નમાળાના પાદપદ્મમાં પોતાનું શિર નમાવી રસ્તે પડે છે.

એ સર્વ કરતાં અધિક સાર ગ્રહણ કરવા યોગ્ય બીના મણીભદ્ર અને રત્નમાળાના બ્રહ્મચર્ય સંબંધી છે. એ ઉભય આત્માઓ જે લગ્નમાં જોડાય છે તે લગ્ન આ કાળમાં છેકજ વિલુપ્ત થયું છે અને તેવું વિશુદ્ધ સાયુજ્ય હોઈ શકે કે કેમ એ પણ એક પ્રશ્ન થઈ પડયો છે. આ યુગમાં આપણે સર્વ કોઈ, પ્રકૃતિએ આપણા હૃદયમાં સ્થાપેલી પ્રજનન વૃત્તિ (instinct of race propagation) ને આધીન બની આપણાથી વિરોધી જાતિ (sex) સાથે જોડાઇએ છીએ. આપણે સત્ય પ્રત્યે એટલા અંધ બની ગયા છીએ કે લગ્નમાં પ્રજનન સિવાય અન્ય કાંઇ જ

સંકેત જોઇ શકતા નથી. ઉત્ક્રાંતિના ક્રમમાં દંપતી ઉભયને કેવી રીતે સહાયક થઇ પડેછે અને ઉભય આત્માઓ પોતાનું આંતરિક સત્વ પરસ્પરના પ્રોત્સાહનને અંગે કેવી રીતે ત્વરિત અભિવ્યકત કરી શકે છે એનું ભાન સરખું પણ આ જડવાદના યુગમાં રહેલું નથી. આપણી જાતીને ઉત્પન્ન કરવા સિવાય લગ્નનો કશો જ હેતુ નથી એવું આપણે માનતા થઇ ગયા છીએ. પરંતુ લગ્નદ્વારા જાતિની સંખ્યા વધારવાનો જ જો પ્રકૃતિનો એક માત્ર ઉદ્દેશ હોત તો પશુત્વ અને મનુષ્યત્વમાં વિશેપ ભેદ રહેત નહીં. એક વિદ્વાને લખ્યું છે કેઃ—

The opinion is very general that the primary use of the organs of generation is for the purpose of procreation; this, however, is an error. Their principal use is to generate that creative fluid which truly contains the seed of future generations, but which is primarily designed to enrich our whole being, increasing our physical powers, enlarging and broadening the mind. The purpose of procreation is secondary to this No one should think of allowing this precious seed to escape from their body except at such times as husband and wife both mutually desire offspring.

અર્થાત્ પ્રજનન ઇંદ્રિયનો હેતુ સંતાનોત્પત્તિ માટે જ છે એ માનીનતા બહુ પ્રચલિત છે. પરંતુ એ એક ભૂલ છે. એનો મુખ્ય

હેતુ એક પ્રવાહી દ્રવ્ય ઉત્પન્ન કરવાનો છે, કે જે ખરેખર ભાવી સંતતીના બીજભૂત છે. પરંતુ તેનો મૂળ હેતુ તો આપણા પોતાંના બંધારણને સુદ્રઢ કરવાનો, આપણી શારીરિક શક્તિ વધારવાનો અને મનનશક્તિને ઉન્નત અને વિશાળ બનાવવાનો હોય છે. પ્રજનન એ ગૌણ હેતુ છે. માત્ર જ્યારે ઉભય દંપતી સંતાન માટે ઇચ્છાવાળા બને તે કાળ સિવાય અન્ય ક્યારેય પણ મનુષ્યોએ આ અમૂલ્ય બીજંકને પોતાના દેહમાંથી નિર્ગત થવા દેવું જોઇએ નહીં.

મણીભદ્ર અને રત્નમાળા ઉભયમાંથી એકેને સંતતીની સ્પૃહા નહોતી. તો પછી તેમણે શારીરિક સંબંધમાં યોજાવું એ પ્રકૃતિના સ્થાપિત નિયમથી વિરૂદ્ધ હતું એ સ્પષ્ટ જ છે.

મનુષ્યોમાં એવી ભૂલભરેલી એક માનીનતા રહેલી છે કે દંપતી સ્થૂલભોગ દ્વારાજ એક'બીજાના પ્રેમનો પ્રકાશ કરે એવો કુદરતનો સંકેત હોય છે. આના જેવી મુર્ખાઇ ભરેલી બીના ભાગ્યે જ અન્ય હોઈ શકે. વિષયવૃત્તિ અને પ્રેમવૃત્તિ એ ઉભય વચ્ચે અંધકાર અને પ્રકાશ જેટલો ભેદ છે. વિષયવૃત્તિ એ પ્રેમવૃત્તિની પોષક નહીં પણ ઉલટી વિઘાતક છે. વિષયવાસના નિરંતર પોતાની ભોગેપણાની તૃપ્તિ શોધતી રહે છે, જ્યારે પ્રેમ એ સ્વ પરના—ઉભયના ઉચ્ચ અંશોને વિશુદ્ધ અને પરિસ્ફુટ કરવાને પ્રયત્નશીલ રહે છે. વિષયથી પ્રેરાયેલો મનુષ્ય જો પુરૂષ હોય તો તે સ્ત્રીને પોતાની ભોજ્યા ગણે છે અને સ્ત્રી હોય તો તે પુરૂષને પોતાની વાસનાતૃપ્તિનું હથીઆર ગણે છે. તેથી ઉલટું પ્રેમ પોતાની ભોગવાસના નહીં શોધતાં પોતાનું અને પરનું ઉચ્ચતરપણું જેમાં સમાયેલું હોય એવા માર્ગમાં સર્વસ્વ અર્પે છે. વિષય અંધ છે, પ્રેમ એ બુદ્ધિ અને વિવેકના સાહચર્યપૂર્વક ઉન્નતીના માર્ગે

જ જવાના વેગવાળો હોય છે. પ્રેમ હોય ત્યાં વિષયવાસનાને સ્થાન નથી, અને જ્યાં વિષય હોય ત્યાં પ્રેમ નભી શકતો નથી. પરંતુ તે સાથે પ્રેમીનો અધિકાર અને સ્થાન પણ બહુ ઉચ્ચ છે. એટલા માટે આપણે સર્વેએ તે પદના અભિલાષી થવાની જરૂર છે.

મનુષ્ય જેમ જેમ ઉત્ક્રાંતિના માર્ગમા આગળ વધતો ચાલે છે તેમ તેમ તે વિષય વૃત્તિથી મુકત થતો જાય છે, અને વિશુદ્ધ પ્રેમનો અનુભાવક બને છે. આંતર સ્નેહના સ્વરૂપની ભાવના તેને અધિકાધિક સ્પષ્ટ, સત્ય અને પ્રગાઢ થતી ચાલે છે. સ્થૂળતાના કીચડથી તે વિમુખ બનતો જાય છે. તેવા પ્રેમીઓને માટે આત્મા એ વિશેષ સત્ય અને વાસ્તવ પદાર્થ બનતો જાય છે, અને શરીર સંબંધી અનુભવ તેને કાંઈ જ આનંદ આપી શકતો નથી. આત્મલગ્નની સાથે સરખામણી કરતાં શરીર સંબંધજન્ય આનંદ એટલો મંદ અને નિકૃષ્ટ લાગે છે કે આત્મ લગ્નના સ્વરૂપના ભોકતાઓને તેમાં મુદ્દલ રૂચી જ થતી નથી. તેમને એ વિકારનો પ્રત્યેક ક્ષણે નિરોધ કરવાનો પણ પ્રયત્ન કરવો પડતો નથી. તેમના મનથી એ વિકારજન્ય અનુભવમાં સુખ કે આનંદ જેવું કશું જ હોતું નથી. કેમકે તેમણે તે આનંદથી અનંત–ગુણ ઉચ્ચ એવા આત્મ સંબંધજન્ય પ્રબળ અને ઉગ્ર આનંદનો અનુભવ કરેલો હોય છે. આ પ્રકારના આત્મલગ્નમાં છેવટે મણીભદ્ર અને રત્નમાળા યોજાય છે. એ લગ્ન આપણા સર્વના આદર્શનો વિષય હોવો ઘટે છે. વિષયથી મુકત થઇ શુદ્ધ આંતર પ્રીતિના અનુભાવક બનવાની ભાવના રાખવી એ જ એ પ્રસંગનુ યથાર્થ તાત્પર્ય છે.

મહાવીર પ્રભુનો એ કાળમાં સમાજ ઉપર કેટલો પ્રભાવ હતો તે દર્શાવવા પણ બનતો પ્રયત્ન આ નવલકથામાં કર્યો છે.

તેમના પ્રભુત્વના પ્રભાવથી તેઓશ્રી જ્યાં જ્યાં પદાર્પણ કરતા ત્યાં ત્યાં સર્વ કોઇ તેમની પ્રતિભામાં અંજાઇ જતાં, તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. ગમે તેવી વિરોધયુક્ત પરિસ્થિતિમાં પણ તે પ્રભુનું ગમન થતાં, સર્વ દ્વેષી જનોને તેમના પાદ પદ્મમાં પોતાનું શીર ઝુકાવવાની સ્વાભાવિક જ પ્રેરણા થાય, પોતાનું મતભેદજન્ય વૈર ત્યજી દેવાય, એમાં કાંઈ આશ્ચર્ય નથી. આ કાળે પણ કોઈ પરમ ચારિત્ર્યશીલ મહાત્માના સંબંધમાં એવી કિંચિત્ અસર થતી અનુભવાય છે. તો પછી મહાવીર પ્રભુ જેવા પરમ પુરૂષની પ્રતિભાના પ્રભાવ સંબંધે તો શંકા જેવું હોય જ શેનું? સામંતભદ્રને ત્યાં ભરાએલી વિરોધીઓની સભામાં પ્રભુનું આગમન થતાં ત્યાં તુરતજ કેવું પરિવર્ત્તન થાય છે એ એક અદ્‌ભૂત દ્દશ્ય છે. spiritual force ની કદર આ બુદ્ધિવાદના જમાનામાં જોઇએ તેવી નથી તેથી જ આવા બનાવમાં શંકાની દ્રષ્ટિ રાખવામાં આવે છે. પરંતુ આધ્યાત્મિકબળ એક એવું સામર્થ્ય છે કે તેની આગળ સર્વ પ્રકારનાં બળો નિઃસત્વ થઇ જાય છે. એ પ્રભાવનું સ્વરૂપ જેઓ ઇશત્વનું સ્વરૂપ સમજ્યા હોય છે તેમને જ લક્ષગત હોય છે. એવી અનુભવગોચર વાતને વાણીની મર્યાદામાં લાવી બુદ્ધિ વડે તેની વ્યાખ્યા બાંધવી એ પ્રયત્ન વ્યર્થ છે. Spinoza નામના એક તત્વવિદે યથાર્થ જ કહ્યું છે કે To difine God is to deny Him. અર્થાત્ "ઇશ્વરની વ્યાખ્યા રચવી એ તેનો ઇન્કાર કરવા બરાબર છે." ખરેખર, બુદ્ધિ એ સ્વરૂપને સમજવામાં જ જો પશ્ચાત રહેછે તો પછી તે સ્વરૂપજન્ય પ્રભાવને તે કયાંથી સમજી શકે? હજી આ યુગ શરીર બળ અને કિંચિત્ અંશે વિજ્ઞાનબળ અથવા બુદ્ધિ બળને જ સમજી શકે છે. આત્મબળને સમજવા માટે હજી ઘણી પ્રગ-.

તિની અપેક્ષા છે. અન્ય પ્રકારનાં બળો આત્મબળ પાસે પોતાનું બળાભિમાન વીસરાવી દે છે, અને તેથી જ શાસ્ત્રકાર કહેછે કે રાજાઓ અને ચક્રવર્તીઓ પણ પોતાના મુકુટની રત્નપ્રભાવડે આત્મબળવાળા મહાજનના પદકમળને પ્રકાશિત કરે છે. મહાવીર પ્રભુ એ કોટીના પુરૂષ હતા અને તેથી એ પ્રભુનો દિવ્ય પ્રભાવ જેટલો નવલકથાની હદમાં રહીને ગાઇએ તેટલો ન્યૂન જ છે.

સુશીલ.

શુદ્ધિઃ-

વિરોધીઓની સભાનો સઘળો ખર્ચ "ધનદત્ત" આપવાને તૈયાર થાય છે એમ જે જણાવવામાં આવ્યું છે તે સ્થળે **ધનદત્ત** ને બદલે **સામંતભદ્ર** નામ સુધારીને વાંચવું.


પૃષ્ટ ૪૧ માં એક સ્થળે ઇન્દ્રભૂતિ શબ્દ આવે છે તેને બદલે **વસુભૂતિ** શબ્દ સુધારી લેવો.



ફરી ક્યારે મળીશું?

The Bombay Art Printing Works, Fort.

સુભદ્ર અને રત્નમાળા.



ખોટી વાત! મોહાંધ યુવક! 'તું મને છેતરવા માગે છે'

The Bombay Art Printing Works Fort



એકદમ પેલા સર્પને હાથવતી દૂર ફેંકવાનો પ્રયત્ન કર્યો.

The Bombay Art Printing Works, Fort

મહાવીરભક્ત મણીભદ્ર.

પ્રભુનું આગમન.

શ્રાવસ્તી નગરીમાં આજે આનંદ વ્યાપી રહ્યો છે. હજારો અને લાખો શ્રાવકોનાં સુંદર ગૃહો ધ્વજા, તોરણ તથા પુષ્પાભરણથી સુસજ્જીત થવા લાગ્યાં છે. **ધનદત્ત શેઠ** પોતે જાતે જઇને રાજગૃહી નગરીમાં પ્રભુના—**મહાવીરસ્વામીના** દર્શન કરી આવ્યો છે, પોતે પોતાની દ્રષ્ટિએ પ્રભુના પાદપદ્મને નીરખી આવ્યો છે, પોતે પોતાના કાનથી પ્રભુનો સંસારતાપહર અમૃતમય ઉપદેશ સાંભળી આવ્યો છે. તેનો આત્મા અપૂર્વ આનંદથી આજે ઉછળે એમાં આશ્ચર્ય પણ શું? જેણે નિર્મળ યોગ મૂર્તિના—મૂર્તિમંત સંયમના દર્શન સ્વપ્ને પણ ન કર્યાં હોય, જેમનાં રૂપ—ગુણનાં વર્ણનો વાંચીને આપણે આજે—બે હજાર વર્ષ

પછી પણ ક્ષણવાર મુગ્ધ બનીએ છીએ, તેમના સાક્ષાત્ દર્શનથી ધનદત્ત શેઠને કેટલો બધો આનંદ થતો હશે, તેનું વર્ણન આ રંક લેખિની કેવી રીતે કરી શકે? પ્રભુની નિર્મળ મૂર્તિનું કિંચિત્ શબ્દમય ચિત્ર આલેખી શકે એવી વાણીમાં કે લેખિનીમાં શક્તિ નથી, જેમના જ્વલંત-સુધાસમાન ઉપદેશની અસરકારકતા દર્શાવવાનો પ્રયત્ન કરવા જતાં મનુષ્યની કલ્પનાશક્તિ પણ પરાજીત થાય છે, તે પ્રભુનાં દર્શનથી ધનદત્તશેઠ જેવા ભક્તાત્માને નસે-નસમાં રોમે-રોમમાં અનહદ દૈવી આનંદ, શાંતિ તથા સંતોષ વ્યાપે એમ કહેવા બેસવું એજ એ આનંદને હલકો પાડવા જેવું છે. ક્ષણિક પરિતૃપ્તિમાંથી ઉદ્‌ભવતા આનંદ સિવાય અન્ય પ્રકારના આનંદની આપણને કલ્પના પણ આવી શકતી નથી. ધનદત્ત શેઠનો આનંદ ક્ષણિક નહોતો-સ્વાર્થની પરિતૃપ્તિમાંથી ઉદ્‌ભવતો વિકારપ્રયુક્ત નહોતો. તે આનંદ અપૂર્વ, અમૂલ્ય, તથા અલૌકિક હતો, એટલુંજ અમે તો કહી શકીશું.

ધનદત્ત શેઠ શ્રાવસ્તી નગરીનો એક પ્રસિદ્ધ ધનવાન્ શ્રાવક છે. ભારતવર્ષનાં અનેક મોટાં મોટાં શહેરોમાં તથા બંદરોમાં તેની ધમધોકાર પેઢીઓ ચાલે છે. તે ઉપરાંત શ્રાવસ્તી નગરીની પ્રજા પણ એક અવાજે સ્વીકારે છે કે ધનદત્ત શેઠ જેવો સચ્ચરિત્ર, ઉદાર, દાની તથા ધાર્મિક પુરૂષ અવનીતળમાં ભાગ્યેજ બીજો કોઈ હશે. શાસન-અધિપતિ સાક્ષાત્ પ્રભુ મહાવીરના મુખથી ધર્મ તથા આચાર સંબંધી દેશના સાંભળવાથી, ધનદત્ત શેઠના સંસારતાપક્લિષ્ટ હૃદયમાં એક નવીજ ભાવના પ્રબળરૂપે ઉદ્‌ભવી છે. તેણે નિશ્ચય કર્યો છે કે આ પુનઃ પ્રવર્તિત જૈનધર્મ સમસ્ત સંસારમાં સ્થાયીરૂપે પોતાની વિજયપતાકા ફરકાવે, તે માટે

બની શકે તેટલો તન-મન-ધનનો ભોગ આપવો. જૈન શાસનની ઉન્નતિ અને પ્રચાર અર્થે ક્ષુદ્રજીવન કે ધન-જન-યશનો ભોગ આપવો પડે તોપણ આનંદપૂર્વક આપવો ! ગમે તે પ્રકારે જૈનધર્મની પ્રભાવના કરવી, શાસનચક્રને ચોતરફ પ્રવર્ત્તમાન કરવું, અને પ્રાણીમાત્રને જૈનશાસનની શિતળ છાંયા નીચે આશ્રય આપવો, તેજ હવે મારા અવશિષ્ઠ જીવનનું એક માત્ર મહાવ્રત છે. એવી ધનદત્તે પોતાના આત્માની સાક્ષીએ પ્રતિજ્ઞા કરી છે. એક ક્ષણમાત્રના ઉપદેશ તથા દર્શનથી ધનદત્તનો જીવનક્રમજ પલટાઈ ગયો ! આ સ્થળે પ્રભુની અદ્ભૂત દેશનાનું માહાત્મ્ય વર્ણવવું કે ધનદત્ત શેઠની આત્મશુદ્ધિનું યશોગાન ગાવું, તેનો નિર્ણય અમારાથી થઈ શકતો નથી.

પ્રિય વાચક ? તમે સહૃદય હશો તો કહી શકશો કે તમને પોતાને એકલાને અમુક પ્રકારની સુખ-શાંતિ મળે તો વધારે આનંદ થાય કે તમને તમારા મિત્રો-આત્મીય સ્વજનો સાથે રહીને અમુક પ્રકારની સુખ-શાંતિ મળે તો વધારે આનંદ થાય ? તમે પોતે એકલા અમુક સુંદર નાટક જુઓ તો તમને વધારે આનંદ થાય કે તમારી સાથે તમારા જેવાજ સ્વભાવના મિત્રો-સ્નેહીઓ તથા સંબંધીઓ હોય અને સહુ સાથે મળીને અરસ્પરસના સુખમાં ભાગ લેતા હો તો વધારે આનંદ થાય ? તમને ઘરના એક ખૂણામાં બેસીને મિષ્ટભોજન કરવામાં વધારે આનંદ પડે છે કે તમારા મિત્રો વચ્ચે બેસીને, સહુની સાથે એક સરખા ઉલ્લાસથી મિષ્ટભોજન કરવામાં વધારે આનંદ થાય છે ? ધારો કે તમે નિર્મળ જ્યોત્સ્નામય મધુર રાત્રીએ સુંદર ઉપવનમાં વિહરતા હો અને કુ-

કુદરતના સૌંદર્યનું રસિક ચિત્તે ધ્યાન કરતા હો, તો શું તે વખતે તમને એમ નથી લાગતું કે આ મધુર આનંદમાં ભાગ લઈ શકે એવો કોઈ મિત્ર કે સ્નેહી હોય તો કેવું સારૂં ?

કોણ જાણે શા માટે ? પણ મનુષ્ય—સ્વભાવજ એવો છે કે તે આનંદની વહેંચણી કરવામાં કૃપણતા દાખવી શકતો નથી. **ધનદત્ત શેઠને મહાવીરપ્રભુના** દર્શનથી જે આનંદ થયો હતો, તેથી તેને પણ મનમાં એમ થઈ આવ્યું કે " આવા અપૂર્વ આનંદનો અનુભવ, હું મારી નગરીના—મારી જન્મભૂમિના સઘળા મનુષ્યોને કરાવું તો કેવું સારૂં ?" આવો વિચાર આવતાંની સાથેજ તેણે ભક્તિભાવ પૂર્વક પ્રભુને શ્રાવસ્તી નગરીમાં પધારવાની વિનંતી કરી હતી. દયામય પ્રભુએ પણ ધનદત્ત શેઠની વિનંતીનો સ્વીકાર કર્યો હતો. પ્રભુએ પોતાના **શિષ્યવૃંદની** સાથે **શ્રાવસ્તી નગરીમાં** આવવાની કબુલાત આપી દીધી છે.

ધનદત્ત આજે શ્રાવસ્તી નગરીમાં પાછો ફર્યો છે, અને પ્રભુના આગમન સંબંધી સમાચાર ચોતરફ ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે. તે પોતે જાતે જઈને પોતાના મિત્રો, સગાસંબંધીઓ તથા સ્નેહીઓને. આ સુખદ સમાચાર આપી આવ્યો છે. જ્યારે તે પોતાના જેવા સ્વભાવવાળા સહૃદય મિત્રોને આ સમાચાર આપતો ત્યારે તેનાં નેત્રો આનંદાશ્રુથી ઉભરાઈ જતાં હતાં !

પ્રાતઃકાળે નિત્ય લાખો મનુષ્યો જેમના પવિત્ર નામનું સ્મરણ કરી પોતાના જીવનને કૃતાર્થ માને છે, યજ્ઞ—યાગાદિમાં હોમાતાં મુંગાં પ્રાણીઓ જેમની દયા પ્રાપ્ત કરી આજે પણ નિરવ ભાષામાં જેમનો ઉપકાર ગાઈ રહ્યાં છે, તેવા એક પ્રભુ—પરમાત્માને

આપણે પ્રત્યક્ષ નીહાળી શકીશું, તેમના મુખનો અમૃતમય ઉપદેશ આપણા પોતાના કાનથી સાંભળીશું, અને **વિશ્વવ્યાપી મૈત્રી-ભાવની ભાવનાથી જગત્‌ને આપણા આત્મા સાથે એકી-ભૂત કરી દઇશું**, એવી એવી અનેક ભાવનાઓ—અનેક મનોરથો **ધનદત્ત શેઠ**ને તથા તેના બન્ધુ—બાંધવોને થવા લાગ્યા. કયા રસ્તા ઉપર તોરણ બાંધીશું ? કયે રસ્તે થઇને પ્રભુ ગામમાં પ્રવેશ કરશે? પ્રભુ કયાં ઉભા રહે તો નાગરિકો તેમને નિર્નિમેષનેત્રે જોઈ શકે ? ઈત્યાદિ અનેક પ્રકારની વ્યવસ્થાઓમાં **ધનદત્ત શેઠ** તથા તેમના મિત્રો રાત—દિવસ વીતાવવા લાગ્યા. પ્રભુનો સત્કાર કરવા અર્થે તેઓએ પોતાનો વિષય—વાણિજ્ય સર્વસ્વ એક બાજુએ મુકી દીધું.

श्रेयसि विघ्नानि એ સૂત્ર પ્રચલિત છે. તેનો અર્થ એવો થાય છે કે શ્રેયસ્કર કાર્યમાં અનેક **વિઘ્નો** આવે છે. પણ કેટલાક વિદ્વાન પુરૂષો તો આગળ વધીને એટલે સુધી કહે છે કે જે કાર્યમાં વિઘ્ન આવે તેજ કાર્ય શ્રેયસ્કર સમજવું. **ધનદત્તશેઠે મહાવીરસ્વામીને** પોતાની જન્મભૂમિમાં આમંત્રણ કર્યું છે એમ સાંભળતાંની સાથેજ બ્રાહ્મણસમાજ ખળભળી ઉઠયો. કાર્ય જેટલું મહાન હોય છે તેટલેજ અંશે તેની સામે પ્રતિરોધ આવીને ઉભો રહે છે. **મહાવીરપ્રભુની** દેશના અને શાસન જેટલું પ્રબળ હતું તેટલોજ વિરોધ પણ સામે પ્રબળ હતો, એમ આપણે **પ્રભુ મહાવીરના જીવનચરિત્રમાં** સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ.

અમે જે વખતની આ વાત કરીએ છીએ તે વખતે શ્રાવસ્તિનગરીમાં બીજો એક **સામંતભદ્ર** નામે શેઠ રહેતો હતો. તે ઘણો ધનવાન્ હતો. ભારતવર્ષનાં અનેક ન્હાનાં—મ્હોટાં શહેરોમાં

તેના આડતીયાઓ તથા આશ્રિતો વાસ કરતા હતા. **સામંતભદ્રની**-પાસે જેટલું અગાધ ધન હતું, તેટલીજ તેની શક્તિ પણ સમાજમાં પ્રબળ મનાતી હતી. તે બહુ વયોવૃદ્ધ હતો. વૈદિક ક્રિયાકલાપ પ્રત્યે તેને બહુ શ્રદ્ધા હતી. સર્વદા સેંકડો બ્રાહ્મણપંડિતો તેને ત્યાં આવતા અને ધર્મ નિમિત્તે પોતાનો સ્વાર્થ સાધી ચાલ્યા જતા. ટુંકામાં, બ્રાહ્મણ પંડિતોને માટે **સામંતભદ્ર** એક મ્હોટા આધારરૂપ હતો. સામંતભદ્ર અત્યાર સુધીમાં અનેક હોમ–યજ્ઞ કરી ચૂક્યો છે. સેંકડો મુંગા પ્રાણીઓનું બળીદાન આપી ચૂક્યો છે. જે પુરોહિત **સામંતભદ્રના** કૃપા કટાક્ષથી કમનસિબ રહેતો, તેને સમાજમાં કોઈ માન આપતું નહીં. **સામંતભદ્રને** ત્રણ પુત્રો હતા. તેમાં એકનું નામ **રત્નભદ્ર**, બીજાનું નામ **સુભદ્ર** તથા ત્રીજાનું નામ **મણીભદ્ર** હતું.

શ્રાવસ્તિ નગરીમાં **મહાવીરસ્વામી** પધારશે ! વેદવિરોધી ધર્મનો અને નૂતન ક્રિયાકલાપનો પ્રચાર કરશે ! એથી બ્રાહ્મણોની સત્તા તૂટી જશે ! એવી એવી અનેક અફવાઓ બ્રાહ્મણ–સમાજમાં પ્રવર્ત્તવા લાગી. વેદમાર્ગાનુયાયી–હિંસાપ્રિય–બ્રાહ્મણસેવક સામંતભદ્રનો પણ પિત્તો ઉછળી આવ્યો !

સામંતભદ્રે શક્તિસંપન્ન બ્રાહ્મણ આગેવાનો અને પ્રતિષ્ઠિત પુરોહિતોને બોલાવી એક મોટી સભા પોતાને ત્યાં એકત્રિત કરી. બ્રાહ્મણો ઘણા વખતથી **મહાવીરપ્રભુની** પ્રશંસા સાંભળી રહ્યા હતા. **મહાવીરના** ઉપદેશથી અનેક મનુષ્યો **જૈનધર્મ** સ્વીકારવા લાગ્યા છે, એવી વાત તેમણે અત્યાર પર્યંત માત્ર કાનોથી જ સાંભળી હતી. તેજ **મહાવીર** આજે પોતાના ગામમાં આવી **નૂતન**

શાસન પ્રવર્ત્તિત કરવાના છે, એવા સમાચાર સાંભળતાની સાથે જ તેઓ ઉશ્કેરાઇ ગયા. **સામંતભદ્રે** બોલાવેલી સભામાં અનેકાનેક ગૃહસ્થોએ તથા પંડિતોએ હાજરી આપી. સભામાં અનેક વિદ્વાનોએ દ્વેષપૂર્ણ જુસ્સાદાર વ્યાખ્યાનો આપ્યાં. આથી બ્રાહ્મણસમાજની પ્રત્યેક વ્યક્તિએ પ્રતિજ્ઞા કરી કે:—"આપણામાંના કોઈ પણ મનુષ્યે **મહાવીરના** આગમનોત્સવમાં ભાગ લેવો નહીં. એટલુંજ નહીં પણ **મહાવીરના** શબ્દો આપણામાંનો કોઇ સાંભળી પણ શકે નહીં, એવી દરેક વ્યવસ્થા કરવી. બ્રાહ્મણસમાજનો કોઇ પણ સગો અથવા સંબંધી **મહાવીર** પાસે જાય અથવા તેનો ઉપદેશ સાંભળે તો તેને **જ્ઞાતિબ્હાર** કરવો અને તેની સાથે આપણે કોઇપણ પ્રકારનો વ્યવહાર રાખવો નહીં." જેઓ આ ઠરાવને માન નહીં આપે તેને યોગ્ય શીક્ષામકરવામાં આવશે, એમ પણ તે સભામાં જાહેર થયું !.

યથા સમયે આ સભાની હકીકત **ધનદત્ત** શેઠના સાંભળવામાં આવી. પ્રથમ તો તેણે તે તરફ લક્ષ આપવાનું વ્યાજબી ધાર્યું નહીં. પણ જ્યારે તેને જણાયું કે નગરીના અનેક આગેવાનો અને વિદ્વાનો ધીમે ધીમે **સામંતભદ્ર**ના પક્ષમાં ભળતા જાય છે, ત્યારે તેના હૃદયમાં ચિંતાની ચીણગારી પ્રજ્વલિત થઈ ! પોતાના પક્ષમાં જે માણસો છે તેની સંખ્યા નજીવી છે, વિરોધીઓ દીવસે દીવસે પ્રબળરૂપ પકડતા જાય છે, એવું તેને ભાન થયું ! નિરાશા અને નિરૂત્સાહને લીધે તેનું હૃદય ભરાઇ આવ્યું. તે વિચારવા લાગ્યો કે "આવા પ્રબળ વિરોધ અને ઇર્ષ્યા વચ્ચે **જગત્પ્રભુ મહાવીરને** આમંત્રણ આપવું એ યોગ્ય ન ગણાય. કારણ કે કદાચ

પ્રભુ પોતે પધારે અને તેમનો યથાયોગ્ય સત્કાર ન થાય તો કેટલું બધું શરમભર્યું લેખાય ? એટલુંજ નહીં પણ વિરોધીઓ તેમની સામે હુમલો લઇ જશે, તોપણ હું પ્રભુનો બચાવ કેવી રીતે કરી શકીશ ? બ્રાહ્મણોનું જોર હદ ઉપરાંત છે. આવા કઢંગા સંયોગોમાં મેં **મહાવીર** પ્રભુને પધારવાની વિનંતી કરી એ કોઇ રીતે યોગ્ય નથી. હવે, માત્ર એકજ ઉપાય છે અને તે એજ કે એક વિનંતીપત્ર લખી **મહાવીર**સ્વામીની પધરામણી મુલતવી રાખવાની તેમને પોતાને પ્રાર્થના કરવી. કરૂણાસાગર પ્રભુ અવશ્યમેવ એ પ્રાર્થનાનો સ્વીકાર કર્યા વિના રહેશે નહીં. ” આવો વિચાર કરી **ધનદત્ત** શ્રેષ્ઠીએ પત્ર લખવાનોમપ્રારંભ કર્યો. હૃદયમાં પ્રભુને નિમંત્રવાના સંપૂર્ણ ભાવ વર્ત્તતા હતા, માત્ર દુશ્મનોના ભયથી તેને આ પત્ર લખવાની ફરજ પડી હતી. પત્ર લખતાં લખતાં તેની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી ! હાથ, કંપવા લાગ્યા ! હૃદય ધડકવા લાગ્યું ! મહા મહેનતે પત્ર પૂરો કર્યો, અને પોતાના એક વિશ્વાસુ નોકરને બોલાવી, મહાવીરપ્રભુને એ પત્ર પહોંચાડવાની આજ્ઞા કરી. **મહાવીર પ્રભુની** તે વખતની સંપૂર્ણ આત્મજાગૃતિ તરફ દૃષ્ટિ કરતાં એ પત્ર લખવાની કશી જરૂર નહોતી. કારણ કે પ્રભુ ત્રણલોકના ભાવ પોતાના જ્ઞાનચક્ષુથી જોઇ રહ્યા હતા. એક કાગળનો કટકો તેમના જ્ઞાનમાં શું નવી વાત ઉમેરી શકવાનો હતો ?

પત્રવાહક, **ધનદત્ત શેઠનો** પત્ર લઇને રાજગૃહીમાં પહોંચ્યો; તે વખતે ભગવાન્ **મહાવીર** પોતાના શિષ્ય સમુદાય સાથે શ્રાવસ્તી ભણી વિહાર કરવાને તૈયાર થઇને ઉભા હતા. પત્રવાહકે અત્યંત વિનયપૂર્વક પ્રણામ કરી સાશ્રુ વદને પેલો પત્ર પ્રભુના ચરણારવિંદમાં ધર્યો. પ્રસન્ન મૂર્ત્તિ પ્રભુએ પેલા પત્રવાહકને ઉભા થવાનું

કહ્યું, અને પેલો પત્ર વાંચવાની પોતાના શિષ્યને નિરવપણે સૂચના કરી ! પત્રમાં લખ્યું હતું કેઃ—

શ્રી ચરણોપાંતે દાસાનુદાસની કાય–મનો–વાક્યપૂર્વક કોટીશઃ વંદનાઃ—

ભગવન્ !

શ્રાવસ્તી નગરીના અધિકાંશ મનુષ્યોની મતિ ભ્રષ્ટ થઈ છે. તેઓ આપનું સ્વરૂપ સમજી શકે તેમ નથી. હું ખરેખર કમનસીબ છું. આપ આ નગરમાં પધારશો નહીં. વિરોધીઓ દીવસે દીવસે પ્રબળ થતા જાય છે. બનશે તો એકવાર રાજગૃહીમાં આવી આપના ચરણને સ્પર્શી જઈશ. એજ.

લી. હતભાગ્ય દાસ.

ધનદત્ત.

પત્ર વાંચી રહ્યા પછી શિષ્યે ભગવાનના મુખ તરફ દૃષ્ટિપાત કર્યો. સમસ્ત શિષ્યસમાજ નિસ્તબ્ધભાવે ચિત્રવત્ સ્થિર થઈ રહ્યો ! ભગવાન્ પોતે શું ઉત્તર આપે છે તે સાંભળવાની સૌ કોઈ ઉત્સુકતા પૂર્વક રાહ જોવા લાગ્યા. પ્રભુએ ક્ષણવાર ઉપયોગ મુકી, ભાવી સ્થિતિનું નિરીક્ષણ કર્યું. તેજ વખતે જાણે કે કૃષ્ણચતુર્દશીના છેલ્લા પ્રહરમાં પૂર્વાકાશે ક્ષીણ ચંદ્રકલા પ્રકાશતી હોય તેમ ભગવાનના ગંભીર અને પ્રશાંત વદન ઉપર સહેજ મૃદુ અને ઉજ્જવળ હાસ્યની રેખા પ્રકટી નીકળી ! પ્રભુ પોતાના શિષ્ય તરફ દ્રષ્ટિ કરી કહેવા લાગ્યા કેઃ—"પોતાનું કલ્યાણ મનુષ્યો પોતે **જોઈ શકતા નથી, એજ આશ્ચર્ય છે ! ગમે તેવી વસ્તુસ્થિતિ હોય, ગમે તેવા વિપરીત સંયોગો હોય તોપણ**

હું શ્રાવસ્તી નગરીમાં જઇશ અને પ્રત્યેક ગૃહસ્થના ગૃહ-દ્વાર પાસે ઉભો રહી પવિત્ર ધર્મની મંગળવાર્ત્તા સ્વયં સંભળાવીશ. મુનિગણ ! આજથી શ્રાવસ્તી નગરી પવિત્ર ધર્મની એક મુખ્ય લીલાભૂમિ બનશે.”

શિષ્યોએ ભક્તિપૂર્ણ હૃદયે—અવનત મસ્તકે ભગવાનને અભિવંદન કર્યું. સઘળા શિષ્યો પ્રભુની પાછળ ચાલવા તૈયાર થઈ ગયા. પ્રભુએ પણ તેજ ક્ષણે ત્યાંથી વિહાર કર્યો અને શ્રાવસ્તી તરફ ચાલવા માંડયું.

દૈત્યના કૂળમાં પણ દેવ જન્મે !

પત્રવાહકે રાજગૃહાથી પાછા ફરી પોતાના શેઠને સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યો. પત્ર વાંચી રહ્યા પછી પ્રભુએ કેવો ગંભીર વિચાર કર્યો, તે વખતની પ્રભુની મુખમુદ્રા કેવી શાંતિમય હતી, તથા થોડાજ વખત પછી પ્રભુએ કેવો દ્રઢતાપૂર્ણ ઉત્તર આપ્યો; તે સર્વ વિગત પત્રવાહકે અથથી ઇતિપર્યંત **ધનદત્તને** કહી. ધનદત્તે માત્ર બાહ્યસંયોગોની ભયંકરતા નીહાળીનેજ, આગમન મુલતવી રાખવાની પ્રભુને વિનંતી કરી હતી, બાકી તેના અંતઃકરણમાં તો પ્રભુ પધારે એવી **બળવાન** ભાવના હતી, એ વાત આપણે જાણી ચૂક્યા છીએ. પોતાના પ્રાણની પ્રાર્થનાનો સ્વીકાર અને બાહ્ય પ્રાર્થનાનો અસ્વીકાર થયો, તેથી **ધનદત્તના** હૃદયમાં કેટલો આનંદ થયો હશે, તેનું અનુમાન આપણાથી થઈ શકે તેમ નથી. પ્રભુ

અવશ્ય પધારવાના છે, એમ જાણી તેણે ધામધૂમ અને સમારોહની બની શકે તેટલી તૈયારીઓ કરવા માંડી.

ધનદત્ત પવિત્ર હૃદયનો ભક્તાત્મા હતો, પણ તે મનુષ્ય હતો; એ વાત ભુલી જવાની નથી. પ્રભુનો દૃઢતાભર્યો ઉત્તર મળ્યા પછી, પણ જ્યારે તે જોતો કે શ્રાવસ્તી નગરીના બ્રાહ્મણોનું—વિરોધીઓનું બળ દીવસે દીવસે વધતું જાય છે, બ્રાહ્મણ મંડળીનું પ્રતિકૂલ આચરણ વિશેષ વિશેષ ગંભીર રૂપ પકડતું જાય છે, ત્યારે તે નિરાશ બની જતો. મનુષ્યની દૃઢતાની હદ કેટલી? બની શકે તેટલું બળ દાખવવાનો પ્રયત્ન કરે, પણ વિરોધીઓની સંખ્યા વધતી જતી હોય, ઉપદ્રવોની સતત્ વૃષ્ટિ થઇ રહી હોય, તેવા સમયમાં હૃદયનું બળ ટકાવી રાખવું એ સામાન્ય વાત નથી. જેઓ આવા સંયોગોમાં પણ **દ્રઢપણે નિર્ભયતા પૂર્વક છાતી ઠોકીને ઉભા રહે છે, તેઓ મનુષ્ય નહીં પણ, દેવના નામને યોગ્ય છે,** એમ કહેવું જોઇએ. **ધનદત્ત** પોતાનાથી બનતો પ્રયત્ન કરતો, પણ કોઈ કોઈ પ્રસંગે જ્યારે ગભરાઈ જતો ત્યારે લમણે હાથ મુકી, ભાવી સંબંધી વિચાર કરવામાં ગુંથાતો. એ વખતે જાણે કે કોઇ તેના અંતઃકરણમાંથી કહેતું હોય કેઃ—“ **ધનદત્ત**! નિર્બળ ન થા. નિર્બળતા અશ્રદ્ધામાંથીજ ઉદ્ભવે છે, પ્રભુના વાક્યમાં તને શ્રદ્ધા નથી? મહાવીરે પોતે આવવાનું જાહેર કર્યું છે તો પછી તું શા માટે ગભરાય છે? પ્રભુના આગમનની સાથેજ સર્વ પ્રકારની અગવડો—પ્રતિકૂળતાઓ એક ક્ષણવારમાં ઉડી જશે!”

આ દીલાસાના શબ્દો ઉપર શ્રદ્ધા રાખી ધનદત્ત પુનઃ નવા બળથી અને નવા ઉત્સાહથી કામ કરવા મંડી જતો—પ્રતિકૂળ બ્રાહ્મણમંડળી **અને સામંતભદ્રની શત્રુતાને થોડીવાર** વીસરી

જતો. ભગવાનના સત્કારાર્થે અખૂટ ધનનો ઉમંગપૂર્વક વ્યય કરવા લાગ્યો. માર્ગે માર્ગે અને ગલીએ ગલીએ નવાં સુંદર વિવિધ દ્રવ્યજાત તોરણો બંધાવી દીધાં ! બન્ને બાજુના મનુષ્યો પ્રભુના દર્શન કરી શકે તે માટે ઠેકાણે ઠેકાણે મ્હોટા માંચડાઓ તૈયાર કરાવ્યા.

પ્રભુના આગમનનો દિવસ હવે નજીક આવી પહોંચ્યો છે. આવતી કાલે પૂર્ણીમાના દીવસે પ્રભુ પોતાના શિષ્યવૃંદ સાથે નગરમાં પ્રવેશ કરશે એવો નિર્ણય થઇ ચૂકયો છે. આજે તેઓ શ્રાવસ્તી નગરીથી અર્ધા ગાઉ ઉપર એક જીર્ણ આમ્રવન છે તે સ્થળે સંધ્યા સમયે સ્થિરતા કરશે, એવા સમાચાર નગરમાં પ્રસરી ગયા છે. **ધનદત્ત શેઠ** પોતાના આત્મીયજનો અને વિશ્વાસુ નોકરો ઉપર સ્વાગત–કર્તવ્યનો ભાર મુકી, પોતે પોતાના સ્ત્રી–પુત્રો વિગેરેને સાથે લઇને પ્રભુના દર્શનાર્થે ઉક્ત વન તરફ રવાના થયો.

એક તરફ આ પ્રમાણે જ્યારે આનંદ–ઉમંગ અને ઉત્સાહનો પ્રબળ પ્રવાહ ચાલતો હતો તેજ વખતે બીજી તરફ **સામંતભદ્ર**ને ત્યાં ભારે ચિંતા–ગમગીની અને નિરાશાનું અંધકારમય વાદળ ઘેરાતું જતું હતું. **દુનીયા પોતાના જમાનાના મહાન પુરૂષોને ઓળખી શકતી નથી** એજ મનુષ્ય–જાતિનું મહાન્ દુર્દૈવ છે ! સામંતભદ્રને ત્યાં એક પછી એક એમ ટોળેટોળાં બ્રાહ્મણોનાં આવવા લાગ્યાં ! કલાકોના કલાકો સુધી ખાનગીમાં સલાહો–નિર્ણયો અને વર્દિઓ થવા લાગી ! **સામંતભદ્રના** મુખ ઉપર ઉદ્વેગની કાલીમામય છાયા સ્પષ્ટપણે તરી આવી ! સામંતભદ્ર વિચારવા લાગ્યો કે " આટલી બધી ખટપટ અને કાવતરાનું કારણ શું–પરિણામ શું ? સ્વાર્થ અને અહંભાવની રક્ષા કરવી તે

સિવાય બીજો કાંઇ મારો ઉદ્દેશ નથી. પરિણામ ગમે તે આવે, પણ હું આજ સુધી જે માર્ગને વળગી રહ્યો છું તેનાથી લેશમાત્ર ચ્યુત નહીં થઉં." તેજ વખતે જાણે કે કોઇ તેના અંતઃકરણના ઉંડા ભાગમાંથી કહેતું કેઃ-"**સામંતભદ્ર! આ તું ઠીક નથી કરતો. જગત્‌ના દુઃખોનું નિવારણ કરવા અર્થે જે રાજપુત્રે, રાજ્યના વૈભવોને તિલાંજલી આપી, આવી કષ્ટ સાધના સ્વીકારી છે, તેમના માર્ગમાં કંટકરૂપ થવું એ યોગ્ય નથી. પણ હરકત નહીં, તારૂંજ વિરોધીબળ તેમને તેમના પવિત્ર માર્ગમાં-શાસન વિસ્તારમાં અમૂલ્ય સહાય આપનારૂં થઈ પડશે.**" આ પ્રમાણે ખટપટમાં-કાવાદાવામાં અને ઉદ્વેગમાં આખો દીવસ પસાર થઇ ગયો.

રાત્રીના આઠ-સાડાઆઠના સુમારે **સામંતભદ્ર** પોતાની બેઠકમાં એકલો બેઠો બેઠો કાંઇક વિચારના વમળમાં ઘસડાતો હતો. તે વખતે એક બ્રાહ્મણ પંડિત **સામંતભદ્ર**ની બેઠકમાં દાખલ થયો. તે નવા આવનારનો ચ્હેરો ગભરાયેલો તથા ચિંતાયુક્ત હતો. પોતે જે સમાચાર લાવ્યો છે તે **સામંતભદ્ર** પાસે **પ્રથમ** કેવી રીતે રજુ કરવા તે નક્કી કરી શકયો નહીં. પણ આખરે તે બોલી ઉઠયો કેઃ—"શેઠજી, અવિનય થતો હોય તો **ક્ષમા** કરજો. પણ આપજ અમારૂં **સત્યાનાશ** કાઢવા તૈયાર થયા છો. આપનો કનિષ્ટ પુત્ર-**મણીભદ્ર** પોતે જાતે **ધનદત્ત શેઠની સાથે** શ્રાવસ્તીની જાહેર પ્રજા તરફથી પ્રતિનિધિરૂપે આમ્રવનમાં જઇને **મહાવીર**ને આમંત્રણ આપી આવ્યો છે, એવા પાકા સમાચાર અમારા સાંભળવામાં આવ્યા છે." આ વાત સાંભળતાંની સાથેજ **સામંતભદ્ર**ને શીરે જાણે કે વજ્રપાત થયો હોય

તેમ થોડીવાર તો તે દિગ્મૂઢજ બની ગયો. પેલો બ્રાહ્મણ પંડિત ત્યાંથી રવાના થયો.

સામંતભદ્ર ઉપર અણધારી આફત તૂટી પડી. તે વિચારવા લાગ્યો કેઃ—"મારો પોતાનો કનિષ્ઠ પુત્ર—**મણીભદ્ર મહાવીર**ને શ્રાવસ્તીની પ્રજા તરફથી આમંત્રણ આપી આવ્યો છે, એમ સાંભળતાંની સાથે જ મ્હારા પક્ષના માણસો મને શું કહેશે? હું તેમની દ્રષ્ટિમાં કેટલો બધો વિશ્વાસઘાતક તથા તિરસ્કારપાત્ર લેખાઇશ? મારા પોતાના પુત્રને આવી દુર્બુદ્ધિ ક્યાંથી સૂઝી? જે વૈદિક ધર્મની રક્ષાઅર્થે હું આટલી બધી કાળજી રાખું છું, જેની ખાતર મેં મારા અંતઃકરણના અવાજને પણ ગુંગળાવી નાંખ્યો છે, તે સર્વશક્તિસંપન્ન—અગ્નિપ્રતિમ બ્રાહ્મણકૂળ મારૂં કેવું અપમાન કરશે?" **મણીભદ્ર** દેવપુત્ર હતો. દૈત્યકૂળમાં પણ દેવપુત્ર જન્મ લે છે, એ વાત **સામંતભદ્ર** કેવી રીતે સમજી શકે! **પ્રહલાદ** દૈત્યવંશમાં જન્મ લઇ દૈત્યકૂળને ઐતિહાસિક અમરતા અર્પી હતી, તેમ આ **મણીભદ્ર** પણ પિતાના કૂળને ઉજ્જવળ કરે તો તેમાં શું આશ્ચર્ય?

સામંતભદ્રની વ્યાકૂળતા જોઇ તેના બે પુત્રો પણ તેની પાસે દોડી આવ્યા. ધીમે ધીમે **મણીભદ્ર**ના અઘટિત આચરણ સંબંધી સમાચાર આખા ઘરમાં ફેલાઇ ગયા. કોઇ કોઇ તો **મણીભદ્ર**ને ગાળો આપવા પણ મંડી ગયું, કોઈ કોઇએ તેને ઘરમાંથી બ્હાર હાંકી કાઢવાની સલાહ આપી! આ પ્રમાણે **મણીભદ્ર**ને શીક્ષા આપવાની વાતો થતી હતી, તે વખતે **સામંતભદ્રે** ગંભીર સ્વરે જણાવ્યું કે "હાલ તુરતમાં **મણીભદ્ર**ને છેલ્લા માળની એ-

રડીમાં બંધ કરી, આપણે સૌએ બ્રાહ્મણ–પંડિતો પાસે જઈ ક્ષમા માગવી એ આપણું પ્રથમ કર્તવ્ય છે." **મણીભદ્ર**ને એક નિર્જન ઓરડામાં બંધ કરવામાં આવ્યો. પિતા તથા જ્યેષ્ટ અને મધ્યમ પુત્ર સાથે મળીને બ્રાહ્મણ–પંડિતોનાં ઘરે ગયા. **સામંતભદ્રે** એક સામાન્યમાં સામાન્ય બ્રાહ્મણને ત્યાં જઇને પણ અત્યંત કાલાવાલાપૂર્વક પ્રાર્થના કરી કેઃ—"બ્રહ્મદેવ! આ એક અપરાધને માટે અમને ક્ષમા આપો. **મણીભદ્ર**ને હું તેના અપરાધનું યોગ્ય ફળ આપીશ. આપ પ્રાયશ્ચિત્ત કરાવવાની વ્યવસ્થા આપશો તો તે પણ માન્ય રાખીશ. પરંતુ ગમે તે રીતે મારો–મારા કૂળનો આ ગુન્હો આપે માફ કરવો જોઇએ. એજ મારી પુનઃ પુનઃ પ્રાર્થના છે. હાલ તુરતમાં તો મેં **મણીભદ્ર**ને એક ઓરડામાં કેદ કરી રાખ્યો છે. હવે પછી તે આવું કામ નહીં કરી શકે એવી આપને ખાત્રી આપું છું." સમસ્ત બ્રાહ્મણ–પંડિતોએ **સામંતભદ્ર**ની આ વિનીત પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. મ્હોડી રાત્રીએ સામંતભદ્ર પોતાના ઘરે પાછો ફર્યો. પંડિતોએ પોતાનો દોષ ઉદારતાપૂર્વક માફ કર્યો, તે માટે સામંતભદ્રને બહુ સંતોષ થયો. પુત્રદ્વય પણ ઘેર પાછા ફર્યા, બહુ મ્હોડી રાત્રીપર્યંત અસીમ પરિશ્રમ કરવાને લીધે સૌ કોઈ ઘેર આવીને શાંત નિદ્રામાં પડ્યા. રાત્રીની નિસ્તબ્ધતા ક્રમે ક્રમે ગંભીર થવા લાગી. અરૂણોદયને હજી ચાર પાંચ કલાકની વાર છે. સમુદ્રમાં પ્રબળ તોફાન ઉઠ્યા પછી સમુદ્ર જેવો શાંત બને છે, તે પ્રમાણે સામંતભદ્રનો વિશાળ પ્રાસાદ—વિશાળ અંતઃપુર, રાત્રીના છેલ્લા પ્રહરે નિદ્રાના સુમધુર આલીંગનમાં આબદ્ધ થયું. મનુષ્યોના કંઠનો ધ્વની સંભળાતો બંધ થયો.

મણીભદ્રની મુક્તિ.

ચાલો, એકવાર આપણે મણીભદ્રની પણ ખબર લેવી જોઇએ. તેને સાત માળની હવેલીમાં જે માળ છેલ્લો છે તેજ માળની એક નિર્જન કોટડીમાં બંધ કરવામાં આવ્યો છે. શા માટે બંધ કરવામાં આવ્યો છે તેની તેને પોતાને પણ ખબર નથી. પોતે એવો તે શું ભયંકર ગુન્હો કર્યો છે કે આવી સખ્ત શીક્ષા સહન કરવી પડે છે, તેનો તેણે ઘણો ઘણો વિચાર કરી જોયો પણ આખરે તે કશા નિર્ણય ઉપર આવી શકયો નહીં. વિષાદ અને ચિંતાથી મુક્ત થવા આંખો મીંચી ઉંઘવાનો પ્રયત્ન કરે છે, પણ એકદમ બેબાકળો તે ફડકી ઉઠે છે। તે પોતાના અંતઃકરણને પુનઃ પુનઃ પૂછે છે, પોતાની પ્રત્યેક ગત ક્રિયાનું પૃથક્કરણ કરી જુએ છે, પણ કયા ગંભીર ગુન્હાની ખાતર આવું વિષમ સંકટ પોતાને વેઠવું પડે છે, તે તે બીચારો સમજી શકતો નથી.

મણીભદ્રની માતા—સ્નેહમૂર્ત્તિ માતા—થોડા દિવસો થયાં સ્વર્ગવાસ પામી છે. મણીભદ્ર તેની માતાનો સર્વથી અધિક પ્રિય પુત્ર હતો. તે વીશ વર્ષનો થયો ત્યાં સુધી માતાના ખોળામાં માથું મુક્યા સિવાય બીજે ક્યાંઇ સૂતો નથી. માતાની સ્નેહપૂર્ણ સ્મૃતિ તે ભૂલી શકયો નથી. માતૃવિયોગને લીધે તે આખો દિવસ ગમગીન રહ્યા કરતો હતો. બીજું કોઇ એવું સ્થળ નહોતું કે જે સ્થળે જઇને તે ક્ષણવાર શાંતિ કે આશ્વાસન પામી શકે.

માતૃવિયોગ થયા પછી સમસ્ત સંસાર તેને શૂન્યમય ભાસતો હતો. કેતકીનું કોમળ પુષ્પ સહેજ તાપ લાગવાથી જેમ કરમાઈ જાય, તેમ **મણીભદ્ર**નું સ્નેહપુષ્ટ અંતઃકરણ વિયોગ તાપને લીધે કરમાઇ ગયું હતું. તેના ચ્હેરા ઉપર સર્વદા વિષાદની ગંભીર રેખા પ્રતીત થતી હતી. સંસારના કોઇ કામકાજમાં તેનું લક્ષ નહોતું. નિર્જન અરણ્યમાં, આવાસમાં કે ઉપવનમાં જઇ, જીવનના વિકટ પ્રશ્નોનું નિરાકરણ કરવા સિવાય બીજો એકે વિચાર તેના મગજમાં સ્થાન લઇ શકતો નહોતો. આવતી કાલે જગતપ્રભુ મહાવીરસ્વામી પોતાના ગામમાં પધારનાર છે, અને તે નિમિત્તે નાગરિકોમાં બે મ્હોટા પક્ષો પડી ગયા છે તે સંબંધી લેશ પણ ખબર તેને નહોતી. તે તો બિચારો માતૃવિયોગને લીધે સર્વદા અન્યમનસ્ક જ રહ્યા કરતો હતો. આજ સંધ્યાકાળે કોણ જાણે શામાટે પણ તેનું ચિત્ત એકદમ વ્યાકૂળ થઈ ગયું ! ઘરમાં ચેન નહીં પડવાથી એકદમ બહાર નીકળ્યો. ઘરમાં કોઇને કાંઈ કહ્યા વિના, પગ જે તરફ ઉપાડી જાય તે તરફ ચાલવા લાગ્યો. પોતે ક્યાં જાય છે તેનું તેને પોતાને પણ ભાન નહોતું. યંત્રવત્ પગલાં ભરતો અનાયાસે અણધાર્યો જીર્ણ આમ્રકાનનમાં આવી પહોંચ્યો. **મણીભદ્રે** જ્યારે આમ્રવનમાં પ્રવેશ કર્યો ત્યારે **ધનદત્તશેઠ** પણ ત્યાં હાજર હતો. બન્નેએ એક બીજાને ઓળખ્યા. કોઇના ચિત્તમાં લેશમાત્ર દ્વેષ કે વૈમનસ્યભાવ નહોતો. **ધનદત્ત**ની સલાહ પ્રમાણે **મણીભદ્ર** નવા **મહાપુરૂષનાં** દર્શન કરવા આગળ ચાલ્યો.

મહાપ્રભુ મહાવીર એક પ્રકાંડ વટવૃક્ષની નીચે પોતાના ગણધરો તથા મુનિગણો વચ્ચે શાંતભાવે વિરાજ્યા હતા. **મણીભદ્રે** પ્રભુના ચરણમાં મસ્તિષ્ક મુકી સવિનય વંદન કર્યું. પ્રભુ તે

વખતે શિષ્યોની શંકાઓનું સમાધાન કરી રહ્યા હતા. પ્રભુની અપૂર્વ સુધાસમ વાણી સાંભળી **મણીભદ્ર**નો આત્મા કોઈ નૂતન જ પ્રકારના શાંતિરસથી દ્રવવા લાગ્યો. પ્રભુના શ્રીમુખથી જે અમૃતમય ઉપદેશની ધારા વહી રહી હતી તેનું પુનઃ પુનઃ પાન કરવાની ઈચ્છા પ્રબળ થવા લાગી, **મણીભદ્ર** ઘણો વખત ત્યાં બેસી રહ્યો. પછી રાત્રી પડવાથી તે પોતાના ગૃહે પાછો ફર્યો.

મણીભદ્ર વિચાર કરવા લાગ્યો કે **મહાવીરપ્રભુ**નાં દર્શન કર્યાં તથા તેમની દેશના સાંભળી એને શું પિતાજી ભયંકર અપરાધ લેખતા હશે? નહીં—નહીં—તેમ તો નજ હોય. એવા પવિત્ર મૂર્ત્તિના દર્શનથી તો પિતાજી પોતે પણ પોતાને ભાગ્યવાન્ લેખે. ત્યારે મેં શો ગુન્હો કર્યો હશે? આમ વિચાર કરવા છતાં જ્યારે કાંઈ નિર્ણય થઈ શકતો નહીં ત્યારે તે હૃદયને છુટું મુકી રડવાનો ઉપક્રમ કરતો. પણ તુરતજ તે પોતાની સ્થિતિ સમજી જતો. જો આ પ્રસંગે પોતે રડશે તો **પિતાને** તથા **બંધુને દયા આવવાને બદલે ઉલટો ક્રોધ થશે** એમ ધારી હૃદયના ભારને હૃદયમાં જ સમાવવાનો પ્રયત્ન કરતો.

રાત્રી પ્રાયઃ પુરી થવા આવી છે. શુક્લપક્ષની ચતુર્દશીનો ચંદ્રમા પશ્ચિમ આકાશમાં ઢળતો જાય છે. મૃદુવાહી શીતળ સમીરણના તરંગોની સાથે પપૈયાની સ્વર–લહરી પણ દૂર–સુદૂર વહી જાય છે. **મણીભદ્ર** એક ન્હાની બારીમાં બેસી, અસ્ત પામતો ચંદ્ર નીરખી રહ્યો છે. પપૈયાની સ્વરલહરી કે મૃદુવાયુનો હિલ્લોલ તેના ધ્યાનમાં ભંગ પાડી શકતો નથી. વિચાર સાગરમાં તે એવો તો તલ્લીન બની ગયો છે કે ઘણીવાર પોતે ક્યાં કેવી અવસ્થામાં

છે તે પણ ભૂલી જાય છે. તે અત્યન્ત ગંભીર વિચારમાં નિમગ્ન છે, પણ તે એટલો બધો શેનો વિચાર કરતો હશે ? બેશક, તે ક્ષુધા–તૃષા તથા અપમાનની પીડાથી દુ:ખિત છે, પણ શું તે ક્ષુધા–તૃષા સંબંધી વિચારોમાં નિમગ્ન છે ? નહીં.

તે વિચાર કરે છે કે આ લોકો મને આમને આમ ક્યાંસુધી પુરી રાખશે ! તૃષાને લીધે કંઠમાં સોષ પડવા લાગ્યો છે, શું જળનું એક બિંદુ પણ તેઓ મને નહીં આપે ? નહીં આપે તો ખેર, પણ શું પેલી વિશ્વવિમોહક યોગેશ્વરની મૂર્ત્તિનાં દર્શન કરવાની પણ રજા નહીં આપે ? **તૃષાથી પ્રાણ જાય તેની ચિન્તા નથી, પણ એકવાર પુન: પ્રભુનાં દર્શન કર્યાં હોત તો મરણ એ મારે માટે એક ઉત્સવ સમાન થઇ પડત ! ગમે તેવા મહાપાપીને પણ પ્રભુની સાક્ષાત્ મૂર્ત્તિના દર્શનથી અલગ રાખવો એના જેવી બીજી કઈ ક્રુરતા હોઈ શકે ? અહા ! જ્યારથી સ્તે પ્રભુની વાણી સાંભળી છે, ત્યારથી હૃદયમાં શાન્તિ અને આશાની મંદવાહિની સરિતાનો કુલકુલધ્વની હું સતત્ સાંભળ્યા કરૂં છું.** એ સ્વર્ગીય ધ્વની પાસે સંસારનો કોળાહળ પહોંચી શકતો નથી. એજ શાસનનાયક **વીર ભગવાન** આવતી કાલે–અરે બે–ત્રણ–ચાર કલાક પછી આ નગરીમાં પધારશે, સેંકડો નર–નારીઓ તેમના ચરણની રજને શિર્ષે લગાડી પોતાનો જન્મ સાર્થક કરશે, હું જ એક એવો કમનસીબ કે મને તેમ કરવાની પરવાનગી નહીં ! અહા ! કયા ભવનાં કુકર્મો આ વખતે ઉદિત થયાં હશે ? એવું તે શું મહા ઘોર પાપ કર્યું હશે કે પ્રભુના દર્શનમાં અંતરાય આવ્યો ? મૃદુ–સરળ–સ્વર્ગીય હાસ્યની જ્યોતિ: પ્રસારતા પ્રસારતા, જ્યારે

પ્રભુ આ નગરીમાં પ્રવેશશે, મધુર ગંભીર સ્વરે પ્રાણની પ્રસુપ્ત આશાને જાગૃત કરશે, અને આ પામર જનસમાજની સન્મુખ શાન્તિની સુધામય વૃષ્ટિ વરસાવશે તે વખતે હું જ એક અકર્મી હાજર નહીં રહી શકું ! કેવી ભયંકર સજા ? કયા ગુન્હાની એવી સખ્ત સજા ? હા દૈવ ! પ્રભુનો એ સરળ અને પવિત્ર વ્યવહાર, પ્રભુની એ જલદ–ગંભીર મધુર વાણી, પ્રભુનું એ અપાર્થિવ ગાંભીર્ય અને ઔદાર્ય શું પુનઃ જોઈ શકવાને હું ભાગ્યશાળી નહીં થઉં ?

આ પ્રમાણે વિચાર કરતો કરતો, ક્ષુધા અને તૃષાથી રીબાતો, પ્રભુની મૂર્ત્તિનું ધ્યાન ધરતો મણીભદ્ર, આખા દિવસના ક્લેશ અને અવસાદથી અવસન્ન થઈ નિદ્રાવશ થયો. નિદ્રાના આવેશે અજાણતાં જ એક ક્ષણને માટે **મણીભદ્ર**ને પોતાના કબ્જામાં લીધો. કલ્પનામાં પણ તે અનેકાનેક સ્વપ્ન સૃષ્ટિઓ રચવા લાગ્યો.

એટલામાં મણીભદ્ર જે ઓરડામાં બંધ છે તે ઓરડાનું તાળું ખોલવાનો કોઈ પ્રયત્ન કરતું હોય તેના જેવો સહેજ શબ્દ, અકસ્માત **મણીભદ્રના કાને પડયો.** તે એકદમ ચકિતપણે–મંત્રમુગ્ધવત્ ઉઠીને બેઠો થયો. દ્વારની તરફ દ્રષ્ટિ કરી, કાંઇક નિર્ણય કરવા જાય છે એજ વખતે ગૃહનાં દ્વાર ઉઘડી ગયાં ! **મણીભદ્ર** આશ્ચર્યચકિત દ્રષ્ટિએ દ્વારમાં ઉભેલી સ્વર્ગીય મૂર્ત્તિ તરફ એકી ટસે નીરખી રહ્યો !!

તે મૂર્ત્તિ કોણ એ કહેવાનું સાહસ અમે કરી શકતા નથી. **મણીભદ્ર**ને તો એ મૂર્ત્તિના દર્શનની સાથે જ એમ લાગ્યું કે અસ્તાચલોન્મુખ ચતુર્દશીના ચંદ્રમાની જે અમલ ધવલ જ્યોત્સ્ના બંધ બારણાની ઉપર પ્રતિફલિત થઈ રહી હતી તેજ જ્યોત્સ્ના

મૂર્ત્તિમંત નારીરૂપે પોતાની આગળ આવીને ઉભી રહી છે ! તે નારીમૂર્ત્તિ બાલિકાની હતી કે યુવતીની હતી, તે પણ નક્કી થઈ શકે એમ નહોતું. કારણકે છૂટી–છવાયેલી–વિખરાયેલી નિબિડકૃષ્ણ કેશરાજીની મધ્યમાં તે સુંદર મુખ અસ્પષ્ટ જ્યોત્સ્નામાં સ્પષ્ટરૂપે બરાબર નીરખી શકાય તેમ નહોતું. તેણીએ પોતાના અંગે એક માત્ર શુભ્ર વસ્ત્ર ધારણ કર્યું હતું. કંઠમાં મુક્તાનો એક હાર શોભી રહ્યો હતો. **મણીભદ્ર** બરાબર લક્ષપૂર્વક તેણીને જુએ અને ઓળખે તે પહેલાં તો તેણી **મણીભદ્ર**ની પાસે આવીને ઉભી રહી અને **મણીભદ્ર**ના કરયુગલને પોતાના હાથમાં સ્થાપી, કોમળદ્રષ્ટિ ફેંકતાં અતિ ધીર સ્વરોમાં તેણીએ કહ્યું કેઃ—“ **મણીભદ્ર**, ચૂપ રહો, બોલવાનો આ સમય નથી. તમે મને ઓળખી શકો તેમ નથી. ઓળખવાની જરૂર પણ નથી. અત્યારે લાંબી વાતચીત કરવા જશો તો આપણે બન્ને પકડાઈ જઈશું. '**મણીભદ્ર**, ખરેખરૂં કહો, શું તમે **મહાવીર** ભગવાનનાં દર્શનાર્થે જવાની ધારણા રાખો છો ? ”

હર્ષ, આશ્ચર્ય અને ઉત્કંઠાને લીધે મણીભદ્રના મુખમાંથી એક પણ શબ્દ બ્હાર નીકળી શક્યો નહીં. તેના પ્રાણમાં–હૃદયમાં–ઉંડા પ્રદેશમાં–જાણે કે વિજળીનો પ્રવાહ પ્રબળ વેગે વહી રહ્યો હોય તેવો તેને અનુભવ થયો. કાંઈપણ ઉત્તર આપવાને બદલે તે ઉઠીને ઉભો થયો. રમણીએ પૂર્વવત્ તેના હસ્તદ્વયને પોતાના હાથમાં દાબી, અતિ ધીરે અતિ સાવધાનતાપૂર્વક કહેવા માંડયું કેઃ—

“ જાઓ **મણીભદ્ર** ! બની શકે તેટલી જલદીથી નાસી છુટવાનો પ્રયત્ન કરો. તમારા પિતાની મતિ ભ્રષ્ટ થઈ છે. સૂર્યના પ્રકાશ સામે સુક્ષ્મ વસ્ત્ર ધરી રાખી અંધકારને આશ્રય આપવાનો

તે પ્રયત્ન કરે છે. તમારા શ્રેષ્ઠિકુળમાં તમારો પિતા કલંકરૂપ છે, એમ કહેવામાં જો હું ઉદ્ધત્તાઈ કરતી હઉં તો મને ક્ષમા કરશો. તમારા જેવા **કર્મવીર**, ઉત્સાહી અને ઉદાર યુવકો જો, **જૈન શાસનની પ્રભાવના, અભિવૃદ્ધિ તથા ઉન્નતિ માટે આત્મભોગ આપવાને તૈયાર ન થાય તો હું કહું છું કે પ્રભુનો જન્મ અને વિહાર આ પૃથ્વીમાં નિષ્ફળ છે.** જાઓ,—**મણીભદ્ર**, જાઓ. હું તમારો નકામો વખત લઉં છું. આ કુંચી હાથમાં રાખો. સામેના બારણામાંથી જવાનો પ્રયત્ન કરશો નહીં, કારણકે તેમાં વિપત્તિ આવી પડે એવો મને ભય છે. આ પાસેની ઓસરીમાં થઇને બગીચામાં ઉતરો અને પૂર્વ તરફનું બારણું આ કુંચીથી ઉઘાડો. તમારા રસ્તામાં અત્યારે કોઈ વિઘ્ન નાંખી શકે તેમ નથી. જાઓ—બની શકે તેટલી જલદીથી આ ઘર મુકીને ચાલ્યા જાઓ." આ પ્રમાણે વાત કરતાં કરતાં પેલી રમણી **મણીભદ્ર**નો હાથ પકડીને તેને અગાસીમાં લઈ આવી. તે સમયે તે સ્થળે ચંદ્રની જ્યોત્સ્નામાં રમણીનું મુખ બરાબર જોઈ શકાય તેમ હતું. **મણીભદ્રે** એકવાર ફરીથી તે રમણીને ઓળખવાનો પ્રયત્ન કર્યો. તેજ વખતે **મણીભદ્ર**નું શરીર રોમાંચિત થઈ ગયું! અકસ્માત્ તેના નેત્રદ્વયમાં અશ્રુજળ ભરાઈ આવ્યું! કંપિત સ્વરે રમણીની પ્રતિ દ્રષ્ટિ કરી **મણીભદ્રે** કહ્યું કે:—

"રમણીરત્ન! તમે શું મને ઓળખો છો ? તમારા આ ઉપકારનો બદલો હું કેવી રીતે વાળી શકીશ ? હું સમજી શક્યો છું કે તમે માનવી નહીં, પણ દેવી છો. જય **ભગવાન્ મહાવીરસ્વામી**નો જય! દેવિ! તમારો મનોરથ પૂર્ણ થાઓ, એજ એક મારી છેલ્લી પ્રાર્થના છે. હવે, જઉં છું."

"જાઓ—મણીભદ્ર, જાઓ. જે માર્ગમાં આનંદનો પ્રવાહ વહી રહ્યો છે અને જે માર્ગમાં ઉદ્વેગનું નામ—નિશાન પણ નથી તે માર્ગે જાઓ; જે માર્ગમાં મૈત્રીભાવની મૃદુ શીતળ લહરીનો ઉપભોગ કરી શકાય તેમ છે અને જે માર્ગમાં ચિન્તા—દ્વેષની લેશ પણ જવાળા નથી તે માર્ગે જાઓ; જે માર્ગમાં જ્ઞાનના ભંડારો ખુલ્લા પડ્યા છે, અને જે માર્ગમાં ગર્વ કે અહંકારને સ્થાન પણ નથી, તે માર્ગે સીધા નિર્ભયપણે ચાલ્યા જાઓ! જે માર્ગે આત્મોત્કર્ષ મળી શકે તેમ છે અને જે માર્ગમાં અવનતિની શંકા પણ પાપ રૂપ લેખાય છે તે માર્ગે અખંડ જાગૃતિપૂર્વક વિચરો! જાઓ,—સંસારના સંસારીઓના દુઃખો—તાપો—કષ્ટો દૂર કરો અને જગતમાં શાન્તિનું—દયાનું અને ધર્મનું રાજ્ય સ્થાપવામાં સહાય આપો! જાઓ—મણીભદ્ર, મહાવીર પ્રભુ પોતે શ્રાવસ્તી નગરીમાં પધારી એ ધર્મમાર્ગનો ઉપદેશ કરવા, દ્વારે દ્વારે વિચરશે, તમે પણ તે માર્ગે જાઓ—આત્માને કૃતાર્થ કરો, અનંત મોક્ષસુખ પ્રાપ્ત કરો—જગતના દુઃખો દૂર કરવા આત્મસુખનું બળીદાન આપો—જાઓ, હવે તમને હું વિશેષ કહી શકું તેમ નથી. પ્રભુ પોતે તમારા માર્ગદર્શક થશે."

એટલું કહીને પેલી રમણીએ મણીભદ્રનો હાથ મૂકી દીધો, અને પોતે માર્ગ બતાવવાને નીસરણી ઉતરવા લાગી. મણીભદ્ર પણ દિગ્મૂઢની માફક રમણીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. જોતજોતામાં તેઓ નીચે ઉતરી ગયા. બગીચામાં જે બારણું હતું તે બારણા પાસે આવીને બન્ને જણ ઉભા રહ્યા.

રમણીએ પોતે **મણીભદ્ર**ની પાસેથી કુંચી લઈ તાળું ઉઘાડી નાંખ્યું. બહુજ ધીરે સાવચેતીપૂર્વક બારણાં ઉઘાડ્યાં. રમણી પોતે એક બાજુ ખસી ગઈ અને ઉભી રહી. **મણીભદ્ર** બારણાની બહાર જતાં પહેલાં એકવાર રમણીનું મુખ–કમળ નીહાળવાનો લોભ રોકી શક્યો નહીં. તે પુનઃ વિસ્મયવિસ્ફારિત નેત્રે રમણીનું છુટા–છવાયેલા કેશવાળું, વિમલ–વિસ્તૃત નેત્રવાળું, પ્રકૃતિસુંદર મુખ થોડીવાર નીરખી રહ્યો. જતાં જતાં **મણીભદ્રે** કંપિત સ્વરોમાં રમણીને ઉદ્દેશીને કહ્યું કેઃ—

"દેવિ, તમારી આજ્ઞાને માન આપી, તમે બતાવેલા માર્ગે જઉં છું. પરંતુ મનમાં એક દુઃખ રહી જાય છે. હું તમારા ઉપકારનો બદલો કેવી રીતે વાળી શકીશ! દયામયી? ભવિષ્યમાં કદાચ તમારી નિર્મળમૂર્ત્તિના દર્શન કરવાની ઈચ્છા પ્રબળ થઇ આવે તો શું કરવું તેનો કાંઇ માર્ગ સૂચવવાની કૃપા કરશો? શું આ દર્શનજ અંતિમ દર્શન હશે?"

વિસ્મયપૂર્વક **રમણીએ** અવનત મસ્તક ઉંચું કર્યું, અને **મણીભદ્ર**ની તરફ દ્રષ્ટિ કરી, પુનઃ ધીરેધીરે ચક્ષુને નીચે નમાવી અતિ પ્રશાંત સ્વરોમાં–અતિ કોમળભાવે કહ્યું કેઃ—" ફરીથી ક્યારે મળીશું, એમ પૂછો છો? પુનઃ દર્શન થશે કે નહીં તે હું કહી શકતી નથી. ઘણું કરીને દર્શન તો થશે, એમ મને લાગે છે. પછી તો પ્રભુ જાણે!"

મણીભદ્ર શું ઉત્તર આપે છે તે સાંભળવાની દરકાર નહીં કરતાં **રમણી** ત્યાંથી પાછી ફરી. **મણીભદ્ર** પણ દ્વારમાંથી બ-

હાર નીકળી સરીયામ રસ્તા ઉપર પહોંચી ગયો. એકવાર પોતાના પિતાની વિશાળ-નિસ્તબ્ધ અટ્ટાલિકાની તરફ નજર ફેંકી, દ્વારમાંથી ઉતાવળે પગલે પાછી વળેલી પેલી જ્યોતિર્મયી રમણી તરફ લક્ષ આપ્યું, અને આખરે સહેજ અસ્ફુટ સ્વરમાં એક દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો **મણીભદ્ર** ત્વરિતગતિએ જીર્ણ આમ્રકાનન તરફ વિદાય થયો.

—⁂—

પેલી રમણી !

મણીભદ્રને રવાના કરી ઉતાવળે પગલા ભરતી પેલી **રમણી** બગીચાના બારણા પાસે થઇને જેવી ઘરમાં દાખલ થવા જાય છે, તેજ વખતે પાછળથી કોઇએ આવીને તેના વાંસા ઉપર હાથ મૂક્યો ! અપરિચિત હસ્તના સ્પર્શથી રમણી એકદમ ચમકી ઉઠી ! આ નિસ્તબ્ધ રાત્રીએ આ એકાંત સ્થાનમાં અન્ય કોણ હશે ? હરિણીની માફક તેણી ભય-ચંચળ વિશાળ નેત્રે ચોતરફ જોવા લાગી ! પરંતુ કોઈ પણ મનુષ્ય ત્યાં હાજર હોય એમ જણાયું નહીં. માર્ગમાં દીપકનો કે ચંદ્રનો પણ પ્રકાશ નહોતો, તેથી વધારે આગળ દ્રષ્ટિ પહોંચી શકે તેમ નહોતું. રમણી થોડીવાર સ્તબ્ધ થઇને જ્યાંની ત્યાં ઉભી થઇ રહી. ત્યારબાદ અચાનક કાંઈક યાદ આવવાથી તેણી ત્યાંથી પાછી ફરી અને જે બારણા પાસે મણીભદ્રને વિદાયગીરી આપી હતી તે બારણા પાસે પુનઃ આવીને ઉભી રહી ! તે વખતે ઉદય પામતા અરૂણની અસ્ફુટ કીરણાવળી ઝાંખો ઝાંખો પ્રકાશ વિસ્તારી રહી હતી; તેની

સાથે અસ્ત પામતાં શશીની ક્ષીણ જ્યોત્સ્નાનો પ્રકાશ મળવાથી ઉદ્યાનમાં કિંચિત્ સ્પષ્ટ પ્રકાશ પડતો હતો. પેલી રમણીએ ઉત્સુક નેત્રે બગીચાના બારણા તરફ દ્રષ્ટિ કરી તો તેણીને જણાયું કે કોઇએ પાછળથી આવીને બારણા બંધ કરી દીધાં છે. બારણા બંધ કરનાર ગમે તે હોય, પણ તે અંદરની જ કોઈ વ્યક્તિ હોવી જોઇએ, કારણ કે બારણાને જે સાંકળ દેવામાં આવી છે તે અંદરની બાજુએથીજ દેવામાં આવી છે; એવો નિર્ણય કરતાં રમણીને બીલકુલ વાર લાગી નહીં. તેણી વિચારવા લાગી કે "મારો આ ગુપ્ત વ્યવહાર કોઈ જોઈ ગયું છે એમાં શક નથી, કોઇએ મારો પીછો પકડયો છે, અને તે મનુષ્ય આ જ ઘરનો હોવો જોઇએ, એમાં પણ હવે સંદેહ કરવાનું કારણ નથી." આવો વિચાર કરી એકવાર તેણીએ આકાશ તરફ નિરાશાથી દ્રષ્ટિ ફેંકી, અને ધડકતા હૃદય ઉપર હાથ મૂકી એક દીર્ઘ ઉષ્ણ નિશ્વાસ મૂકયો.

આ રમણી કોણ હશે ? એ વૃત્તાંત જાણવાની અમારા વાચકોને વૃત્તિ થઈ હશે. અમે ધારીએ તો તેનું સંક્ષિપ્ત વર્ણન આ સ્થળે આપી શકીએ તેમ છીએ. પણ કેટલાંક કામો એવાં હોય છે કે ઉતાવળ કરવાથી સુધરવાને બદલે ઉલટા બગડી જાય છે, એવો અમારા વાંચનારાઓને પણ અનેક પ્રસંગે અનુભવ થયો હશે. વાચકોએ થોડી ક્ષણ ધૈર્ય રાખવું. પ્રસંગ આવ્યે તેનું યથાયોગ્ય જીવનવૃત્ત લખવાનો અમે પ્રયત્ન કરીશું. હાલ તુરત તો એટલું જ કહેવું બસ થશે કે તે રમણી ગમે તે હોય પણ આ સામંતભદ્રના ગૃહની કન્યા કે સ્ત્રી નહોતી. જો તેણી આ ગૃહના રસ્તાઓથી અને ઓરડાઓથી બરાબર પરિચિત હોત તો, તેણી

જે સ્થળે સાવચેતી રાખવાની જરૂર હતી તે સ્થળે ઉતાવળને લીધે આવી બેદરકારી રાખત નહીં. અસ્તુ. **રમણી** થોડીવાર વિચારમાં મુગ્ધ બની ત્યાં ઉભી રહી અને ત્યારબાદ માંડમાંડ પગલાં ભરતી હોય તેમ પોતાના શયનગૃહ તરફ ચાલવા લાગી.

એક કે બે પગલા આગળ જાય છે તે જ સમયે તેની સામે એક બીજી **રમણીમૂર્ત્તિ** ચાલી આવતી હોય તેવો તેણીને આભાસ થયો. બરાબર લક્ષ આપીને જોવાથી તેણીને જણાયું કે વસંતઋતુના પ્રથમ મારૂતહિલ્લોલને લીધે, પુષ્પના ભારથી લચી પડેલી માધવી લતા જેવી રીતે નૃત્ય કરે તેની માફક, ઈષત્ કંપિત કલેવરવાળી, સર્વાલંકારભૂષિતા એક ષોડશી રમણી, મૃદુ હાસ્ય કરતી કરતી પોતાનીજ તરફ આવી રહી હતી. પેલી નવીન **રમણીએ** આપણી પરિચિત રમણીના ખભા ઉપર એક હાથ મૂકી, બીજે હાથે તેણીને પોતાના હૃદય સરસી ચાંપી અતિ કોમળ શબ્દોમાં કહ્યું કેઃ—

" **ભગિની !** તમારા સાહસ—ધૈર્ય અને ઉદ્યોગ **માટે જેટલો ધન્યવાદ આપું તેટલો ઓછો જ છે !** બ્હેન **રત્નમાળા !** ખરેખર કહું છું કે તારા સિવાય અન્ય કોઈથી આવું ગંભીર કાર્ય થઈ શકે નહીં. પોતાના ગૃહમાં પોતાના માત—પિતા વડે કેદ થયેલો કેદી છોડાવવો, અને તે પણ તારા જેવી તદ્દન અબળાના હાથથી, તેનો તો કોઈ ખ્યાલ પણ ભાગ્યે જ કરી શકે ! **રત્નમાળા !** ગભરાઈશ નહીં—મેં તારી સમસ્ત ક્રિયા નજરોનજર જોઈ છે, તેથી ભયભીત થઈશ નહીં. હું ધારત તો તને અટકાવી પણ શકત. પરંતુ મેં તેમ કર્યું નથી, મુંગે મ્હોડે બધું

જોયા કર્યું છે. શામાટે હું તારી વચ્ચે પડી નથી અને શામાટે મેં તારા કાર્યમાં વિઘ્ન નથી નાંખ્યું તે વિષે વિસ્તારથી બોલવાનો આ પ્રસંગ નથી. અત્યારે અહીંઆ ઉભા રહી વાતચીત કરવી એ પણ યોગ્ય નથી. કારણકે ગૃહના માણસોનો શય્યામાંથી જાગૃત થવાનો સમય થઈ ચૂકયો છે. આપણુને જો કોઈ આ સ્થળે જોઈ જશે તો આપણા પુરેપુરા હાલ–હવાલ થશે. માટે ચાલ– અહીથી દૂર ચાલ્યા જઇએ. મારા કે તારા કાર્યની કોઇને વૃણાક્ષરે પણ ખબર ન પડે તે માટે ખૂબ સાવધ રહેજે; એ સિવાય વધારે વાત આ ક્ષણે થઈ શકે તેમ નથી."

આ વાત કરનાર **રમણી** કોણ છે તેનો પત્તો મેળવતાં **રત્નમાળાને** બહુ વાર લાગી નહીં. તે તુરતજ સમજી ગઈ કે આ સલાહ આપનાર યુવતી બીજી કોઈ નહીં પણ સામંતભદ્રના મધ્યમપુત્ર **સુભદ્ર**ની પત્ની **મણિમાલિની** જ છે। પાઠકોને યાદ હશે કે સામંતભદ્રને ત્રણ પુત્રો છે, એ વાત અમો અગાઉ જણાવી ગયા છીએ. સૌથી મ્હોટા પુત્રનું નામ **રત્નભદ્ર** છે, તેનાથી ન્હાનાનું નામ સુભદ્ર છે અને સૌથી ન્હાનાનું નામ મણિભદ્ર છે. **મણીભદ્ર** આપણી વાર્ત્તાનો નાયક છે, તેથી તેનો પરિચય આપવાની જરૂર નથી. **મણીભદ્ર**થી મ્હોટો અર્થાત્ **સામંતભદ્ર**નો મધ્યમ પુત્ર સુભદ્ર–તેની પત્નિનું નામ **મણિમાલિની** છે. તે જ **મણિમાલિની** આજે આ ક્ષણે **રત્નમાળા** સાથે વાર્તાલાપ કરી રહી છે.

રત્નમાળાને સામંતભદ્રના ગૃહમાં આવ્યાને હજી એક–બે દિવસ જ થયા છે. પરંતુ એટલા ટુંકા વખતમાં પણ રત્નમાળા

જોઈ શકી છે કે મણિમાલિની તેણીને અંતઃકરણપૂર્વક ચાહે છે, તેની દરેક પ્રકારની સાર–સંભાળ એક ભગિનિની માફક રોજ લે છે. મણિમાલિનીની ઉપરોક્ત વાત સાભળી, રત્નમાળાનાં નેત્રમાંથી કૃતજ્ઞતાની પવિત્ર અશ્રુધાર વહી નીકળી ! તેણીએ આવેગરૂદ્ધ કંઠે ગદ્ગદ્ સ્વરે **મણિમાલિની** તરફ જોઇને કહ્યું કેઃ –

" બ્હેન, મને ક્ષમા કરશો. હું ધારતી હતી કે મારૂં આ ગુપ્ત કાર્ય આ જગતમાં બીજા કોઇને જાણવા નહીં દઉં. પણ વિધિની કાર્યપ્રણાલી કાંઇક જૂદી જ જાતની હોય એમ જણાય છે ! ચાલો–બ્હેન, મારા શયનગૃહમાં ચાલો. ત્યાં અન્ય કોઇપણ હાજર નથી. આપણે ત્યાં એકાંતમાં શાન્તિથી મન ખોલીને વાર્તાલાપ કરી શકીશું. હું તમારી પાસે અવિશ્વાસિની રહેવા ઇચ્છતી નથી. જે કાંઈ અત્યાર સુધીમાં બન્યું છે, તેનું કારણ તથા તે સિવાયનો સમસ્ત હેવાલ હું તમારી પાસે નિખાલસપણે રજુ કરીશ. "

મણિમાલિનીએ કહ્યુંઃ—" એમ ઉદાસ કે ગળગળા થવાની જરૂર નથી. તેં એવો તે શું વિશ્વાસઘાત કર્યો છે કે એટલી બધી ઉદાસીનતા અને દીનતા દર્શાવવાની જરૂર પડે ! અત્યારે હું તારી પાસે વધારે વખત રોકાઈ શકું એવી મારી સ્થિતિ નથી. કારણ કે મારા સ્વામીને ઉંઘમાંથી ઉઠવાનો વખત થવા આવ્યો છે. મારે તેમની પાસે, હવે પહોંચી જવું જોઇએ. ખાનગીમાં બેસીને મસલત ચલાવવાને માટે આ અવસર અનુકૂળ નથી. બપોરે બની શકે તો તું મારા સૂવાના ગૃહમાં આવજે. તે પ્રસંગે આપણે છુટથી વાતચીત તથા સલાહ કરી શકીશું, આપણા બે સિવાય ત્યાં

બીજું કોઈ હાજર પણ નહીં હોય. અત્યારે તો હું રજા લઈશ. તું પણ અહીં વધારે વખત ઉભી રહીશ નહીં. છાનીમાની સુવાના ઓરડામાં દાખલ થઈ જા.”

એટલું કહીને બન્ને રમણીઓ છુટી પડી. મણિમાલિનીએ બગીચાના દ્વાર પાસે થઈને પોતાના સ્વામીના શયનગૃહમાં પ્રવેશ કર્યો. સુભદ્ર તે વખતે ઉઠવાની તૈયારીમાં હતો. રત્નમાળા પણ પોતાના શયનગૃહમાં દાખલ થઈ. રાત્રી પુરી થવા આવી છે. પૂર્વાકાશમાં અરૂણોદય થવા લાગ્યો છે. પક્ષીઓના કલરવથી તથા પ્રાતઃકાળના મૃદુ-શિતળ સમીરણથી રત્નમાળાનું અંતઃકરણ સહેજ ઉલ્લસિત થયું. તેણીએ આખી ગતરાત્રી વિચારમાં-ચિંતામાં તથા મણિભદ્રને ગુપ્તરીતે મુક્ત કરવામાં ગાળી હતી, તેથી તે અવસન્નદેહે પલંગ ઉપર પડી. પ્રાસાદનો પરિજનવર્ગ જે વખતે ઉઠવાની તૈયારી કરી રહ્યો હતો તે વખતે રત્નમાળાની આંખો સહેજ મળી ગઈ!

નગર-પ્રવેશ.

આજે પૂર્ણિમા છે. પ્રાતઃકાળ થઇ ચૂકયો છે. સૂર્યદેવ પણ ચિર-પુરાતન હોવા છતાં જાણે કે નવા વેશે પ્રભુનો સત્કાર કરવા સંપૂર્ણ દીપ્તિથી પ્રકાશી રહ્યો છે. પક્ષીઓ પણ જાણે કે પ્રભુના સ્તોત્રો લલકારવાને ઉત્કંઠિત થઈ રહ્યાં હોય તેમ જણાય છે! શ્રાવસ્તિ નગરીના અધિવાસીઓએ પૂર્વે ઘણી વાર સૂર્યોદય જોયો છે, વિહગોનો કલરવ પણ અનેકવાર સાં-

ભર્યો છે, પણ આજે તેઓ પુરાણા વ્યવહારમાં પણ કાંઇક નવો જ પ્રકાશ ભાળે છે ! આજની વિશ્વપ્રકૃતિએ તેમની પાસે કાંઇક જૂદું જ રૂપ ધારણ કર્યું છે ! પ્રકૃતિદેવીએ પોતાના આનંદ અને શાંતિના જે ભંડારો અત્યાર પર્યંત બંધ કરી રાખ્યા હતા તે ભંડારો શ્રાવસ્તિના નાગરિકો પાસે આજે અનાયાસે ખુલ્લા થઇ ગયા છે ! શાસનપ્રવર્ત્તક **મહાવીરસ્વામી** પોતાના શિષ્યવૃંદ સાથે આ નગરીમાં પદાર્પણ કરવાના છે, તેમની ચરણરજથી આ દેશ તીર્થરૂપ બનવાનો છે, એવા સમાચાર સર્વત્ર પ્રસરી ગયા. મનુષ્યોની, પશુઓની તથા પક્ષીઓની વાણીમાં પણ જાણે એ એકજ સુસમાચારનો ધ્વની થઇ રહ્યો હોય તેવો સર્વત્ર ભાસ થવા લાગ્યો !

બરાબર પ્રાતઃકાળે પ્રભુ **મહાવીરે** ચડતે પહોરે નગરમાં પ્રવેશ કર્યો, તે સમયે **મહાવીરસ્વામી**ની અપ્રતિમ દિવ્યમૂર્ત્તિ અપૂર્વ પ્રભાથી પ્રકાશી રહી હતી ! તેમની ચોતરફ શિષ્યોના—મુનિઓના તથા શ્રાવકોનાં ટોળેટોળાં, મધ્યમાં પ્રભુની ગંભીર મૂર્ત્તિને આવૃત્ત કરી ચાલી રહ્યાં હતાં. શ્રાવક **ધનદત્ત** તથા **મણીભદ્ર** પણ પ્રભુની બન્ને પાસે કરદ્વય જોડી વિનિતભાવે ચાલતા હતા. પ્રભુના મુખ ઉપરની વિશ્વવિમોહક મૃદુ હાસ્યની સ્નિગ્ધ જ્યોત્સ્ના સરળ હૃદયના પ્રેક્ષકોને ભક્તિથી અભિભૂત કરી રહી હતી ! આત્માના પ્રકાશની, મનના ગાંભીર્યની અને દેહના સૌંદર્યની એકત્ર છટા નીહાળી, શ્રાવસ્તીનો વિશાળ જનતા—સાગર ઉભરાઇ નીકળ્યો. જે કોઇ પ્રભુની શાંત—ગંભીર મૂર્ત્તિનાં દર્શન કરતું તે ભક્તિભાવના કુદરતી આવેગથી પ્રભુના ચરણકમળમાં મસ્તિષ્ક ઝૂકાવ્યા વિના રહી શકતું નહીં ! પ્રભુના દર્શન માત્રથી નગર—જનોના પ્રાણ - સ્નિગ્ધ

અને રોમાંચિત થવા લાગ્યા. **"જય મહાવીરસ્વામીની જય ! જય શ્રી જૈનશાસનની જય"** ઇત્યાદિ જયધ્વનીઓથી આખું નગર ગર્જી રહ્યું ! શ્રાવસ્તીના ગૃહે ગૃહે ઉક્ત ઉલ્લાસમય જયધ્વનીના પડઘાઓ સંભળાવા લાગ્યા ! જનસમાજના હૃદયના જય શબ્દના હિલ્લોલે સમસ્ત નગરમાં અપૂર્વ ભાવના તરંગો ઉત્પન્ન કર્યા ! એક માત્ર **સામંતભદ્ર** અને તેના પક્ષના મનુષ્યોનાં જ ગૃહો એવાં હતાં કે જ્યાં આ સ્વાભાવિક આનંદના તરંગો પહોંચી શકયા નહોતા. બાકી સર્વત્ર આનંદ, ઉત્સાહ અને શાંતિના આંદોલનો પ્રસરી રહ્યાં હતાં !

કોઇપણ દેશમાં કોઇપણ કાળે કોઇપણ **મહાપુરૂષ**ના માહાત્મ્ય સંબંધે જનસમાજ એકમત થઇ શક્યો નથી. ગણિતશાસ્ત્રની માફક સંસારના મનુષ્યોનો વ્યવહાર પણ સીધી અને સરળ પદ્ધતિનો હોત તો આ સંસાર અત્યારે કઇ સ્થિતિએ હોત તે કહેવું બહુ કઠિન છે. બેમાં બે ઉમેરવાથી ચારજ થાય એમ ગણિતશાસ્ત્ર સિદ્ધ કરે છે, અને તેમાં કોઇને વાંધો ઉઠાવવાનો હક્ક નથી એમ પોતાની સરળતાથી પુરવાર કરે છે. મનુષ્ય સમાજમાં પણ જો-કોઇ આવો નિયમ હોત કે ઉપકારી મનુષ્ય પ્રત્યે ભક્તિભાવ જ રાખવો, દીન જનો પ્રત્યે દયા જ રાખવી અને તટસ્થ પુરૂષો પ્રત્યે કરૂણા જ રાખવી, અર્થાત્ રાગ કે દ્વેષનાં કારણો ન હોય તો રાગ પણ ન કરવો અને દ્વેષ પણ ન કરવો તો આ સંસારમાં દિનપ્રતિદિન જે નવા નવા વિચિત્ર દશ્યો જોવામાં આવે છે તે આપણે જોઇ શકત નહીં. કોઇને એમ પ્રશ્ન પૂછવાનું મન થાય કે **પ્રભુ મહાવીર સ્વામીએ સામંતભદ્રનું** એવું તે શું બગાડયું હતું કે તેને પ્રભુની સામે શત્રુતા કિંવા વિરોધ દર્શાવવા-

ની જરૂર પડી ? તો તેનો ઉત્તર અમે ઉપર આપી ચૂકયા છીએ, અને તે એ જ કે સંસાર એ ગણિતશાસ્ત્ર નથી. આમ હોય તોજ આમ થાય એમ કહેવાનું સાહસ આપણાથી થઇ શકે નહીં. પૂર્વભવના અને જન્મજન્માંતરોનાં કારણોનું પૃથક્કરણ કરી સંસારને ગણિતશાસ્ત્ર જેવો સિદ્ધ કરવો એ કામ આપણું નથી—ત્રિકાળદર્શી—સર્વજ્ઞ પુરૂષો માટે જ એ કઠિન પ્રશ્ન રહેવા દેવો એ જ અમારી ભલામણ છે.

વૃદ્ધ **સામંતભદ્ર** પથારીમાંથી ઉઠીને ઉભો થાય તે પહેલાં જ **મણીભદ્ર**ના નાસી છુટવાના સમાચાર તેને કાને પહોંચી ગયા. **મણીભદ્ર**ના પલાયનનું વૃત્તાંત સાંભળવાથી અભિમાની વૃદ્ધ **સામંતભદ્ર**નો પિત્તો એકદમ ઉછળી આવ્યો ! નખથી શિખાપર્યંત ક્રોધની જ્વાળા સળગી ઉઠી ! તેની આંખમાંથી અગ્નીની ચિણગારીઓ બ્હાર નીકળવાનો પ્રયત્ન કરવા લાગી ! "**મણીભદ્ર**ને તાળા—કુંચીમાંથી મુક્ત કરી નસાડી દેનાર કોણ હશે ? કયો એવો વિશ્વાસઘાતી—પાપી—અધમ મનુષ્ય મારા વિશાળ પ્રાસાદમાં છે કે જેણે પોતાના પ્રાણના ભોગે આ ભયંકર સાહસ કર્યું ! જ્યાંસુધી હું એ દુષ્ટાત્માનો પત્તો નહીં મેળવું અને તેને યોગ્ય દંડ નહીં આપું ત્યાં સુધી આ હૃદય કોઇ કાળે શાંત થશે નહીં." આ પ્રમાણે **સામંતભદ્રે** અનેક તર્કો—વિતર્કો કરી જોયા, પણ કોઇના ઉપર શંકા કે વ્હેમ લેઇ જવાનું યોગ્ય કારણ મળી આવ્યું નહીં. આખરે તેણે પોતાના પ્રાસાદના તમામ મનુષ્યોને પોતાની પાસે બોલાવ્યા, અને જેટલા જેટલા દાસ—દાસીઓ હતા તેમની સખ્ત તપાસ લેવામાં આવી. પણ કોઇએ સંતોષજનક ઉત્તર આપ્યો નહીં; કોઇના મુખમાંથી એવો નિર્બળ ઉદ્ગાર પણ ન નીકળ્યો

કે જેથી કોઇના ઉપર વ્હેમ લઇ જવાનું કારણ મળે ! **મણીભદ્ર**ના પલાયનથી સર્વને એકસરખું આશ્ચર્ય થતું હોય તેવો સૌની મુખ-મુદ્રા ઉપર સ્પષ્ટભાવ તરી આવતો હતો. અંતે ન છુટકે સામંતભદ્રને નિરાશ થવું પડયું અને સર્વ પરિજનવર્ગને રજા આપવી પડી.

દાસ–દાસીઓ **સામંતભદ્ર**ના ગૃહમાંથી બ્હાર નીકળ્યા પછી તેઓમાં નીચે પ્રમાણે વાતચીત થવા લાગી:—

એક કદાવર બાંધાનો ચોકીદાર સૌને ઉભા રાખી, જાણે બ્હારનો કોઇ માણસ પોતાની વાત ન સાંભળી જાય તેવી રીતે અત્યંત ધીરે ધીરે કહેવા લાગ્યો કે:—"સાચું કહીએ તો શું કોઇ માને? જુઓછોને કળીકાળ છે, પણ કાંઇ દેવ–દેવી નાસી નથી ગીયાં ! મેં મારી નજરે જોયું છે કે રાત્રીના બરાબર બાર વાગ્યા હશે તે વખતે કોઇ એક મોટી જોગણ આકાશમાંથી સડ-સડાટ કરતી ઉતરી અને **મણીભદ્ર**ને પોતાની પાંખમાં ઘાલી ક્યાંની કયાંઈ ઉડી ગઇ ! હું તો આ દેખાવ જોઇને આભોજ બની ગયો. આ વાત બીજા કોઇને આવા વખતમાં કહેવા જઇએ તો લોકો આપણને જ મૂર્ખ ઠરાવે, **માટે સબસે બડી ચૂપ.**"

બીજી એક વૃદ્ધા નારીએ ઉમેર્યું કે:—"હા, હા, એમાં કાંઈ નવાઈ નથી. **મણીભદ્ર** દેખાવમાં તો છોકરા જેવો લાગે છે, પણ કાચો–પોચો નથી. કોણ જાણે કેટલીએ ચોપડીઓ તેણે વાંચી છે, અને કેટલાએ મંત્ર–તંત્ર સાધી લીધા છે. તમે ન્હોતા જોતા કે આખો દિવસ એ ઘરમાં જ બેસી રહેતો ! આપણે જાણતા હતા કે મા હજી હમણાં જ મરી ગઈ છે, એટલે બીચારાને

ખેદ થતો હશે. પણ એતો બધા બ્હાનાં. ખરી વાતતો એ કે આખો દિવસ દેવ-દેવીની સાધના જ કર્યા કરતો. જો તેને દેવ-દેવી સહાય ન થાય તો બીજા કોને થાય ?"

ત્રીજો કોઈ એક દોઢડાહ્યો હતો તે બોલી ઉઠયો કે:—" એ ખરૂં, પણ **મણીભદ્ર**ને આ મકાનની બ્હાર કોઈ લઈ જાય એમ આપણે તો માનતા નથી. તમે માનો યા ન માનો, પણ હું કહી રાખું છું કે **મણીભદ્ર** બીજે કયાંઈ ગયો નથી. જાદુમંત્રના બળથી ઓરડાની દીવાલમાં જ ભરાઈ બેઠો છે. એ આપણને જોઈ શકે, પણ આપણે એને ન જોઈ શકીએ."

ધીમે ધીમે **સામંતભદ્ર**ના કાને આ વાત પહોંચી, પણ તે સામાન્ય મનુષ્યના જેવો કાચાકાનનો નહોતો. તેણે નિશ્ચય કરી રાખ્યો હતો કે લોકો ગમેતેમ કહે, પણ આટલી વાત તો ચોક્કસ છે કે મારા પોતાના કોઈ દાસ-દાસી કે આત્મીયજનની સહાયતા વગર તે કદાપિ છૂટી શકે નહીં. આવું જીવના જોખમે સાહસ કોણે કર્યું એ જ મારે તો જાણવું છે. હું આ ઘરનો સ્વામી હોવા છતાં એ વિશ્વાસઘાતકને પકડીને બ્હાર છતો ન કરૂં તો મારા સ્વામીત્વમાં અને મારી ક્ષમતામાં પણ ધૂળ પડી.

આ પ્રમાણે ચોતરફ ચિંતાની અગ્નીજવાળા ભભુકી રહી હતી તે જ વખતે **મહાવીરસ્વામી**ના નગર-પ્રવેશનો વિરાટ વિજયધ્વની સૌના કાને અથડાયો ! **મહાવીર પ્રભુ**ના સામૈયામાં **મણીભદ્રે** આગળપડતો ભાગ લીધો છે, એવા સમાચાર પણ અવિલંબે સમસ્ત શહેરમાં પ્રસરી ગયા ! વૃદ્ધ-અભિમાની **સામંતભદ્ર**ની ક્રોધાગ્નીમાં આથી ઘી હોમાયું ! તે ક્રોધને લીધે પ્રિય-

માણુ જેવો થઈ પડયો ! પાપ કરવાં પૂર્વે જ તેનું પ્રાયશ્ચિત શરૂ થઇ ગયું ! નગરનાં પ્રાયઃ સકળ ગૃહોમાં આનંદસાગર ઉછળી રહ્યો છે તે વખતે સામંતભદ્રના ગૃહમાં એક અવર્ણનીય પ્રકારની વિષાદ છાંયા વિસ્તરી રહી છે ! સામાન્ય પ્રજાજનોનાં ગૃહાંગણે જ્યારે સોનાનો સૂર્ય ઉગ્યો છે, ત્યારે **સામંતભદ્ર**ને ત્યાં પ્રખર સૂર્યપ્રકાશ પણ વ્યાકૂળતાપૂર્વક ન છુટકે પ્રવેશ કરતો હોય તેમ ઔદાસ્યમય જણાય છે ! પાપનું પ્રાયશ્ચિત આથી ભયંકર હોય કે નહીં તે અમે જાણતા નથી. પાપની શીક્ષાનો પ્રશ્ન એક બાજુ રહેવા દઇએ; પાપ એ શું પોતે જ શિક્ષારૂપ નથી ?

ગૃહના માલીકની—**સામંતભદ્રની** આવી અવસ્થા નીહાળી તેના આશ્રિતો પણ ચિંતાતૂર અને ગમગીન બને એ તદ્દન સ્વભાવિક છે. ઘરમાં નવા માણસો પૈકી **રત્નમાળા** તથા તેની માતામહી (રત્નમાળાની માતાની માતા અર્થાત્ મ્હોટી મા) થોડાં દિવસો થયા જ ત્યાં આવીને રહ્યા હતા. તેમને પણ આવી પરિસ્થિતિ નીહાળી બહુ ખેદ કિંવા સંકોચ ઉપજ્યો. જેને ત્યાં તેઓ મ્હેમાન તરીકે રહ્યા હતા તેને ત્યાં અકસ્માત્ આવી ગંભીર ગમગીની ફેલાયેલી જોવાથી તેમનું ચિત્ત પણ અસ્થિર થઇ ગયું ! વિશેષમાં **રત્નમાળા**ના કાને એકવાર એવા શબ્દો પડ્યા કેઃ— “ આ પેલી રૂપાળી છોકરી આવી છે તે જ મને તો બહુ ચંતુર અને ચાલાક જણાય છે. **મણીભદ્ર**ને નસાડી મુકનાર તે હોય તો ના નહીં. ” આ શબ્દો એક દાસીના મુખમાંથી બ્હાર પડ્યા, ને અચાનક **રત્નમાળા**ના સાંભળવામાં આવ્યા ! **રત્નમાળાને** લાગ્યું કે મારા ઉપર લોકોનો વ્હેમ પ્રબળ થતો જાયછે, તેવા પ્રસંગે અહીં પડ્યા રહેવું એ યોગ્ય નહીં. તેણીએ એકાંતમાં બેસી

બહુ વિચાર કર્યો. આખા વિશાળ પ્રાસાદમાં **મણિમાલિની** સિવાય તેનું અંતરનું સ્નેહી અન્ય કોઈપણ નહોતું. તેથી તેણીએ તેની પાસે જઈ સલાહ પૂછવાનો નિર્ણય કર્યો. એકવાર **સામંતભદ્રના** ગૃહમાંથી નાસી છુટવાની પ્રબળ ઇચ્છા થઈ આવી ! પરંતુ કેટલાએક અનિવાર્ય કારણોને લીધે તે ઇચ્છાને મનમાં ને મનમાં જ શાંત કરી દેવી પડી ! ગૃહના સમસ્ત માણસો **રત્નમાળા** ઉપર શંકા અને વ્હેમની નજરથી જોતા હતા.

છેવટે બહુ કૌશળ અને કષ્ટપૂર્વક **રત્નમાળાએ મણિમાલિની** સાથે એકાંતમાં ભેટ કરી, અને પોતાની પરિસ્થિતિ તેણીને યત્કિંચિત્ સમજાવી ! **મણિમાલિ**ની પોતે પણ **રત્નમાળા**ની આવી કઢંગી દશા જોઈ ગભરાવા લાગી ! પરંતુ મ્હોડેથી જે બે શબ્દો આશ્વાસનના કહી શકાય તે કહી **રત્નમાળાને** સાહસ અને હિમ્મત આપી. વિશેષમાં તેણીએ કહ્યું કેઃ—" આજે હવે દીવસના ભાગમાં તમે મારા સ્થાનમાં આવશો નહીં. હું બની શકશે તો પોતે જાતે આવીને તમારી પાસે હાજર થઈશ, અને તે વખતે વિસ્તારથી આપણે વાર્ત્તાલાપ કરીશું. ગભરાશો નહીં. બધાં સારાં વાનાં થશે. "

મણિમાલિનીનાં આ પ્રમાણે આશ્વાસન—વાક્યો સાંભળી **રત્નમાળા** કથંચિત્ આશ્વસ્ત થઇ. ત્યારબાદ **મણિમાલિની** પાસેથી રજા લઇ પોતાની માતામહી પાસે આવીને બેઠી. ત્યાં પણ અનેક પ્રકારના તર્ક—વિતર્કો તથા દુશ્ચિંતાઓ થવા લાગી, તેથી તે પોતાના એકાંત શયનગૃહમાં ગઈ. આવા નિર્જન સ્થાનમાં વિરસ વદને બેસી બેસીને વિચાર કરવાથી એક ક્ષણ પણ એક યુગ

જેવી થઈ પડી! **મણિમાલિની** ક્યારે આવે, અને હૃદયને ખુલ્લાં મુકી એકબીજાના સુખ દુઃખમાં ભાગ લઇએ! એજ એક ચિંતા **રત્નમાળા**ના અંતઃકરણમાં પ્રધાનતમ હતી! કોણ જાણે શામાટે, પણ તે આખો દિવસ **મણિમાલિની** **રત્નમાળા** પાસે હાજર થઇ શકી નહીં. રાત્રી પડી ચૂકી, **રત્નમાળાની** વિચારમાળાના મણકા હજી પુરા નથી થયા!

પરિચય.

આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર સંપૂર્ણ કળાથી પ્રકાશી રહ્યો છે. નિર્મળ—ધવળ જ્યોત્સ્નામાં સમસ્ત વિશ્વ સ્નાન કરી રહ્યું છે! મંદ મંદવાહી સ્નિગ્ધ સમીરણ વિવિધ સુગંધી પુષ્પોની સુરભીને, અટ્ટાલિકાના બારી—બારણામાં થઇને દિગ-દિગંતમાં પ્રસારવાનો પ્રયત્ન કરી રહ્યો છે. સુપ્તુપ્ત નર—નારીઓની શાંતિમાં કાંઈ ખલલ ન પહોંચે તે માટે પ્રકૃતિદેવી પણ નિરવપણે પોતાનું કામ કર્યે જાયછે! આખા દિવસના ઉદ્વેગ, ભય, શોક, ઔત્સુક્ય અને પરિશ્રમથી કલાંત થયેલી શ્રાવસ્તીનગરી જાણે જ્યોત્સ્નાજળમાં સ્નાન કરી રહી હોય, અને અંગે શુભ્ર વસન ધારણ કર્યું હોય તેવી જણાય છે! ખરેખર, અત્યારે જો કોઇ શ્રાવસ્તીની ઉંચી અગાસીએ ચડીને આસપાસ નજર ફેંકે તો તેને એમ જ જણાય કે આ શ્રાવસ્તીનગરી એક યોગિની સમાન છે! શું તેણીની શાંત સમાધિ અને મૌન સાધના? આખું વિશ્વ નિદ્રાદેવીના સુમધુર ખોળામાં પડ્યું પડ્યું શાંતિ અને સુ-

અને ઉપભોગ લઇ રહ્યું છે ! દિવસનો રાગ-દ્વેષ-ઇર્ષ્યા-પ્રપંચમય કોલાહલ શાંત થઇ ગયો છે ! પાપી-તાપી તથા પુણ્યાત્મા-પરોપકારી એ સર્વ, કોઇપણ પ્રકારના ભેદ-ભાવ વિના વસુંધરામાતાના સ્નેહમય આલીંગનનું સ્વર્ગીય સુખ મેળવી રહ્યા છે.

માત્ર **રત્નમાળા** આ શાંતિના સમયે એક માત્ર જાગૃત છે ! વિશ્વનાં સૌંદર્ય પ્રત્યે તેનું લેશ પણ લક્ષ નથી. આંખમાં નિદ્રા કે તંદ્રાનું નામ-નિશાન પણ નથી. આશંકા અને આવેગને લીધે તેણીના હૃદયક્ષેત્રમાં તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે ! તેણી કોઇની રાહ જોતી બેઠી હોય તેમ ઉત્સુકનેત્રે ચોતરફ જોઇ રહી છે ! કોઇ ક્યાંઇ આવતું હોય તેમ જણાતું નથી. પ્રિય વાચક, **રત્નમાળાની** વિચાર-સમાધિમાં વિઘ્ન નાંખવાનો આપણને અધિકાર નથી. તે ભલે બેઠી. ચાલો, આપણે તે દરમીયાન તેના ગત જીવન ઉપર એકવાર દ્રષ્ટિ ફેરી લઇએ.

રત્નમાળા એક ધનવાન્ સદ્‌ગૃહસ્થની કન્યા છે. તેના પિતાનું નામ **વસુભૂતિ** છે. **વસુભૂતિ** કૌશાંબી નગરનો એક મ્હોટો વણિક-વ્યાપારી તથા સમાજનેતા લેખાય છે. તેને આ **રત્નમાળા** સિવાય બીજું એકે સંતાન નથી. **રત્નમાળાની** માતા તેને છેક બાલ્યાવસ્થામાં મુકીને સ્વર્ગસ્થ થઇ હતી. વસુભૂતિને રત્નમાળા પોતાના પ્રાણ કરતાં પણ અધિક પ્રિય છે. કેટલાક સગા-સંબંધીઓએ **વસુભૂતિ** પાસે આવીને બીજીવાર લગ્ન કરવાની સલાહ આપી. પણ વિમાતાને લીધે કદચ રત્નમાળાને દુઃખ થાય, એવી આશંકાથી વસુભૂતિએ બીજીવાર લગ્ન કરવાનું યોગ્ય ધાર્યું નહીં. **રત્નમાળા,** પોતાના પિતાના બહુજ લાડ-પાડમાં ઉછરી છે.

વસુભૂતિ પોતાની પુત્રીની દરેક પ્રકારની ઇચ્છા—આકાંક્ષા અને પ્રાર્થના પૂર્ણ કરવા પ્રત્યેક ક્ષણે તૈયાર રહેછે. રત્નમાળાના કોમળ અંગે શોક કે દુઃખની લેશ પણ વન્હિ—જ્વાળા હજીસુધી સ્પર્શી શકી નથી. પિતાના આશ્રય નીચે તેણી પરમ સુખ—શાંતિ—વૈભવમાં છે.

રત્નમાળા સારી રીતે લખતા—વાંચતા શીખી હતી. તે કાળે પુસ્તકોનો એટલો બધો પ્રચાર નહોતો. તોપણ પ્રત્યક્ષ સદ્ગુરૂ અને પ્રાચીન ગ્રંથોમાંથી તેણીને ઘણું ઘણું નવું જાણવાનું તથા વિચારવાનું મળ્યું હતું. જૈન મુનિઓ અને શ્રમણોના અસરકારક ઉપદેશોથી તેણીનું હૃદય ભક્તિભાવ તથા ધર્મભાવથી આર્દ્ર થયું હતું. સંસારનું સ્વરૂપ તથા અમૂલ્ય માનવ—જીવનની સાર્થકતા સંબંધે અનેક પ્રકારના ઉપદેશો તેણી સાંભળી ચૂકી હતી. સાંભળીને માત્ર બેસી નહીં રહેતાં **આ ઉત્તમ કુલ અને ઉત્તમ ધર્મને સાર્થક કરવાની ભાવના પણ તેના હૃદયમાં દિવસે દિવસે દ્રઢ થતી જતી હતી.**

અત્યારે **રત્નમાળાનું** વય સોળ વર્ષનું છે. પરંતુ તેનું અંતઃકરણ સંસાર—વિરક્તિ તથા મૈત્રીભાવથી એટલું બધું ભીંજાઇ ગયું છે કે પિતાને આ પુત્રીના ભવિષ્ય માટે ઘણીવાર ચિંતા થયાં કરતી. એકવાર **વસુભૂતિએ** સાહસ કરીને, પુત્રી પાસે લગ્ન કરી સંસારમાં પડવાનો ઠરાવ રજુ કર્યો. વિશાળ ધન—સંપત્તિનો તથા પ્રશસ્ત માન—કીર્તિનો લોભ દર્શાવી પિતાએ અપત્યસ્નેહવશ પુત્રીને લગ્ન માટે બની શકે તેટલો આગ્રહ કર્યો. પરંતુ **રત્નમાળાએ** લેશ પણ સંકોચ અને અભિમાન વગર પિતાને જણાવી દીધું

કે:—" પિતાજી, આપની **આજ્ઞાને માન આપવું એ મારી પ્રથમ ફરજ છે.** પણ કોણ જાણે આ હૃદય કોઇ એવા આકર્ષણથી અલક્ષ્ય માર્ગે ખેંચાઇ રહ્યું છે કે લગ્ન કરી સુખ–વિલાસ–વૈભવમાં જીવન વ્યતીત કરવું, એ મને કોઇ રીતે રૂચતું નથી. અનાદિકાળથી આ જીવ ભવાટવીમાં ભ્રમણ કરેછે; અનંત ભ્રમણો પૈકીનું એક ભ્રમણ દયાધર્મના અને આત્મકલ્યાણના હેતુ અર્થે ઉત્સર્ગ થાય તો તેમાં શું ખોટ આવી જવાની હતી !" પિતાથી આ વાર્ત્તા વધારે વખત સાંભળી શકાઇ નહીં. પુત્રીના નિર્દોષ કંઠમાંથી વૈરાગ્યનો સુર નીકળતો જોઇ તેનું મસ્તિષ્ક ફરી ગયું ! વસુભૂતિનો આત્મા પુત્રી–સ્નેહથી અભિભૂત થઇ ગયો હતો, એ વાત આપણે પૂર્વે જ જાણી ચૂક્યા છીએ.

વસુભૂતિ–શ્રેષ્ઠિએ વિચાર કર્યો કે કન્યાને વિવાહ કરવાનો ઉપદેશ કરવો તે હવે મિથ્યા છે. તેણીના અપકવ હૃદયમાં વૈરાગ્યભાવના જે સંસ્કારો બદ્ધમૂળ થઇ ગયા છે તે એકદમ કાઢી નાંખવાનો પ્રયત્ન કરીશ તો તેણીને બહુ આઘાત થશે. સૌથી સારો માર્ગ તો એ જ છે કે તેણીને અને તેણીની માતાને સાથે લઇને તીર્થભ્રમણાર્થે બ્હાર નીકળી પડવું. સંસારના વિવિધ વૈભવો–શહેરો–અને વિલાસો જોવાથી તેણીનું હૃદય કુદરતી રીતે જ લગ્ન કરવાને તત્પર થશે. કાચા સંસ્કારો, વિશાળ સંસાર–આસકિતપૂર્ણ સંસારના સમાગમમાં આવ્યા પછી વધારે વખત ટકી શકશે નહીં. આવો નિર્ણય કરી થોડા જ વખતમાં ઇન્દ્રભૂતિ પોતાની સાસુ અને કન્યાને સાથે લઇ તીર્થયાત્રાએ નીકળી પડયો. માર્ગમાં અનેક તીર્થોની યાત્રા કર્યા પછી તેઓ એક દીવસે શ્રાવસ્તીનગરીમાં પહોંચ્યા. ઇન્દ્રભૂતિને અને **સામંતભદ્રને** વાણી-

જય—આપારવશ અનેક કાળ પૂર્વે આત્મીયતા જેવો સંબંધ બંધાઇ ગયો હતો. **સામંતભદ્ર**ને ખબર પડી કે ઇન્દ્રભૂતિ પોતાના ગામમાં આવ્યો છે, તે જ વખતે તે પોતે જાતે જઇને ઇન્દ્રભૂતિને આમંત્રણ કરી પોતાના ઘરે લઇ આવ્યો, અને ત્યાં તેમની બહુ જ આગતા—સ્વાગતા કરી. ઇન્દ્રભૂતિને શ્રાવસ્તીમાં આવ્યાને એક—બે દિવસ થયા હશે, એટલામાં કૌશાંબીથી એક બહુ જ અગત્યના સમાચાર આવ્યા, અને તેથી ન છુટકે ઇન્દ્રભૂતિને ત્યાંથી રવાના થઇ કૌશાંબી આવવું પડ્યું. પોતે કામકાજ પતાવીને જલદી આવી જશે એમ **રત્નમાળા** તથા પોતાની સાસુને કહી ગયો, અને તેથી તેમને ત્યાંના ત્યાં જ રહેવા દીધા.

પરંતુ આજે આપણે જોઇએ છીએ કે **સામંતભદ્ર**ના ગૃહમાં રહી એક ક્ષણ કાઢવી તે પણ રત્નમાળાને માટે ભયંકર યુગ જેવી થઇ પડી છે. રાત્રીનો પ્રથમ પ્રહર વીતી ગયો છે. દ્વિતીય પ્રહર પણ વેગપૂર્વક વહી જતો હોય એમ જણાય છે. છતાં **રત્નમાળા**ની આંખમાં ઉંઘ કે આળસનું ચિન્હ પણ જણાતું નથી. તેણી એક બારીમાં બેસી ચંદ્ર તરફ એકી ટસે તાકી રહી છે, અને ગંભીર વિચાર—સાગરમાં ક્યાંઇ બેટ કે કિનારો છે કે નહીં તેની શોધ કરી રહી છે. વચમાં વચમાં ચમકીને પાછળથી કોઇનાં પગલાંનો અવાજ આવેછે કે નહીં તે ઉત્સુકતાપૂર્વક સાંભળે છે. શયનગૃહનાં બારણાં અડધાં ખુલ્લાં રહી ગયાં છે. **રત્નમાળા**એ એક વખત ચમકીને પાછળ સુદુર દૃષ્ટિ ફેંકી જોઇ. પણ કોઇ મનુષ્ય—આકૃતિનાં દર્શન નહીં થવાથી પુનઃ વિચારમાં પડી. તે વિચારવા લાગી કેઃ—“ **મણિમાલિની** હજી કેમ ન આવી? સંધ્યા—સમયે તો તેણે બની શકે તે પ્રકારે—હરકોઇ રીતે

મને રાત્રીએ મળવાનું વચન આપ્યું છે. શું તે પોતાની પ્રતિજ્ઞા આટલી થોડીવારમાં ભૂલી ગઇ હશે ? નહીં-નહીં તેમ તો ન હોય. તેણે પોતે જ મને બારણાં ઉઘાડાં રાખીને બેસવાની ભલામણ કરી છે. કાંઇક મ્હોટું કામ આવી પડયું હશે, એને લઇને તે બીચારી મારી પાસે નહીં આવી શકી હોય. ખેર, જરા વિલંબે આવશે, પણ આવ્યા વિના નહીં જ રહે." આ પ્રમાણે રત્નમાળાનો ઉદ્વેગ અને મનનો વેગ જેમ જેમ પ્રબળ અને ગંભીર થતો ગયો તેમ તેમ રાત્રી પણ ગંભીર અને બિભીષિકામય રૂપ ધારણ કરવા લાગી ! એટલામાં કોઇના પગની ઠોકર લાગવાથી બારણાં એકદમ ઉઘડી ગયાં ! **રત્નમાળાએ** આશા અને ઉત્સાહપૂર્ણ નેત્રે બારણા તરફ નજર કરી. પણ આ શું ? આ **મણિમાલિની** તો નહીં ! આ કોઇ પુરૂષ જણાય છે ! **રત્નમાળા** સભયે-ઉત્કંઠિત હૃદયે એકદમ ઉઠીને ઉભી થઇ, અને ભયકંપિત સ્વરે પૂછયું કેઃ—તમે કોણ છો ?"

પેલી પુરૂષમૂર્ત્તિ કાંઇપણ ઉત્તર આપવાને બદલે ધીરપદસંચારપૂર્વક રત્નમાળા તરફ આગળ ચાલવા લાગી. રત્નમાળા તેના આવા વર્ત્તનથી પ્રથમ તો બહુ ગભરાઇ, પણ જેવી પુરૂષમૂર્ત્તિ પોતાની પાસે આવીને ઉભી રહી કે તરત જ **રત્નમાળાએ** હૃદયના સમસ્ત બળને એકત્રિત કરી, હિંમતપૂર્વક કહ્યું કેઃ—**"સાવધાન ! જો ત્યાંથી એક પણ પગલું આગળ વધ્યા છો, તો તમારૂં માન સાચવી શકશો નહીં. આવા એકાંત સ્થાનમાં નિર્જન સમયે કોઇપણ અપરિચિત અતિથિકન્યાનાં શયનગૃહમાં પ્રવેશ કરવો એ તમારા જેવા કુળવાન્ યુવકને માટે ઉચિત નથી. જાઓ, તમને તમારો પ્રાણ, તમારી કીર્ત્તિ**

તથા વંશમર્યાદા પ્રિય હોય તો આટલેથી જ પાછા ચાલ્યા જાઓ."

રત્નમાળાનો ઉગ્ર–તેજસ્વી–ગર્વપૂર્ણ આક્રોશ સાંભળી પેલો નવીન પુરૂષ સ્તબ્ધ થઇને ક્ષણવાર ઉભો રહ્યો. બની શકે તો એક પગલું આગળ ભરવાનો પ્રયત્ન કર્યો, પણ મંત્રમુગ્ધ સર્પની માફક એક પણ ડગલું આગળ તેનાથી વધી શકાયું નહીં. અંગ તથા સઘળાં ગાત્રો શિથિળ થવા લાગ્યાં હોય તેવો તેને આભાસ થયો.

રત્નમાળા સહેજ વિશેષ ક્રોધપ્રદિપ્ત કંઠે બોલી ઉઠી:—" કોણ છો ? જવાબ આપો ? શા આશયથી આવ્યા છો ? ત્યાં ઉભા રહીને કહી દો. "

રત્નમાળાનો કંઠસ્વર વિશેષ ગંભીર–તીવ્ર અને ઉચ્ચતર થવાથી પુરૂષને લાગ્યું કે જો આસપાસના લોકો આ ક્ષણે જાગી જશે તો મારી અપકીર્ત્તિ થવામાં વાર લાગશે નહીં. આમ ધારીને ગભરાવા લાગ્યો. પોતાના દુષ્ટ આશયને લીધે ક્ષણવાર પશ્ચાતાપ થયો. પણ છેવટે અતિ ધીર અને કાતરકંઠે તેણે જવાબ આપ્યો કે:—"માફ કરો, રત્નમાળા ! હું મણિમાલિનીનો સ્વામી–સુભદ્ર છું."

" તું મણિમાલિનીનો સ્વામી સુભદ્ર ! આ ગંભીર રાત્રીએ મારા એકાંત શયનગૃહમાં આવવાનું કારણ શું ? મણિમાલિનીએ તને મોકલ્યો છે ?"

સુભદ્રે કિંચિત્ વ્યાકૂળતા પૂર્વક થરથરતા કંઠસ્વરે ઉત્તર

આપ્યો કેઃ—"ધારો કે મણિમાલિનીએ જ મને અહીં મોકલ્યો હોય તો ?"

રત્નમાળા તેના અવાજ ઉપરથી જ તેના અંતઃકરણનું પાપ સમજી ગઇ ! તે મણિમાલિનીનું ખોટું નામ આપી પોતાનો બચાવ શોધે છે, એવો નિર્ણય કરતાં તેણીને બીલકુલ વાર લાગી નહીં. ક્ષોભ–રોષ–લજ્જા અને તિરસ્કારથી તેણીનું મસ્તિષ્ક ગરમ થઇ આવ્યું ! હૃદય ધડકવા લાગ્યું ! પગની ઠોકરથી છેડાયેલી સર્પિણીની માફક તે તત્કાળ ગર્જી ઉઠી, અને બની શકે તેટલા ઉચ્ચ સ્વરથી બોલી કેઃ—"**ખોટી વાત ! મોહાંધ યુવક ? તું મને છેતરવા માગે છે ? તારા જેવો ઇન્દ્રીયવૃત્તિનો ગુલામ મણિમાલિની જેવી પવિત્ર રમણીનો સ્વામી હોય તે જોઇ મને શરમ થાય છે ! સુભદ્ર ! કાંઇક સમજ ! એક અતિથિ–કન્યાનો વિશ્વાસઘાત કરી તું શું સુફળ પ્રાપ્ત કરી શકશે, એમ તું ધારે છે ! જા–બ્હાર નીકળ; એક ક્ષણ માત્રનો વિલંબ નહીં કરતાં પાપપૂર્ણ કલુષિત હૃદય લઇ પાછો જા ! વધારે ગરબડ કરીશ તો એક ચીસ પાડી શહેરના તમામ મનુષ્યોને જાગૃત કરી તારા પાપનું તારે જ હાથે પ્રાયશ્ચિત કરાવીશ.**"

નરકના માર્ગે, હજી એક પગલું આગળ મુકવાનો લોભ સુભદ્ર પોતાના કાબુમાં રાખી શક્યો નહીં, તે કિંચિત્ કૃત્રિમ હાસ્યપૂર્વક બોલ્યો કેઃ—"**મણીભદ્ર**ને કૃતાર્થ કરવા, જીવનના ભોગે આવો ભગીરથ–ભયંકર પ્રયત્ન, અને મારા જેવા આપના પ્રણયપ્રાર્થી પ્રત્યે આવો તિરસ્કાર, તેનું શું કારણ, સુંદરી ! **રત્નમાળા**,

હજી સમય છે. આપના સ્વર્ગીય પ્રણયનું દાન આપી આ અધ મને કૃતાર્થ કરો !”

ક્રોધથી **રત્નમાળાનું** આખું અંગ અગ્નીની જ્વાળાની માફક સળગી ઉઠયું. તેણી પોતે **સુભદ્રની** પાસે બરાબર નજીક ઉભી રહી, અને શૃગાલની સામે સિંહણ જેમ સ્વાભાવિક ગર્વે ગર્જતી હોય તેમ અકંપિત સ્વરે બોલી ઉઠી કેઃ—“ **કુલ કલંક! કામાંધ યુવક ! આ સ્થળે વધારે વખત ઉભો રહી મને તથા મારા શયનગૃહને અપવિત્ર ન કર! હું તારા જેવા શ્વાન-વૃત્તિના નરાધમ સાથે વધારે વાત કરવા ઇચ્છતી નથી. તું તારી મેળે આ ગૃહમાંથી બ્હાર નીકળ, નહીંતર મારે પોતાને તારૂં ગળું પકડી બ્હાર કાઢવો પડશે ! હું—વસુ-ભૂતિની કન્યા—જો તારા જેવા કામાંધ—મોહાંધ અને રૂપાંધ યુવકને સજા આપવાનું સામર્થ્ય ધરાવતી ન હોત તો આવા કુટુંબગૃહમાં એક રાત્રી પણ હું ગાળી શકત નહીં!”**

રત્નમાળા જેવી યથાર્થ **ગર્વિણી—તેજસ્વિની—બ્રહ્મચારિણી** યુવતીની આંખમાંથી નીકળતી અગ્નીજ્વાળામય રશ્મિની છટાનું તેજ **સુભદ્રથી** હવે વધારે વાર સહન થઈ શકયું નહીં. **સુભદ્ર** શયનગૃહમાં પ્રવેશતા વખતે પોતાની સાથે જે કામદેહ લાવ્યો હતો તે દેહ જ **રત્નમાળાની** ક્રોધજ્વાળામાં બળીને રાખ થઈ ગયો ! તે ધીમે ધીમે ત્યાંથી પાછો ફર્યો, અને બહુજ નમ્રતાપૂ-ર્વક ડગલાં ભરતો શયનાગારની બ્હાર નીકળવાનો ઉપક્રમ કરવા લાગ્યો. આથી **રત્નમાળાનો** ગર્વ કિંવા ક્રોધ પણ શાંત થયો. **સુભદ્રને** બ્હાર નીકળતો જોઇ રત્નમાળા બોલી કેઃ—“ **સુભદ્ર,**

ઉભા રહો, બ્હાર જશો નહીં. હું ધારૂં છું કે હવે તમે **પ્રથમના** સુભદ્ર નથી રહ્યા. તેથી જ તમારી સાથે સહજ વધારે વાત કરવા માંગુ છું. હવે મને ભય નથી. કારણ કે પેલો પાપી સુભદ્ર મરી ગયો છે, અને તેને બદલે મારો સહોદર બંધુ–સુભદ્ર મારી સમક્ષ ઉભો છે, એમ જ હું હવે માનું છું. કહો, એક પ્રશ્ન પુછવાની રજા મળી શકશે ?"

સુભદ્ર ઉભો રહ્યો, પણ **રત્નમાળા**ની સામે જવાની હિમ્મત કરી શકયો નહીં. આથી રત્નમાળા પોતે જ **સુભદ્ર**ની સામે આવીને ઉભી રહી અને પૂછ્યું કેઃ—"કહો, અત્યારે **મણિમાલીની** ક્યાં હશે ?"

સુભદ્ર કશો ઉત્તર આપી શકયો નહીં, અથવા શું ઉત્તર આપવો તેનો નિર્ણય કરી શકયો નહીં. થોડીવાર અવનત મસ્તકે તે જ્યાંનો ત્યાં જ ઉભો રહ્યો; પણ છેવટે વાત છુપાવવી નિષ્ફળ છે એમ ધારી બોલ્યો કેઃ–"**દેવી ! મને માફ કરશો. હું મારા અપરાધને માટે હવે લજ્જિત થયો છું, મેં પોતે જ મણિમાલિનીને એક ઓરડામાં બંધ કરી રાખી છે, હું આપની પાસે પ્રતિજ્ઞા કરૂં છું કે જીંદગીમાં હવે આવું કુકર્મ ફરીથી કોઈવાર નહીં કરૂં.**"

"ભલે તમારા સઘળા અપરાધોને હું ખમું છું. હવે, મારી આપના પ્રત્યે એકજ પ્રાર્થના છે, અને તે એજ કે હું આ જ રાત્રીએ **ધનદત્તશેઠ**ને ત્યાં હરકોઈ પ્રકારે પહોંચી શકું, એવો કાંઇ બંદોબસ્ત કરી આપવાની તસ્દી લેશો ?"

સુભદ્રે માંડમાંડ **રત્નમાળાના** મુખની તરફ જોયું, અને બે

હાથ જોડી એક દીર્ઘ નિઃશ્વાસ મૂકયો. તે વખતે તેની ચક્ષુમાંથી અશ્રુ–પ્રવાહ વહેતો હોય તેમ સ્પષ્ટ રીતે જણાઈ આવતું હતું. તેણે અતિ મૃદુ સ્વરે કહ્યું:–"દેવી! **રત્નમાળા!** આપે એક વાર આશા આપી, પુનઃ કેમ નિરાશ કરો છો? આપે હજી હમણાં જ કહ્યું છે કે આપ મારા સમસ્ત અપરાધોની ક્ષમા આપી ચૂકયા છો. છતાં આજ ક્ષણે **ધનદત્તશેઠને** ત્યાં જવાની ઉતાવળ શા માટે? મને ક્ષમા આપ્યા પછી જો આપ અહીંથી ચાલ્યા જશો તો હું એ દુઃખ આ જીવનની છેલ્લી ઘડી સુધી કદાપિ ભૂલી જઈશ નહીં. આપ મારા જેવા અધમને **ક્ષમા** આપી જ નથી શકયા, એમ માની મારૂં અંતઃકરણ નિરંતર સળગતું રહેશે! આપના જેવી દયાળુ–કૃપાળુ દેવી મને જો માફ ન કરી શકે તો પછી બીજું કોણ મારા અપરાધને માટે મને ક્ષમા આપી શકશે?"

રત્નમાળા કિંચિત્ લજ્જિત થઇ, સહેજ વિચારમાં પડી, અને અંતે કહ્યું કેઃ "ભલે. હું આજે **ધનદત્તશેઠને** ત્યાં જવાનું મુલતવી રાખું છું. તમે જાઓ, અને મણિમાલિનીને મારી પાસે જલદી મોકલી આપો."

આનંદના બાષ્પથી **સુભદ્રનો** કંઠ ગદ્ગદ્ થઈ આવ્યો. **રત્નમાળાએ** ખરેખર પોતાને **ક્ષમા** આપી છે, તે જોઇ તે પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. જતાં જતાં બે હાથની અંજલી જોડી ભૂમિ તરફ દ્રષ્ટિ નમાવી **સુભદ્રે** કહ્યું કેઃ–"**દેવી રત્નમાળા! હું આપને નમસ્કાર કરૂં છું. હું જોઈ શકયો છું કે જેવું આપનું હૃદય પવિત્ર, ઉન્નત અને પ્રશસ્ત છે તેવું જ ક્ષમાપૂર્ણ પણ છે. હું હવે આપની પાસેથી રજા લઉં છું. મણિમાલિની હમણાં જ આપની પાસે હાજર થશે.**"

એટલું કહીને તે ગૃહની બ્હાર નીકળ્યો. બ્હાર નીકળતી વખતે પણ એકવાર ફરીથી રત્નમાળાને ઉદ્દેશીને વંદન કર્યું ત્યારબાદ પ્રાયશ્ચિત્તથી પવિત્ર થયેલા અનુશોચક પાપીની માફક, પ્રસાદ તેમજ અવસાદપૂર્ણ હૃદયે તે પોતાના ઓરડા તરફ શિઘ્ર રવાના થયો.

સુભદ્ર ક્યાં ગયો ?

મનુષ્યજાતિને પ્રાય: એક જ મરણનો અનુભવ હોય છે, અર્થાત્ એક મનુષ્ય જ્યારે પોતાના સગા-સંબંધી તથા વિપુલ ધન—દોલતને—સર્વસ્વને ત્યજી દઇને સંસારમાંથી ચાલી નીકળે છે ત્યારે મનુષ્યજાતિ તેને મૃત્યુના નામથી ઓળખે છે. સ્થૂળ દેહ તથા સ્થૂળ સંપત્તિનો ત્યાગ કરી અજાણ્યા—અપરિચિત પ્રદેશમાં—પરલોકમાં જવું તે સ્થૂળ મૃત્યુ છે. સ્થૂળ મૃત્યુના જેવો કડવો અનુભવ મનુષ્યજાતિને ભાગ્યે જ બીજો કોઈ થતો હશે. પરંતુ સ્થૂળ મૃત્યુની પહેલાં જે સેંકડો સૂક્ષ્મ—ભાવમૃત્યુઓનો અનુભવ એક મનુષ્ય એક જ દેહમાં કરે છે, તેની ખબર રાખનાર કોઈ વિરલા જ હોય છે ! અમે આ વાતનું અવતરણ આ સ્થળે એટલા માટે કર્યું છે કે સુભદ્રનું આજે ભાવમૃત્યુ થઈ ચૂક્યું છે.

જે સુભદ્ર પાપપૂર્ણ વાસનાઓને અંત:કરણમાં એકઠી કરી રત્નમાળા પાસે પ્રથમ હાજર થયો હતો, તે સુભદ્રનું અંત:કરણ આજે કોઇ જૂદા જ પ્રકારની પુણ્યભાવનાઓથી ઉભરાઈ

નીકળ્યું છે. પ્રથમના **સુભદ્રમાં** અને અત્યારના સુભદ્રમાં જમીન આસમાન જેટલો અંતર પડી ગયો છે! આ સુભદ્ર તે પહેલાંનો કામાંધ-મોહાંધ-રૂપાંધ-ગર્વાંધ સુભદ્ર નથી, પણ ધર્મના-આત્મકલ્યાણના-પવિત્રતાના માર્ગે દ્રુતગતિથી પગલાં ભરવાને તૈયાર થયેલો ભવ્યાત્મા-નિર્મળાત્મા-ભદ્રાત્મા-સુભદ્ર છે! તેનું ભાવમૃત્યુ થવાથી આજે તેનું **સુભદ્ર** નામ સાર્થક થયું છે!

રસ્તે જતાં જતાં તે વિચાર કરવા લાગ્યો કેઃ—"મનુષ્યના કલ્યાણદ્વારો કોણ જાણે કેટલાં નિમિત્તોથી નિત્ય ઉઘડતાં હશે તે કોણ કહી શકે તેમ છે? **રત્નમાળાનો** આક્રોશ મારે માટે આશિર્વાદ સમાન નીવડ્યો છે. હવે, મારી ખાત્રી થઈ છે કે **સંસાર મારા જેવા કેવળ વિષયી કીડાઓથી જ ભરપૂર નથી. વસુંધરામાતાના ખોળામાં રત્નમાળા જેવી કેટલીએ પવિત્ર દેવીઓ વાસ કરતી હશે?** **બહુરત્ના વસુંધરા** એ કહેવત આજે **રત્નમાળાએ** ખરી પાડી છે! પણ **રત્નમાળામાં** મેં એવું શું તેજ કિંવા પ્રભાવ અનુભવ્યો કે મારી "સમસ્ત દુષ્ટ વૃત્તિઓ તેણીના એક જ આક્રોશથી ભસ્મીભૂત થઈ ગઈ! શું એ **બ્રહ્મચર્યનું** તેજ હશે? શું એ **હૃદયની** જ્વલંત પવિત્રતાનો પ્રકાશ હશે? એક અબળા મારા જેવા દુર્દમનીય પુરૂષને એક માત્ર શબ્દથી અભિભૂત કરી દે, એ વાત પ્રથમ મારા મગજમાં ઉતરતી નહોતી. પણ હવે, હું જોઈ શકું છું કે પવિત્રતા પાસે અપવિત્રતાનું અને ધર્મની પાસે અધર્મનું તિમિરમય રાજ્ય ક્ષણવાર પણ ટકી શકતું નથી. આજથી **રત્નમાળા** એ મારા ગુરૂપદે છે; કારણ કે તે મારી ઉદ્ધારક છે. તેણીએ બરાબર કહ્યું છે કે **મણિમાલિની જેવી પવિત્ર નારીનો** સ્વામી મારા જેવો દુર્બુદ્ધિવાન્

પુરૂષ હોઈ શકે નહીં.' **મણિમાલિનીને** મેં અત્યાર સુધી જે કષ્ટ આપ્યું છે, તેને માટે હવે **પશ્ચાત્તાપ** કરવો નિષ્ફળ છે; હવે તો તેણીની પાસે જઇ **ક્ષમાની યાચના કરવી,** અને વર્ત્તમાન ઉચ્ચ-ભાવ પૂર્વક કોઇ **સદ્‌ગુરૂનું-સત્પુરૂષનું શરણ ગ્રહણું એજ એક કર્તવ્ય છે.** " એજ વખતે **સુભદ્રને** કાંઇક યાદ આવવાથી તે ઉતાવળે પગલે પોતાના ઓરડાભણી રવાને થયો. મણિમા-લિનીને જેમ બને તેમ જલદી રવાના કરવાનું **રત્નમાળાને** મેં વચન આપ્યું છે, તેમાં વિલંબ થશે તો તે પવિત્ર હૃદયની દેવી પુનઃ ગુસ્સે થશે. એમ ધારીને એક ઓરડાની પાસે તે આવ્યો અને ચાવીથી ઓરડાનું બારણું ઉઘાડયું. તે ઓરડામાં **સુભદ્રની** પત્ની **મણિમાલિની** ગમગીન ચ્હેરે બેઠી હતી. માનસિક દુઃખ-કષ્ટના ભારથી વસ્ત્રભાર પણ અળગો કરી, કેશભારને અસ્ત-વ્યસ્ત રહેવા દઈ ઔત્સુક્યપૂર્ણ નેત્રે તે આકાશ તરફ એકી ટસે નીરખી રહી હતી.

સુભદ્ર અત્યારસુધી મનના વેગને મનમાં દાબી દેવાનો પ્ર-યત્ન કરી રહ્યો હતો, અને થોડે-ઘણે અંશે ફત્તેહ પણ પામ્યો હતો. પણ **મણિમાલિનીનું** ભક્તિ-સ્નેહપૂર્ણ વદન નીરખ્યા પછી હૃદયનો આવેગ અંકુશમાં રાખી શકયો નહીં, તે **મણિમાલિનીના** ચરણપ્રાંતે નમી એકદમ રડી પડયો અને અશ્રુસિક્ત નયને પો-તાનાં દુષ્કૃત્યનો સમસ્ત હેવાલ કહી દીધો. પોતે અત્યારસુધી જે અનુચિત જુલમ **મણિમાલિની** ઉપર ગુજાર્યો હતો, તેને માટે પણ ક્ષમાની પ્રાર્થના કરી. છેવટે તેણે જણાવ્યું કેઃ—" ર-ત્નમાળાએ કહ્યું છે કે હું તમારો અયોગ્ય સ્વામી છું. મને પણ હવે લાગે છે કે તમારા જેવી સતી-સાધ્વીને સતાવવામાં મેં જે

દોષ કર્યો છે, તે કોઈ રીતે દૂર થઈ શકે તેમ નથી. છતાં એક વાર તમને ક્ષમા માટે પ્રાર્થના કરૂં છું. જેવી રીતે રત્નમાળાએ મારા સર્વ અપરાધો દયાપૂર્વક ખમા લીધાં છે તે પ્રમાણે તમે મને-અધમને ક્ષમા આપશો. હું તમારો અયોગ્ય પતિ છું-અયોગ્યને ક્ષમા આપી તમારા હૃદયની સ્વાભાવિક ક્ષમતા દર્શાવો. મારી આ પ્રાર્થના છેલ્લામાં છેલ્લી છે. બીજી પ્રાર્થના કરવાનો મને અવસર નથી તેમજ યોગ્યતા પણ નથી. હવે જ્યારે મને એમ લાગશે કે હું તમારો યોગ્ય સ્વામી બની શક્યો છું-તમારો યોગ્ય સહધર્મી બની શક્યો છું, તમારા પવિત્ર આસન પાસે બેસવાને અધિકારી બની શક્યો છું, ત્યારે ફરીથી એકવાર તમારાં દર્શન કરીશ. વધારે વાત કરવાથી મારૂં મન શાન્ત રહી શકતું નથી. તમે પણ મને ભૂલી જશો. હું તમારો યોગ્ય સ્વામી નહોતો અને અત્યારે પણ નથી. હું એક વિષયનો કીડો હતો. વિષયી મનુષ્યનું લગ્ન એ લગ્ન નથી, પણ પશુવૃત્તિને સંતોષવાનું રાક્ષસી સાધનમાત્ર છે. હું હવે તમારી પાસે ક્ષમાની યાચના કરવા સિવાય બીજી કાંઈ યાચના કરી શકતો નથી. ક્ષમા આપો, એટલે હું મારા માર્ગે પડું."

મણિમાલિનીના નેત્રો પૃથ્વી તરફ નમ્યાં. સુભદ્રે દ્રષ્ટિના ઇસારામાત્રથી જાણી લીધું કે તેની પત્ની તેને ક્ષમા આપવાને તૈયાર છે. પછી તે વધારે વખત ત્યાં ઉભો રહી શક્યો નહીં. તે એકદમ નીચે આવ્યો.

આ તરૂણ વિરક્ત-હૃદય સુભદ્ર ક્યાં જાય છે તેની અમને ખબર નથી. પિતાના ઘરની બ્હાર નીકળી થોડો વિચાર કર્યો.

પિતાનું–વૃદ્ધ **સામંતભદ્રનું** ચિંતાવિપન્ન મ્લાનમુખ તેનાં માનસિક નેત્રો પાસે તરી આવ્યું ! એકવાર ફરીથી પિતાને અને પત્નીને ઉદ્દેશીને પ્રણામ કર્યા. પુનઃ તેના આકર્ણવિસ્તૃત ઉજ્જવળ નયનદ્વય જળભારથી છલકાવા લાગ્યા. પોતે કયાં અને શામાટે જાય છે ? આ દાસ–દાસી પરિપૂર્ણ વિશાળ–સુંદર હવેલીનો ત્યાગ કરીને જવાથી કેટલી વિટંબણાઓ, કેટલા કષ્ટો અને કેટલા પરિતાપો સહન કરવા પડશે તેનો વિચાર થયો. મારા પૂજ્યપાદ પિતાશ્રીની શું સ્થિતિ થશે ? હું સાજો માંદો થઈશ તો મારી કોણ સાર–સંભાળ લેશે ? ત્યાં મારૂં કોણ ? સુભદ્ર આવો વિચાર કરેછે તે જ વખતે જાણે કે અદ્રશ્યમાં રહી કોઈ તેને કહી રહ્યું હોય કે–"સુભદ્ર, સ્થૂળ ભોગ–વિલાસોને ભૂલી જા ! જા–જગતપિતા–જગદુદ્ધારક મહાવીર પિતાના ચરણમાં આશ્રય લે. ત્યાં જવાથી તારી સર્વ પ્રકારની આધી–વ્યાધી–ઉપાધિ દૂર થશે ! તારો આત્મા નિર્મળ થશે. એક ક્ષણવાર શાન્તિનો ઉપભોગ કરી લે ! હૃદયની પવિત્રતા અને સામર્થ્યને નિરર્થક ન ગુમાવ !"

સુભદ્ર પુનઃ ટટ્ટાર થયો. તે ઉતાવળે પગલે ધનદત્તશેઠના ગૃહભણી ચાલવા લાગ્યો. હજી પ્રાતઃકાળ થવાને વિલંબ છે. ચતુર્થ પ્રહરનો આરંભ સૂચવનારા મધુર ધ્વનીઓથી નગરમાં ચોતરફ સુધાની લહરી વિસ્તરી રહી છે.

ઉભય રમણી.

સુભદ્ર વિદાય થયો કે તુરતજ **મણિમાલિની** પણ ખિન્ન હૃદયે **રત્નમાળા** પાસે હાજર થઈ. સૌ પ્રથમ **રત્નમાળા** પાસે મુખ બતાવતાં શરમ અને સંકોચ થયો, પણ અંતે અવનત વદને અને અશ્રુસિક્ત નયને **મણિમાલિની**-એ ઉપસ્થિત થઈ, ધ્રુજતા કંઠે પોતાના મનના ભાવો વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો. પોતાના સ્વામીએ એક શરણાગત કુટુંબકન્યા પ્રત્યે જે અવિનય કર્યો હતો તે જાણે પોતે જ અપરાધ કર્યો હોય એમ માની પતિપ્રાણા **મણિમાલિની**નું હૃદય ભરાઈ આવ્યું. બોલવાનો પ્રયત્ન કર્યો પણ મુખમાંથી શબ્દ બ્હાર નીકળી શક્યો નહીં. **રત્નમાળા** આ બધો દેખાવ ક્ષણભર જોઈ રહી. ત્યારબાદ પ્રસન્ન વદને આભ્યંતરિક સંતોષની જ્યોત્સ્નામય હાસ્યદીપ્તિ પ્રસારતી તેણી **મણિમાલિની** પાસે ગઈ અને તેનો હાથ પકડી પોતાની શય્યા ઉપર બેસારી, પોતાના વસ્ત્રના છેડાવતી તેણીના અશ્રુ લુછી નાંખ્યા. **મણિમાલિની** કિંચિત્ સ્વસ્થ થઇ એટલે જ્યોત્સ્નાસમ કોમલાંગી **રત્નમાળા**એ પૂછ્યું:—“કેમ? બ્હેન, શા માટે રડે છે? કાલ રાત્રીએ તેંજ મારી રક્ષા કરી છે, છતાં તને આજે રડતી જોઇ મને બહુ ખેદ અને આશ્ચર્ય થાય છે. તને રડતી જોઈ હું મારૂં ધૈર્ય કેવી રીતે સાચવી શકું? તું તારા પોતાના જ આશ્વાસન-વાક્યનું સ્મરણ કર.”

મણિમાલિનીએ કહ્યું કે:—“ભગિનિ **રત્નમાળા**, તું ખરેખર મનુષ્ય નહીં, પણ દેવી છે. તું મારા જેવી હતભાગી

નારીના સ્વામીને ક્ષમા આપી શકી છે, એટલું જ નહીં પણ તેં જ મારા સ્વામીના હૃદયને પાપમાર્ગે જતું ચિરકાળને માટે અટકાવી દીધું છે! તેં મારા ઉપર અસીમ ઉપકાર કર્યો છે, પરંતુ મારા હૃદયનો ચિંતાવહ્નિ કેમે કરતાં શાંત થતો નથી. મને માત્ર એક જ ચિંતા રહ્યા કરેછે, અને તે એજ કે મ્હારા સ્વામી ક્યાં ગયા હશે? હવે હું તેમના ચરણને સ્પર્શી શકવા ભાગ્યશાળી થઈ શકીશ કે નહીં? જતી વખત તેઓ માત્ર એટલું જ કહી ગયા છે કે,—જ્યારે હું તારો યોગ્ય સ્વામી બની શકીશ—તારો સહધર્મી બની શકીશ ત્યારે ફરીથી તારા દર્શન કરીશ. **રત્નમાળા!** હું ખરેખર આ સંસારમાં એક માત્ર હતભાગિની છું. છતે સ્વામીએ આજે સ્વામીહીન બની છું—છતે શિરછત્રે આજે નિરાધાર બની છું. મારા જીવન–સર્વસ્વ સ્વામીના અદર્શને આત્મહત્યા કરવાની ઈચ્છા થઈ આવે છે! આત્મહત્યા 'મહા પાપ છે, એ હું જાણું છું. પણ પતિથી ત્યજાએલી અબળાએ જીવન ટકાવી રાખવું એના કરતાં બીજું કયું મહા પાપ હોઇ શકે? ગમે તેવા પણ તેઓ **મારા સ્વામી હતા—મારા જીવન દેવતા હતા—મારા જીવન–સર્વસ્વ હતા.** તારા સિવાય મારી મનની વેદના બીજું કોઇ સમજી શકે તેમ નથી. સ્ત્રીહૃદયને પુરૂષ તો શું, સ્ત્રી પણ ઘણીવાર સમજી શકતી નથી. તું મહા બુદ્ધિમતિ—સહૃદયા અને દેવીચરિત છે. તેટલા જ માટે તારી પાસે હું આટલી મનની વાત કરી શકું છું." આટલું બોલતા બોલતામાં મણિમાલિનીનું હૈયું ભરાઈ આવ્યું. આંખમાંથી અશ્રુનો પ્રવાહ વહેવા લાગ્યો.

પુનઃ **રત્નમાળાએ** સ્નેહપૂર્ણ હસ્તે મણિમાલિનીનું અશ્રુ-

જળ લુછી નાંખ્યું, અને કહ્યું કે:—"**મણિમાલિની,** હવે રોવું એ નિરર્થક છે. હું કહુંછું તે ઉપર વિશ્વાસ રાખ. મને ખાત્રી છે કે તે પુનઃ ઘરે આવ્યા વિના રહેશે નહીં. હવે જ્યારે તે પાપનું સ્વરૂપ સમજી શક્યો છે, અને પોતાના કૃતકર્મ માટે પશ્ચાત્તાપપૂર્વક પ્રાયશ્ચિત કરવાને તૈયાર થયો છે, તો તે એકવાર પવિત્ર અને જ્ઞાની બની તારાં દર્શને આવ્યા વિના રહેશે નહીં. પાપપૂર્ણ હૃદય જ્યારે પ્રથમ પવિત્રતાના માર્ગે ચડે છે ત્યારે તેનો વેગ બહુ પ્રબળ હોય છે. તારા સ્વામીનાં અંતઃકરણમાં એવો આવેગ પ્રકટ્યો છે, તે પોતાને સફળ કર્યા વિના **સુભદ્ર**ને જતો કરશે નહીં. તું ગભરાઇશ નહીં. તારો સ્વામી તારા ઘરે આવશે અને તને દર્શન આપશે, એટલું જ નહીં પણ **જગતના અસંખ્ય મનુષ્યોના આંસુ લુછવા તે પુનઃ સંસારમાં પ્રવેશશે,** એવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. ભગિની, મિથ્યા વ્યાકૂળતા અનુભવી હૃદયને પરિતાપ ન આપ. મને હવે વધારે વાત કરવાનો સમય મળી શકે તેમ નથી, તેથી જે કાંઇ વાત તારી આગળ કહેવા જેવી છે તે તને કહી રાખુંછું. હું અત્યારપૂર્વે ધારત તો ક્યારનીયે નાસી છુટી હોત. પણ તારી પાસે અમુક વાતો વ્યક્ત કર્યા વિના ચાલ્યા જવું એ યોગ્ય નહીં લાગવાથી, આ ઘરમાં હજી સુધી બેસી રહીછું. જરા સ્થિરતાપૂર્વક મારી વાત એકવાર સાંભળી લે."

રત્નમાળાની પ્રશાંત-ગંભીર અને આશ્વાસનમયીવાણી સાંભળી **મણિમાલિની**નું હૃદય કેટલેક અંશે આશ્વસ્ત થયું; અને જાણે પ્રકૃતિસ્થ થઇને બેઠી હોય તેવો ભાવ દર્શાવ્યો. આથી રત્નમાળાએ પોતાનું વકતવ્ય આગળ ચલાવ્યું:—

"ભગિની મણિમાલિની ! તું તારી પોતાની જાતને જેટલી હતભાગ્ય લેખે છે તેના કરતાં હું શું ઓછી હતભગિની છું ? આ ઘરમાં મારાં પગલાં થયા કે તે જ વખતથી આફત ઉપર આફત તમારા કુટુંબ ઉપર તૂટી પડવા લાગી છે. ગઇ કાલે મેં પોતે જ મણિભદ્રને મારા હાથે નસાડી મૂક્યો, અને આજે અજાણતાં જ તમારા સ્વામીને નસાડવામાં હું નિમિત્તરૂપ થઇ છું. તમારા સંસારમાં આવ્યા પછી તમને ઉપયોગી થઇ પડવાને બદલે હું ઉલટી તમને શ્રાપસમાન થઇ પડી છું. ભગિની ! આ દુઃખ મારાથી કેમે કરતાં સહન થઇ શકતું નથી." રત્નમાળાની આ આત્મકથા સાંભળવાથી મણિમાલિનીને પણ દુઃખ થયું. છતાં બાઈની વાત સાંભળવાની ઉત્કંઠા એટલી બધી વૃદ્ધી પામતી જતી હતી કે વચમાં એક પણ શબ્દનો ઉચ્ચાર કરી વાર્તામાં ભંગ પાડવાનું સાહસ થઈ શક્યું નહીં. તથાપિ રત્નમાળા ન જાણી શકે તેવી રીતે આંખના ખૂણામાંના અશ્રુ છુપી રીતે લુછી નાંખતા મણિમાલિનીથી કહેવાઈ જવાયું કેઃ—

"બ્હેન, એ બધી ગતવાતનું સ્મરણ કરી, તું દુઃખિત થાય છે એ મને યોગ્ય નથી લાગતું. ખરૂં કહું તો હું તમારા સાહસભર્યાં વર્તનથી એટલી બધી વિસ્મિત થઇછું કે તમારા જેવી એક રમણીના હાથથી મણિભદ્રને છોડાવવાનું સાહસ કેવી રીતે થઈ શક્યું તે જ હું સમજી શકતી નથી! આટલું બળ, આટલું સાહસ અને આટલી હિમ્મત સ્ત્રીજાતિમાં હોઈ શકે, એવો મને કદાપિ ખ્યાલ પણ નહોતો આવ્યો."

મણિમાલિનીને આગળ બોલતી અટકાવી, રત્નમાળાએ

અત્યંત પ્રશાંત ભાવે—અત્યંત કોમળ ભાવે જણાવ્યું કે:—" એટલાજ માટે હું તારી પાસે આ વાત કરવા બેઠી છું. એ સમસ્ત વૃત્તાંત તને કહી સંભળાવવા માટે જ અત્યારસુધી જાગતી બેઠી છું. પણ આ વાત કોઇની પાસે નહીં કહેવાની, સુભદ્રની પાસે પણ ખુલ્લી નહીં કરવાની પ્રતિજ્ઞા કરો તો વાત આગળ લંબાવું." આટલું બોલીને રત્નમાળાએ મણીમાલિની તરફ દ્રષ્ટિપાત કર્યો. મણિમાલિની આથી શરમાઈ ગઈ! તેણીના કપોલદ્વય સવિશેષ રક્તવર્ણું થઇ આવ્યા! તેણી હસ્તદ્વય જોડી ગદ્‌ગદ્ કંઠે કાંઇક બોલવા જતી હતી તેટલામાં જ રત્નમાળા બોલી ઉઠી કે:—" વા—રૂ, વા—રૂ, સમજી ગઇ. બોલવાની તસ્દી લેવાની જરૂર નથી. એકવાર સ્ત્રીની ખાનગી વાત પતિ પાસે ઉઘાડી પાડવાનું ફળ ભોગવી ચૂક્યાછો, એ જ વાંત તમે કહેવા માંગો છોને? ભલે, સાંભળો ત્યારે:—

" પ્રથમ તો હું એવું ગંભીર સાહસ કરવાને કેમ પ્રવૃત્ત થઇ, એ જ વાત સાંભળો. કારણ કે તમને એ વાત જાણવાની ઉત્કંઠા જેટલી પ્રબળ છે તેટલી જ મારી ઉત્કંઠા પણ પ્રબળ છે. ઘણુંકરીને તમે સાંભળ્યું હશે કે પ્રથમ કેટલાએક ખાસ કારણોને લીધે મને લગ્ન કરવાની બીલકુલ ઇચ્છા નહોતી. બની શકે તો જીવનપર્યંત કુમારીવ્રત અંગીકાર કરી દીનજનોની અને રીબાતાં પ્રાણીઓની સેવા—સુશ્રુષા કરવી એજ મારા હૃદયની એક માત્ર પ્રધાનતમ ભાવના હતી. પિતાશ્રીએ મને બહુ બહુ સમજાવી. પણ હું એકની બે ન થઇ. હું મારા વિચારમાં દ્રઢ જ રહી. પિતાજીને બહુ લાગી આવ્યું. પણ પિતાજીને ખોટું લાગે એથી શું થયું? એમની ખાતર હું શું જીવ-

નના કલ્યાણુમાર્ગેથી ચ્યુત થઉં? એમ વિચારી લગ્ન ન કરવાના વિચારમાં આદિથી અંત સુધી મક્કમ રહી. પિતાજીએ વિચાર કર્યો કે વિવિધ તીર્થક્ષેત્રોમાં ભમવાથી, વિવિધ પ્રકૃતિના જનસમાગમમાં આવવાથી અને અનેક પ્રકારના વૈભવોના દર્શનથી કદાચ ગૃહસ્થ-જીવનની સુંદરતા હું સમજી શકું અને સંસારમાં પડવાને તૈયાર થઉં તો ના નહીં. એવો વિચાર કરી મારા પિતા મને સાથે લઇને તીર્થયાત્રાએ નીકળ્યા. અહીં આવ્યા પછી મને લાગ્યું કે પિતાજીની ઇચ્છા સફળ થાય તો આશ્ચર્ય નહીં. કારણુ કે મારો સંકલ્પ પણુ મને શિથિળ થતો જણાયો. શા માટે હું મારા સંકલ્પમાં શિથિળ બની એ વાત જાણુવા જેવી છે. ગઈ કાલે આજ ઘરમાં એક એવો પ્રસંગ બન્યો કે પિતાજીની ઇચ્છા ખાતર લગ્ન તો શું, પણુ એથીયે વધારે જોખમ વ્હોરવું પડે તો ખુશીથી સ્વીકારવું,. એવો મેં દ્રઢ સંકલ્પ કર્યો. **માત-પિતાનાં માનસિક તથા શારીરિક કષ્ટો દૂર કરવા એ સંતાનનું પ્રથમ કર્તવ્ય છે.** એ શીક્ષણુ આ ઘરમાં ગઈ રાત્રે મને પહેલ-વહેલું મળ્યું. ”

મણિમાલિની નિસ્તબ્ધભાવે આ સઘળી વાત ઉત્કંઠાપૂર્વક સાંભળતી હતી. આટલી વાત કર્યા પછી **રત્નમાળા** થોડી ક્ષણુ શાન્ત બેસી રહી. જાણે કાંઈ વિચારમાં પડી હોય અને કોઈ વિસ્મૃત વાત યાદ કરતી હોય તેવો ભાવ દર્શાવી, **રત્નમાળાએ** પુનઃ આગળ ચલાવ્યું:—

“ ગઈ કાલે રાત્રીએ તમારા જેઠ-**રત્નભદ્ર** જ્યારે ઘરે આવ્યા, ત્યારે તેમના ચ્હેરા ઉપર આખા દિવસનો સંપ્ત પરિશ્રમ

સ્પષ્ટપણે તરી આવતો હતો. આખા દિવસની ક્ષુધા અને તૃષાને લીધે તેમનું મુખ છેક કરમાઈ ગયું હતું, ઉદ્વેગને લીધે વદન ઉપર કંટાળાની છાંયા પ્રસરેલી હતી. આવતાવેંત તેમણે થોડું પાણી પીવા માંગ્યું. તમારી જેઠાણી–પતિવ્રતા **લીલાએ** સાકર મેળવેલું ઠંડુ જળ એક પ્યાલામાં હાજર કર્યું. **રત્નભદ્ર** પાણીનો પ્યાલો હાથમાં લઈ જેવો મુખે અડકાડવા જાયછે કે તુરત જ તેને કાંઈક સ્મરણ થઈ આવ્યું. તેણે પોતાની પત્નીને જીજ્ઞાસા કરી કે:— " પિતાજીએ જમી લીધું કે નહીં ? " **લીલાએ** જવાબમાં જણાવ્યું કે:—" નહીં. " આટલું બધું મોડું થઈ જવા છતાં પિતાજી હજી આવ્યા નથી, એમ જાણી **રત્નભદ્રે** પાણીનો પ્યાલો જાળવીને પૃથ્વી ઉપર મૂક્યો. તે વખતે તેના અવાજ ઉપરથી જ ખુલ્લું જણાઈ આવતું હતું કે તૃષાને લીધે તેના કંઠમાં શોષ પડવા લાગ્યો છે. પરંતુ વૃદ્ધ પિતાજીને અન્ન–જળ પહોંચાડ્યા વિના પોતે તેનો ઉપભોગ કરવો એ અનુચિત છે એમ ધારી રત્નભદ્રે એક નિઃશ્વાસ મૂક્યો. તે સમયે હું તે ઘરમાં જ હાજર હતી. પિતાની ખાતર આત્મભોગ આપવાનો પવિત્ર અભિપ્રાય તે જ ક્ષણે મારા મનમાં જાગૃત થઈ આવ્યો ! મેં મનમાં ને મનમાં **રત્નભદ્રને ગુરૂરૂપે સ્વીકારી નમસ્કાર કર્યો.** તે જ વખતે મેં **પ્રતિજ્ઞા કરી** કે હવેથી પિતાજીની દરેક સલાહ અને ભલામણને નિઃસંકોચપણે અનુસરવું. તેઓ લગ્ન કરવાની સલાહ આપે તો તેમનું માન રાખવા લગ્ન પણ કરવું, એ મારૂં એક સંતાન તરીકેનું પ્રથમ કર્તવ્ય છે. આવો દૃઢ સિદ્ધાંત કરી, હું તે ઘરની બ્હાર નીકળી. બ્હાર નીકળતાં નીકળતાં પણ એ જ સંબંધી વિચારો મારા મગજમાં ઘોળાયા કરતા હતા. મને લાગ્યું કે જો વિવાહ

કરવાનું પિતાજી ફરમાવે તો વિવાહ તો અવશ્ય કરવો, પણ લગ્નની અંધ પરંપરાને વળગી નહીં રહેતા યોગ્ય સહધર્મી મેળવી તેના જ ગળામાં વરમાળ આરોપવી. આવા વિચારો કરતી કરતી હું જ્યારે મારા ઓરડા તરફ પાછી વળતી હતી, તે જ વખતે તમારા સ્વામી તથા શ્વસુરને મેં ઉપર ચડતા જોયા. તેઓ **મણિભદ્રને** પકડી ઉપરની અગાસીવાળા ઓરડામાં બંધ કરવા જતા હોય તેમ સ્પષ્ટ જણાઈ આવતું હતું. મેં તમારા ગૃહમાં આવ્યા પછી આ પ્રથમવાર જ **મણિભદ્રનાં** દર્શન કર્યાં. **મણિભદ્રનું** વિષાદપૂર્ણ ગંભીર મુખ જોવાથી મને અંતઃકરણમાં બહુ કષ્ટ થયું. હવે, વધારે શું કહું ? **મણિમાલિની,** મને તે વખતે એમ જ થયું કે જો **મણિભદ્રની** સાથે મારો વિવાહ થાય તો અમારૂં ઉભયનું મંગળ થયા વિના રહે નહીં. પરંતુ બીજી જ ક્ષણે મને વિચાર થયો કે મણિભદ્ર અત્યારે જે અવસ્થામાં આવી પડયો છે તે અવસ્થામાં મારૂં લગ્ન તેની સાથે થાય એવો સંભવ નથી. "

વળી, રત્નમાળા કિંચિત્ વિચારમાં પડી, પણ પુનઃ એકદમ જાગૃત થઈ, અને **મણિમાલિની** હજી જેવી પૂછવા જ જાય છે કે—" **શામાટે લગ્ન થાય એવો સંભવ નથી ?** " એટલામાં જ તેણી બોલી ઉઠી કેઃ—

" એ જ કહું છું. કૌશાંબીનગરીમાં પ્રત્યેક વણિકશ્રેષ્ઠિને ત્યાં નિત્ય **મહાવીરપ્રભુના** સ્તોત્રો ભક્તિપૂર્ણ કંઠે ગવાય છે. મારા પિતાશ્રીએ જ હજી હમણાં રાજગૃહીમાં એક સુંદર ચૈત્યનિર્માણઅર્થે એક લાખ સોનામ્હોરો અર્પણ કરી છે. એક તરફ અમારી તથા

અમારા સમાજની આવી અવસ્થા છે અને બીજી તરફ **મણીભદ્રે** પોતે સ્વયં પ્રભુનો સત્કાર કરી પોતાનું મનુષ્ય જીવન સાર્થક કર્યું છે. પ્રભુના સામૈયામાં તેણે આગળ પડતો ભાગ લીધો એની ખાતર તેના ઉપર અઘટિત જૂલમ ગુજર્યો છે, એ પણ મેં મારી નજરોનજર જોયું છે. **મણીભદ્ર** જો થોડો વખત વધારે કેદમાં રહે તો તેને પોતાના અપરાધને માટે માફી માગવી પડે, કિંવા માફી માગવાની ફરજ પડે, એ ચોક્કસ છે. પોતે ગુન્હો ન કર્યો હોય છતાં સમાજ પાસે ક્ષમા યાચવી પડે એના જેવું બીજું એકે શરમ ભર્યું કાર્ય જગત્માં નથી, એમ હું માનું છું. સરળ હૃદયનો **મણીભદ્ર** સમાજ પાસે વિના કારણે ક્ષમા યાચે અને હું તેની સાથે લગ્ન કરૂં તો મારા પોતાના શિરે તથા મારા પોતાના કુટુંબના શિરે કલંક લાગ્યા વિના રહે નહીં. આ કલંકમાંથી મ્હારો અને **મણીભદ્રનો** ઉદ્ધાર કરવા અર્થે ગમે તે સાહસ ખેડવું પડે તો નિર્ભયપણે ખેડવું એવો મેં દૃઢ નિશ્ચય કર્યો. ત્યાર પછી શું શું બની ગયું, એ સઘળી વાત તને વિદિત છે. '**મણિમાલિની,** હવે હું મારી આત્મકથાને એટલેથી જ બંધ કરૂંછું. ખરેખર, મેં ગંભીર સાહસ કર્યું છે. મારા જેવી એક સાધારણ સ્ત્રીના હાથથી કદાપિ જે કામ ન થઇ શકે એ કામ મેં આવેગમાં ને આવેગમાં કરી નાંખ્યું છે. એનું પરિણામ શું આવશે તેનો મેં વિચાર કર્યો નથી, કારણ કે કૃતકર્મનું ફળ ગમે તે આવે, પણ તે સહન કરવા સદા તત્પર રહેવું, એજ આપણા પવિત્ર ધર્મની મુખ્ય આજ્ઞા છે. હું ફળ ભોગવવા તૈયાર છું."

અત્યારસુધી મણિમાલિની રત્નમાળાના મુખ તરફ એકીટસે નીરખી રહી હતી અને ઉત્સુકભાવે તેની સમસ્ત કથા સાં-

ભણી રહી હતી. રત્નમાળાનું વૃતાંત પૂરૂં થયું એટલે મણિમાલિની એ કહ્યું કેઃ—"મ્હેન રત્નમાળા! અમારૂં નસીબ જ ખરાબ છે. જો તેમ ન હોય તો આમ કોઇ દિવસ શું બને? શ્રાવસ્તીના પ્રાયઃ સઘળા મનુષ્યો જેની ભક્તિ કરે છે, પવિત્ર પુરૂષો જેના ચરણમાં આત્મસમર્પણ કરી કૃતાર્થ થાય છે, તે મહાવીર પ્રભુની સામે પ્રતિકૂળરૂપે ઉભા રહેવાની મારા શ્વસુરને તથા તેમના પક્ષના મનુષ્યોને ક્યાંથી દુર્બુદ્ધિ સુઝી, એ કાંઈ સમજી શકાતું નથી. ખરેખર, અમારૂં સત્યાનાશ નીકળવા બેઠું છે, અમારો સુખમય સંસાર આજે છિન્નભિન્ન થઈ ગયો છે. વળી મ્હારા સ્વામી—" એટલું કહેતા કહેતામાં મણિમાલિનીના નયનમાં અશ્રુપૂર ભરાઇ આવ્યું, વિષાદની સુવ્યક્ત કાલિમા તેની મનોહર મુખકાંતિ ઉપર ફરી વળી, કંઠ ગળગળો થઇ ગયો, છતાં મહા મહેનતે આગળ બોલવાનું ચાલુ કર્યુંઃ—" મ્હારા નિષ્કલંક સ્વામી, મ્હારા એક માત્ર આરાધ્ય જીવન દેવતા—મ્હારા જીવન સર્વસ્વ પ્રાણપતિ—તે પણ મ્હારો ત્યાગ કરી ચાલી નીકળ્યા! આથી મ્હારા હૃદયમાં જે દારૂણ વેદના થાય છે, તે શબ્દથી વર્ણવી શકું તેમ નથી. ઘણુંકરીને તેઓ પણ આ સંસાર તજીને ચાલી નીકળ્યા હશે, રત્નમાળા! મારા જેવી હતભાગિની અબળાનું સર્વસ્વ લુંટાઇ ગયું છે! હવે મ્હારે શું કરવું એ જ મને તો સુઝતું નથી. આ કાળે કે પરકાળે તેમનું મુખ દર્શન કરી શકીશ કે નહીં એ ઉત્કંઠા —એ વ્યાકૂળતા ક્ષણવાર પણ વિરામ પામતી નથી. કોણ જાણે ક્યા કર્મના ફળો આ ભવમાં હું ભોગવતી હઇશ, તે કોણ કહી શકે તેમ છે?" મણિમાલિનીએ હૃદયના ભારને સંપૂર્ણ ખુલ્લો કર્યો. તેની આંખમાંથી અશ્રુની ધાર વહી નીકળી. રત્નમાળાથી

પણ હવે શાંત બેસી શકાયું નહીં. તેણી પોતાની બ્હેનપણીનું આવું કષ્ટ જોઇ રડી પડી ! છેવટે **રત્નમાળાએ** ધૈર્ય રાખી **મણિમાલિનીના** આંખના અશ્રુ લુછી નાંખ્યા અને કહ્યું કે—" બ્હેન, કર્મના ખેલ સમજવા એ આપણા જેવી ક્ષુદ્ર બાલિકાને માટે સહજ નથી. **પ્રાપ્ત સંયોગોમાં ધૈર્ય અને હિંમત રાખી સર્વ સહન કરવું એ જ આપણું કર્તવ્ય છે.** તેમાં પણ સ્ત્રીઓને માટે તો સહન કરવા સિવાય બીજું એક ગંભીર ધર્મકર્તવ્ય **નથી.** સહન કરવું એ જ આપણા જીવનનો મૂળ ઉદ્દેશ હોવા ઘટે છે. **સહનશીળતા એ જ સ્ત્રીનું મુખ્ય** ભૂષણ છે. સ્ત્રી અતિ વિદુષી ન હોય તો તે તેને માટે એટલું બધું શરમભર્યું નથી, **પણ** જે **સ્ત્રી** સહનશીલ નથી બની શકતી, તે સ્ત્રી પોતાના કુટુંબને તથા સંસારને ભારરૂપ છે. જન્મથી લઇને મૃત્યુપર્યંત વિવિધ કષ્ટો અને વિવિધ આપત્તિઓ સહન કરવી એમાં જ સ્ત્રીજાતિનું યથાર્થ ગૌરવ સમાયેલું છે. જે કાંઇ બની ચૂકયું છે તેને માટે વ્યાકુળ થવું અને હાયવોય કરવી એ નિરર્થક છે. મને લાગે છે કે અંતે સર્વનું પરિણામ મંગળમય જ આવશે. પવિત્ર જીન-શાસન અને **પ્રભુ મહાવીર** પ્રત્યે શ્રદ્ધા રાખ. શાસનદેવતા સર્વનું કલ્યાણ કરશે. "

આ પ્રમાણે **રત્નમાળા** આશ્વાસન આપતી હતી, એટલામાં **સામંતભદ્રના** ગૃહ બહાર ભયંકર કોલાહલ થતો હોય એવા શબ્દો ઉભય રમણીના કાને પડયા તે બન્ને યુવતીઓ ઉઠી, અને બહાર શા માટે કોલાહળ થઇ રહ્યો છે, તે જોવા ઓરડાની બારી આગળ ઉભી રહી.

સુભદ્રે શું કર્યું ?

શ્રાવસ્તી નગરીની બ્હાર થોડે દૂર એક સુંદર ઉપવન છે. ઉપવન **જેતવન** તરીકે લોકોમાં બહુ પ્રસિદ્ધ છે. જેતવન નામ આપવાનું કારણ એ હતું કે શ્રાવસ્તીના રાજકુમાર જેતવને પોતે જાતે પરિશ્રમ લઇને પોતાની સૌંદર્ય–પિપાસાને તૃપ્ત કરવા અર્થે સહસ્ત્ર મુદ્રાઓનો વ્યય કરી આ ઉપવન તૈયાર કરાવ્યું હતું. ઉપવનની મધ્યમાં કુવલયયુક્ત–સુવિશાળ–સ્વચ્છ શીત સલીલપૂર્ણ એક તળાવ છે: તળાવની બીજી બાજુએ ઇન્દ્રભુવનતુલ્ય એક અટ્ટાલિકા પણ આવી રહી છે. આ અટ્ટાલિકામાં **મહાવીરસ્વામી** પોતે પોતાના શિષ્યોને સાથે લઇને ઉતર્યા છે. પ્રભુના પધારવાથી આ ઉપવન આજે તીર્થસ્વરૂપ બની ગયું છે.

મહાવીર પ્રભુ પધારવાના છે એમ **ધનદત્ત** શેઠના પ્રથમ જાણવામાં આવ્યું કે તુરત જ તે રાજકુમાર જેતવન પાસે ગયો અને હજારગણું વધારે મૂલ્ય આપવાનું ઠરે તો તેટલું મૂલ્ય દઇને પણ આ ઉપવન ખરીદી લેવાનો પોતાનો વિચાર જણાવ્યો. જેતવને રાજી–ખુશીથી જેતવન–ઉપવનની ભારે કીમત લઈ ધનદત્તને તે ઉદ્યાન અર્પણ કર્યો છે. **ધનદત્તે** એ આખું ઉપવન અને અટ્ટાલિકા **શ્રી જૈન સંઘના** નામે ઉત્સર્ગ કરી, પભુને અને તેમના શિષ્ય–સમુદાયને ત્યાં વાસ આપ્યો છે.

મણિભદ્ર પણ આ જેતવનમાં વાસ કરેછે. પ્રભુ દીક્ષા આપવાની સમ્મતિ આપે તો દીક્ષિત થઇ મુનિસમુદાયમાં પ્રવેશ કરવો એવી તેની દ્રઢ ધારણા છે. પ્રભુનો પ્રત્યેક ઉપદેશ તેના હૃદયમાં શરત્કાળની જ્યોત્સ્નાની માફક પ્રવિષ્ટ થાય છે, અને હૃદયના અંતરતમ પર્યંત પહોંચી સમસ્ત અંતઃકરણને સ્નિગ્ધ અને પ્રકાશિત કરી દે છે. પૂર્વે તેના મુખ ઉપર જે વિષાદની છાંયા સર્વદા પથરાયેલી રહેતી, તે હવે દૂર થઇ છે. અને તેને બદલે તેના નયનોમાં શાંતિમય મધુરભાવ સર્વદા પ્રસ્ફુટિત રહ્યા કરે છે. તે હવે પોતાની કે પોતાના સંસારની કે પોતાના ગત જીવનની ચિંતા કરવાનું એક રીતે છેક ભૂલી જ ગયો છે, એમ કહીએ તો ખોટું નથી. કારણ કે તેની સઘળી દુર્ભાવનાઓ સ્વયં ઉપશાંત થઈ ગઇ છે. વિશ્વવ્યાપી મૈત્રીભાવ અને વૈરાગ્ય સંબંધી સુધામય ઉપદેશ, પ્રભુના પોતાના મુખથી સાંભળ્યા પછી તે સંસારનું સ્વરૂપ અને જીવન-કર્તવ્ય વિષે જ નિરંતર વિચારો કર્યા કરેછે. જો કે તે હજુ મુનિપદને પ્રાપ્ત કરવા જેટલો ભાગ્યશાળી થઈ શક્યો નથી, તોપણ સર્વભૂત-પ્રત્યે નિષ્કારણ કરૂણાવાન પ્રભુના નિર્દોષ વ્યવહારો અને તેમની ઉજ્જવલ ચારિત્રમૂર્ત્તિને સર્વદા પોતાની દૃષ્ટિ સમક્ષ રાખી, ક્રમે ક્રમે તે એવો શાંત-ધીર અને વિચારશીલ બની ગયો છે કે એક રીતે તેને મુનિનું ઉપનામ આપીએ તોપણ અયોગ્ય ન લેખાય. તે હાલમાં જેતવનના વિશાળ ઉપવનની એક ન્હાની સરખી કોટડીમાં પોતાનો ઘણોખરો સમય વીતાવે છે. તેણે મહાવીર પ્રભુ પાસે જઇને ઘણીવાર પોતાને દીક્ષિત કરવા માટે પ્રાર્થનાઓ કરી જોઇ. પરંતુ પ્રભુએ હજી તેને દીક્ષા આપવાની આજ્ઞા આપી નથી. મણિભદ્ર દીક્ષાની આશામાં પોતાના શ-

રીર–મન તથા આત્માને દરેક રીતે તૈયાર કરતો જોય છે. વર્તમાન અવસ્થામાં જ મુનિજીવન નિર્વહવાનો અંતઃકરણપૂર્વક અભ્યાસ કરી રહ્યો છે.

તે નિત્ય ભગવાનના ચરણ–દર્શન કરી શકેછે. ભગવાનના પવિત્ર મુખનો સુધામય ઉપદેશ સાંભળી આત્માને કૃતાર્થ કરી શકેછે. આટલું છતાં મુનિપદ નહીં પ્રાપ્ત કરી શકવાના કારણે તેના અંતઃકરણમાં કિંચિત્ વિષન્નતા રહ્યા કરે છે. દીક્ષિત થયા પછી પ્રભુની વાણીનો અને સેવાનો કાંઇક વિશેષ લાભ મળી શકે તેમ છે, અને અત્યારે કાંઇ ન્યૂન લાભ મળેછે, એમ ધારીને નહીં; પણ આ અવસ્થામાં કદાચ સગા–સ્નેહીઓના દબાણ કિંવા આગ્રહને લીધે ભગવાનનો સમાગમ તજી દેવા પડે તો તે વખતે બહુ લાગી આવે, એમ ધારી બની શકે તેટલી જલદીથી પ્રભુ પાસે દીક્ષિત થવાની તે પ્રાર્થનાઓ કર્યાં કરેછે. પરંતુ ભગવાને હજી તેને મુનિસમુદાયમાં સ્વીકારવાની અનુમતિ આપી નથી. શા માટે અનુમતિ નથી આપી, તથા હજી પણ શામાટે નથી આપતા, તે પ્રભુ સિવાય બીજું કોઇ જાણતું નથી. **મણીભદ્રની** આતુરતા પ્રતિક્ષણે વધતી જાય છે. કોઇ આકસ્મિક આફત પ્રભુના શીતળ છાંયામાંથી ખેંચીને સંસારની જ્વાળામાં ન ફેંકે તે માટે **મણીભદ્ર** નિત્ય વ્યાકૂળતાવશ રહ્યા કરેછે. હવે, આ કાળે કે પરકાળે પણ પ્રભુના શરણ સિવાય બીજું એકે શરણ નથી. એવો નિર્ણય કરીને પોતાના જીવનને પ્રભુમય–વીરમય બનાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે.

જેતવનમાં સર્વત્ર શાંતિ છે. સંસારની ખટપટ કે કોલાહલનું

નામ નિશાન પણ નથી. સર્વ મુનિરાજો તથા ભદ્ર શિષ્યો પોત-પોતાના ધ્યાનમાં-કર્તવ્યમાં-આત્મવિચારણામાં નિમગ્ન છે. દેવ-ચરિત મુનિઓના વદન-કમળ ઉપર શાંતિ-ક્ષમા અને દયાની સુ-મધુર લાગણીઓ વ્યાપી રહી છે. મણીભદ્ર પણ એક નિર્જન ઓ-રડીમાં બેસી, ગઇ કાલે પ્રભુએ જીવ-અજીવ તથા પાપ-પુણ્ય વિષે જે ઉપદેશ આપ્યો હતો તેનું એકાગ્ર ચિત્તથી મનન કરી રહ્યો છે. એટલામાં બ્હારથી કોઇએ મણીભદ્રવાળા ગૃહના બારણાં સહે-જ ખડખડાવ્યાં તથા " મણીભદ્ર ! " એવી બૂમ પાડી. પ્રથમ તો **મણીભદ્ર**નું વિચાર-સાગર-નિમગ્ન હૃદય એ અવાજ સાંભળી શક્યું નહીં. પણ બીજીવાર-ત્રીજીવાર જ્યારે " **મણીભદ્ર** " એવી બૂમ પડી ત્યારે તે એકદમ જાગૃત થયો. સ્વર કોઇનો પરિચિત હોય તેમ લાગ્યું. પણ આ સ્થળે આવા સંયોગોમાં કોઇનો પરિચિત કંઠસ્વર સાંભળવાની તેણે બીલકુલ સંભાવના રાખી નહોતી. તે તુ-રતજ ઉભો થયો અને બારણા ઉઘાડયા. કાંઇપણ વાત નહી ઉ-ચ્ચારતાં નિ:શબ્દ પદ સંચારપૂર્વક સુભદ્રે ગૃહમાં પ્રવેશ કર્યો. તે વખતે સુભદ્રનું મુખ વિષાદથી છવાયેલું, નયન અશ્રુથી ભીંજાયેલા તથા સર્વાંગે જાણે ખેદની ગાઢ કાલિમા વ્યાપી રહી હોય તેમ જણાતું હતું. **મણીભદ્ર** પોતાના વડીલ બંધુ-**સુભદ્રની** આવી સ્થિ-તિ નીહાળી પ્રથમ કિંચિત્ ધ્રુજ્યો. તે પણ કાંઇ બોલ્યા વિના **સુભદ્રની** પાસે આવ્યો અને અવનત મસ્તકે **સુભદ્ર**નો પાદ-સ્પર્શ કરી પ્રણામ કર્યા. તે વખતે કોઈ ધારીને જુએ તો **મણી-ભદ્ર**ના આંખના ખૂણામાં પણ અશ્રુબિન્દુ જણાયા વિના રહે નહીં

ઉભય બન્ધુ.

સુભદ્ર એકદૃષ્ટિથી મણિભદ્રના મુખની સામે જોઇ રહ્યો છે. મુખમાંથી શબ્દ સરખો પણ નીકળી શકતો નથી. તેના ચરણતળે **મણિભદ્ર** ગદ્દ ગદ્દ—બાષ્પરૂદ્ધ કંઠે અશ્રુજળ વર્ષાવી રહ્યો છે. બન્ને બંધુઓ થોડીવાર આ પ્રમાણે જોઇ રહ્યા. અત્યંત અશ્રુવર્ષણને લીધે **મણીભદ્રનું** હૃદય જ્યારે હલકું થયું ત્યારે છેવટે તેણે સુભદ્રની તરફ સ્નેહાશ્રુસિક્ત દ્રષ્ટિ કરી, અને એક ઉંડો નિશ્વાસ નાંખતા પૂછ્યું કે—"**પિતાજી તો આનંદમાં છે ને?**" **સુભદ્ર** અત્યાર સુધી ઉભો હતો, તે મણીભદ્રની બરાબર સામે ભૂમિ ઉપર જ બેસી ગયો. એકવાર શૂન્યમને આકાશ તરફ નજર કરી અને ધીરે ધીરે કહ્યું કે: - "**મણીભદ્ર**! પ્રિય બન્ધુ, તું જ્યારે અમને સર્વને ત્યજી દઇને આવ્યો છે તો પછી પિતાજીના કુશળ—સમાચાર શા માટે પૂછે છે?"

"શું હું ખરેખર **તમને સર્વને** ત્યજી દઇને આવ્યો છું? મારા ચિત્તની **શું** સ્થિતિ છે તે એકમાત્ર સર્વજ્ઞ **પિતા મહાવીર** સિવાય બીજું **કોણ** સમજી શકે તેમ છે? હૃદયની સકળ ગ્રંથિઓને હજી પણ હું છિન્ન કરી શક્યો નથી. સંસારમાં રહીને એ ગ્રંથિઓ શિથિળ કરવી, એ અત્યંત દુષ્કર છે, એજ કારણને લીધે મુનિ-સમુદાયમાં પ્રવેશ કરવાનો, તેટલી યોગ્યતા પ્રાપ્ત કરવાનો અંતઃ-કરણપૂર્વક પ્રયત્ન કરી રહ્યો છું." એટલું બોલતા બોલતામાં **મણિભદ્રની** આંખમાં પુનઃ અશ્રુ ઉભરાઇ નીકળ્યાં. તેણે રડતાં

રડતાં અતિ ક્ષીણ અને કાતરસ્વરે પુનઃ પૂછ્યું કેઃ—" **બોલો, વડીલ બન્ધુ,** આપને સવિનય પ્રાર્થના કરું છું કે આપણા વૃદ્ધ પિતાજીને કેમ છે, તે શિઘ્ર કહી દ્યો. હું જે રાત્રીએ ઘર છોડીને આ તરફ નાસી આવ્યો તે રાત્રીએ એકવાર માત્ર પિતાશ્રીનાં દર્શન થયા હતા. તે છેલ્લા દર્શન વખતે, તેમની મનઃસ્થિતિ ઉદ્વેગપૂર્ણ હોય તેમ સ્પષ્ટરૂપે જણાઇ આવતું હતું. કારણ કે જે વખતે તેઓ મને પકડીને ઉપર લઇ જતા હતા તે જ વખતે તેમના મુખ ઉપરની વિષાદમય ગંભીર રેખા, શરીરની કૃશતા તથા ચક્ષુદ્વારા બહાર નીકળવા મથતી દુર્ભાવનાની ચીણગારીઓ મેં લક્ષપૂર્વક જોઇ હતી. કહો, બંધુ, વૃદ્ધ પિતાજીના મનમાં અને દેહમાં આટલો બધો ફેરફાર થવાનું કારણ શું? તેઓ તે દિવસે એટલાબધા શા માટે ઉશ્કેરાઇ ગયા હતા?. પૂર્વે મેં પિતાજીનું એવું ભયંકર સ્વરૂપ કોઇ કાળે જોયું નહોતું. હવે, પિતાજીની સ્થિતિ કેમ છે, તે કૃપા કરીને એકવાર વિગતપૂર્વક સંભળાવો."

મણિભદ્રના સરળતાપૂર્ણ મુખની સામે **સુભદ્ર** થોડીવાર તાકી રહ્યો. આશ્ચર્યથી ક્ષણવાર મુગ્ધ બન્યો. ત્યારબાદ તેણે કહ્યું કેઃ—" **મણિભદ્ર** ! શું ખરેખર તને પિતાજીની એવી સ્થિતિ શા માટે થઇ હતી તેની બીલકુલ ખબર નથી ? શું તારી જ ખાતર પિતાજી એટલા બધા ઉશ્કેરાઇ ગયા હતા તે તું પોતે નથી જાણતો ? તારી જ ખાતર પિતાજીને અને અમને બધાને દુર્દશા તથા લાંછના સહન કરવી પડી છે, તેની તને લેશમાત્ર ખબર નથી ? "

મણિભદ્રના હૃદય ઉપર આ શબ્દોની ગંભીર અસર

થઇ. તેના વિચારસાગરમાં મ્હોટું તોફાન ચાલતું હોય તેમ સુચવવા દીર્ઘ નીશ્વાસનો એક પ્રબળ તરંગ બ્હાર ધસી આવ્યો. વિસ્મય-વિસ્ફારિત નેત્રે તેણે જીજ્ઞાસા કરી કે:—" મારી ખાતર શું તમારે વિટંબણા સહન કરવી પડે છે ? મારી ખાતર શું પિતૃદેવ દુર્દશામાં પડ્યા છે ? આ વાત તો તમે કોઇએ મને અત્યાર સુધીમાં જણાવી જ નહીં ! ખરેખર હું અલ્પમતિ છું, મને તમે કોઇએ આ વિષાદમય—અશ્રુતપૂર્વ બનાવના સમાચાર પણ કેમ ન આપ્યા ?

" કહો, વડીલ બન્ધુ ! મેં શું અપરાધ કર્યો છે તે કૃપા કરીને કહો. મારા જેવા કુપુત્રના એવા કયા દોષને લીધે પિતાની આંખમાંથી પાણી પડે છે, મારા એવા કયા કુકર્મને લીધે પિતાજી એટલા બધા કૃશ તથા ગમગીન થયા છે તે મને કહો. એ વાત સાંભળવાની ખાતર જ હું અત્યાર સુધી જીવતો રહ્યો છું."

" એ શું મણીભદ્ર ? પ્રાયઃ એક માસથી આપણે ત્યાં રોજ સંખ્યાબંધ બ્રાહ્મણ—પંડિતો આવતા, નગરના અનેકાનેક ગૃહસ્થો પણ રોજ આવતા અને કલાકોના કલાકો સુધી ખાનગીમાં સલાહો—મસલતો તથા યોજનાઓ ઘડાતી તેનું તને બીલકુલ જ્ઞાન નહોતું શું ? આપણે ત્યાં રોજ રાત્રી—દિવસ કેટલીએ વર્ચાઓ, કેટલીએ કલ્પનાઓ થતી તેની શું તને લેશમાત્ર ખબર પણ નહોતી ? આ બધા પંડિતો શામાટે આવેછે, શા માટે પાછા જાય છે, શું વાતો કરેછે, એ જાણવાનું તને કૌતુહળ પણ ન થયું ? ખરેખર, મણીભદ્ર, મને તારી આવી અજ્ઞાનતા જોઇ બહુ આશ્ચર્ય થાય છે. ઘરમાં શું બને છે તેની પણ તને ખબર નહોતી ? તું આવી બધી વાતોથી અજ્ઞાત છે એવો તો અમને સ્વપ્નમાં પણ

ખ્યાલ નહોતો આવ્યો !" આટલું કહી રહ્યા પછી સુભદ્રે પોતાના કનિષ્ઠ બંધુના સરળતામય છતાં વિષાદપૂર્ણ ગંભીર મુખ પ્રતિ દ્રષ્ટિ કરી, તેના ઉજ્જવળ નયનદ્વયમાં પ્રકાશતી નિષ્કપટતા લક્ષમાં લીધી અને તેના મુખથી શું ઉત્તર મળે છે તે સાંભળવાની આકાંક્ષામાં બેસી રહ્યો.

પ્રથમની જ માફક મણીભદ્રે વિસ્મયપૂર્ણ દ્રષ્ટિ વડીલ બન્ધુ તરફ નિક્ષેપ કરી અને જણાવ્યું કે:— "ના ભાઇ, પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે એમાંની કોઇપણ વાત કે વ્યાપાર તરફ મારૂં લક્ષ નહોતું. તમને ખબર છે કે જે દિવસથી આપની સ્નેહમયી જનની મારા જેવા હતભાગ્યનો પરિત્યાગ કરીને, અમરધામ પ્રતિ ચાલી ગઈ છે, ત્યારથી એક દિવસ પણ હું ઘરની બ્હાર નીકળ્યો નથી. જે ગૃહમાં-પેલી ભીષણ-કાળમુખી રાત્રીએ, જનની સ્નેહપૂર્ણ સજળ નયને મારી તરફ જોતી જોતી પાર્થીવદેહનો પરિત્યાગ કરી ચાલી નીકળી તે દિવસથી તેજ ગૃહમાં બેસી બેસીને શોક-વિલાપમાં જ મારા દિવસો નિર્ગમતો હતો. કોણ જાણે શા કારણથી, પણ એક દિવસે સાયંકાળે બ્હાર ફરવા જવાની અકસ્માત્ ઇચ્છા ઉદ્ભવી ! હું કોઇને કહ્યા વિના એકલો ગૃહની બ્હાર નીકળ્યો. બ્હાર જતી વખતે, આપણા બ્હારના ચોતરા ઉપર કેટલાક પંડિતો તથા કેટલાક ગૃહસ્થોને સહેજ વ્યસ્તભાવે અંદર અંદર વાર્ત્તાલાપ કરતાં મેં જોયા હતા. આપણા વૃદ્ધ પિતા પણ ઉદ્વેગપૂર્ણ નયને, તે મહાન્ જનસમુહની મધ્યમાં કાંઇક ઉંડો વિચાર કરતા હોય તેવી રીતે ગાલે હાથ દઇ બેઠા હતા. તેમનું તે વખતનું ચિંતાપૂર્ણ મુખ જોવાથી મને ક્ષણવાર એમ લાગી આવ્યું કે પિતાજી શું વિચાર કરે છે, અને આ બધા મનુષ્યો શા માટે એકત્ર

થયા છે તે એકવાર પિતાજીને પૂછી ખાત્રી કરી લઉં. પણ પાછો તેજ વખતે મને વિચાર થયો કે આટલા બધા પ્રતિષ્ઠિત અને વિદ્વાન મનુષ્યોની વચમાં જવું અને પૂછવું એ ઠીક ન ગણાય; એમ ધારી હું ત્યાંથી આગળ રવાના થયો. ખરૂં કહું તો તે વખતે માતૃવિયોગ સિવાય અન્ય એકે વિચાર મારા મગજમાં પ્રધાનરૂપે પ્રવેશી શકતો નહોતો. હું મારી પોતાની જ ચિંતાને હૃદયમાં દાબી ઘરની બ્હાર નીકળ્યો. ત્યાર પછી શું શું બની ગયું છે તે બધું તમે જાણો છો. કારણ કે તમે અને પિતાજીએ તે દિવસે રાત્રીએ જ્યારે મને ઉપરાઉપરી પ્રશ્નો પૂછવા માંડયા ત્યારે મેં અથથી ઇતિ પર્યંત સર્વ વિગત તમારી પાસે રજુ કરી હતી. મારી વાત સાંભળીને પિતાજીનું મુખ શા માટે વિપન્ન થયું, શા માટે મ્હારો તિરસ્કાર કરવામાં આવ્યો તથા હું મરી જઉં તો હવે ઠીક એવી શા માટે પિતાજીએ ઇચ્છા દર્શાવી, તેમજ તે ઉપરાંત સૌ ઉપરના માળની એક ઓરડીમાં મને શા માટે કેદ કરવામાં આવ્યો, તેનો હજી પણ હું નિર્ણય કરી શકયો નથી. જે દિવસે મહાવીર પ્રભુએ જેતવનમાં પ્રવેશ કર્યો તે દિવસે હું પ્રભુ પાસે જ બેઠો હતો. આપણા ગામના પેલા વૃદ્ધ ધનંજય શેઠ પણ ત્યાં બેઠા હતા. ધનંજય શેઠની મારા તરફ નજર ગઈ એટલે તેમણે પિતાજીનું નામ લઇ મારા પ્રત્યે અંગુલી નિર્દેશ કર્યો અને આગળ કાંઇક બોલવા જતા હતા, એટલામાં ધનદત્ત શેઠે ભગવાન્ પ્રતિ દ્રષ્ટિ કરી ધનંજય શેઠને એટલેથી જ બોલતા અટકાવ્યા. વિશેષમાં ધનદત્ત શેઠે કહ્યું કે:—" ધનંજય ! હમણાં એવી નકામી વાતો ચર્ચી આ અમૂલ્ય સમય શા માટે નિરર્થક ગુમાવવો જોઇએ ? ભગવાન્ પોતાના પવિત્ર મુખથી નિર્દોષ વાણીદ્વારા જે પુનર્જન્મ અને કર્મ સંબંધી

વ્યાખ્યા કરવા તત્પર થયા છે, અને જેમના વચનાંમૃતનું પાન કરવા **શ્રાવસ્તીની** સમસ્ત શ્રાવક પ્રજા ઉત્સુક થઇ છે, તેમાં શા માટે અંતરાય કરો છો ? પાછળથી કાંઇ વાત કરવી હોય તો કરજોને ? ” પછી ધનંજય શેઠ કાંઈ આગળ બોલ્યા નહીં. મને ધનદત્ત શેઠની આ સલાહ સાંભળી ધનંજય શેઠ મારે વિષે શું વાત કરવા માંગતા હતા તે સાંભળવાની ઉત્સુકતા થઇ. પણ વિચાર કર્યો કે હમણાં નહી. પ્રભુની દેશના સમાપ્ત થશે ત્યારે ખાનગીમાં ધનંજય શેઠને મળી બધી વાત પૂછી લઇશ. પણ તે દિવસની પ્રભુની દેશના એટલીબધી અસરકારક મધુર અને તત્ત્વપૂર્ણ હતી કે તે દેશના સાંભળવા માત્રથી હું બાહ્ય જગતનું તદ્દન ભાન જ ભૂલી ગયો. કેવી રીતે કર્મબંધ થાય છે અને એ કર્મ મનુષ્યોને કેવી રીતે કયાં કયાં ભમાવે છે વિગેરે વિષયોનું પ્રભુએ એવું તો હસ્તામળકવત્ દર્શન કરાવ્યું હતું કે હું તો દિગ્મૂઢજ બની ગયો—હું કયાં છું, હું કોણ છું, અને મારે કયાં જવાનું છે એનું કાંઇ મને ભાન જ રહ્યું નહી. જ્યારે હું વિચારમાંથી જાગૃત થયો ત્યારે મે જોયું તો હું એક જ જેતવનના વિશાળ સભામંડપમાં એકલો બેસી રહ્યો હોઉં એમ મને જણાયું. **ભગવાન મહાવીર** પોતાની દેશના પૂર્ણ કરી, પોતાના શિષ્યસમુદાય સાથે ત્યાંથી કયારે અને કયાં રવાના થયા તેનું પણ મને સંપૂર્ણ લક્ષ રહ્યું નહોતું. પ્રભુની દેશનાનો ગંભીર—મધુર કોમળ ધ્વની તે વખ પણ મ્હારા કાનમાં ગુંજ્યા કરતો હતો. જ્યારે બરાબર ચૈતન્ય પ્રાપ્ત થયું ત્યારે એકવાર આપણા ઘરની વાત યાદ આવી. તે જ વખતે કોણ જાણે શા માટે, પણ કાંઇ કારણ વિના મારૂં હૃદય કંપી ઉઠયું ! આપણા ઘર ઉપર, આપણા કુટુંબ ઉપર કોઇ મ્હોટી આફત તૂટી

પડી હોય તેવો દૃશ્ય મારી નજર આગળ તરી આવ્યો. ઘણી વખત મનમાં થતું કે એકવાર ઘરે જઇ બધાની કુશળતા પૂછી આવું, પણ ઘર તરફ આવતા પગ ઉપડી શક્યો નહીં. કદાચ હું ઘરે જઉં અને તમે બધા મળીને પહેલાની જ માફક મને ઓરડામાં બંધ કરી દ્યો તો મારી શી દશા થાય ? બીજી તો શી માઠી દશા થવાની હતી, પણ ફરીથી પ્રભુ પાસે આવવાનો અને તેમની પવિત્ર મધુર વાણી સાંભળવાનો લાભ ગુમાવી બેસું તો ? એજ એક માત્ર ભયને લીધે હું ઘરે આવી શક્યો નહીં. પ્રભુનાં દર્શન તથા વચન-શ્રવણ વિના મારી કેવી દુર્દશા થાય તેની કલ્પના માત્ર કરવા જતા મારૂં મગજ ભ્રમિત થાય છે, પ્રભુના વિરહમાં હું અંધકાર સિવાય બીજું કાંઇ ભાળી જ શકતો નથી ! પણ એ બધા વાતની ચર્ચામાં અત્યારે ઉતરવાની જરૂર નથી. ગૃહની શું સ્થિતિ છે તથા પિતાજી કેમ છે અને મારાથી શું દોષ થયો હતો, તેજ વાત હું આપની પાસેથી સાંભળવાની પ્રાર્થના કરૂં છું.”

મણિભદ્રની સમસ્ત કથા સાંભળવાથી સુભદ્રના મનનો તમામ વ્હેમ દૂર થયો. તેનો અત્યાર પર્યંતનો સંદેહ-તિમિર બીલકૂલ ટળી ગયો. પ્રસાદ અને સંતોષની સ્નિગ્ધ રશ્મી **મણીભદ્ર**ને જાણે અભિષિક્ત કરી રહી હોય તેવી જ્યોત્સ્ના સુભદ્રના નેત્રમાંથી ઝરવા લાગી. ત્યારબાદ તેણે એક પછી એક એમ સઘળી પૂર્વ વાત **મણિભદ્ર**ને કહી સંભળાવી. મણિભદ્રના નાસી ગયા પછી બ્રાહ્મણોએ કરેલી ભયંકર પ્રતિજ્ઞા, ભગવાન **મહાવીર**ને અપમાનિત તથા લાંછિત કરી ગામમાંથી કહાડી મૂકવાનો ઠરાવ, વિવિધ કાવતરાઓ, તથા શ્રાવસ્તીમાંથી જૈનધર્મ અને જૈનસંઘનું નામ

પર્યંત ભુંસી નાખવાની યોજના, એ સર્વ વ્યવહારમાં સામેલ નહી થવાની વૃદ્ધ ધર્માત્મા સામંતભદ્રની આંતરિક ઇચ્છા, છતાં બ્રાહ્મણ-સમાજનું દબાણ અને ભય વિગેરેને લીધે સામંતભદ્રને શિરે આવી પડેલી આફત; ઇત્યાદિ વાતો કહેતા કહેતા સુભદ્ર પોતે જાતે પણ લજ્જીત થતો હોય તેમ તેના શબ્દ ઉપરથી જણાઇ આવતું હતું. અંતે ગત રાત્રીએ પોતાને સૂઝેલી દુર્બુદ્ધિ—રત્નમાળા પ્રત્યેનું અન્યાય આચરણ તથા તે સંબંધી દરેક બીના અકપટભાવે પોતાના લઘુ બન્ધુ પાસે રજુ કરી. પોતે જે ભયંકર પાપ કર્યું છે તેનું પ્રાયશ્ચિત કરવા ભગવાન મહાવીરનો આશ્રય લઇ, કામ—ક્રોધપૂર્ણ આ જ્વાળામય સંસાર—કાનનથી નાસી છુટી, ધર્મ અને સંઘની સેવામાં પ્રાણની આહુતી આપી આત્માને પવિત્ર કરવાની, પોતાના મનની સાથે કરેલી આત્મપ્રતિજ્ઞા પણ મણિભદ્ર પાસે પ્રકટ કરી. આ છેલ્લી વાત કરતી વેળા સુભદ્રનો કંઠ આવેગથી રૂંધાઇ ગયો અને આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. મણિભદ્ર પણ પોતાના વડીલ બન્ધુની આવી સ્થિતિ જોઇ વધારે વાર શાંત રહી શકયો નહીં. તેની આંખમાં પણ અશ્રુનું પૂર ભરાઇ આવ્યું. બન્ને બંધુઓ જે વખતે આ પ્રમાણે પવિત્ર અશ્રુજળવડે અંતકરણની છેવટની મલીનતાને ધોઇ રહ્યા હતા, તે વખતે તેમને આશ્વાસન આપી શાંત કરે એવી કોઇ ત્રીજી વ્યક્તિ હાજર નહોતી. પ્રકૃતિદેવી પણ જાણે બન્ધુઓના રૂદનમાં અનુમતી આપતી હોય તેમ પ્રચંડરૂપે અગ્નિ વર્ષાવી રહી હતી. પક્ષીઓ પણ રખેને આ મધુર અશ્રુવર્ષણમાં ખલલ પહોંચે એવા ભયથી વૃક્ષમાં શાંત રીતે ભરાઇ પેઠા હતા. આસપાસ કોઇનો આવવાનો કે જવાનો પદધ્વની સંભળાતો નહોતો. ગ્રીષ્મકાળના મધ્યાન્હસ્થિત

સૂર્યના તાપથી મનુષ્યો તથા પશુઓ—પક્ષીઓ પણ બ્હાર નીકળવાનું સાહસ કરી શકતા નહોતા. **મણીભદ્ર** તથા **સુભદ્ર** ઉભય બંધુઓ આ બાહ્ય પ્રકૃતિ પ્રતિ લક્ષ કર્યા વિના પોતાના જ અંતઃકરણની તિવ્ર—પ્રખર વેદના અનુભવી રહ્યા હતા. વસ્તુતઃ જેના અંતઃકરણમાં પશ્ચાતાપનો જ્વલંત અગ્ની પ્રજ્વળી રહ્યો હોય તેમને બાહ્ય પ્રકૃતિનો ગમે તેટલો તાપ પણ શું અસર કરી શકે ?

મણીભદ્ર તથા સુભદ્ર ભલે રડે. તેમને રડતા રોકવાનું પાપ અમે વ્હોરવા ખુશી નથી. કારણ કે પશ્ચાતાપનું રોદન પણ પુણ્યમય હોય છે, પુણ્યમય પ્રવૃત્તિમાં અંતરાય શા માટે પાડવો ?

વિરોધ વધ્યો !

વૃદ્ધ સામંતભદ્રનો સુખમય સંસાર આજે ધૂળમાં મળી ગયો છે. જે સામંતભદ્રનું ગૃહ નિત્ય આનંદપ્રફુલ્લ તથા સ્વાભાવિક ગૌરવથી ઉન્નત જણાતું હતું તે જ ગૃહ ઉપર વિષાદ અને ચિંતાનું ઘોરતર વાદળ આજે ફરી વળ્યું છે. જે સામંતભદ્રે આજપર્યંત યજ્ઞ યાગાદિના રક્ષણ માટે, પશુવધની વૈધતા માટે તથા બ્રાહ્મણપંડિતોની સ્વાર્થરક્ષા માટે પોતાથી બનતું કર્યું હતું તેજ સામંતભદ્ર ઉપર શહેરના શાસ્ત્રજ્ઞ અને ક્ષમતાશાળી બ્રાહ્મણો આજે ગુસ્સે ભરાયા છે. સામંતભદ્રના બે પુત્રોએ જેતવનમાં **મહાવીરસ્વામી** પાસે જઇ જીન પ્રભુનું શરણ લીધું છે, અને કૌશાંબીવાળા વૃદ્ધ શ્રાવક—અર્થાત્ સનાતન ધર્મના દ્વેષી વસુભૂતિની કન્યા **રત્નમાળા** પણ સામંતભદ્રને ત્યાં રહી પરમ

સમાદર પામે છે, એ સર્વ વિગત જાણી શાસ્ત્રજ્ઞ અને શક્તિમાન બ્રાહ્મણોને રૂંવે રૂંવે ક્રોધ વ્યાપી ગયો. છેવટે તેમણે એવો ઠરાવ કર્યો કે જો સામંતભદ્ર ખુલ્લી સભામાં પોતાના બે અયોગ્ય પુત્રોનો ત્યાગ કરે, તેમને માટે દીલગીરી જાહેર કરે અને પેલી શ્રાવક-કન્યા રત્નમાળાને પોતાના ગૃહની બ્હાર કહાડી મુકે તોજ આપણે તેની સાથે સામાજીક અને ધાર્મિક વ્યવહાર રાખવો; નહીં તો તેને પણ ધનદત્ત શેઠની માફક સ્વધર્મ ત્યાગી માની, કોઇએ તેની સાથે કશી પણ જાતનો વ્યવહાર નહીં કરવો, એવી સર્વત્ર ઘોષણા જાહેર કરી દેવી. આ સર્વ વાત સાંભળી સામંતભદ્રનું હૃદય ચીરાઇ જવા લાગ્યું. પોતાની અત્યારપર્યંતની ધર્મસેવાનું આ પરિણામ આવશે, ધર્મની ખાતર પુત્રદ્વયનો ત્યાગ કરવો પડશે એવી તેણે કદાપિ કલ્પના પણ કરી નહોતી. તે મનમાં બહુ દુઃખિત થયો, પણ બીજો કાંઈ ઉપાય નહીં હોવાથી, તેણે પુત્રદ્વયનો કાયમને માટે ત્યાગ કરવાની, સામાજીક આજ્ઞા માથે ચડાવી. પરંતુ રત્નમાળાને એકાએક ગૃહમાંથી કહાડી મૂકવાને તે તૈયાર થઇ શક્યો નહીં. તેણે બ્રાહ્મણ આગેવાનોને સવિનય પ્રાર્થના-પૂર્વક જણાવ્યું કે રત્નમાળાનો પિતા જ્યાં સુધી કૌશાંબીથી પાછો ન આવે ત્યાં સુધી એક નિરાધાર બાળિકાને—અતિથિ કન્યાને અજાણ્યા પ્રદેશમાં રઝળતી મુકી દેવી એ મને યોગ્ય નથી લાગતું. માટે આપ સર્વ કૃપા કરીને જો મારી એટલી વિનંતી સ્વીકારો, અને રત્નમાળાનો પિતાશ્રી પાછો આવે તે દરમિયાન રત્નમાળા મારે ત્યાં રહે એમાં તમો સર્વ વાંધો ન લ્યો તો હું આપની આજ્ઞા પ્રમાણે દરેક રીતે વર્ત્તવા તૈયાર રહીશ. બ્રાહ્મણ પંડિતોને પણ રત્નમાળા સંબંધી પ્રાર્થનામાં કાંઇ અનુચિતતા જેવું

જણાયું નહીં. જો કે તેઓ સર્વ ક્રોધ તથા ઇર્ષ્યાથી લગભગ ઉ-શ્કેરાઈ ગયા હતા તોપણ તેઓ પોતાનું મનુષ્યત્વ ગુમાવી બેઠા નહોતા. તેમણે પણ રત્નમાળાને નિરાધારપણે રઝળતી નહીં મુ-કવામાં પોતાની સમ્મતિ દર્શાવી.

આવતી કાલે એક મ્હોટી સભા બોલાવવાનો નિર્ણય થયો. આ સભા બની શકે તેટલી દબદબાભરી રીતે ભરવી અને તેનો સર્વ ખર્ચ ધનદત્તશેઠે આપવો, એમ પણ તે સાથે નક્કી થયું. સભામાં શહેરના પ્રતિષ્ઠિત વૈદિક નેતાઓને નિમંત્રણ કરવા માટે અનેક સેવકો નિમાઈ ગયા. આવતી કાલની સભામાં સામંતભદ્ર જાહેર રીતે સર્વ સામાજીક સભ્યોની સમક્ષ પોતાના બે અયોગ્ય પુત્રોનો કાયમને માટે ત્યાગ કરશે, મણિભદ્રને અને સુભદ્રને પોતાના પિતાની મીલ્કતમાંથી એક પાઈ પણ નહીં મળી શકે, એટલું જ નહીં પણ એ બન્ને પુત્રો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર સામંતભદ્ર તથા તેનું કુટુંબ નહીં રાખે એમ પ્રતિજ્ઞા ક-રશે, એવા સમાચાર ચો તરફ જોતજોતામાં પ્રસરી ગયા. આ સભામાં શ્રાવસ્તીના રાજકુમાર જીતસેન અધ્યક્ષસ્થાને બિરાજશે, એવી પણ ઘોષણા પ્રકટ કરી દેવામાં આવી. આ પ્રસંગનો લાભ લઈ, જે મહાવીરસ્વામીના અવસ્થાનને લીધે શ્રાવસ્તી નગરીના મનુષ્યો દિવસે દિવસે સનાતન ધર્મથી ચ્યુત થતા ગયા છે, અને જે અન્યાય તથા અવૈધ આચરણો વધતા જાય છે તેની સામે સખ્ત વાંધો જાહેર કરી, જોરજુલમપૂર્વક મહાવીરસ્વામીને તથા તેમના શિષ્યવૃંદને હદપાર કરવાનો પણ સૌએ એકમતે ઠરાવ ક-રવો એવો નિર્ણય થયો.

સામંતભદ્રને ત્યાં થયેલા ઠરાવો સંબંધી સઘળી હકીકત યથા-

સમયે **ધનદત્ત** શેઠ તથા મણિભદ્ર અને સુભદ્રના સાંભળવામાં આવી. તેઓ બ્રાહ્મણ-પંડિતોની આવી વિરૂદ્ધતા જોઇ અત્યંત ભયભીત થયા અને આવા અમંગળ વ્યાપારમાંથી પિતાજીને કેવી રીતે નિવૃત્ત કરવા તે સંબંધે બન્ને બંધુઓએ બહુ બહુ વિચારો કર્યા. આવતી કાલે શું કરવું, શું ઉપાયે આ વિરોધ શાંત થાય તે વિષે તેમણે આખી રાત એકાંતમાં બેસી વિચાર કર્યો. પરંતુ પ્રયત્ન કરવા છતાં સમાધાનીનો એક માર્ગ તેમને મળી શકયો નહીં.

પ્રાતઃકાળે સુભદ્ર તથા મણિભદ્રને સાથે લઇને ધનદત્ત શેઠ મહાવીરપ્રભુના દર્શન કરવા જેતવનમાં ગયા. વિધિપૂર્વક વંદન ક્રિયા કરી રહ્યા પછી ગઇ કાલના ઠરાવો તથા આજની સભા સંબંધી તમામ વિગત પ્રભુના ચરણમાં નિવેદન કરી. મણિભદ્રના નાસી છુટવા પછી સામંતભદ્રને ત્યાં જે જે બનાવો બન્યા તે સર્વનું વિગતવાર વર્ણન કરી, છેવટે સુભદ્રે હસ્તદ્વય જોડી, અશ્રુપૂર્ણ નયને પ્રભુને આ શ્રાવસ્તી નગરીનો પરિત્યાગ કરવાની સવિનય પ્રાર્થના કરી.

પ્રાર્થના પૂરી થયા પછી **સુભદ્ર, મણીભદ્ર** તથા **ધનદત્ત** વિગેરે પ્રભુના મુખનો ઉત્તર સાંભળવા તેમની સામે એકાગ્રતા પૂર્વક નીરખી રહ્યા. તેમણે તે જ વખતે પ્રભુના વદન-કમળ ઉપર થઇને જ્યોત્સ્નામય હાસ્યની સ્નિગ્ધ રશ્મી, વિદ્યુતના ચમકારાની માફક પસાર પામતી લક્ષમાં લીધી. એ નિર્મળ મૃદુ-મધુર હાસ્યમાં આત્મનિર્ભયતા અને નિર્ભિકતાની સાથે સ્વતઃસિદ્ધ ગંભીરતા અને પ્રસન્નતા પણ સ્પષ્ટરૂપે પ્રકાશતી હોય એમ જણાઇ

આવ્યું. ત્યારબાદ પ્રભુએ પોતાના સ્વાભાવિક મનોમોહક ગંભીર મધુર સ્વરોમાં કહ્યું કે:—" એમાં ભય પામવાનું કે કોઇના પ્રત્યે રાગ-દ્વેષ કરવાનું કશું કારણ નથી. જે કાળે જે બનવા યોગ્ય હોય છે તે બન્યે જાય છે. તમારે નિરર્થક ચિંતા કરી વ્યાકૂળ ન થવું. તમે જોશો કે શ્રાવસ્તી નગરીનું નામ પણ જૈન સંઘ અને જૈન શાસનના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે સર્વદા લખાયેલું રહેશે. દયા ધર્મના પ્રચારઅર્થે પણ આ સુયોગ બહુ ઉપયોગી થઇ પડશે. " જેતવનમાં જાણે અમૃતની વૃષ્ટિ થઈ રહી હોય તેવો સર્વને થોડીવાર આભાસ થયો. પ્રભુની આ પ્રકારની નિર્ભયતા તથા આત્મનિર્ભરતા જોઇ સર્વનાં અંતઃકરણો ભક્તિભાવ તથા પૂજ્યભાવથી ગળી જવા લાગ્યાં. પોતાના વિરોધીઓ તથા ભક્તો પ્રત્યે પ્રભુનું આવું સમાનભાવપણું નીહાળી અનેકને અત્યંત આશ્ચર્ય ઉપજ્યું. કોઈ કોઇ ભાવિક હૃદયને એમ પણ લાગ્યું કે બ્રાહ્મણ–સમાજના આવા વિરોધી સંયોગોમાં પ્રભુએ વધારે વાર રહેવું એ યોગ્ય ન ગણાય. તેઓએ પ્રભુને શ્રાવસ્તીનો પરિત્યાગ કરવાની પુનઃ પ્રાર્થના કરવાનો પણ નિશ્ચય કર્યો. પરંતુ તે સમયે માત્ર એટલું બોલીને જ, પ્રભુ ત્યાંથી અન્યત્ર ચાલ્યા ગયેલા હોવાથી કોઇને વધુ વિનંતી કરવાનો અવસર મળ્યો નહીં.

પ્રાતઃકાળ થઈ ચૂકયો છે. પ્રભાતનો સ્નિગ્ધ વાયુ જેતવનનાં કુસુમોની સુરભીને વહન કરતો મંદ મંદપણે વહી રહ્યો છે. પ્રભુની વાણી સાંભળી ધનદત્ત, સુભદ્ર તથા મણિભદ્ર એક બીજાની સામે જોઈ થોડી વાર બેસી રહ્યા. પણ હવે, પોતાનું કાંઇ ચાલે તેમ ન હોવાથી તેઓ પણ વિષણ્ણ વદને જેતવનની બ્હાર

ચાલ્યા ગયા. આજે બપોરે સભામાં શું થશે, તથા પ્રભુના ઉપર કોણ જાણે કેવીએ ભયંકર આફત તૂટી પડશે તેજ સંબંધી તર્ક-વિતર્કો કરતાં ગમગીનપણે તેઓ સભાના પરિણામની રાહ જોતા બેસી રહ્યા.

આગ સળગી !

સૂર્યોદય થતાંની સાથેજ સામંતભદ્રને ત્યાં જન-સમુદાય એકત્ર થવા લાગ્યો. તેના વિશાળ આંગણાની મધ્યમાં એક સુંદર-સુગઠિત માંચડો તૈયાર કરવામાં આવ્યો હતો અને તેના ઉપર કીમતી અનેક પ્રકારની રંગ-બેરંગી નક્સીઓવાળું-રત્નખચિત સિંહાસન ગોઠવવામાં આવ્યું હતું. સૂર્યના તાપથી સભાજનોનું રક્ષણ થાય તે માટે ઉપર એક વિશાળ ચંદ્રાતપ બાંધવામાં આવ્યો હતો. સુવર્ણ સિંહાસનની દક્ષિણ દિશામાં અનેકાનેક બહુમૂલ્ય આસનો બીછાની દેવામાં આવ્યાં હતાં. શાસ્ત્રજ્ઞ અને પ્રતિષ્ઠિત બ્રાહ્મણ વિદ્વાનો સુખ-શાંતિથી ત્યાં બેસી શકે એવી દરેક પ્રકારની ગોઠવણ કરવામાં આવી હતી. સિંહાસનની ડાબી બાજુએ નગરના સંમાન્ય-વ્યવહારકૂશળ ધનિક ગૃહસ્થો આરામથી બેસી શકે તે માટે પણ વિવિધ આસનો ગોઠવી રાખવામાં આવ્યાં હતાં. સભાના સમય પુર્વેજ અગણ્ય લોકો ધીમે ધીમે આંગણામાં એકત્ર થવા લાગ્યા. આ પ્રમાણે લગભગ દોઢ પ્રહર વ્યતીત થઇ ગયો. સામંતભદ્રના વિશાળ પ્રાસાદને પ્લાવિત કરવા જનતાનો સમુદ્ર જાણે ચોતરફ ઉછાળા મારી

રહ્યો હોય એવો દેખાવ સર્વત્ર દ્રષ્ટિગોચર થવા લાગ્યો. આંગણા-માં તથા આંગણાની બ્હાર પણ મનુષ્યકંઠમાંથી નીકળતા ભયંકર કોલાહળને લીધે શ્રાવસ્તીનગરીની દશે દિશાઓ ગર્જી ઉઠી ! જ્યાં જુઓ ત્યાં મનુષ્યોની ભીડ અને કોલાહલ થઇ રહ્યો છે. અંતઃ-પુરમાં પણ સદ્‌ગૃહસ્થોની મહિલાઓ આજની સભામાં ભાગ લેવા ઉપસ્થિત થઈ ગઇ છે. શ્રાવસ્તીની અનુપમ સૌંદર્યરાશી આજે સામંતભદ્રના અંતઃપુરમાં એકત્ર થવાથી આજની સભાએ કોઈ અપૂર્વ શોભા ધારણ કરી છે. રત્નાલંકારની સમુજ્જવલ રશ્મિચ્છ-ટાથી પ્રકાશતી સુંદરીઓની કમનીય વદનશ્રેણી જાણે કુસુમરેણુરં-જિત શત–સહસ્ર કમળશ્રેણીની અનુપમશ્રીને પરાસ્ત કરી રહી હોય તેમ ગવાક્ષ અથવા અગાસી તરફ દ્રષ્ટિ કરવાથી જણાઇ આવતું હતું.

યથા સમયે વિશિષ્ટ અમાત્યવર્ગ અને માનનીય સદ્‌ગૃહ-સ્થોની મધ્યમાં એક સુવિશાળ સુસજ્જીત હાથી ઉપર વિરાજીત–શ્રાવસ્તીનો રાજપુત્ર **જીતસેન** સામંતભદ્રના ઘરના આંગણા પાસે આવી હાજર થયો. કંપિત ચરણે, આવેગપૂર્ણ હૃદયે, જ્યેષ્ઠપુત્ર ર-ત્નભદ્રનો હાથ પકડી સામંતભદ્રે રાજકુમારનું સ્વાગત કર્યું. તેના મુખ ઉપર વિષાદની ગાઢ કાલિમા છવાયેલી હતી. પણ કૃત્રિમ હાસ્યથી તે છુપાવવાનો સામંતભદ્રે પ્રયત્ન કર્યો. એટલું છતાં તેના કૃત્રિમ હાસ્યમાં પણ તેના અંતઃકરણની વિષાદમય–ક્લેશમય કા-લિમા પ્રકટ થયા વિના રહેતી નહોતી. રાજપુત્રને આવકાર આ-પતી વેળા તેનું હૃદય જોરથી ઉછાળા મારી રહ્યું હતું. પુત્રદ્વયનો કાયમને માટે ત્યાગ કરવો પડશે એ વિચારથી તેનું હૃદય ચીરાઇ જતું હતું. વૃદ્ધાવસ્થામાં ધર્મનિમિત્તે પોતાને આવું અસહ્ય કષ્ટ સહન કરવું પડશે એવો તેણે કદાપિ સ્વપ્નમાં પણ ખ્યાલ કર્યો નહોતો.

પોતાની પ્રાચીન જાહોજલાલી—કીર્તિ અને સત્તાનું સ્મરણ થતાં તેની આંખના ખૂણામાં જળજળીયાં આવી ગયાં. પણ સૌએ તેને હર્ષાશ્રુ ધારી વધાવી લીધાં. સામંતભદ્રે પણ એ અશ્રુ લુછી નાંખી કૃત્રિમ હાસ્યથી તેને અનુમોદન આપ્યું.

ધીમે ધીમે સામંતભદ્રના વિશાળ તોરણને ઓળંગી રાજપુત્ર પોતાના નોકર—ચાકરને સાથે લઈ સભાની મધ્યમાં આવી ઉભો રહ્યો. દક્ષિણ તરફની બ્રાહ્મણ—મંડળી સિવાય સૌ કોઈએ ઉભા થઈ રાજકુમારનું સ્વાગત કર્યું. રાજકુમારે હસ્તદ્વય જોડી અવનત મસ્તકે સમસ્ત બ્રાહ્મણ—મંડળીને નમસ્કાર કર્યા. અને તેમની અનુજ્ઞા લઈ સુસજ્જીત બહુમૂલ્ય સ્વર્ણસિંહાસન ઉપર પોતાનું સ્થાન લીધું. સામંતભદ્ર અને તેનો સર્વથી જ્યેષ્ઠ પુત્ર રત્નભદ્ર બરાબર રાજપુત્રની પાસે પૃથ્વી તરફ દ્રષ્ટિ કરી જમણી દિશામાં નીરવપણે ઉભા રહ્યા. તેજ વખતે સભાજનોએ એકી સાથે ઉલ્લાસપૂર્ણ ઉચ્ચસ્વરે “ જય, યુવરાજ જીતસેનનો જય ! જય વેદધર્મનો જય ! જય વર્ણાશ્રમધર્મનો જય ! એવા પોકારો કર્યા. સભામાં એકત્ર થયેલા હજારો મનુષ્યોના કંઠમાંથી નીસરેલા જયધ્વનીથી દિગ—દિગન્તમાં પણ પ્રતિધ્વની થવા લાગ્યો ! ઉક્ત જયધ્વની સાથે જ તૂરી—ભેરી આદિ વાદ્યો પણ મધુર સ્વરે ગર્જી ઉઠયા ! સહસ્ર સહસ્ર શંખોના ગંભીર અને વિરાટ ધ્વની વડે શ્રાવસ્તીના સુવિશાળ રાજપ્રાસાદથી લઈ એક ક્ષુદ્ર પર્ણકુટિ પર્યંતના તમામ સ્થાનો કંપી ઉઠયા ! સમસ્ત નગરીમાં એક છેડેથી બીજા છેડા પર્યંત જયધ્વની પ્રસરી ગયો !

ત્યારબાદ આ મહાન સભાનો કાર્યારંભ થયો. સૌપ્રથમ

સામંતભદ્રનો પુરોહિત આચાર્ય જૈબાલી ઉભો થયો. તેનું વય: પ્રાય: સીતેર વર્ષનું હતું. તેના રક્તવર્ણ મુખમંડળ ઉપરથી તથા વિસ્તૃત—તેજસ્વી નયનદ્વયમાંથી નીકળતી અગ્નીની ચીણગારીઓ ઉપરથી તેના હૃદયનો આવેગ, પ્રકંપ તથા અનળ સ્પષ્ટ રીતે પ્રકટ થઇ આવતો હતો. જે સભાજન પ્રત્યે તેની દ્રષ્ટિ પડતી તે દ્રષ્ટી જ સભાજનને જાણે બાળીને ભસ્મીભૂત કરતી હોયની કેમ એવો પ્રત્યેકને આભાસ થયા વિના રહેતો નહીં, તેના દીર્ઘ કેશનો તથા જટાભારનો પ્રકંપ પણ તેના અંતઃકરણના પ્રકંપને સૂચવી આપતો હતો. આ વિશાળ જનતા સમુદ્રને જાણે તે ઉથલાવી નાંખવા માંગતો હોય તેમ શ્રાવણની જલપૂર્ણ મેઘગર્જનાવત્ તેણે ગંભીર સ્વરે બોલવાની શરૂઆત કરી:—

" શ્રાવસ્તી નગરીના. અત્રે એકત્ર થયેલા વેદમાર્ગ નિરત

સદ્ગૃહસ્થો,

શું હવે તમારી તમારા પૂર્વજોના—પિતૃપિતામહોના સનાતન ધર્મ પ્રત્યે શ્રદ્ધા નથી રહી ? તમારૂં યથાર્થ કલ્યાણ શેમાં રહેલું છે તે પણ સમજવાની બુદ્ધિ શું તમે છેક ગુમાવી બેઠા છો ? મનુષ્યે પ્રવર્ત્તાવેલા ધર્મમાં રાગ અને દ્વેષની કલંક—કાલિમા કોઈ દિવસ આવ્યા વિના રહેતી નથી; એટલા માટે જ આપણા દિવ્ય દ્રષ્ટિ-સંપન્ન પૂર્વ પુરૂષો કોઇ એક મનુષ્યની વાણીમાં વિશ્વાસ નહીં રાખતા, અનાદિ—અપૌરૂષેય વેદવાકયમાં જ એક માત્ર નિષ્ઠા રાખવાનો આપણને ઉપદેશ કરતા ગયા છે. અપૌરૂષેય વેદવાકય-માં જે ક્રિયાકાંડનું વિધાન જોવામાં આવે છે, યજ્ઞયાગાદિમાં વિવિધ પ્રાણીઓનાં બળીદાનો આપવાની આપણને જે આજ્ઞા

કરવામાં આવી છે તેજ વિધાન ખરેખર આપણે માટે સ્વર્ગના દ્વાર ખુલ્લાં મુકી શકે તેમ છે, તેજ હોમ—યજ્ઞ આપણને મોક્ષના માર્ગે લઇ જઇ શકે તેમ છે. આજકાલ દયાધર્મના વિસ્તારની સાથે આપણાં હોમ—યજ્ઞનાં બલીદાનો પણ નિર્માલ્ય થતાં જાય છે, એ જોઇને શું તમને શરમ નથી આવતી ? વેદમાં નરબળી—અશ્વબળી વિગેરે આપવાનું વિધાન જોવામાં આવે છે તે સામે આજકાલનો **મહાવીર** પ્રવર્ત્તિત દયાધર્મ જે વાંધો ઉઠાવે છે તે તરફ તમારામાંના કોઇએ લેશ પણ લક્ષ આપવું યોગ્ય નથી. તમારે યાદ રાખવું જોઇએ કે આપણા ક્રિયા—કાંડમાં ગમે તેટલી હિંસા થાય તોપણ આપણે તેને માટે બીલકુલ દુષિત ગણાતા નથી. કારણ કે **वेदिकी हिंसा हिंसा न भवति**—વેદની હિંસા એ હિંસા નથી એમ અનેક પુરૂષોએ કબુલ કર્યું છે, અને અત્યારે પણ અમે કબુલ કરાવવા તૈયાર છીએ. જે યજ્ઞ—ધુમ્રની પવિત્ર ગંધ લેવાને સ્વર્ગના દેવો પણ પોતાનું સ્વર્ગધામ ત્યજી દઈ આ પૃથ્વી પાસે આવે છે તે યજ્ઞનો અને પ્રાણીવધનો નિષેધ કરવો એ શું તમને યોગ્ય લાગે છે ? જે વિવિધ ક્રિયા—કલાપોના પ્રતાપે બ્રાહ્મણ—મંડળી આજે સુખ—ચેનપૂર્વક પોતાનું જીવન નિર્વહે છે, અને જે વેદધર્મના નામે સેંકડો કૃતકર્મોનું પ્રાયશ્ચિત લઇ મનુષ્યો સીધા સ્વર્ગે જાય છે તે વેદધર્મના—પવિત્ર ક્રિયાકલાપના મૂળમાં કુઠારાઘાત થતો જોઇ શું અમારી માફક તમારૂં હૃદય નથી પ્રકંપતું ? શું તમને તમારા પૂર્વજોના ધર્મને માટે કશી લાગણી નથી ? કેટલાક મનુષ્યોને પેલા **મહાવીરની** અને તેની દેશનાની સ્તુતિ કરતા સાંભળ્યા છે. હું પૂછુ છું કે એ

મહાવીર કોણ છે? જેનું ચારિત્ર વેદવિરૂદ્ધ છે, જેની દેશનામાં ઇશ્વરનું નામ માત્ર નથી, સ્વર્ગના દેવોને રીઝવવાનો એક મંત્ર પણું નથી, પોતાના વડીલ બન્ધુની અને સગા–સંબંધીઓની આનાકાની છતાં જેણે સંસારનાં સુખદ બંધનોનો ત્યાગ કર્યો છે, તેની મિષ્ટ વાતોમાં અને તેનાં રૂપદર્શનમાં કોઇને ન છેતરાવાની હું પુનઃ પુનઃ ભલામણ કરૂં છું. જો તમે તેની વાત સાંભળશો તો હું ખાત્રીપૂર્વક કહું છું કે તમે તમારા આ સુખ–સંપત્તિના મૂળરૂપ ગાર્હસ્થ્યધર્મને ગુમાવી દેશો, એટલું જ નહીં પણ પેટ ભરવા માટે જે અન્ન જોઇએ તે અન્નને માટે તમારે ગૃહે ગૃહે ફરવું પડશે. જે ધર્મ શારીરિક કષ્ટો સહન કરવાનું જ ફરમાવે છે, ઐહિક સુખ–સંપત્તિનો ત્યાગ કરવાનું પગલે પગલે ઉપદેશે છે, અને જે ધર્મ સ્વર્ગના સુખોને અકિંચિત્કર લેખી; મોક્ષની સ્થિતિ પ્રાપ્ત કરવા જ પ્રતિબોધ આપે છે, તે ધર્મ તરફ માનની દ્રષ્ટિથી જોવાની તમને શા માટે અભિલાષા પણ થવી જોઇએ, એ મારાથી સમજાતું નથી. ગૃહસ્થો, હું કહું છું કે ધર્મ અન્યત્ર ક્યાંઇ છે જ નહી. જો તમારે ધર્મ જોઇતો હોય, સ્વર્ગના અને વૈકુંઠના દેવ–દેવીઓને આરાધવા હોય, તેમની કૃપા સંપાદન કરી પરમ સુખ–આનંદમાં રહેવું હોય તો અમારી પાસે આવો. અપૌરૂષેય વેદનું શરણુ લ્યો, અને યજ્ઞ–યાગાદિ કરી આ બ્રહ્મદેવોને રીઝવો. આટલું આટલું કહેવા છતાં, આટલો આટલો હિતોપદેશ આપવા છતાં જો તમે તમારા સનાતન ધર્મને વિસર્જન કરવા તૈયાર થશો તો મારે કહેવું પડશે કે તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે, તમને મતિભ્રમ થયો છે અને તેથી તમે પોતે જ તમારૂં હિત સમજવાને અશક્ત થયા છો."

વૃદ્ધ આચાર્ય **જૈબાલીનો** કંઠસ્વર ધીમે ધીમે ઉચ્ચ—ઉચ્ચતર થવા લાગ્યો. સભાસ્થ જનતા પણ ક્રમે ક્રમે નિસ્તબ્ધ—નિસ્તબ્ધતર થવા લાગી. પ્રદીપ્યમાન બ્રાહ્મણ—આચાર્યની તેજસ્વિની—પ્રદિપ્ત-ભાષામયી વક્તૃતા સાંભળી સર્વનાં હૃદયો એક અપૂર્વ પ્રકારની ઉત્તેજનાથી ઉશ્કેરાવા લાગ્યા. વક્તૃતાની મધ્યમાં પ્રસંગોપાત શ્રોતાઓના આરક્ત મુખમંડળમાંથી નીકળતી ધન્યવાદની વાણી અને વિજયધ્વનીથી આ અપાર—અપરિસીમ જનતારૂપી સમુદ્ર ખળભળી ઉઠતો હતો.

છેવટે આચાર્ય **જૈબાલીએ** પોતાથી બની શકે તેટલા આવેગપૂર્વક સભાજનોને સંબોધી—સપ્તમસ્વરે કહેવા માંડયું કે:— " યજ્ઞપતિ ઇન્દ્ર તમારા હૃદયમાં સેંકડો વજ્ર જેટલું બળ પ્રદાન કરશે. એકવાર તમારા દેવતૂલ્ય, ' પરમ પુરૂષોના ચિરવાંછિત ધર્મનું અપમાન કરનાર—**મહાવીરને** આ નગરીથી બ્હાર કહાડો. સનાતન વૈદિકધર્મનો જય હો ! **મહાવીર** જે નાસ્તિકતાનો પ્રચાર કરે છે તે નાસ્તિકતાનો એક અંકુર પણ આ ભૂમિ ઉપર ઉગવા ન પામે તે માટે **મહાવીરને** અને તેના અનુયાયીઓને આ દેશની હદપાર કરી દ્યો. ધર્મ એ જ આપણો સહાયક છે. ધર્મના જુસ્સાને એકવાર તમારા અંતઃકરણમાં જાગૃત કરો. અધર્મના મૂળને જડમૂળથી નિકંદી કહાડો. " તેજ વખતે સભાની જનતાએ પણ પ્રતિધ્વની કર્યો કે:—" જય ! સનાતન વૈદિક ધર્મનો જય ! "

ઉપરા ઉપરી જયના ધ્વનીઓથી તથા આચાર્ય **જૈબાલીની** આવેગપૂર્ણ ઉદ્દીપનાથી સભાસ્થ અનેક મનુષ્યો એટલા બધા ઉ-

ફેરાઇ ગયા કે તેમણે અત્યારે ને અત્યારે જેતવનમાં જઇ **મહાવીર સ્વામીને** જોર-જોલમપુર્વક ગામ-બ્હાર કહાઢવાની મનમાં ને મનમાં પ્રતિજ્ઞા કરી. તેઓ હવે એટલા બધા અધીર બની ગયા કે આ એક ક્ષણવારનો વિલંબ પણ તેમને અસહ્ય જેવો થઇ પડયો. ટુંકામાં, આ વિશાળ જનતાએ જાણે પ્રલયકાળના મહા ભયંકર મહાસાગરનું રૂપ લીધું હોય તે પ્રમાણે અવ્યક્ત ભીમગર્જનાઓ અને ઉત્તાલ તરંગો શરૂ કર્યા. તેમની ગર્જના અને આવેશના પતિધ્વનીવડે દિશાઓ પણ ભેદાવા લાગી !

એટલામાં બ્હાર-દૂર કયાંઇ વિરાટ કોલાહળ થઇ રહ્યો હોય એવા શબ્દો સૌના કાને આવવા લાગ્યા. ધીમે ધીમે આ કોલાહળ વધવા લાગ્યો. પરંતુ સભામાં બેઠેલા ગૃહસ્થો આ કોલાહળ કયાં થાય છે, તથા શા માટે થાય છે તેનો કાંઇ નિર્ણય નહીં કરી શકવાથી અંદર ને અંદર મુંઝાવા લાગ્યા. આથી સભાના કાર્યક્રમમાં મહાન્ વિઘ્ન આવી પડયું. " આટલી બધી શેની ગરબડ થાય છે ?-આ શું થાય છે ? " એવા સૌ કોઇ પરસ્પર પ્રશ્નો પૂછવા લાગ્યા. બ્હાર શું થાય છે તે જોવા સૌએ બની શકે તેટલા ઉર્ધ્વ નેત્રો કરી ચો તરફ નિરીક્ષણ કર્યું. પણ કાંઇ પત્તો લાગ્યો નહીં. ક્રમે ક્રમે કોલાહળ નિકટ આવતો હોય તેવી સર્વને ખાત્રી થઇ. કોલાહળના શબ્દો પણ હવે ધીમે ધીમે સ્ફુટ રીતે સંભળાવા લાગ્યા. સેંકડો અને હજારો ભક્તિપૂર્ણ મનુષ્યકંઠમાંથી **" જય મહાવીર સ્વામીનો જય-જય જૈન શાસનનો જય ! "** એવા શબ્દો નીકળતા હોય અને આ સુવિશાળ ભીષણ જનતા-સમુદ્રને દાબી દેતા હોય એવો સર્વને નિશ્ચય થયો. એકાએક આ

શું થયું તથા કોણ આવ્યું, એ કોઇનાથી સમજાયું નહીં. સભાનું કામ આગળ ચલાવવાનો દરેક પ્રયત્ન નિષ્ફળ જવા લાગ્યો. અંતે ઉદ્વેગ–વિસ્મય અને ક્રોધને લીધે ધ્રુજતા ધ્રુજતા જૈમાલીએ એક લાંબો દીર્ઘનિશ્વાસ મૂકયો અને "હા અદૃષ્ટ" કહી, ન છુટકે પોતાના આસન ઉપર બેસી ગયો.

અપૂર્વ પ્રતિવિધાન.

વિસ્મિત નેત્રે સૌએ ધારીને જોયું તો જણાયું કે ખરેખર ભગવન્ મહાવીર પોતે જ આ સભા–મંડપ તરફ પવિત્ર પગલાં કરી રહ્યા છે, તેમનું પ્રશાંત છતાં ગંભીર મુખમંડળ, આકર્ણવિસ્તૃત ઉજ્જવળ નયનયુગલ, પ્રસાદ તથા ઉદારતાપૂર્ણ વિશ્વમોહન જ્યોતિર્મયી દ્રષ્ટિ એ સર્વ જોતાની વાર જ સમસ્ત સભા આશ્ચર્યમુગ્ધ બની ગઇ ! પ્રભુ જે તરફ દ્રષ્ટિ કરવા લાગ્યા તે તરફ જાણે સુધાવૃષ્ટિ કિંવા નીલેન્દીવરમાળાની વૃષ્ટિ થતી હોય તેમ સર્વને જણાવા લાગ્યું. તે સમયની પ્રભુની મૂર્તિનું વર્ણન આ રંક લેખિનીથી થઇ શકે તેમ નથી. શું તે ભયશૂન્ય–નિર્દોષ પ્રેમપૂર્ણ વદનનું મધુર મૃદુ મન્દ સ્મિત ! જાણે કે સ્વચ્છ સલીલ ઉપર શરતની શાંત જ્યોત્સ્ના પ્રતિફલિત થઇ રહી હોયની કેમ ? શું તે સદ્‌ભાવ સૌમ્ય–કરૂણામય મૂર્તિ ! જેણે જીવનમાં એકવાર પણ દર્શન કર્યા હોય તેના અંતઃકરણનો સર્વ તાપ–પાપ તે જ ક્ષણે શાંત થયા વિના રહે નહીં ! શું તે કુસુમ

સુકુમાર છતાં મહાનુભાવ કમનીય દેહ ! જાણે તપ્તકાંચનના વિશુદ્ધતમ અણુઓથી સુનિર્મિત થયેલી કેવળ પ્રોજ્જવલ સૌંદર્યનીજ રાશી ! જેનાં દર્શનથી કંદર્પનો દર્પ પણ ચૂર્ણ થઈ જાય ! નથી તે કમનીય દેહ ઉપર એવાં દિવ્ય વસ્ત્રાભરણો કે નથી એવાં બહુ મૂલ્ય રત્નાભરણો ! છતાં શું અપૂર્વ વેશ ! શું અમાનુષ અનુભાવ ! પ્રભુ જે તરફ પવિત્ર પાદનિક્ષેપ કરવા લાગ્યા તે તરફના લોકો ભક્તિપૂર્ણ અવનત મસ્તકે પ્રભુને આગળ જવાનો માર્ગ કરી આપવા લાગ્યા ! સભાજનોની ઉદ્દીપના તથા આવેગ એક ક્ષણવારમાં જ—દર્શન માત્રમાં જ શાંત થઈ ગયો ! સમુદ્રમાં ભયંકર તોફાન ઉઠયા પછી જેવી શાંતિ પ્રસરે તેવી સર્વત્ર શાંતિ જણાવા લાગી ! પ્રભુ ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યા. કેવળ આચાર્ય જૈઆલી તથા તેની પંક્તિના બીજા કેટલાએક પંડિતો પ્રભુનો આ પ્રભાવ જોઈ શક્યા નહીં. તેઓ તે જ ક્ષણે રોષ-ક્ષોભ અને અભિમાનથી ધ્રુજતાં ધ્રુજતા સભાનો પરિત્યાગ કરી ત્યાંથી ચાલી નીકળ્યા.

ભગવાન્ મહાવીરે એકવાર પ્રશાંત—ગંભીરભાવે સભાની તરફ દ્રષ્ટિપાત કર્યો. તેજ ક્ષણે સહસ્ર સહસ્ર મનુષ્યોના કંઠમાંથી જયના ધ્વનીઓ નીકળવા લાગ્યા ! સર્વેએ અંજલી જોડી અવનત શિરે પ્રભુને એકવાર પુનઃ વંદન કર્યું. ત્યારબાદ તેઓ ધીરપદસંચારે આગળ વધ્યા અને પેલા વિચિત્ર ધ્વજા—પતાકાથી શોભતા રમણીય માંચડા ઉપર જઇને ઉભા રહ્યા. પ્રભુ જેવા માંચડા પાસે પહોંચ્યા કે તુરત જ સમસ્ત માનનીય ગૃહસ્થોએ એકી સાથે ઉભા થઈ પ્રભુને આવકાર, આપ્યો. રાજકુમાર જીતસેન પણ સિંહાસનનો ત્યાગ કરી અવનત મસ્તકે પ્રભુની પાસે

આવીને ઉભો રહ્યો. સાથે સાથે સહસ્ર કંઠોમાંથી "જય-મહાવીર સ્વામીનો જય-જય જૈન શાસનનો જય." એવા ગગનભેદી અવાજો થવા લાગ્યા !

માંચડાના મધ્ય સ્થળમાં ઉભા રહી પ્રભુએ સભાની તરફ પુનઃ દ્રષ્ટિ કરી, અને વિસ્મિત તથા સ્તબ્ધ જનસમુહને લક્ષ્ય કરી પોતાની સ્વતઃસિદ્ધ-અપાર્થીવ, ગંભીર તથા મધુર વાણીમાં દેશના આપવી શરૂ કરી ! તે વાણીમાં ઉદ્વેગ-આવેગ કે ઉદ્દીપનાનો લેશમાત્ર અંશ નહોતો. જાણે વિશુદ્ધ આત્માના ઉંડા ભાગમાંથી અનુભવની શાંત-સ્નિગ્ધ-સુમધુર તરંગાવળી વહી આવતી હોય, તેમ પ્રભુએ દેશનાનો આરંભ કર્યો.

પ્રભુની ગંભીરાર્થસૂચક વાણીમાંથી શું અર્થ પ્રકટ થતો હતો, તે આટલે લાંબે વખતે યથાર્થભાવે કહેવા બેસીએ તો પ્રભુની વાણીની અમે કશી કીંમત જ કરી શકયા નથી એમ લેખાય. પ્રભુના મુખમાંથી નીસરેલા એક એક શબ્દ ઉપર સમર્થ આચાર્યોએ મહાન્ ભાષ્યો-ચૂર્ણીઓ તથા ટીકાઓ રચી અદ્દભૂત પ્રકાશ નાંખ્યો છે, છતાં તેઓ પણ પ્રભુની અપૂર્વ વાણીનો સમસ્ત પ્રભાવ-સમસ્ત અર્થ-સમસ્ત આશય સમજાવી શકયા નથી એમ તેઓ મુક્તકંઠે સ્વીકારે છે. તો પછી તેમની દેશનાનો યથાયથ ભાવ દર્શાવવાનો અમારો પ્રયત્ન ઉપહાસ્યમય તથા અનુચિત સાહસમય ગણાય એમાં તો આશ્ચર્ય જ શું ? છતાં કર્તવ્યના દબાણને વશીભૂત થઈ પ્રભુની તે વખતની દેશનાનો સ્થૂળ મર્મ આ પ્રમાણે આપી શકાય:—

શ્રાવસ્તી નગરીના ભવ્યાત્માઓ ?

* જે સત્યનો અમારે વિસ્તાર કરવાનો છે તે સત્ય એ જ છે કે ધર્મ એ માત્ર સામાજીક રૂઢી અથવા સાંપ્રદાયિક બાહ્યક્રિયાકાંડ માત્ર પાળવાથી જ મળી શકતો નથી. ધર્મ એ વાસ્તવિક સત્ય છે. સત્યધર્મના સ્વરૂપનો આશ્રય ગ્રહણ કરનાર મનુષ્ય પ્રાણીમાત્ર પ્રત્યે સમાનભાવથી જોવા લાગે છે. રાગ–દ્વેષ આદિ આંતરિક અરિઓને પરાજીત કરી યથાર્થ આત્મસ્વરૂપ પામવું એ જ સર્વ જીવમાત્રનો લક્ષ હોવો જોઇએ. સંસારની શોક તાપ–પાપ પરિપૂર્ણ જ્વાળામાંથી છુટવું હોય અને શાશ્વત્ સુખની પ્રાપ્તિ કરવી હોય તો વિવિધ તપસ્યાઓદ્વારા આત્મા ઉપરના આવરણોને દૂર કરવાનો પ્રયત્ન કરો. એટલું કહી પ્રભુએ સંસારનું

---

* Mahavir proclaimed in India the message of salvation that religion is a reality and not a mere social convention; that salvation comes from taking refuge in that true religion and not from observing the external ceremonies of the community, that religion can not regard any barrier between man and man as eternal verity. Wondrous to relate this teaching rapidly over topped the barriers of the race's abiding instinct and conquered the whole country. For a long period now the influence of Kshatriya teachers completely suppressed the Brahmin power. (Sir Ravindra Nath)

યથાર્થ સ્વરૂપ, કર્મના બંધ—મોક્ષની શાસ્ત્રીય પ્રણાલી તથા આત્માના જ્ઞાન—દર્શન—ચારિત્ર આદિ ધર્મોનું વિસ્તારથી વર્ણન કર્યું. દયા ધર્મની મહત્તા, કે જે અત્યાર પૂર્વે અંધાધુનીના યુગમાં છેક વિસ્મૃત થઈ ગઇ હતી તેનો પુનઃ ઉદ્ધાર કર્યો. દેશના પૂરી થઇ એટલે પ્રભુએ પુનઃ સ્વાભાવિક તેજપૂર્ણ દ્રષ્ટિ સભાસ્થ સજ્જનો પ્રતિ નિક્ષિપ્ત કરી. શ્રોતાઓ તે વખતે પોતાની સ્થિતિ ભૂલી ગયા હોય અને જાણે અનનુભૂત શાંતિની સરિતામાં તણાતા હોય તેવો દશ્ય સર્વત્ર દ્રષ્ટિગોચર થવા લાગ્યો.

દેશના પૂર્ણ થયાને થોડી ક્ષણો પસાર થઈ એટલે શ્રાવસ્તીનો રાજકુમાર જીતસેન વૃદ્ધ સામંતભદ્રનો હાથ પકડી, ધીમે—સલજ્જ પાદવિક્ષેપે આગળ વધ્યો અને પ્રભુના ચરણકમળમાં નમી પડયો. અશ્રુસિક્ત નયને ગદ્ ગદ્ સ્વરે રાજકુમાર જીતસેને જણાવ્યું કેઃ—

"પ્રભુ! મારા જેવા અધમ દાસાનુદાસના પ્રથમ અજ્ઞાનકૃત અપરાધને માટે ક્ષમા કરો આજથી પ્રતિજ્ઞા કરૂં છું કે આપના પદાંકને અનુસરવામાં કોઇપણ પ્રકારે પ્રમાદ સેવીશ નહીં. આ શ્રાવસ્તી નગરીમાં જૈનશાસન જયવંતુ વર્તે અને જગતના વિભિન્ન વિભાગોમાંનો જૈનશાસન પ્રત્યેનો વિરોધ શાંત થાય તે માટે પણ હુ મારાથી બનતું કરીશ. પવિત્ર વીતરાગ—ધર્મની પ્રભાવનાઅર્થે તન-મન ધનનો બની શકે તેટલો ભોગ આપવામાં હું મારી જાતને ભાગ્યશાળી લેખીશ. હે અનાથનાથ! હે પતિતપાવન! હે નિષ્કારણ કરૂણાવાન્ પ્રભુ! મને ક્ષમા આપો! અને આપના પવિત્ર ચરણમાં સ્થાન આપો!"

વૃદ્ધ સામંતભદ્રે પણ પ્રભુના ચરણદ્વયને સ્પર્શી પ્રુજત

ધ્રુજતા ક્ષીણ સ્વરે કહ્યું કે:--" દેવાધિદેવ ! હું મારા સમસ્ત અપરાધો બદલ આપની પાસે પરમ વિનિતભાવે ક્ષમા યાચુ છું; મારા જેવો અધમ મનુષ્ય કે જેણે આપના અછતાં દોષોનો વિસ્તાર કરવામાં પાપનો લેશ પણ ભય રાખ્યો નહોતો. તેના અપરાધને માટે ક્ષમા આપી આપની સ્વાભાવિક ક્ષમાવૃત્તિનો અમને એકવાર વધારે પરિચય આપો. મારા જેવા અધમ અને અધઃપતિતનો જો આપ ઉદ્ધાર નહીં કરો તો, પ્રભુ ! આપના નામ-સ્મરણ માત્રથી સંસારી જીવો ભવસાગરનો કેવી રીતે પાર પામી શકશે ? આપના ચરણ–સ્પર્શથી જડ વસ્તુ પણ વંદનીય બને છે તો પછી શું પ્રભુ ! આપની પવિત્ર પ્રતિમાને હૃદયમાં ધારણ કરવા છતાં હું મારા અસંખ્ય દોષોથી મુક્ત નહીં થઇ શકું ? પ્રભુ ! આપ તો સ્પર્શમણી છો, આપના સ્પર્શથી હું જ એક માત્ર લોહસમ રહી જઇશ ? પ્રભુ ! અનાથના નાથ ! મને ક્ષમા કરો, મને આપના ચરણમાં ભવોભવ સ્થાન આપો ? આપના પ્રત્યેની મારી ભક્તિ સર્વદા અસ્ખલિત-પણે વહ્યા કરો ? ભગવન્ ! આજે આપનાં દર્શન તથા સ્પર્શ કરવાથી મારો પ્રથમનો તમામ મોહ દંભ તથા અહંકાર દૂર થઇ ગયો છે. મારૂં કુળ તથા મારૂં ગૃહ આજે પવિત્ર થયું છે. "

સંક્ષિપ્તમાં કહીએ તો સભાનું સ્વરૂપ છેક ફરી ગયું ! બાળક, યુવાન તથા વૃદ્ધ સર્વે કર જોડી અવનત શિરે પ્રભુને કોટીશઃ વંદન કરવા લાગ્યા. પ્રાસાદના ઉપરના ભાગમાંથી રમણીકૂલે પુષ્પ અને મોતીની વૃષ્ટિ કરી, પ્રભુને વધાવ્યા. જય–જયના ધ્વનીઓથી દિગ્મંડળ પરિપુરિત થઇ ગયું.

છેવટે સર્વને આશ્વાસન તથા ઉત્સાહ આપી પ્રભુએ જેતવન તરફ પ્રયાણ કર્યું. પ્રભુના મુખથી નીકળેલી આશ્વાસનની વાણી સાંભળી સર્વ જનોના અંતઃકરણમાં આશા અને શાંતિની જ્યોત્સ્ના પ્રસરવા લાગી. વૃદ્ધ સામંતભદ્ર તથા રાજકુમાર જેતવન પણ અનેક સંમાન્ય ગૃહસ્થોની સાથે પ્રભુની પાછળ પાછળ જેતવનમાં ગયા. જેતવનમાં પ્રવેશ કરતાની સાથે જ સામંતભદ્ર પોતાના પુત્રદ્વય પાસે દોડી ગયો. પિતાના આકસ્મિક દર્શનથી પિતા-પુત્રને કેટલું આશ્ચર્ય તથા કેટલો આનંદ થયો હશે તે માત્ર અનુભવીઓ જ સમજી શકે તેમ છે. અમે નિરર્થક વાક્વ્યય કરી અમારી પામરતા ઉઘાડી પાડવા ખુશી નથી.

પણ રત્નમાળા ક્યાં ?

બીજે દિવસે પ્રાતઃકાળે રત્નમાળાનો પિતા વસુભૂતિ કૌશાંબીથી પાછો ફર્યો. સામંતભદ્ર તે વખતે પોતાના દ્વારના ઓટલા ઉપર બેઠો હતો. બન્ને મિત્રો ઉછળતા હૃદયે પરસ્પરને મળ્યા. પણ સામંતભદ્રે એક સમાચાર એવા આપ્યા કે જેથી વસુભૂતિનું હૃદય ચીરાઈ જવા લાગ્યું ! તેનું સમસ્ત અંગ ચિંતાથી સંતપ્ત થઇ આવ્યું. સામંતભદ્રે કહ્યું કેઃ—“ ગઇ કાલ-રાતથી રત્નમાળાનો પત્તો નથી. કોઇને કાંઈ પણ કહ્યા વિના તેણી ક્યાંઈ ચાલી ગઈ છે. અત્યાર સુધીમાં તપાસ કરવામાં અમે કોઈ જાતની ખામી રાખી નથી. છતાં હજી સુધી તેનો પત્તો મળ્યો નથી. ” વસુભૂતિની હૃદયદ્રાવક અવસ્થા નીરખી

સામંતભદ્રની આંખમાં પણ આંસુ ભરાઇ આવ્યાં ! પોતાને ત્યાં રહેલી પોતાના મિત્રની કન્યા આવી રીતે એકાએક ગુમ થઈ ગઈ, તે માટે તે પોતે પણ પોતાને ધિક્કાર આપવા લાગ્યો. પુનઃ વસુભૂતિએ સ્થળે સ્થળે નોકર—ચાકર નિયુક્ત કરી રત્નમાળાની તપાસ કરાવી; પણ ક્યાંઇથી સંતોષકારક સમાચાર મળ્યા નહીં. રત્નમાળાનો આવો અનુચિત વ્યવહાર જોઇ વસુભૂતિ શોક—ક્ષોભ અને ક્રોધથી ઉન્મત્ત જેવો બની ગયો. આટલી વૃદ્ધ વયે જીવનનું એક માત્ર અવલંબન—નયનનો એક માત્ર તારો ખરી પડયો તે જોઇ વસુભૂતિ હાય—વોય કરવા લાગ્યો ! વસુભૂતિનો કન્યા—રત્નમાળા પ્રત્યે કેટલો પ્રેમ હતો તે આપણે પૂર્વે જાણી ચૂકયા છીએ. વૃદ્ધ વયમાં આવો અચાનક ફટકો લાગવાથી વસુભૂતિને અત્યંત કષ્ટ થાય તે તદ્દન સ્વાભાવિક છે. રત્નમાળાની માતામહી પણ અંતઃપુરમાં ચોધાર આંસુ વરસાવવા લાગી. ": રત્નમાળા ક્યાં હતી ? કયારે કોણે ક્યાં જોઇ હતી ? તથા ક્યાં ગઇ ?" એ સંબંધે ચો તરફ પ્રશ્નોત્તરો થવા લાગ્યા. પણ રત્નમાળાનાં ગમન સંબંધી સંતોષજનક ખુલાસો કોઈ આપી શકયું નહીં, રત્નમાળાનાં કીમતી વસ્ત્રો—અલંકારો તથા પુસ્તકો જયાંના ત્યાં પડ્યાં રહ્યાં છે. આ વસ્ત્રો અને પુસ્તકો પણ વસુભૂતિને વિશેષ ઉત્તેજીત—દુઃખિત કરવામાં આજે સહાયતા આપે છે.

રત્નમાળા કેવા સંયોગોમાં નાસી ગઇ તે સંબંધી તપાસ કરતાં જણાયું કે પેલી વિરાટ સભા જ્યારે વીખરાવા લાગી અને અંતઃપુરમાંની સ્ત્રીઓ એકે એકે પાલખીમાં કે ગાડીમાં બેસીને રવાના થવા લાગી તે વખતે ચો તરફ મ્હોટો કોલાહળ—ધમાધમ તથા શોરબકોર થઇ રહ્યો હતો. અમુકની પાલખીનો પત્તો મળે નહીં !

અમુક સ્ત્રીના અંગરક્ષકો ક્યાંઈ દૂર ચાલ્યા ગયેલા. તેમને સાદ કરવા છતાં કોઇ જવાબ આપે નહીં ! અમુકની ગાડીના બળદો કે અશ્વોનું કાંઈ ઠેકાણું જ મળે નહીં ! આવી રીતે જ્યારે સર્વત્ર ધમાલ ચાલી રહી હતી તે વખતે **રત્નમાળાને** નાસી છુટવાની બહુ સારી તક મળેલી હોવી જોઇએ એમ સૌએ અનુમાન કર્યું. તે વખતે સામંતભદ્રના નોકરો–ચાકરો તથા સગા–સંબંધીઓ લોકોને રવાના કરવામાં તથા તેમને જોઇતી સગવડો પુરી પાડવામાં એટલા બધા રોકાયેલા હતા કે તેઓ **રત્નમાળાની** કશી ખબર લઇ શક્યા નહીં. તે દિવસે બહુ મોડી રાત સુધી આ બધી ગરબડ ચાલુ રહી હતી, તેથી રત્નમાળા ક્યાં ગઇ–શા માટે ગઈ–કોની સાથે ગઈ તેનો નિર્ણય થઈ શકે તેમ નહોતું. કોઇ કોઈ નોકરે સામંતભદ્રને અને વસુભૂતિને આશ્વાસન આપવા માટે એમ પણ કહ્યું કે પોતાની કોઇ બ્હેનપણી અથવા સખીને ત્યાં રત્નમાળા ચાલી ગઇ હોય તો ના નહીં. તે વખતે ઘરના બધા માણસો કામમાં રોકાયેલા હોવાથી કોઇને ખબર આપી શકી નહીં હોય–પણ ઘણું કરીને આજની સાંજ સુધીમાં તે આવી જવી જોઇએ. નિરર્થક ચિંતા કરવાનું કારણ નથી.” પરંતુ આવા આશ્વાસનથી વસુભૂતિ કોઈ રીતે શાંત થયો નહીં. તેણે પોતાની તપાસ ચાલુ જ રાખી.

મણીભદ્ર પણ ખાવું–પીવું સમસ્ત ત્યજી દઇને એક માત્ર રત્નમાળાની શોધમાં ચોતરફ ફરે છે. પણ ક્યાંઇ પત્તો નહીં લાગવાથી હતાશ હૃદયે ઉંડો નિશ્વાસ મુકે છે. વસ્તુતઃ રત્નમાળાનાં એક વાર દર્શન કરવાની આકાંક્ષા તેના હૃદયમાં એટલી બધી ઉગ્રપણે પ્રવર્ત્તે છે, કે રત્નમાળાનો પત્તો લાગવામાં જેટલો કાળ જાય છે તેટલો કાળ તેને અસહ્ય ભયંકર કાળરૂપ લાગે છે. તે

રાત્રીની રત્નમાળાની અપૂર્વ કરૂણા, અસાધારણ હિંમત તથા સ્વર્ગીય સૌંદર્યરાશી તે હજી ભૂલી શકયો નથી. જીવનપર્યંત તે ભૂલી જઇ શકે તેમ પણ નથી. તે માત્ર એક જ વાર તે દેવીમૂર્તિનાં દર્શન કરી કૃતાર્થ થવા માંગે છે, પણ તે રત્નમાળા ક્યાં ?

આ પ્રમાણે વિવિધ પ્રશ્નો અને વિવિધ શોધખોળો ચાલતી હતી તેટલામાં ધનદત્ત શેઠના એક નોકરે આવી, સામંતભદ્રના હાથમાં એક પત્ર મૂકયો. સામંતભદ્રે એક શ્વાસે કવર ફોડી પત્ર વાંચ્યો. પત્ર વાંચતાની સાથે જ તેના ચ્હેરા ઉપર આનંદ અને શાંતિની લાગણી એકાએક પ્રકટી નીકળી. તે એકદમ વસુભૂતિ પાસે ગયો, અને રણવિજયી વીરની માફક પરમ ઉલ્લાસથી પેલો પત્ર તેને વાંચવા આપ્યો. પત્ર વાંચીને વસુભૂતિની આંખમાં પણ આનંદાશ્રુ ભરાઇ આવ્યા. પત્રમાં નીચે પ્રમાણે લખવામાં આવ્યું હતું:—

" પ્રિય ભ્રાત સામંતભદ્ર,

આપણા પરમ આત્મીય શેઠ વસુભૂતિની કન્યા રત્નમાળા કાલ રાત્રીએ લગભગ દ્વિતીય પ્રહરે સુવર્ણગુપ્તની અંતઃપુરની કન્યાઓ સાથે પાલખીમાં બેસી, મારે ત્યાં આવી છે. તે શામાટે આવી છે તથા તમને પણ જણાવ્યા વિના તેણે શામાટે તમારૂં ગૃહ ત્યજ્યું છે, તેનો હું પુછવા છતાં કશો ખુલાસો મેળવી શકયો નથી. તે સંબંધી કાંઈપણ વાત તેણી મારી પાસે પ્રગટ કરવા તૈયાર નથી. તેણીની ઇચ્છા એવી છે કે તેણીના પિતાશ્રી જ્યાં સુધી પોતાના દેશમાંથી અત્રે પાછા ન આવે ત્યાંસુધી મારે ત્યાં જ રહેવું. વસુભૂતિની અથવા તમારી કન્યા એ મારી જ કન્યા છે. માટે તે વિષે હવે કશી ફીકર કરશો નહીં. હું ગઇ કાલે આખો

દિવસ જેતવનમાં ભગવાનની સેવામાં હતો, તેથી કરીને આ સમાચાર હું આપને જલદીથી આપી શકયો નથી; તે માટે ક્ષમા કરશો. રત્નમાળાની માતામહી પણ અહીં આવીને રહે તો ઠીક, એમ તેણી અંતઃકરણપૂર્વક ઇચ્છે છે. ઇતિ.

લી૰ સેવક ધનદત્તના સવિનય પ્રણામ.

વિશેષમાં લખવાનું કે આ સાથે એક બીજો પત્ર જે રત્નમાળાએ પોતે જાતે લખ્યો છે, તે સંભાળી લેશો અને તે પત્ર સુભદ્રની પત્ની મણિમાલિનીને પહોંચાડશો. એજ ”

પત્ર વાંચી રહ્યા પછી વસુભૂતિના દેહમાં જાણે નવું ચૈતન્ય આવ્યું હોય તેવો તેના મુખ ઉપર પ્રકાશ ફેલાયો. તે જ વખતે તે પોતાની કન્યાની ખબર લેવા ધનદત્ત શેઠને ત્યાં રવાના થયો. મણિભદ્રનાં ચિંતામલીન ગંભીર વદન ઉપર પણ ક્ષણવારને માટે ઉલ્લાસમય સ્મિતની જ્યોત્સ્ના ખીલી નીકળી !

રત્નમાળાનો પત્ર.

“ ભગિની મણિમાલિની,

તમને કશી સૂચના આપ્યા વગર હું ત્યાંથી રવાના થઈ તે માટે તમારી સર્વની પાસે હું અપરાધિની થઈ છું, એ હું સ્વીકારૂં છું. દુઃખિની રત્નમાળાને તમે શું ક્ષમા આપી શકો એટલા ઉદાર નહીં થાઓ ? બીજાઓ ક્ષમા આપે કે નહીં તેની મને ચિંતા નથી, પણ ખાસ કરીને તમે

અને ક્ષમા આપ્યા વિના નહીં રહો એ આશાનો હજી સુધી મારા આ વ્યાકૂળ હૃદયે ત્યાગ કર્યો નથી. પુનઃ આપને વિનંતી અને શત શત નમનપૂર્વક પ્રાર્થના કરૂં છું કે તમારી આ સ્નેહપાત્રી રત્નમાળાને—આજન્મદુઃખિની રત્નમાળાને આ અપરાધ માટે એકવાર ક્ષમા આપશો. હવે આ જન્મમાં એવો અપરાધ ફરીથી નહીં કરૂં, એવી આપને ખાત્રી આપું છું.

હું ખરેખર આજન્મદુઃખિની છું. મારા જન્મ પછી અલ્પ સમયે જ મારી માતુશ્રીએ સ્વર્ગગમન કર્યું. સંસારની એક માત્ર સાર વસ્તુ—સંતાનના ઐહિક અને પારલૌકિક અવલંબનરૂપ જનનીસ્નેહ—કેવો હોય તેનો લેશ માત્ર લ્હાવો હું લઈ શકી નથી. સ્નેહમયી જનનીની પવિત્ર મૂર્ત્તિ જેના સ્મૃતિપટમાં અંકાયેલી નથી રહેતી તેનું જીવન મારી માફકજ શુષ્ક—સંતપ્ત અને નિષ્ફળ જતું હશે, એમ હું માનું છું. પિતાએ પણ મારી ખાતર કેટલાં કેટલાં કષ્ટો સહન કર્યાં છે? મારા જન્મથી લઇને તે ઠેઠ હું સમજણી થઇ ત્યાં સુધી, મારાથી કોઈ એવું ભાગ્યે જ કાર્ય થયું હશે કે જે વડે હું પિતાજીને એક મુહૂર્ત્તવાર પણ સુખી કરી શકી હોઉં! મારી જ ખાતર—મારા જેવી આજન્મદુઃખભાગિની ખાતર પિતાજી હમેશા ચિંતિત—દુઃખિત અને વિપન્ન રહ્યા કરે છે. ઘણું-કરીને તમે પણ એ વાત જાણતા હશો. તે ઉપરાંત હું એવી કમનસીબ છું કે હું જે જે સ્થળે જઉં છું તે તે સ્થળે વિપત્તિ મારી પાછળ ને પાછળ આવ્યા વિના રહેતી નથી. તમે પોતેજ વિચાર કરો કે હું જ્યારથી તમારે ત્યાં આવી ત્યારથી લઇને તમારા સુખમય સંસાર ઉપર કેટલી કેટલી જાતની આફતો પસાર થઈ છે? મારા નિમિત્તે તમો સર્વને જે જે દુઃખ અને વિપત્તિ

સહન કરવી પડી છે, તેનો ખ્યાલ માત્ર કરૂં છું તો મને કંપારી છૂટયા વિના રહેતી નથી.

કાલે કરૂણામય ભગવાન્ પોતે પધારી તમારૂં ગૃહ અજવાળી ગયા છે. તેમના પવિત્ર પાદપદ્મના રજઃકણસ્પર્શે તમારી સર્વ પ્રકારની વિપદ્ દૂર થયેલી જોઈ મને જે આનંદ અને જે સંતોષ થયો છે, તે મુખેથી બોલીને કે પત્રથી લખીને તમારી પાસે સ્પષ્ટ કરી શકું તેમ નથી. મને એટલોબધો આનંદ તથા સંતોષ ઉપજવા છતાં હું શા માટે તમારાં ગૃહનો ત્યાગ કરી ચાલી ગઈ, એવો પ્રશ્ન તમે મને આ સ્થળે પૂછયા વિના રહેશો નહી, એમ હું ધારૂં છું. હું શા માટે અકસ્માત્—કઠોરભાવે ચાલી નીકળી એ જ વાત કહેવા બેઠી છું—એ જ વાત કહેવા આ પત્ર તથા લેખિની હાથમાં લીધી છે. પરંતુ સ્નેહમયી મણિમાલિની ! વચમાં વચમાં એમ પણ લાગી આવે છે કે બધી વાત સ્પષ્ટ ન કરવામાં જ ભલાઇ છે. કારણ કે એથી કિંચિત્ પણ તમારૂં હૃદય દુભાય તેમ છે, અને તેથી પત્રને આટલેથી જ અટકાવવો એવી ઈચ્છા થઈ આવે છે. પરંતુ મારા નાસી આવવાનાં યથાર્થ કારણના અભાવે તમે અનેક તર્ક—વિતર્ક કરી દુઃખિત થાઓ એ પણ મને ઠીક નથી લાગતું. એટલા માટે ખરી હકીકત લખ્યા વિના રહી શકતી નથી. આશા છે કે આ પત્ર સંબંધી વિગત તમે કોઇની પાસે ખુલ્લી નહીં કરો. તમારો મ્હોટો ઉપકાર માનીશ.

ભગવાન્ મહાવીર જ્યારે પેલી વિસ્મયસ્તબ્ધ તથા પ્રમુદિત ભવ્યમંડળીને સાથે લઇને તમારાં ગૃહની બ્હાર નીકળ્યા, અને તમારા શ્વસુર પણ જ્યારે તેમની સાથે સાથે જેતવનમાં

ગયા ત્યારે મને એમ લાગ્યું કે હવે તમારા ગૃહમાં રહેવું એ મારે માટે કોઇ રીતે ઉચિત નથી. શા માટે ઉચિત નથી, એ જ કહું છું.

તમારા ગૃહમાં—તમારા સંસારમાં જે ઘોર અશાંતિનો આરંભ થયો હતો તે જ્યારે **પ્રભુ મહાવીરના** કૃપાકટાક્ષથી દૂર થયો ત્યારે મને ખાત્રી થઈ કે આજે, કાલે અથવા એક દીવસ રહીને પણ તમારા સ્વામી અને તમારા દેવર **મણિભદ્ર** પુનઃ તમારા ગૃહે પાછા આવ્યા વિના રહેશે નહીં. તેઓ જ્યારે પેલી કોટડીમાંથી નાસી ગયા તે વખતની મારી અને તેમની આંતરિક સ્થિતિ તમારાથી અજાણી નથી, એટલા માટે હું પુનઃ એ વાતનો ઉલ્લેખ કરી આ પત્રને લંબાવવા ઇચ્છતી નથી. તેઓ જ્યારે તમારા ગૃહમાં આવે ત્યારે એ જ ગૃહમાં મારે પણ રહેવું એ મને સહિસલામત જણાયું નહીં. તમે કહેશો કે " પણ એમાં વાંધા જેવું શું છે ? " ખાસ કરીને તેમાં શું વાંધા જેવું છે એનો હું બરાબર નિર્ણય કરી શકી નથી. છતાં મને એટલું તો ચોક્કસ લાગ્યું છે કે તેમનો અને મારો એકજ સ્થળે નિવાસ હોય તો તેમને કદાચ હું વિપત્તિના નિમિત્તરૂપ થઈ પડું તો તે અસ્વાભાવિક નથી. તમે કહેશો કેઃ—" **મણિભદ્રની** સાથે લગ્ન કરવાની હજી થોડા દિવસ ઉપરજ તમે તમારી ઇચ્છા દર્શાવી હતી તો પછી આમ નાસતા ફરવાનું શું કારણ ? " આના ઉત્તરમાં મારૂં નિવેદન માત્ર એટલું જ છે કે બ્હેન ! હું ગમેતેવી પણ સ્ત્રી છું—મારૂં હૃદય કેટલું દુર્બળ છે અથવા કેટલું દુર્બળ હોવું જોઇએ એ વાત હું બહુ સારી પેઠે સમજું છું. અલબત્ત, તે દીવસે મેં **મણીભદ્રની** સાથે લગ્ન કરવાનું તમને કહ્યું હતું. પણ તે પિતાના મનને સંતોષ આપવાની ખાતર જ **મણીભદ્ર** સાથે લગ્ન

થાય તો હું તેમાં અસમ્મત નથી, એવો મારો કહેવાનો આશય હતો, તે તું ભૂલી નહીં ગઇ હો. પરંતુ પાછળથી બહુ લાંબો વિચાર કરતાં મને જણાયું કે, વિવાહ તો ન કરવો. એટલા માટે પૂર્વના સંકલ્પનો ત્યાગ કરી, પુનઃ મૂળ **પ્રતિજ્ઞા** ઉપર આવી છું કે "જીવનમાં સંસારિણી તો કદાપિ બનીશ નહીં." બની શકે તો **જૈન દીક્ષા લઈ** મૃત્યુપર્યંત જ્ઞાનનું અધ્યયન અને ધર્મનું અનુશીલન કરી પરહિતવ્રતનું અંતઃકરણ પૂર્વક પાલન કરવું એ જ મારા જીવનનો મુખ્ય ઉદ્દેશ મેં સ્થિર કર્યો છે. પિતાશ્રીને આ વાતની ખબર પડવાથી તેઓ બહુ દુઃખિત થશે એ હું જાણું છું. પણ એટલા ખાતર જીવનના ઉદ્દેશને પગતળે દાબી દેવો એ શું યોગ્ય ગણાય? પિતાજીનું જીવન મારા એ વ્રતગ્રહણથી પરમ વિષાદમય બનશે એનો વિચાર કરતાં ખરેખર હું ધ્રુજી ઉઠું છું. પણ શું કરૂં? અદૃષ્ટની લિપિજ કાંઇ જૂદા પ્રકારની હોય એમ જણાય છે!

પિતાજીને દુઃખ થશે એ વિચારથી એક ક્ષણવાર પણ હું અળગી રહી શકતી નથી. પિતાજીના અંતઃકરણમાં મારા પ્રત્યે ગંભીર સ્નેહ છે, અને એ સ્નેહના પ્રમાણમાં જ તેમને આઘાત લાગશે એ પણ હું જાણુંછું. બ્હેન! શું તને એમ નથી લાગતું કે મ્હારા પિતા જેવા સ્નેહમય છે તેવા જ ધર્મપ્રિય છે? તેમને મારી દીક્ષાથી કદાચ આરંભમાં દુઃખ થશે, પણ જ્યારે તેમને એમ લાગશે કે મેં વિવાહ નહીં કરતાં મારૂં તુચ્છ જીવન એક પ્રકારના ઉચ્ચ માર્ગે—નિસ્વાર્થ શાસનસેવાઅર્થે પવિત્ર ભાવે વ્યતીત કર્યું છે ત્યારે શું તેમને ઉલ્લાસ થયા વિના નહીં રહે? તેમના એક અધમ સંતાનની જીવન સફળતા જોઇ શું પિતાજીનું

ધર્મપ્રાણ હૃદય સંતોષ અને પ્રમોદથી દ્રવીભૂત નહીં થાય ? જરા ઉંડા વિચારપૂર્વક મારી વાતનું સમતોલન કરી જુઓ.

પિતાજી તે દિવસે અમને એકલા મુકી પોતે કૌશાંબી ચાલ્યા ગયા તેમાં તેમનો શું ગૂઢ આશય હોવો જોઇએ તે પણ હું તત્કાળ સમજી ગઈ હતી. તે ગૂઢ ઉદ્દેશ બીજો કાંઈ જ નહીં પણ એ જ હતો કે હવે હું પુખ્ત વયે પહોંચી ચુકી છું, તો પુરૂષરત્ન મણિભદ્રનાં દર્શને મારૂં અંતઃકરણ આકર્ષાય, તેની સાથે નિર્દોષ વાર્ત્તાલાપ કરવાનો મને પ્રસંગ મળે, અને હું વિવાહ કરવાને તત્પર થઉં, તો પિતાજીનો ઘણા લાંબા કાળનો મનોરથ અનાયાસે ફળીભૂત થાય. પિતૃદેવની એ આશા છેક જ પાયા વગરની હતી, એમ મારાથી કેવી રીતે કહી શકાય? પિતાજી એવો આશય પોષવામાં છેક ભ્રમિત હતા, એમ પણ કેવી રીતે કહી શકાય ? પેલી રાત્રીએ પેલી અવસ્થામાં બહુ જ થોડી ક્ષણોપર્યંત મેં મણીભદ્રનાં દર્શન કર્યાં હતાં, બહુ જ થોડો વખત અમારે વાર્ત્તાલાપ થયો હતો, પરંતુ તે અલ્પ સમયનાં દર્શને તથા તે અલ્પ સમયના વાર્ત્તાલાપે મારા હૃદયમાં એવી ઉંડી અસર કરી છે કે હું કદાપિ તે ભૂલી જઈ શકું તેમ નથી. તેની સાથે બીજી એક વાત પણ મારા લક્ષમાં આવી ગઇ છે, અને તે એ જ કે દુર્બળ હૃદયની રમણીને માટે, પુરૂષરત્નની સન્મુખ આત્મ-સંયમ સાચવી રાખવો એ બહુ કઠિન વ્યાપાર છે. તેમાં પણ મારા જેવી નિર્બળ-હૃદય માટે ખાસ કરીને.

સંસાર તરફ મને કોઇ પ્રકારની ઉંડી રૂચી કે લાલસા નથી. એ દિવસના રૂપમોહમાં પડી દુર્લભ માનવ-દેહ નિષ્ફળ ગુમાવવો એ શું ઉચિત છે ? મારાથી તો એમ નહીં જ બની શકે.' ખરેખર

બ્હેન મણિમાલિની! હું પ્રતિજ્ઞા ઉપર કહું છું કે તેમનાં પ્રથમ દર્શન અને પ્રથમ સમાગમ તથા પ્રથમ વાર્ત્તાલાપ વખતે મારૂં હૃદય કંપી ઉઠ્યું હતું! તેમના હસ્તનો સ્પર્શ કરવા જતાં મારૂં સર્વ શરીર રોમાંચિત્ત થઇ આવ્યું હતું! તેમની સાથે વાત કરતાં મારો સ્વર પણ રૂંધાઈ જતો હોય તેમ મને લાગ્યું હતું. કેવી દુર્બળતા? રમણી-હૃદયની કેટલી બધી પામરતા? કેટલી બધી ચંચળતા?

ત્યાર પછી-તેઓ જ્યારે તમારૂં ગૃહ ત્યજી ગયા ત્યારપછી મને તેમના વિષે કેટલા કેટલા વિચારો અને કેટલી કેટલી ચિંતાઓ થઇ છે તે સર્વ હું વર્ણવી શકતી નથી. તેમનાં શાંત છતાં ગંભીર, વિપન્ન છતાં ઉજ્જવળ નયનદ્વય આ જીંદગીમાં પુનઃ એક વાર જોઇ શકીશ નહીં, એ વિચારે મને ઘણીવાર ગાંડી જેવી બનાવી મૂકી છે! ઘણીવાર અજાણતા આંખમાંથી આંસુ પણ પાડી ચૂકી છું; પરંતુ એ સર્વ લક્ષણોને હું શુભ લક્ષણો માની શકતી નથી. રમણી-જીવનના અધઃપતનની નિશાનીઓ પ્રાયઃ એવી જ હોય છે, એમાં સંદેહ કરવાનું મને કશું કારણ નથી. પૂર્વે પણ અનેક સુંદર-શ્રીમાન્ સત્કુલોત્પન્ન યુવકોને મેં જોયા છે, છતાં તેમને જોવાથી મને કશી અસર થઈ નહીં અને મણિભદ્રને જોતાંની જ સાથે અંતરના ઉંડા મર્મ ભાગમાં લાગણી ઉછળી આવી તેનું શું કારણ? કારણ ગમે તે હો. પરંતુ બ્હેન મણિમાલિની, પ્રલોભનોની મધ્યમાં રહી પ્રલોભન ઉપર વિજય મેળવવો એ કામ-એ સાહસ મારા જેવી દુર્બળ હૃદયની નારીએ રાખવું અનુચિત છે-કદાચ આત્મઘાતક પણ છે. એટલા જ માટે મેં

પોતે પ્રલોભનનાં રણક્ષેત્રમાં પરાજય સ્વીકારી નાસી છુટવાનું વ્યાજબી વિચાર્યું છે. હું પૂર્વેજ કહી ગઇ છું કે સંસાર-સુખમ મને લેશ પણ આસક્તિ કે મોહ નથી. જેના મુખપ્રતિ દ્રષ્ટિ કરવાથી નશ્વર સાંસારિક સુખ ભોગવવાની વાસના પ્રકટે, અને વિકટ સંસારમાં સુખની શોધ કરવા જતાં નિરાશાની વેદના સહન કરવાનો પ્રસંગ આવે, તેનાથી દૂર રહેવું એ જ ટુંકામાં મારા જેવી નિર્બળ હૃદયની રમણીને માટે શ્રેયસ્કર છે.

મણિમાલિની ! એક સ્ત્રીનાં મુખને કે કલમને આ બધી વાત છાજતી નથી. છતાં નિર્લજજપણે મેં મારી અંતરની વાત તારી પાસે રજુ કરી છે. મારી નિર્બળતા-સબળતા કે આત્માભિમાન દર્શાવવા માટે નહીં પણ વૃથા તર્ક-વિતર્ક કરી તમે દુઃખિત ન થાઓ, એટલા માટે મારે આટલું ન છુટકે લખવું પડ્યું છે. આ પત્ર લખવાનું બીજું ગૌણ કારણ એ પણ છે કે તમારો મારા પ્રત્યે જે નિર્મળ પ્રેમભાવ છે તે પ્રેમભાવનો બદલો હું કોઇ કાળે વાળી શકું તેમ નથી. તમારા જેવી શુદ્ધ હૃદયની બ્હેન પાસે જો હું મારા મનની વાત ખુલ્લી ન કરી શકું તો પછી સંસારમાં મારૂં જીવન કેટલું અસહ્ય તથા ત્રાસદાયક થઇ પડે તેનો હું ખ્યાલ કરી શકતી નથી.

મારે જે મુખ્યપણે કહેવાનું હતું તે કહી ચૂકી છું. માત્ર એક જ વાત બાકી છે, અને તે એજ છે કે હું અહીં બહુ સહીસલામતીથી પહોંચી છું અને આનંદમાં છું. સુપ્રસિદ્ધ શેઠ સ્વર્ણગુપ્તની કન્યા નર્મદાની સાથે મારે એક વાર આગળ પરિચય થયો હતો તેનાં ગઇ કાલે તમારે ત્યાં અકસ્માત્ દર્શન થ-

વાથી અમને ઉભયને બહુ આનંદ થયો હતો. હું તે નર્મદાની જ મદદથી તેની પોતાની પાલખીમાં બેસી અહીંઆં–ધનદત્ત શેઠને ત્યા આવી છું. નર્મદા પણ બહુ ગુણવતી અને સ્નેહવતી રમણી છે. શાસનદેવ તેનું, તમારૂં અને પ્રાણીમાત્રનું કલ્યાણ કરો એ જ એક પ્રાર્થના છે.

દુઃખિની રત્નમાળા."

મણિમાલિનીનો મનોરથ.

રત્નમાળાનો રહસ્યપૂર્ણ પત્ર મણિમાલિનીએ પુનઃ ત્રણ ચાર વાર વાંચી જોયો. હજી જાણે કોઈ વાત જાણવાની બાકી રહી ગઈ હોય તેમ યાદ આવતાં ફરી ફરીને પત્ર ઉલટાવી જોયો. આખરે જ્યારે રત્નમાળાનું સમસ્ત વક્તવ્ય મનમાં શૃંખલાબદ્ધ અવધારિત થઈ ગયું, ત્યારે પત્રને એક બાજુ મૂકી દીધો. પરંતુ મગજમાં ચિંતાનો પ્રવાહ એટલો બધો પ્રબળપણે વહી રહ્યો હતો કે પત્રને એક બાજુ મુકી દેવા છતાં તેણી પોતાની દ્રષ્ટિને પત્ર ઉપરથી પાછી ખેંચી શકી નહીં. વાચકોને આશ્ચર્ય થશે કે એ પત્રમાં એવું તે શું હતું કે મણિમાલિનીના હૃદયપટ ઉપર એ પત્રે એટલી બધી અદ્‌ભૂત અસર કરી ? અમે કબુલ કરીએ છીએ કે એ પત્રમાં કોઇ પ્રતિભાવાન કવિને છાજે તેવું કવિત્વ નહોતું, કોઇ ઉત્તમ નવલ કથાકારને છાજે તેવી રસની જમાવટ નહોતી, કોઈ સાહિત્યવિલાસીને શોભા આપે એવી આલંકારિક રચના નહોતી, તેમજ કોઇ ધર્મોપદેશકને શોભે એવો

નીતિનો કે ધર્મનો ઉપદેશ પણ નહોતો. છતાં મણિમાલિનીના મનમાં તો તે વખતે એમ જ લાગ્યું કે આ પત્રમાં જે રસ—જે કવિત્વ, જે અલંકાર અને જે ઉપદેશ છે તે જગત્‌ના કોઇ ઉત્તમ કવિની કે ઉપદેશકની વાણીમાં પણ મળવો અસંભવિત છે. કોઈ કહેશે કે મણિમાલિનીને તેમ લાગવાનું કારણ શું ? સ્નેહીઓના પત્રમાં, સ્નેહીઓના—પ્રેમીઓના શબ્દોમાં શું આકર્ષણ હોય છે, એવી શું ચમત્કારિક શક્તિ હોય છે તે માત્ર સ્નેહીઓ અને પ્રેમીઓ સિવાય બીજું કોઈ સમજી શકતું નથી. રત્નમાળાના પત્રમાં એવું તે શું તત્વ હતું કે મણિમાલિની આટલીબધી મંત્રમુગ્ધ—આટલી બધી સ્તબ્ધ બની ગઈ ? તેમ જો કોઇ પૂછે તો અમે માત્ર તેનો એટલો જ ઉત્તર આપી શકીશું કે તમારે એ પત્રની ખૂબી સમજવી હોય તો મણિમાલિનીની દ્રષ્ટિ પ્રાપ્ત કરો—મણિમાલિનીની સહૃદયતા પ્રાપ્ત કરો. હૃદયની ભાષા હૃદયને જ સ્પર્શે છે—હૃદય જ સમજી શકે છે. રત્નમાળાની ભાવના સમજવા બુદ્ધિ જ માત્ર બસ નથી. સ્નેહથી—સહૃદયતાથી દ્રવતું અંતઃકરણ પણ જોઇએ.

વિચાર અને ચિંતામાં ઘણો કાળ પસાર થઇ ગયો. અંતે જ્યારે તેણી વિચારનિદ્રામાંથી જાગૃત થઇ ત્યારે અમાવાસ્યાની ઘોરતમ નિશામાં વિજળી ચમકે તેવી રીતે તેના શોકમલિન મુખ ઉપર હાસ્યની દીપ્તિ પ્રકટી નીકળી ! પોતાનું મન પણ ન જાણી શકે એવી રીતે એમ બોલાઇ જવાયું કે:—“ ફીકર નહીં, રત્નમાળા ! તું જ્યારે તારી પોતાની મેળે જ પકડાઇ ગઇ છે, તો હવે હું તને કોઇ પણ રીતે મુકનાર નથી.” આ ઉપરથી મણિમાલિની શું કહેવા માગતી હતી અથવા એમ બોલી જવામાં તેણીનો શું મનોરથ હતો, તે કાંઈ સમજી શકાય તેમ નહોતું.

વળી, પાછું કાંઇક સ્મરણમાં આવ્યું. તે ઉઠીને ઉભી થઇ અને પેલો દૂર પડેલો પત્ર પોતાનાં વસ્ત્રના એક છેડે બાંધી લીધો. ત્યારપછી તેણીએ એક દીર્ઘ નિશ્વાસ મૂકયો; અને અસ્ફુટ સ્વરે એવા ઉદ્દગાર બ્હાર નીકળી ગયા કે:—" શું કરૂં ? પ્રાણેશ્વર ! આ વખતે તમે મારી પાસે નથી ! તમારા આશ્રયનું જો મને એક માત્ર બળ હોત તો હું આ વખતે શું કરત, પણ—હવે તે કહેવું નકામું છે. પરંતુ હરકત નહીં. પાંજરામાં આવેલું પંખી ઉડી જવા તો નહીજ દઉં." એટલું બોલતાં બોલતામાં મણિમાલિનીનું હૃદય ભરાઇ આવ્યું ! આંખમાંથી અશ્રુની ધાર વહી નીકળી ! પતિવિરહથી વિહ્વળ બનેલી પતિપ્રાણા મણિમાલિની, વસ્ત્રના છેડાવતી આંસુને લુછી નાંખતી તે ઘરમાંથી બ્હાર ચાલી ગઈ.

ઉપાય–પ્રયોગ.

મણિમાલિનીએ નિશ્ચય કર્યો કે " ગમે તેમ કરીને પાંજરામાં આવેલું પંખી ઉડી જવા તો નહીં જ દઉં !" પણ રત્નમાળા જેવું સ્વાધીન–મુક્ત પંખી પાંજરામાં પુરવું કેવી રીતે ? એ મ્હોટો સવાલ થઇ પડયો. મણિમાલિની બિચારી એકલી પડી ગયેલી અબળા શું કરી શકે ? આજે તેનો પતિ સુભદ્ર જો તેની પાસે હોય તો તે જ ક્ષણે પોતાનું ધારેલું કામ પાર પાડવામાં વિલંબ ન કરત. તોપણ મણિમાલિની સામાન્ય સ્ત્રીની માફક નજીવી અગવડમાં નિરાશ થ-

ઇને બેસી રહે તેવી નહોતી. તેણી મનમાં ને મનમાં અનેક યોજનાઓ ઘડવા લાગી. છેવટે તેણીએ પોતાના સાસરાને મળી એક યોજના અજમાવી જોવાનો નિશ્ચય કર્યો. પણ સાસરાને મળવું કેવી રીતે ? એ પ્રશ્ન ઉદ્‌ભવતાંની સાથે જ તેના ચ્હેરા ઉપર લજ્જાની રક્ત આભા પ્રસરી ! તેણીએ વિચાર કર્યો કે—"હજી, જરા રાહ જોઉં, અને પછી ઉપાયો અજમાવું તો ઠીક. તે દરમિયાન જો સ્વામી આવી જાય તો ઘણી સરળતા થાય. પરંતુ સ્વામી ક્યાં હશે ? મણિભદ્ર તો પ્રભુની આજ્ઞા મળવાથી ઘરે પાછા ફર્યા છે, સુભદ્ર હજી સુધી કેમ નહીં આવ્યા હોય ?" આ વાત જાણવા માટે તેનો પ્રાણ વ્યાકૂળ થયો. અત્યાર સુધીમાં તેણી પોતાના સ્વામી સંબંધી અનેક જણને પ્રશ્નો પૂછી ચૂકી છે, પણ કોઇએ તેનો સંતોષકારક ઉત્તર આપ્યો નથી. કોઇએ કહ્યું કેઃ—"સુભદ્રે તો દીક્ષા લઈ લીધી છે, અને મુનિમંડળ સાથે ક્યાંઇ દૂર વિહાર પણ કરી ગયો છે." કોઇએ કહ્યું કેઃ—"નહીં, દીક્ષા તો લીધી હોય એમ મારા જાણવામાં નથી, પણ કાલ સાંજથી તેનો પત્તો લાગતો નથી, એટલી મને ખબર છે. પછી કોણ જાણે ક્યાં નાસી ગયો, તે કાંઇ કહી શકાતું નથી."—સઘળી વાતો સાંભળવાથી પતિવિરહિણી—પતિપ્રાણા મણિમાલિનીના હૃદયમાં કેવો ઉદ્વેગ થતો હશે, તેનું અનુમાન ભુક્તભોગી સિવાય બીજું કોણ કરી શકે ?

આટલું છતાં દુઃખના આવેગને સહેજ સંયત કરી મણિમાલિનીએ નિશ્ચય કર્યો કે "હવે, એમાં લજ્જા રાખવી નકામી છે. સાસરાને મળીને, પંખીને પાંજરામાં પુરવાનો બને તેટલો પ્રયત્ન કરવો. રત્નમાળા જેવું સ્વર્ગીય પંખી જ્યારે પોતાની મેળે

પાંજરામાં પુરાવાને તૈયાર થઈ ગયું હતું, તો હવે તેને ઉડી જવા દેવું એ ઠીક નથી ! એ એક જ પંખીના આગમનથી આ સંસાર નંદનવન બનશે. ”

મણિમાલિનીએ પોતાની એક સખીને સાથે લઈ, સખીની મારફતે રત્નમાળા તથા મણિભદ્ર .સંબંધી જે કાંઇ વાત કરવા યોગ્ય હતી તે સઘળી વાત તેણીએ પોતાના શ્વસુરને કરી. વિશેષમાં તેણીએ જણાવ્યું કે “રત્નમાળા અને મણીભદ્રના ઉભયનાં હ્રદયો એક બીજા પ્રત્યે કુદરતી રીતે જ એવા આકર્ષાયેલાં છે કે મને ખાત્રી છે કે જો તેઓ લગ્ન કરી સંસારી બનશે તો આપણા ગૃહને–કૂળને અને ધર્મને પણ અજવાળ્યા વિના રહેશે નહીં. વસુભૂતિ પોતે પણ પોતાની કન્યાનું લગ્ન કરવા બહુ ઉત્સુક છે. તે પણ આપણા કૂળમાં પોતાની કન્યા આપવામાં કોઈ જાતનો સંકોચ નહીં કરે. ” આ બધી વાત સમજાવવામાં મણિમાલિનીને વિશેષ પ્રયત્ન કરવો ન પડયો. સામંતભદ્ર ટુંકામાં જ સઘળી વિગત સમજી ગયો અને તેણે વસુભૂતિ પાસે જઈ ઉક્ત સર્વ વાત નિવેદન કરી; એટલું જ નહીં પણ રત્નમાળાના પત્ર સંબંધી વાત પણ કહી સંભળાવી. રત્નમાળા પોતે વિવાહ કરવાને તૈયાર થઈ છે, એમ જાણવામાં આવતાં વૃદ્ધ વસુભૂતિનું અંતઃકરણ પુલકિત થયું. પરંતુ ખરેખર રત્નમાળા વિવાહ કરવાને તૈયાર થશે કે નહીં, તેનો તે એકાએક નિર્ણય કરી શકયો નહીં. કારણ કે રત્નમાળાની માનસિક દ્રઢતાનો તેને પુરેપુરો અનુભવ પૂર્વે થઈ ચૂકયો હતો.

વસુભૂતિ અને સામંતભદ્ર એ બન્ને જણ ધનદત્ત શેઠની

પાસે ગયા, અને તેને મણિભદ્ર તથા રત્નમાળા સંબંધી અથેતિ વાત કરી. વસુભૂતિ અને સામંતભદ્ર એમ સમજતા હતા કે ધનદત્તશેઠ પોતે જો પ્રભુને વાત કહી રત્નમાળા તથા મણિભદ્રને દીક્ષા આપવાની નિષેધાત્મક આજ્ઞા મેળવી આપે તો પોતાના મનનું સમાધાન થાય, એટલું જ નહીં પણ રત્નમાળા તથા મણિભદ્ર પણ પ્રભુની આજ્ઞાને અનુસરી લગ્ન કરવામાં આનાકાની કે સંકોચ ન કરે. દીક્ષા લેવાને તત્પર થયેલ ભવ્યાત્મા કે જેના અંતઃકરણમાં શાસન–સેવાની ભાવના જવલંતપણે વર્ત્તતી હોય તેને ભગવાન્ પોતે નિષેધે કે નહીં, તે વાત તેઓ પોતાના સ્નેહાવશમાં ભૂલી ગયા હતા. તેઓના અંતઃકરણમાં સંતાનપ્રેમ એટલો-બધો મુખ્યપણે વર્ત્તતો હતો કે પ્રભુના શાસનની સેવા કરવામાં પોતાનો પુત્ર કે પુત્રી જોડાય તે જોવા તેઓ ખુશ નહોતા. પણ આમાં પુત્રસ્નેહ સિવાય બીજું કાંઈ કારણ કલ્પવું એ તેમની પ્રભુ પ્રત્યેની ભક્તિને અન્યાય આપવા જેવું ગણાય.

યથાસમયે વસુભૂતિ, સામંતભદ્ર તથા ધનદત્ત શેઠ જેતવનમાં પ્રભુની પાસે ગયા. તે વખતે પ્રભુ પોતાના દેવચર્ચિત શિષ્યગણની મધ્યમાં બિરાજ્યા હતા. મણિભદ્ર પણ પ્રભુના એક મુનિશિષ્ય પાસે બેસી પ્રભુના ચારિત્રની અંતઃકરણમાં સ્તુતિ કરી રહ્યા હતો. ઉક્ત ત્રણ શેઠો પ્રભુના પાદપદ્મમાં સવિનય વંદન કરી પોતાની જગ્યાએ બેઠા. થોડી વાર થઈ, એટલે પ્રભુ ત્યાંથી ક્યાંઈ અન્યત્ર જવા તત્પર થયા. પ્રભુ બ્હાર જવાની તૈયારીમાં છે, એમ જોઈ ધનદત્તશેઠ પ્રભુને કાંઈક વિનંતી કરવા જતા હતા, એટલામાં પ્રભુએ પોતાના એક શિષ્યની સામે અમીમય દ્રષ્ટિ કરી. પ્રભુના એ મૌન દ્રષ્ટિમાં શું ગંભીર અર્થ હતો તે ધનદત્તશેઠ તત્કાળ સમજી ગયા.

મણિભદ્રના આત્માની ચિકિત્સા કરવાનો ભાર એક મુનિશિષ્ય ઉપર નાંખવામાં આવ્યો હતો, એમ કહેવાની જરૂર નથી. તેમણે આટલા દિવસ દરમિયાન મણિભદ્રના વર્ત્તન-વ્યવહાર તથા વિશુદ્ધ વિચાર પ્રણાલી સંબધે અનેક કસોટીઓ કરી લીધી હતી. છેવટે વસુભૂતિ, સામંતભદ્ર તથા ધનદત્ત શેઠની સમક્ષ મણીભદ્રને બોલાવી અત્યંત મધુર અને કોમળ વાણીમાં મુનિશિષ્યે જણાવ્યું કેઃ—" હું તમારા પ્રથમ આગમનથી લઇ અત્યાર સુધી તમારા આત્માની ચિકિત્સા કરતો આવ્યો છું. તમારો આત્મા બહુ ઉચ્ચગામી તથા ઉજ્જવળ છે, એમાં હવ મને કોઇ જાતનો શક નથી. જો આ ક્ષણે તમે દીક્ષા લઇ પ્રભુના શાસનની સેવા કરવામાં જોડાઓ તો તમે તમારૂં તથા જગતનું પણ ઘણું કલ્યાણ કરી શકો તેમ છો. પરંતુ તમને જાણીને ખેદ થશે કે હજી તમારો દીક્ષા લેવાનો કાળ પરિપકવ થયો નથી. જ્યાં સુધી એ સમય પાસે ન આવે ત્યાં સુધી તમારે સંસારમાં રહી સમયની અપેક્ષા કરવી પડશે. હું જોઇ શકયો છું કે તમે સામાન્ય સંસારીઓ જેવા નિર્બળ અંતઃકરણના નથી, અને એથી કરીને તમે તમારૂં શુદ્ધ સત્ત્વ પ્રલોભનોના પ્રવાહમાં પણ ગુમાવી બેસો તેમ નથી. મને ખાત્રી છે કે તમે સંસારમાં રહીને પણ તમારૂં યથાસાધ્ય આત્મકલ્યાણ સાધી શકશો. વધારે સ્પષ્ટરૂપે કહું તો હજી તમે તમારા પિતા અને અન્ય સંબંધીઓના સ્નેહપાશથી મુક્ત થાઓ, તે પહેલાં તમારે સંસારની મધ્યમાં રહી સંસારી જીવોને કીમતી પાઠો શીખવવા એવું તમારૂં નિર્માણ છે. પરમ ઉપકારી પ્રભુ મહાવીરનું જીવન-ચરિત્ર પણ એ વાતની સાક્ષી આપી રહ્યું છે. જાઓ—સંસારમાં રહેવા છતાં ઐહિક મોહમય બંધનોથી સ્વતંત્ર રહી—જળ કમળવત્ રહી, આ-

ત્માની સવિશેષ વિશુદ્ધિ પ્રાપ્ત કરો, પિતા–માતા સગા–સંબંધીઓના સ્નેહાર્દ્ર હૃદયને નિર્દોષ રીતે સંતૃપ્ત કરો અને આથી પણ ચડતા ઉગ્રભાવે દીક્ષા લઇ સ્વ–પરનું હિત સાધો, એવી મારી ધર્માશિષ છે. ” અવનત મસ્તકે આ બધી વાત મણિભદ્રે સાંભળ્યા કરી. પ્રભુના શિષ્યની આજ્ઞા એ પ્રભુની જ આજ્ઞા છે, એમ માની તેણે તે માન્ય કરી. વસુભૂતિ, સામંતભદ્ર તથા ધનદત્ત શેઠ પણ પરમ સંતોષ પામી પોતાના ગૃહે પાછા ફર્યા. ક્રમે ક્રમે આ વાત આખી નગરીમાં પ્રસરી ગઇ. રત્નમાળાએ પણ યોગ્ય વખતે આ સર્વ વાત સાંભળી. તેણીને લાગ્યું કે પિતાના સ્નેહપાશને ક્રૂરપણે કાપી નાંખી જો હું દીક્ષા લેવાને તત્પર થઇશ તો મને પણ એવો જ ઉત્તર મળશે, એ નિર્વિવાદ છે. પિતાની હૈયાતીમાં ગમે તેમ કરીને અમુક કાળ પસાર કરવો એવો તેણીએ તે જ વખતે નિશ્ચય કર્યો.

વસુભૂતિ પોતાની પુત્રી સાથે ધનદત્તશેઠને ત્યાંજ રહે છે. સમાન શીલવાળા બન્ને ગૃહસ્થો બહુ આનંદ અને ધર્મધ્યાનમાં પોતાના દીવસો પસાર કરે છે. મહાવીર પ્રભુ પણ જેતવનમાંથી અન્યત્ર વિહાર કરી ગયા છે. તેમના પવિત્ર પાદસ્પર્શથી શ્રાવસ્તીની રજ પણ વંદનીય થઇ છે. રત્નમાળા જ્યારે અવકાશના વખતમાં પોતાના પિતા પાસે આવીને બેસતી ત્યારે વસુભૂતિ પ્રકારાંતરે મણિભદ્રના નિર્મળ સ્વભાવ વિષે, પ્રભુની તેના પ્રત્યે કેવી લાગણી છે તે વિષે, તેનું કૂળ કેવું ઉત્તમ છે તેમજ તેની વિદ્યા અને ધનસંપત્તિ કેટલી છે તે વિષે ઘણીવાર વાત કરતો. પરંતુ અનેક પ્રયત્ન, અનેક સલાહ અને અનેક પ્રલોભનો બતાવવા છતાં રત્નમાળા વિવાહ કરવાને કોઇ રીતે તૈયાર થઈ નહીં.

જ્યારે તેનો પિતા તેને લગ્ન કરવાની વાત કરતો ત્યારે તેણી માત્ર એટલું બોલીને જ વાતને ઉડાડી દેતી કે:—"હજી ઘણો વખત છે. એક બે વર્ષ જવા દો, પછી લગ્નનો નિર્ણય કરીશું." તેણીએ એવો નિશ્ચય કર્યો છે કે જો તેણીનું લગ્ન થાય અને તેમાં પણ ખાસ કરીને જો મણીભદ્રની સાથે લગ્ન થાય, તો પોતાનો આજન્મ સંકલ્પિત પવિત્ર ઉદ્દેશ કદાપિ સિદ્ધ થઇ શકે નહીં. એક વખતનાં સ્પર્શ-દર્શનમાત્રથી જ જો તેણી કંટકિત અને રોમાંચિત થઈ ગઇ તો પછી લાંબા કાળના એકાંત સહવાસ અને પરિચયનું પરિણામ બહુ બુરાઇભર્યું આવે, એમાં તેણીને શક જેવું કાંઇ જણાયું નહીં. તેથી તેણીએ ધાર્યું કે બે-ચાર વર્ષ કરતા કરતા જો અમુક વર્ષો પસાર થઈ જાય અને હું સ્વેચ્છાધીન થઈ જઉં તો પછી દીક્ષા લઇને પવિત્ર ઉદ્દેશ સિદ્ધ કરવામાં કોઈ જાતનો અંતરાય વડે નહીં. પણ તેણીનો આ સંકલ્પ સફળ થાય તેમ ન રહ્યું.

એક દિવસ અત્યંત વ્યાકુળ ચિત્તે વસુભૂતિએ રત્નમાળાને કહ્યું કે:—"રત્નમાળા! મા! તારે અમારી એક પ્રાર્થના સ્વીકાર્યા વિના છુટકો નથી. જો તું મારી આ પ્રાર્થના નહીં સ્વીકારે તો તું તારા વૃદ્ધ પિતાને ગુમાવી બેસશે. તું વિવાહ ન કરે તો મારે હવે કાંતો આત્મઘાત કરવો અથવા જંગલમાં જઈ રખડી મરવું એ જ બે રસ્તા ખુલ્લા છે." રત્નમાળાનું પિતૃભક્ત હૃદય આ શબ્દો સાંભળી સ્થિર રહી શક્યું નહીં. પોતાના ઉદ્દેશની સિદ્ધિઅર્થે પિતાશ્રીને આટલું બધું સહન કરવું પડતું હશે તેનું તેણીએ પૂર્વે અનુમાન પણ કર્યું નહોતું. વસુભૂતિના શબ્દો તથા તે શબ્દોમાંથી દ્રવતા ભાવે રત્નમાળા ઉપર બહુ ઉંડી અસર કરી.

થોડીવાર તેણી પિતાના વિષન્ન અને ઉત્કંઠિત નયનો તરફ જોઇ રહી, અને રડી પડી. પોતાની આજન્મ બ્રહ્મચર્યની ભાવનાને સહન કરવું પડશે એમ ધારી તે પ્રકંપી! હવે શુ કરવું તે સ્થિર કરી શકી નહીં. જો પિતાની આજ્ઞાનું પાલન કરવા જાય છે તો પોતાના પવિત્ર ઉદ્દેશને એક બાજુ મુકી દેવો પડે છે અને જો પોતાનો ઉદ્દેશ સાચવી રાખવા જાય છે તો એક વૃદ્ધ પુરૂષના-પિતાના હૃદયનું ખૂન થાય તેમ છે. અંતે રત્નમાળાએ સવિનય હસ્તદ્વય જોડ્યા; અને કાંઇક બોલવા જતી હતી એટલામાં વસુભૂતિએ કિંચિત્ આશ્વસ્ત ચિત્તે કહ્યું કેઃ—"લગ્ન તો કરવું જ પડશે, એટલું જ નહીં પણ મણિભદ્રની સાથે જ લગ્ન કરવું પડશે." વૃદ્ધનાં આ છેલ્લાં વાક્યો એટલાં બધાં કઠણ છતાં દ્રઢસ્વરયુક્ત હતા કે રત્નમાળા ઉપર તેની બહુ જ ગંભીર અસર થતી જોઇતી હતી. પરંતુ રત્નમાળાએ લેશમાત્ર ગભરામણ કે ભય ન દર્શાવતાં ધીરે છતાં દ્રઢતાપૂર્વક કહ્યું કેઃ—"પિતૃદેવ! આપની ઇચ્છા હું પૂર્ણ કરીશ. પરંતુ મારી એક પ્રાર્થના આપ સાંભળો. વિવાહ પૂર્વે મણીભદ્રની સાથે એકવાર વાતચીત કરી લેવાની મને આજ્ઞા આપો; અને જ્યાં સુધી મારા લગ્નની હું પોતે સમ્મતિ ન આપું ત્યાં સુધી મણીભદ્રની સાથે મારા લગ્ન થવાના છે, એમ કોઇની પાસે ભૂલેચૂકે પણ વાત કરશો નહીં" કન્યાની આવી વિચિત્ર પ્રાર્થના સાંભળી વસુભૂતિ જરા આશ્ચર્યમાં પડ્યો: જરા-ક્રુદ્ધ પણ થયો. પરન્તુ રત્નમાળા પોતે જ્યારે પોતાની આજ્ઞાને અનુસરવા તૈયાર થઇ છે, તો પછી તેણીને તેની ઇચ્છા પ્રમાણે અનુમતિ ન આપવી એ ઉચિત ન લેખાય. એમ ધારી તેણે પણ રત્નમાળાને અનુમતિ આપી. રત્નમાળા એકાએક લગ્ન કરવા શા

માટે તૈયાર થઈ? પોતે મણીભદ્ર સાથે શું વાતચીત કરવા માંગતી હશે? તેમજ પોતાના પૂર્વકૃત નિશ્ચયો શા માટે શિથિળ કરતી હશે? આ સર્વ પ્રશ્નોના ઉત્તરો ટુંકામાં આપી શકાય તેમ નથી. પાઠકોએ ધૈર્યપૂર્વક આગામી પ્રકરણો વાંચવા, અને ઉક્ત પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયત્ન કરવો, એટલું જ અમે તો કહી શકી તેમ છીએ.

પુનઃ દર્શન

સંધ્યા થઇ ગઇ છે, પરંતુ પૂર્ણિમાનો ચંદ્ર વનિતાઓના વરની માફક સંધ્યાની અનેક પૂર્વે આકાશરૂપી લગ્નમંડપમાં હાજર થઈ ગયો છે. અસ્તાચળના શિખર ઉપરથી પશ્ચિમ સમુદ્રમાં ડૂબવાની તૈયારી કરતો સૂર્ય, એકવાર પુનઃ પોતાના ઉદય–સ્થાન તરફ દ્રષ્ટિ કરવાનો લોભ વેગળો કરી શકતો નથી. મરતાં મરતાં પણ એકવાર જન્મભૂમિ તરફ દ્રષ્ટિ કરવાનું કોને મન ન થાય? સૂર્ય પણ જાણે છેલ્લી કરૂણામયી દ્રષ્ટિ પૂર્વદિશા તરફ ફેંકી આજના દિવસને માટે છેલ્લી વિદાયગીરી માગતો હોય, એવો નિસ્તેજ જણાય છે. સૂર્યને નિસ્તેજ તથા નિર્બળ જોવા છતાં તેની હાજરીમાં ચંદ્રને સંપૂર્ણ સ્વાધીનતા આપવાને આકાશ અનિચ્છુક હોય એમ જણાઇ આવે છે. ચંદ્રના લગ્નમંડપમાં સૂર્યને ઉપસ્થિત નીહાળી તારા–સુંદરીઓ પણ લજ્જાને લીધે લગ્નમંડપમાં હાજરી આપી શકતી નથી. છ-

તાં એક બે તારા—સુંદરીઓ એવી પણ છે કે જે સૂર્યને તેના પોતાના અન્યાયી આચરણ માટે ઠપકો આપવા આવી હોય તેમ સંધ્યા-રાગરંજીત નભોમંડળમાં ઉદિત થઇ ચૂકી છે.

ઉક્ત સમયે **ધનદત્તશેઠનાં** વિશાળ ગૃહ પાસે એક વિસ્તૃત પુષ્પવાટિકાની મધ્યમાં—વિશાળ સરોવરના તીર ઉપર—એક સુંદર બંગલાની અગાસીમાં બેસી **રત્નમાળા** પોતાના પિતા સાથે અનેક પ્રકારની વાર્તાઓ કરી રહી છે. એ જ વખતે એક નોકરે આવીને **વસુભૂતિને** ખબર આપ્યા કે:—“ **મણિભદ્ર** શેઠ નીચે આપની રાહ જોતાં ઉભા છે.” વસુભૂતિ એકદમ પોતાના નોક-રની સાથે નીચે આવ્યા અને **મણિભદ્રને** સારી રીતે આવકાર આપી પોતાની સાથે ઉપર અગાસીમાં લઇ ગયા.

વસુભૂતિ રત્નમાળા તથા મણિભદ્ર એ ત્રણે જણા પૃથક્ પૃથક્ આસને બેઠા. પ્રારંભમાં વસુભૂતિએ “ સામંતભદ્રને કેમ છે? રત્નભદ્ર શું કરે છે?” વિગેરે અનેક સ્વાભાવિક પ્રશ્નો પૂછયા અને તેના ઉત્તરો મેળવી પરમ સંતોષ દર્શાવ્યો. ત્યારપછી થોડીવાર રહીને, કાંઇક વાત અણધાર્યા રીતે સ્મરણમાં આવી હોય તેમ વસુભૂતિ શેઠ એકદમ ઉભા થયા અને મણિભદ્રને કહ્યું કે:—“મણીભદ્ર! હું હમણાંજ પાછો આવુંછું. મારા આવતાં સુધીમાં તમે મહેર-બાની કરીને અહીંથી ચાલ્યા જશો નહીં.” એટલું કહીને, ઉત્ત-રની કાંઇપણ અપેક્ષા રાખ્યા વિના તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા.

તે વખતે સૂર્ય અસ્ત પામી ચૂકયો હતો. પૂર્ણચદ્રની નિર્મળ—ધવળ જ્યોત્સ્નામય સુધાવૃષ્ટિમાં સ્નાન કરી ભુવનદેવીએ નૂતન—સ્વ-ચ્છ પરિધાન ધારણ કર્યું હતું. નીચે નગરની તળવાહિની સ્રોત-સ્વિની મૃદુ તરંગો સાથે ગેલ કરતી વહી જતી હતી. વિવિધ

પુષ્પોની મનોહર સુરભીને વહન કરતો સાંધ્ય સમીરણ દિગ-દિગંતમાં ત્વરિત ગતિએ દોડી જવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ક્વચિત્ ક્વચિત્ પોતાની ઉચ્ચ સ્વર-લહરીથી કાનમાં મધુ વર્ષાવતી, અને હૃદયના ગૂઢતમ પ્રદેશમાં એક ચોક્કસ પ્રકારની અપરિસ્ફુટ આકાંક્ષાને જાગ્રત કરતી કોકીલાઓ, માથા ઉપર થઇને પસાર થઇ જતી હતી.

વસુભૂતિના જવા પછી ઘણો વખત પસાર થઇ ગયો: પણ રત્નમાળા તથા મણિભદ્રના મુખમાંથી એકે શબ્દ બ્હાર નીકળ્યો નહીં. બન્ને જણ નીરવપણે પૃથ્વી તરફ દ્રષ્ટિ કરી શાંત રીતે બેસી રહ્યા. કોઇના મુખભણી જોવાનું પણ કોઇથી સાહસ થઈ શકતું નથી. બાહ્ય જગતનું મનમોહક સૌંદર્ય પણ તેમના ઉપર કશી અસર કરી શકતું નથી. પ્રકૃતિની ભાવમય, શાંતિમય તથા સૌંદર્યમય મૂર્ત્તિ તેમની પાસે આજે શૂન્યવત્ બની ગઈ છે. શુભ જ્યોત્સ્નાથી પુલકિત થયેલી યામિની પ્રત્યે એકવાર દ્રષ્ટિ કરવાની પણ કોણ જાણે શામાટે આજે તેમને ઇચ્છા સરખી સ્ફુરતી નથી. તેમના ચહેરા ઉપરથી જણાય છે કે તેઓ આજે બાહ્ય જગતમાં નથી, પણ ભાવરાજ્યના કોઇ એક નિભૃત પ્રદેશમાં તેઓ પ્રવેશી ચૂકયા છે. તેમનું ચિત્ત કયા વિષયનું એકાગ્રભાવે વેદન કરે છે તે અમારા જેવા બાહ્યદ્રષ્ટિવાળા મનુષ્યો કેવી રીતે કહી શકે?

આ પ્રમાણે-આજ સ્થિતિમાં ઘણો વખત પસાર થઇ ગયો. ત્યારબાદ અનેક કષ્ટે-અનેક પરિશ્રમે, ચિંતાના આવેગને સંયમમાં રાખી, સૌ પ્રથમ રત્નમાળાએ મણીભદ્રના મુખ પ્રતિ દ્રષ્ટિપાત કર્યો. એ દ્રષ્ટિપાતમાં લજ્જા અને ઉત્કંઠાની છાયા સ્પષ્ટપણે તરી આવતી હતી. આટલું છતાં મણીભદ્રની દ્રષ્ટિ તો પૃથ્વી

તરફ જ વળેલી રહી. મણીભદ્રના મૌનનો ભંગ કરવા રત્નમાળાએ પ્રથમ સાહસ કરવાનું યોગ્ય ધાર્યું, અને તેથી તેણીએ કહ્યું કેઃ—
" મણિભદ્ર! તે દિવસની વાત યાદ આવે છે?"

રત્નમાળાના સ્વરો કાને અથડાતા મણિભદ્ર સાવચેત થયો. તેણે પણ મહા મહેનતે ભાવપ્રવાહને સંયત કરી, ઉત્તર આપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ શું જવાબ આપવો, કેવી રીતે જવાબ આપવો તેનો નિશ્ચય કરી શકયો નહીં, તેમજ હવે ચૂપ બેસી રહેવું એ પણ અસહ્ય જણાવા લાગ્યું. રત્નમાળા મણિભદ્રના મનની અવસ્થા સમજી ગઈ; તેથી તેણીએ તેમાંથી તેનો ઉદ્ધાર કરવાની યુક્તિ રચી. પરંતુ રત્નમાળા પોતાની યુક્તિ અજમાવવા જાય અને કાંઈ બોલવા જાય તે પહેલાં જ મણીભદ્રના મુખમાંથી નીચેના શબ્દો નીસરી પડયાઃ—" હા, રત્નમાળા. એ સઘળી વાત મારા મનમાં હજી તાજી જ છે, પરંતુ પહેલાનો હું તે અત્યારનો હું રહ્યો નથી." એટલું કહી મણીભદ્રે રત્નમાળાના મુખ તરફ નમ્ર-સલજ્જ કોમળ દ્રષ્ટિ કરી. એ દ્રષ્ટિ કરતાની સાથે જ રત્નમાળાનું પૂર્વ ચિત્ર તેના સ્મરણપટમાં આબેહૂબ અંકિત થઇ ગયું! તેણે પોતાની માનસિક દ્રષ્ટિથી જોયું તો જણાયું કેઃ—" બસ, આ જ દેવીમૂર્ત્તિ! જે મૂર્ત્તિએ મધ્યરાત્રીએ મારા પિતાના કારાગારમાંથી મને મુક્ત કર્યો હતો, જેનો વિનયનમ્ર છતાં સાહસપૂર્ણ વ્યવહાર જોઈ હું એકવાર મુગ્ધ તથા વિસ્મિત થયો હતો, તે આજ મૂર્ત્તિ! અસ્તગમનોન્મુખ ચંદ્રની અપરિસ્ફુટ જ્યોત્સ્નામાં જેનું સુંદર વદન અને લાવણ્ય જોઈ હું સ્તબ્ધ થયો હતો તે આ જ મૂર્ત્તિ! જેના સુચારૂ નયનદ્વય, જેની સ્વર્ગીય દ્રષ્ટિ તથા જેની વિન્યસ્ત કેશરાશી જોઈ હું આત્મજ્ઞાન ભૂલી ગયો હતો તે આ જ મૂર્ત્તિ!"

એ જ મૂર્ત્તિ શું આજે મારી સાથે વાર્ત્તાલાપ કરવા તત્પર થઈ છે! આજે આટલે વખતે મને શું તેનાં પુનઃ દર્શન કરવાનો અનાયાસે લાભ મળ્યો? મણીભદ્ર આ પ્રકારે વિચાર કરે છે, અને પોતાના માનસિક નેત્રોથી પૂર્વની પ્રતિકૃતિ જોવાનો પ્રયત્ન કરે છે, તેજ વખતે રત્નમાળાએ કિંચિત્ આશ્ચર્ય અને કિંચિત સંતોષની અવ્યક્ત લાગણીઓ દર્શાવતાં કહ્યું કેઃ—

"કાંઇ સમજાતું નથી. પ્રથમ તમે કેવા હતા અને અત્યારે તમારામાં શું ફેરફાર થયો છે, તે કાંઇ હું સમજી શકી નથી. યાદ છે મણિભદ્ર! તે દિવસે જ્યારે તમે તમારા પિતાના કેદખાનામાંથી નાશી છૂટયા તે વખતે તમે મને શું કહ્યું હતું? તમે કહ્યું હતું કેઃ—"હવે પુનઃ દર્શન ક્યારે થશે?" મેં તેના ઉત્તરમાં શું કહ્યું હતું તે સ્મરણમાં છે? મને તે વખતે તમારા પ્રશ્નથી બહુ આશ્ચર્ય થયું હતું અને એ આશ્ચર્યને લીધે સ્પષ્ટ કે નિશ્ચિત ઉત્તર પણ આપી શકી નહોતી, તે પ્રસંગ અને દૃશ્ય તમે કલ્પનાચક્ષુથી જોઇ શકો છો? હવે, આ ક્ષણે અત્યારે હું તમને માત્ર એટલું જ પૂછું છું કે તે વખતે પુનઃ દર્શન કરવાની અભિલાષા શામાટે પ્રકટ કરી હતી, તેનું યથાર્થ કારણ મને કહો."

"સાંભળો રત્નમાળા! તમારા મુખપ્રતિ જોઇ એકવાર પુનઃ દર્શન કરવાની આશા મેં શામાટે દર્શાવી હતી, તે જ હું તમને કહેવા ઇચ્છુ છું. હવે, એ વિષયમાં તમારે કે મારે લજ્જા રાખવી નિરર્થક છે, એમ ધારી નિઃસંકોચપણે જ સઘળી વિગત રજુ કરીશ. તે વખતે મારા હૃદયમાં મુખ્યપણે જે અભિલાષ વર્ત્તતો હતો તે હવે છેક ધોવાઇ ગયો છે. તેનું નામ કે નિશાન પણ આ હૃદયમાં હવે રહ્યું નથી. માત્ર તેની સ્મૃતિ રહી ગઇ છે,

અને તે સ્મૃતિ પણ ઘણુંકરીને કાળબળે ભૂંસાઇ જશે. જેતવનમાં ભગવાન મહાવીરના ચરણનો આશ્રય લીધો તે પહેલાં અસ્ફુટ ચંદ્રપ્રકાશમાં તમારૂં—નહીં, નહીં,—મારી ઉદ્ધારકારિણીનું કમનીય મુખ જોવાથી અમુક પ્રકારની વાસનાઓએ મારા હૃદયને પ્રક્ષુબ્ધ કર્યું હતું, અને ખરૂં કહું તો તમારા જેવું નિષ્કલંક—સુંદર મુખ નયન ભરી નીરખવાની કયા સંસારીના હૃદયમાં વાસના જાગૃત ન થાય? પરંતુ ભગવાનની કૃપાથી મારા અંતઃકરણની તે વાસના હવે દૂર થઈ છે. એટલાજ માટે દેવી રત્નમાળા! તે દિવસે ક્ષણિક ચાંચલ્યને વશીભૂત થઈ તમારો મેં જે અપરાધ કર્યો છે, અને મારા પવિત્ર કૂળને શરમાવે એવું જે મેં આચરણ કર્યું છે તે માટે તમારી પાસે ક્ષમા યાચવાનું મન થઈ આવે છે. ઘણા વખતથી હું તમને એકાંતમાં મળવાની અને ક્ષમા યાચવાની ભાવના હૃદયમાં સાચવી રહ્યો હતો. આજે સદ્ભાગ્યે એવો સુંદર અવસર મળ્યો છે તે માટે હું મને ભાગ્યશાળી લેખું છું. મને ખાત્રી છે કે તમે મને ક્ષમા આપ્યા વિના નહીં રહો. શાસનદેવની કૃપાથી અને તમારા પિતાની દયાથી આજે મને જે સુઅવસર મળ્યો છે તે માટે તેમની હું અંતઃકરણપૂર્વક સ્તુતિ કર્યા વિના રહી શકતો નથી. હવે તો, રત્નમાળા, આ અંતઃકરણમાં મુખ્યપણે એક જ પ્રબળ આકાંક્ષા વર્ત્તે છે, અને તે એ જ છે સર્વ પ્રકારે નિશ્ચિત થઇ પ્રભુના શાસનનું શરણ સ્વીકારી સંસાર ત્યજી દઇ આત્મહિત સાથે બની શકે તેટલું જગતનું હિત પણ સાધવું. સંસારની વિકટ પ્રપંચજાળમાં ગુંચાવાની મનની વાસના હવે ક્ષીણ થઇ ગઇ છે.”

મણીભદ્રની આ વાત સાંભળી રત્નમાળાના ચિરસંચિત—

ચિંતાભારવિષન્ન વદન ઉપર અકસ્માત્ સંતોષની શાંતજ્યોત્સ્ના ખીલી નીકળી. મન અને હૃદય ઉપરનો મહાન્ બોજો જાણે દૂર થયો હોય તેમ અત્યંત સ્પષ્ટ તેમજ સંતોષ સૂચક સ્વરોમાં રત્નમાળાએ કહ્યું કે:—

" ખરેખર, મને ખબર નથી—તમે આજપર્યંત મારો કોઈ અપરાધ કર્યો હોય તેની મને ખબર નથી. પરંતુ એ વાતની સાથે આપણને અત્યારે સંબંધ નથી. ધારો કે તમે કાંઈ અપરાધ કર્યો હોય, તો તે માટે ક્ષમા આપવામાં મને કોઇ જાતનો સંકોચ કે બાધ નથી. પરંતુ હું તમારી પાસેથી જાણવા માગું છું કે જૈનશાસનનું શરણ ગ્રહણ કરવાનો તમે જે દ્રઢ સંકલ્પ કર્યો છે, અને સંસાર ત્યજી વૈરાગ્ય સ્વીકારવાની જે પ્રતિજ્ઞા કરી છે, તે તમે કેવી રીતે સફળ કરી શકશો ? મેં સાંભળ્યું છે કે જ્યાં સુધી તમે તમારા પિતાની અનુમતિ ન મેળવો ત્યાંસુધી તમને દીક્ષા લેવાનો હક્ક નથી; અને હું ધારૂં છુ કે તમારા પિતાશ્રી આટલી વૃદ્ધ વયે તમને અનુમતિ આપે એ સંભવિત નથી, એટલું જ નહીં પણ તેમના કોમળ સ્નેહપૂર્ણ હૃદયને આઘાત કરી ચાલી નીકળવું, એ પણ તમારા જેવા અનુકંપાવાન મહાશયને ઉચિત નથી. આવા સંયોગોમાં તમે શું કરી શકશો ? કયો માર્ગ સ્વીકારવાનું યોગ્ય ધારશો ? "

મણીભદ્રે કહ્યું કે:—" જ્યાંસુધી પિતાજીની આજ્ઞા નહીં મળે ત્યાંસુધી સંસારમાં જ રહીશ પરંતુ એટલા જ માટે વિવાહ કરી સંસારી બનવાની પ્રવૃત્તિ તો હું કોઇ કાળે પસંદ નહીં જ કરૂં. " આટલું બોલતા બોલતાંમાં મણિભદ્રના આવેગભર્યા નયનો

રત્નમાળાના ઔત્સુક્યપૂર્ણ નયનો સાથે સંયોજીત થયાં. રત્નમાળાના નયનદ્વયમાં પણ તે વખતે અવ્યક્ત અશ્રુભાર છલકાવાની તૈયારીમાં હોય એમ મણિભદ્રને લાગ્યું; તેથી થોડીવાર તે કાંઇક વિચારમાં બેસી રહ્યો, અને પુનઃ સ્વસ્થ થઇ કહ્યું:—“ રત્નમાળા! મેં સાંભળ્યું છે કે તમારા પિતાશ્રીએ પણ તમારો વિવાહ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો છે, અને તમે એ વિવાહનું બંધન નહીં સ્વીકારતા શાસનની સેવાઅર્થે આત્મભોગ આપવાની દૃઢતા પ્રકટ કરી છે. આવા સંયોગોમાં તમે કયો માર્ગ લેવાનું યોગ્ય ધાર્યું છે? ”

“ મને પણ વિવાહ કરવાની લેશમાત્ર વાસના નથી. પરંતુ નિરૂપાય! પિતાજીનો આગ્રહ એટલો બધો છે કે હું તેને તાબે થયા વિના રહી શકતી નથી. પિતાજીની કોમળ લાગણીઓ, તેમનું સ્નેહાર્દ્ર અંતઃકરણ અને તેમનું વય જોતાં તેમને કોઇપણ પ્રકારની ગ્લાની કે ચિંતા મારા નિમિત્તે થાય તે મને અસહ્ય વેદનામય લાગે છે. એટલા માટે ન છુટકે મારે લગ્ન કરી સંસારી બન્યા વિના અન્ય એકે ઉપાય નથી. પણ મણીભદ્ર! હું તમને પૂછું છું કે તમે મારી સાથે લગ્ન કરો તો ? ” આ છેલ્લા શબ્દો બોલતાં રત્નમાળાના ગાલ તથા કપાળ ઉપર રક્ત આભા પ્રકટી નીકળી.

મણીભદ્ર તો આ છેલ્લી દરખાસ્ત સાંભળી દિગ્મૂઢ જ બની ગયો ! અનેક ક્ષણપર્યંત મૌનભાવે બેસી રહ્યો. ત્યારબાદ તેણે અતીવ નમ્ર સ્વરે કહ્યું કે:—“તે કેવી રીતે બની શકે? રત્નમાળા! તમે પણ વિવાહ કરવા ઇચ્છતા નથી અને હું પણ વિવાહ કરવા ઇચ્છતો નથી, તમે જેમ પ્રભુના શાસનની દીક્ષા લઇ આત્મહિત

સાધવાનો નિશ્ચય કર્યો છે, તેમ મેં પણ તમારા જેવો જ દૃઢ નિશ્ચય કર્યો છે. આવી અવસ્થામાં આપણે બંનેએ પરસ્પર લગ્નગ્રંથીથી કેવી રીતે જોડાવું, તે હું સમજી શકતો નથી. એવા અનિચ્છાપ્રયુક્ત લગ્નથી તમને કે મને શું લાભ થવાનો હતો?"

"એટલા જ માટે કહું છું કે તમારી સાથે જો મારો વિવાહ થાય, તો પછી કોઈને કશી ચિંતા રાખવાનું કારણ ન રહે." રત્નમાળાએ કિંચિત્‌માત્ર સ્પષ્ટીકરણ કર્યું.

"બરાબર સમજી શકતો નથી." એમ કહી મણીભદ્રે પોતાના વિસ્મયવિસ્ફારિત નેત્રો રત્નમાળા તરફ ફેરવ્યાં. રત્નમાળાએ આગળ બોલવાનું ચાલુ કર્યું:—

"આપણે ઉભય લગ્નની ગ્રંથીથી જોડાઇએ તો જ આપણા અંતઃકરણની વિશુદ્ધ આકાંક્ષાઓ અણીશુદ્ધ—અખંડિત અને નિર્મળ રહી શકે, અને તેની સાથે આપણા મુરબ્બી આત્મીયવર્ગની અભિલાષાને પણ સંતોષી શકીએ. આપણે બન્ને અત્યારપર્યંત શામાટે લગ્ન કરવાને તૈયાર નહોતા, અથવા નથી, તેના હેતુઓ આપણે પોતે સારી રીતે સમજીએ છીએ. એ પવિત્ર હેતુઓને કોઈ રીતે ઇજા આવે એવો આપણા લગ્નમાં લેશમાત્ર ભય નથી. વિરક્ત અને શિવસુખાભિલાષી સાધકો જે હેતુઓ સાચવવાના ઉદ્દેશથી લગનથી નથી જોડાતા તે હેતુઓ લગ્ન કર્યા પછી પણ આપણે બન્ને સાચવી શકીએ તેમ છીએ, અને તે પણ ક્યારે? જો તમારૂં અને મારૂં પરસ્પર લગ્ન થાય તો જ, અન્યથા નહીં. મને ખાત્રી છે કે જો પ્રભુની આપણા ઉપર કૃપા અને દયા હશે,

અને તે કૃપા તથા દયા છેજ—તો પછી એ અગ્નીપરીક્ષામાંથી ઘણી સહેલાઈથી પસાર થઈ જઈશું. તમે એકવાર મારી આ યોજના ઉપર વિચાર કરી જુઓ."

રત્નમાળાના મનનો ભાવ મણીભદ્ર હવે બરાબર સમજી ગયો. તે ક્ષણવાર વિચારમાં બેસી રહ્યો. ત્યાર પછી તેમની વચ્ચે ઘણી ઘણી વાતો થઈ. છેવટ જ્યારે વિદાય થવાનો સમય થયો ત્યારે મણિભદ્રે રત્નમાળાના મુખ સામે નીરખી સ્થિર અને અકંપિત સ્વરે કહ્યું કેઃ—"ભલે, રત્નમાળા, તમારી ઇચ્છા પૂર્ણ થશે. સંસારમાં રહ્યા વિના, લગ્ન કર્યા વિના અને સંસારીનો બાહ્ય આચાર-વ્યવહાર સ્વીકાર્યા વિના છુટકો જ નથી, તો પછી આપણે ઉભય ઉદાસીનપણે બાહ્ય મને એ સર્વ વ્યવહાર ખુશીથી નિર્વહીશું. તમારી સાથે લગ્ન કરવામાં હવે મને કોઈ પ્રકારનો સંકોચ નથી. પ્રભુ આપણુને અગ્નીપરીક્ષામાંથી પસાર થવા જેવું હૃદયબળ અર્પે એજ એક પ્રાર્થના આપણે કરવાની છે, અને મને વિશ્વાસ છે કે પ્રભુ તે પ્રાર્થના સાંભળ્યા વિના તથા આપણો ઉદ્ધાર કર્યા વિના નહીં રહે."

મણીભદ્રને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપતાં રત્નમાળાએ કહ્યું કેઃ—"ભલે, મણીભદ્ર! હું હવે રજા લઉ છું. આજથી આ સંસારમાં મારો-તમારો સ્વાર્થ અભિન્ન બને છે. આજે આપણે દેહલગ્નથી નહીં, પણ આત્મલગ્નથી જોડાઇએ છીએ. વસ્તુતઃ લગ્નના સમસ્ત સદ્‌ગુણોનો આપણે પરમ લાભ મેળવી શકીએ અને લગ્નના દુર્ગુણોથી આપણે સતત્ દૂર-દૂર રહ્યા કરીએ એ જ એક આશિષ્ પ્રભુ આપણુને-ઉભયને આપે, એમ અંતઃકરણ,

પૂર્વક સર્વદા પ્રાર્થીશું. " એટલું કહીને ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના રત્નમાળા ત્યાંથી ચાલી ગઇ. વસુભૂતિની રાહ જોતો મણિભદ્ર અગાસીમાં ઘણો વખત બેસી રહ્યો. વસ્તુતઃ તે વસુભૂતિની રાહ જોતો હશે કે પોતે પોતાની ભાવનાઓની ચિકિત્સા કરતો હશે તે કહેવું કઠિન છે. વસુભૂતિ કયારે આવ્યો અને મણીભદ્રને તથા તેમને શું વાતચીત થઇ તેનો ઉલ્લેખ અત્રે નિરૂપયોગી છે.

આત્મલગ્ન અને સંસાર.

વસુભૂતિ અને સામંતભદ્રને આટલી વૃદ્ધ વયે જે પરમ આનંદ થયો, તે વર્ણનાતીત છે. પોતાના સંતાનની દૃઢ પ્રતિજ્ઞાઓ પોતાના સ્નેહ પાસે પરાજીત થઈ તેથી, તેઓને આહલાદ, સંતોષ તથા શાંતિ થાય એમાં આશ્ચર્ય નથી. મણિભદ્ર અને રત્નમાળાએ પરસ્પર લગ્ન ગ્રંથીથી જોડાવાનું સ્વીકાર્યું છે, અને થોડા જ વખતમાં તેમનો વિવાહ થવાનો છે, એવા સમાચાર ગામમાં જોતજોતામાં ચોતરફ પ્રસરી ગયા. સમસ્ત **શ્રાવસ્તી** નગરીમાં ઉક્ત સમાચારથી આનંદનો પ્રવાહ ફરી વળ્યો. સુભદ્ર પણ પોતાના ગુરૂની આજ્ઞાને માન આપી ઘરે પાછો ફર્યો છે. **મણિમાલીનીને** આથી કેટલો આનંદ તથા ઉત્સાહ મળ્યો હશે તેની કલ્પના થઇ શકતી નથી. મણિમાલિનીના મનોરથો પણ પાર પડયા છે. કારણ કે પેલું પંખી પાંજરામાંથી હવે ઉડી જઇ શકે તમ નથી, તેની તેને બરાબર ખાત્રી થઈ ચૂકી છે.

તેની સાથે તેના પતિનો આશ્રય પણ તેને મળી ચૂકયો છે. **વસુભુતિ અને સામંતભદ્ર** જેવા પરમ ધનિક ગૃહસ્થોના માનીતા સંતાનોના વિવાહ નિમિત્તે અપૂર્વ ઉત્સાહ તથા અખુટ ધનવ્યય થાય એમાં તો પૂછવું જ શું ? ભારતવર્ષના સકળ સંઘોને આ વિવાહ નિમિત્ત આમંત્રવામાં આવ્યા. આ લગ્નને લીધે પોતાના સ્વધર્મી બન્ધુઓના પાદસ્પર્શથી પોતાનું આંગણું પવિત્ર થશે અને ધન વ્યય સફળ થશે, એમ માની તેમણે છુટથી ચોતરફ આમંત્રણપત્રિકાઓ મોકલી. અનેક મહેમાનો અને અતિથિઓના આગમનથી સામંતભદ્ર તથા ધનદત્ત શેઠનાં ગૃહો પરિપૂર્ણ તથા મુખરિત થઈ ગયાં.

લગભગ એક માસ સુધી આ લગ્નની ધામધુમ ચાલી. સમાગત આત્મીયગણને પરમ માનપૂર્વક વિદાય કરવામાં આવ્યા. અનેક રંક-દીનજનોના મનોરથો પૂર્ણ થયા. સર્વને યથાયોગ્ય દાનો તથા બક્ષીસોથી નવાજવામાં આવ્યા, અને એ રીતે લગ્નોત્સવ પૂર્ણ થયો.

મણિભદ્રને અને રત્નમાળાને સંસારમાં પ્રવેશ થયેલા જોઇ તથા બરાબર મનોયોગપૂર્વક પોતાના કૌટુંબિક તથા સામાજીક આચાર-વિચારોને નિર્વહતા જોઈ સામંતભદ્ર તથા વસુભૂતિ કૃતકૃત્ય થયા. થોડે વખતે તેમણે સંસારના સમસ્ત કાર્યો કરવા તજી દઇ એક માત્ર ધર્મધ્યાનમાં જ દીવસો પસાર કરવાની પ્રતિજ્ઞા કરી. તેઓ નિત્ય મુનિવરો પાસે જઇ બની શકે તેટલો વખત તત્વજ્ઞાનની ચર્ચામાં તથા તપ-જપ પૂજા પ્રભાવનામાં ગાળવા લાગ્યા. એક રીતે તેઓ સંસારમાંથી સંપૂર્ણ મુક્ત થયા, એમ કહીએ તો

પણ ખોટું નથી. સામંતભદ્ર તથા વસુભૂતી જેવા મહાન્ ધનવાન્ શેઠોને તપ-જપાદિ ધર્મધ્યાનમાં સતત્ નિયુક્ત થયેલા જોઇ તેમના પાછળ પાછળ અનેક ગૃહસ્થો નિત્ય ધર્મકૃત્યમાં જોડાવા લાગ્યા. એ રીતે સમસ્ત શ્રાવસ્તી નગરીમાં **મહાવીર ભગવાનના** પવિત્ર નામનો તથા ધર્મનો ગર્જારવ થઇ રહ્યો. અનેક નવા ઉપાશ્રયો તથા ચૈત્યોનાં નિર્માણો થવા લાગ્યાં, અનેક સ્ત્રીઓ તથા પુરૂષો ધાર્મિક ક્રિયાકલાપમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા લાગ્યા અને એ રીતે શ્રાવસ્તી નગરી ભારતવર્ષના ઇતિહાસમાં તીર્થસ્વરૂપે ચિરકાળને માટે પ્રસિદ્ધ થઈ. લગ્નની ધામધુમનું તથા સામંતભદ્ર અને વસુભૂતિના આનંદ ઉત્સવનું કિંચિત વર્ણન આપવા જતાં મુખ્ય વાત-મણીભદ્ર અને રત્નમાળાના લગ્ન પછીના પ્રથમ પરિચયની વાત-લખવામાં અમે અયોગ્ય વિલંબ કર્યો છે, એમ ઉત્સુક વાચકોને લાગશે. પણ બહુ અધૈર્ય કિંવા ઔત્સુક્ય ઠીક ન ગણાય, એ સિવાય વધારે કહેવાનો અમને અધિકાર શું છે !

લગ્ન પછીની પ્રથમ રાત્રીએ રત્નમાળા અને મણિભદ્ર જ્યારે પતિ અને પત્નિરૂપે શયનગૃહમાં પ્રથમ મળ્યા તે જ વખતે, **પરસ્પરે પ્રભુનું પવિત્ર નામ લઈ આત્મસાક્ષીએ એવા શપથ લીધા કેઃ—આવા એકાંત-નિભૃત સ્થાનમાં કોઇથી કોઇના અંગનો સ્પર્શ ન થાય તેની ઉભયે સંપૂર્ણ સાવચેતી રાખવી; અને રાત્રીકાળે જ્યારે એકજ શય્યામાં સુવાનો પ્રસંગ મળે ત્યારે એક જણે જાગતા રહેવું અને એક જણે ઉંઘવું, એવી પણ ઉભયે પ્રતિજ્ઞા કરી. પ્રસંગોપાત જો બન્નેને જાગતા રહેવાનું હરે તો તેઓએ ધર્મગ્રંથના અધ્યયન સિવાય તથા પ્રભુ મહાવીરના ઉપદેશો**

સંબંધી મનન કર્યા સિવાય બીજા કોઇપણ પ્રકારના વિષયવ્યાપાર સંબંધી વાર્ત્તાલાપ પણ ન કરવો." આ પ્રમાણે સતત્ આત્મજાગૃતભાવે પ્રતિજ્ઞાનું પાલન કરતા તેઓ કાર્યતઃ સંયમ તથા બાહ્યતઃ ગૃહસ્થાશ્રમનું પાલન કરવા લાગ્યા. તેઓએ પરસ્પર શું પ્રતિજ્ઞા કરી છે, તથા સાંસારિક લગ્ન કરવા છતાં તેઓ કેવા પવિત્ર ધર્મગાંઠથી જોડાયેલા છે તે બીજું કોઈ સમજી શક્યું નહીં. જેમ જેમ યૌવનનો ક્રમે ક્રમે વિકાસ થતો ગયો તેમ તેમ રત્નમાળાનું સૌંદર્ય તથા લાવણ્ય અકલ્પિતભાવે વિકસિત તથા પ્રસ્ફુટિત થતું ચાલ્યું. તેણીના નિષ્કલંક અને પવિત્ર ચારિત્રના પ્રતાપે રત્નમાળાના દેહ તથા મુખ ઉપર એવો પ્રભાવ પ્રકટ્યો કે જે કોઈ એક વખત આ રત્નમાળાની દેવીમૂર્તિને જુવે તેનું અંતઃકરણ **ભક્તિ** તથા **પૂજ્યભાવથી** સ્વયં દ્રવિત તથા અવનત થયા વિના રહે નહીં. મણીભદ્રના મનમાં પણ કોઇપણ પ્રકારનો કલેશ અથવા વાસના મૂળથી જ નહોતી, તેથી તેના દેહ તથા મુખ ઉપર પણ પવિત્રતાની તથા ચારિત્રની ઉજ્જવળ છાપ પ્રતિબિંબિત થઈ રહી. દંપતિની મનોહરમૂર્ત્તિ દિનાનુદિન અધિકતર સુન્દરતર થવા લાગી. નગરીના સકળ પુરૂષો તથા સ્ત્રીઓને ખાત્રી થઇ કે મણિભદ્ર તથા રત્નમાળાનો દાંપત્ય પ્રેમ જેટલો અસીમ છે તેટલો જ સ્વાભાવિક પણ છે. વસ્તુતઃ રત્નમાળા મણિભદ્ર વિના તથા મણિભદ્ર રત્નમાળા વિના વધારે વખત રહી શકતા નહીં; પરસ્પરનો વિરહ ક્ષણવારને માટે પણ તેમને અસહ્ય થઇ પડતો. રત્નમાળાને ત્યજીને કોઇવાર મણિભદ્રને દૂર સ્થાનાંતરે જવું પડતું તો તેના ચ્હેરા ઉપર કલેશનાં સ્પષ્ટ ચિન્હો તરી આવતાં. તે ઉપરાંત તેઓ નિરંતર એવા નિર્દોષ આનંદમાં

રહેતા, તેમજ સગા-સંબંધીઓ તથા દીન-રંક સાથે તેઓ એવો તો મિષ્ટ તથા સહાનુભૂતિવાળો વ્યવહાર ચલાવતા કે મણીભદ્ર તથા રત્નમાળાના સ્વાભાવિક ગૃહસ્થાશ્રમ સંબંધે કોઇને લેશમાત્ર શંકાનું કારણ રહ્યું નહીં. આ પ્રમાણે કેટલાંક વર્ષો વહી ગયા. રત્નમાળાને એકાદ પુત્ર કે પુત્રી થાય તો દૌહિત્રના મુખનું દર્શન કરી આનંદપૂર્વક છેલ્લી શય્યામાં સુવું, એમ વચમાં ઘણીવાર વસુભૂતિને લાગતું, પણ વસુભૂતિની ઈચ્છા તત્કાળ પૂરી પડે એવાં કંઇ ચિન્હ જણાયાં નહીં. તેથી તેણે એમ વિચારી મનને શાંત કર્યું કે પુત્રી ભલે વંધ્યા રહે—પણ આખરે સંસારમાં પડી, એ પણ એક રીતે ઠીક જ થયું છે. પૂર્વના શુભકર્મના ઉદય હશે તો વખત જતાં પુત્ર કે પુત્રી ઉત્પન્ન થયા વિના રહેશે નહીં; મારા પોતાના કર્મમાં દૌહિત્રના મુખનું દર્શન ન લખ્યું હોય એમાં કોઇ શું કરે? સામંતભદ્રને પણ પૌત્રનું મુખ જોઇને મરવાની ઈચ્છા રહ્યા કરે તે સ્વાભાવિક છે. પરંતુ ગમે તે પ્રકારે મનને શાંત કરી તેઓ પુનઃ ધર્મકાર્યમાં જોડાતાં. આ રીતે થોડા વર્ષે સામંતભદ્રે તથા વસુભૂતિએ મનના સંતોષ સાથે સ્વર્ગગમન કર્યું. મણિમાલિનીને એક પુત્રરત્ન પ્રાપ્ત થયું હતું. તેથી સુભદ્રે પોતાની પત્ની અને અન્ય સગા સંબંધીઓની અનુમતિ લઈ, પ્રભુના ચરણમાં પોતાના સર્વસ્વનું વિસર્જન કર્યું. મણિમાલિની પણ પુત્રના રક્ષણ-પાલનનો ભાર રત્નભદ્ર તથા તેની પત્ની લીલા ઉપર નાંખી સર્વની રાજીખુશીથી તથા સર્વની અનુમતિ પ્રાપ્ત કરીને પ્રભુના શાસનમાં દીક્ષિત થઇ. વખત જતાં વડીલ બન્ધુ રત્નભદ્ર અને લીલા પણ પોતાના કનિષ્ટ ભ્રાતા ઉપર સંસારનો સકળ ભાર રહેવા દઇ, ઘણોખરો વખત તીર્થયાત્રા તથા મુનિ-સમા-

ગમમાં ગાળવા લાગ્યાં મણીભદ્ર તથા રત્નમાળાએ સંસારના એક માત્ર સ્વતંત્ર અધિકારીરૂપે રહેવા છતાં ઘણા લાંબા સમયપર્યંત પરમ સંયમ તથા વ્યવહારકૂશળતાપૂર્વક પોતાની વિશાળ ધન સંપત્તિનો સદ્વ્યય કર્યો.

વિદાય.

શ્રાવણ માસની અમાવાસ્યાની એક રાત્રીએ આકાશમાં ઘનઘોર વાદળ ચડી આવ્યું છે. ચોતરફ અવિશ્રાંત ભાવે મૂશલધારે વૃષ્ટિની વારી-ધારા વહી રહી છે. દિગ્મંડળ ઘનઘોર-સૂચિભેદ્ય અંધકારવડે આવૃત્ત થઈ ગયું છે. મધ્યે મધ્યે વિજળીના ચમકારાથી સુષુપ્ત પક્ષીઓ જાગી ઉઠી કોલાહળ કરી મૂકે છે. રાત્રીનો બીજો પ્રહર પ્રાયઃ વ્યતીત થવા આવ્યો છે. આ સમયે સામંતભદ્રની પેલી વિશાળ અટ્ટાલીકામાં ત્રીજા માળે એક સુસજ્જીત ગૃહમાં મણિભદ્ર અને રત્નમાળા એક શય્યા ઉપર સૂતા છે. રત્નમાળા ઉંઘી ગઇ છે, તેથી મણીભદ્ર જાગ્રતપણે સૂતો સૂતો પંચપરમેષ્ટિનું સ્મરણ કરી રહ્યો છે. ઉંઘમાં ભૂલેચુકે પણ કોઇના અંગનો સ્પર્શ ન થાય, એટલા માટે રત્નમાળાથી દૂર સંપૂર્ણ સાવચેતીપૂર્વક મણીભદ્ર પોતાનો સમય પસાર કરે છે. લગ્ન પછીની અને લગ્ન પૂર્વની ઉભયની પ્રતિજ્ઞાઓ વાચકોના સ્મરણમાં હશે. લગ્ન પછીથી તેઓ બરાબર ઉક્ત પ્રતિજ્ઞાનું પાલન કરતા આવે છે. આજે પણ તે જ પ્રતિજ્ઞા સાચ.

વતા ઉભય પતિ-પત્ની રાત્રી વ્યતીત કરી રહ્યા છે.

મણિભદ્રની આંખમાં ઉંઘનું લેશ માત્ર ચિન્હ નથી. થોડીવારે તે ઉઠીને ઉભો થયો. કોણ જાણે શા માટે, પણ આજે તેના હૃદયમાં અસ્ફુટ વ્યાકૂળતાનો કંટક ખુંચતો હોય તેવો તેને અકસ્માત્ બોધ થવા લાગ્યો. સંસારની અનિત્યતાનું અને અસારતાનું નિત્ય ધ્યાન કરવાથી તથા પ્રભુના પવિત્ર ઉપદેશનું નિત્ય અનુશીલન કરવાથી, અત્યાર પર્યંત જે હૃદય ઉપર વૈરાગ્યના અનેક ગાઢ રંગો અને પટો ચડયા હતા, તે જ હૃદયને આજે અકસ્માત્ વિદ્યુતના જેવી અસર અને આકર્ષણ થવાનું કારણ શું ? થોડીવાર સુધી તો તેને કશી સમજણ પડી નહીં. પરંતુ પાછળથી પોતાની નિર્બળતાનું ભાન થતાં વૈરાગ્યની પ્રબળ ભાવનાઓવડે તે પોતાના હૃદયને પુનઃ બળવાન્ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. કમનસીબે તે જ વખતે ખુલ્લી રહેલી બારીમાંથી શીતળ વાયુની એક લહરી અકસ્માત્ તે શયનગૃહમાં દોડી આવી, અને પેલી સુતેલી સુંદરીના વક્ષઃસ્થળ ઉપર રહેલા આવરણ સાથે ક્રીડા કરતી હોય તેમ તે વસ્ત્રને ઉડાડી દીધું. તે જ ક્ષણે વિજળીનો ચમકારો થયો અને આખું શયનગૃહ સમુજ્જવળ પ્રકાશથી છલકાઇ ગયું. આ પ્રકાશમાં એક શિથિલ વસના, વિખરાયેલા કેશવાળી અનિંદ્યસુંદરી-રત્નમાળા નિદ્રાના મનોહર ખોળામાં શાંત નિદ્રા લેતી મણીભદ્રની નજરે પડી. વિદ્યુતની છટાથી રત્નમાળાનું અનિર્વચનીય સૌંદર્ય સહસ્રગણું ઉજ્જવળ તથા મનોહર જણાવા લાગ્યું. મણિભદ્રને લાગ્યું કેઃ—“ રત્નમાળામાં આટલું બધું સૌંદર્ય અને મોહકત્વ છે, એ તો હું આજે જ જોઇ શકુ છું, તેનું શું કારણ ? પૂર્વે શું હું આ સૌંદર્યને જોઇ જ નહીં શકયો હોઉં ? ”

પુનઃ વિજળીના પ્રકાશથી ઓરડો તેજોમય બન્યો. અત્યાર સુધી સ્વત્વરક્ષામાં સબળપણે ટકી રહેલો વીર સંયમી યુવક પોતાની સર્વાર્યતા ગુમાવી બેઠો. પોતે કોણ છે અને કેવા કાલકરાસ્થી બંધાએલો છે તે લગભગ વિસરી ગયો અને સસ્પૃહ દ્રષ્ટિએ પેલી નિદ્રિત સુંદરીના સ્વપ્નથી કંપતા સુચારૂ અધરોષ્ટ પ્રત્યે તાકી રહ્યો. પૂર્વે કદાપિ નહીં અનુભવાયેલા એવા વિગ્રહે હૃદયના નિર્મળ ભાવ-પ્રવાહને ડોળી નાંખ્યો-તેનું અંગ રોમાંચિત થઇ આવ્યું. આસુરી અને દૈવી સત્તાના યુદ્ધમાં દૈવી સંપત્તિ કાંઇક બળવાન બનવા જાય છે, એટલામાં એક વાર પુનઃ વિજળીનો પ્રકાશ ફેલાયો. **મણીભદ્રના** નયનો અંધારામાં પણ તે સુંદરી પ્રત્યે જ વળેલા હતા. આ છેલ્લા પ્રકાશમાં મણીભદ્રે જોયું તો રત્નમાળાના વિખરાયેલા વાળ કે જે ભૂમિને સ્પર્શી રહેલા હતા, તેના આધારે એક ભયંકર **સર્પ** પોતાના પલંગ ઉપર ચડતો હોય તેમ જણાયું. મણીભદ્ર જરા ભયભીત બન્યો. પણ **રત્નમાળાને ઓછા** ભયમાં આવી પડેલો જોઇ પુનઃ સ્વસ્થ થયો, અને એકદમ પેલા સર્પને હાથવતી દૂર ફેંકવાનો પ્રયત્ન કર્યો. સર્પને દુર કહાડવા જતાં ભયને લઇને હો કે વિહ્વળતાને લઇને હો-ગમે તે કારણને લઇને હો, પણ મણીભદ્ર પોતાનું સમતોલનપણું ગુમાવી બેઠો. તેનો જમણો હાથ અચાનક રત્નમાળાના ઉક્ત અનાવૃત વક્ષઃસ્થળ ઉપર પડયો, અને પોતાના તથા રત્નમાળાના નિઃશ્વાસો પરસ્પરમાં મળી જતાં હોય એવો ક્ષણવાર આભાસ અનુભવ્યો; મણીભદ્ર પોતાનો હાથ ખેંચવા જાય છે એટલામાં રત્નમાળાના કપોલ સાથે પોતાના કપોલ અનાયાસે સ્પૃષ્ટ થઇ ગયા. તે જ વખતે કોઇના હસ્તનો સ્પર્શ અનુભવતા રત્નમાળા એકદમ એકા-

કળી જાગ્રત થઈ, અને જેમ તેમ કરી પોતાનાં વસ્ત્રોને સુવ્યવસ્થિત કરી બીછાના ઉપર વ્યાકુળપણે બેઠા. તે વખતે પણ મણિભદ્ર પોતાના બાહુને રત્નમાળાના સ્કંધ ઉપરથી દુર કરી શક્યો નહોતો.

મણિભદ્રની મોહ–જડતા દૂર થતાં જ તે ચમક્યો અને પોતાનો હાથ ખેંચી લીધો. પરંતુ તેના દેહની રોમાંચિતતા હજી દૂર થઇ શકી નહોતી, કારણ કે તેનું આખું શરીર અંધકારમાં પણ ધ્રુજતું હોય એમ જણાઈ આવતું હતું. રત્નમાળાએ પૂછ્યું કેઃ—" **સ્વામીન શું હતું**? આમ આત્મવિસ્મૃત થવાનું કારણ શું?"

ત્યારબાદ ધીરે ધીરે મણિભદ્રે પેલા આકસ્મિક ભય વિષેની સઘળી વિગત રત્નમાળાને કહી સંભળાવી. શામાટે આમ બની ગયું તેનું બરાબર યથાયોગ્ય કારણ પોતાના મનમાંજ નક્કી કરી થોડીવાર રત્નમાળા ચુપચાપ બેસી રહી. છેવટે તેણીએ કહ્યું કેઃ—

" "પ્રિયતમ! સ્વામિન્! આજના બનાવ ઉપરથી મને જણાય છે કે પ્રલોભનની વસ્તુ જો પોતાની પાસેજ નિરંતર રહેતી હોય તો આપણી ઇન્દ્રિયો પ્રસંગોપાત વિકૃતિ પામ્યા વિના રહે નહીં. કેવળ તમને ઉદ્દેશીને જ આ વાત હું કહું છું, એમ માનવાનું નથી. આ જુવો, નિદ્રિતાવસ્થામાં તમારા અણધાર્યા અંગસ્પર્શને લીધે મારો દેહ પણ વિકંપિત અને રોમાંચિત થઈ આવ્યો છે. મારા શરીરનો રોમાંચ હજી પણ દૂર થતો નથી. તમારા એ અણધાર્યા સ્પર્શે મારા હૃદયમાં કેવો મોહમય વિકારભાવ જાગૃત કર્યો છે! નહીં, પ્રિયતમ! હવે આપણે આ દુષ્ટ પ્રલોભનોની મધ્યમાં પડ્યા રહેવાની જરૂર નથી. જે-

ના મનને સંતોષ આપવા અર્થે આપણે આ વિકટ વ્રત સ્વીકાર્યું હતું, તેઓ પરમ શાંતિ અને સંતોષપૂર્વક સ્વર્ગે પહોંચી ગયા છે. તો પછી હવે, આપણે આ કંટકમય માર્ગે આગળ ગતિ કરવાની શું જરૂર છે ?"

મણીભદ્ર આ વાત સાંભળી ઉભો થયો અને છેલ્લો એક દીર્ઘ નીશ્વાસ મુકી બોલ્યો કે:—" સત્ય છે. રત્નમાળા ! હવે આ વૈરાગ્યમય હૃદયને સાથે રાખી સંસારમાં પડયા રહેવાની જરૂર નથી. સંસારની રંગભૂમિ ઉપર હવે આપણે વધારે ખેલ કરવાની કશી અગત્ય નથી. બસ, આ રાત્રીએ જ અને આ જ શુભ ક્ષણે આપણા પરસ્પરના બંધનો તૂટી જવાં જોઇએ; ચાલો--દેવી, પ્રિયતમે ? ગુરૂ ? આજથીજ પ્રતિજ્ઞા કરો અને કહો કે હવે તમે મણિભદ્રના પત્નિ નથી અને સ્વીકારો કે હું રત્નમાળાનો સ્વામી નથી. જય! પ્રભુ મહાવીરનો જય હો—વીર-શાસન જયવંત હો!"

રત્નમાળા હસ્તદ્વય જોડી મણિભદ્રની સન્મુખ ઉભી રહી અને આંખમાંના અશ્રુપુર વડે વક્ષઃસ્થળને સિક્ત કરતી બોલી કે:— "જુઓ, પ્રાણેશ્વર, ધર્મનો માર્ગ ખુલ્લો છે. વીર-શાસન-સેવાનો માર્ગ તમારા જેવા બળવાન હૃદયના યુવકો માટે સદા ઉન્મુક્ત જ છે ! જુઓ, સાંભળો, સ્વર્ગના દેવતાઓ પણ તમારી સ્તુતિ કરી રહ્યા છે ! જુઓ, તમારી આત્મ વિશુદ્ધિના પ્રકાશથી ત્રીભુવન આજે જ્યોતિર્મય બન્યું છે! તમારા જેવા મહાપુરૂષના આશ્રય પ્રતાપે મારા જેવી એક અબળા સંસારમાં રહેવા છતાં પોતાની વિશુદ્ધિ સા-

ચવી રાખવા જેટલી સશક્ત અને ભાગ્યશાળી થઇ છે. મને પણ, નાથ ! અનુમતિ આપો કે હું પણ આપના પદાંકને અનુસરવાનો પ્રયત્ન કરૂં અને આપની જગદુપકારી પ્રવૃત્તિઓમાં હું પણ યથાસાધ્ય ભાગ લઉં.”

એમજ—રત્નમાળા ! એમ જ થશે, એવું જ ઉભયનું નિર્માણ છે. તમારી હૃદયની પુણ્યભાવનાઓ સફળ થાઓ ! બીજું શું ? “હવે કોની અપેક્ષા કરવાની છે? ચાલો, નિષ્ક્રમણ કરીએ: આપો રજા એટલે...”

મણીભદ્ર પોતાનું વાક્ય પૂરૂં કરે તે પહેલાંજ અશ્રુભારથી ગળગળા થયેલા કંઠસ્વરે **રત્નમાળાએ** કહ્યું કે:—“ રજા? કોને રજા આપવાની છે? તમને? જે મૂર્ત્તિનાં દર્શનમાત્રથી પૂજા કરવાનું મન થઈ આવે, જેનો કંઠસ્વર સાંભળતા પ્રાણ પવિત્ર થાય, અને કર્ણમાં અમૃતધારા વહે, જેના સહવાસમાત્રથી દેહ તથા મન કૃતાર્થ થાય, તેમને રજા આપવાનું કહો છો ? તમારી વિદાયગીરી પછી હું કોના આશ્રયે જીવતી રહી શકીશ ? સ્વામિન્ ! ક્ષમા કરજો, આજે મારૂં મન શા માટે આટલું બધું અશાંત અને નિર્બળ બને છે તે હું સમજી શકતી નથી. સંસારનો ત્યાગ કરતાં આજે શામાટે આટલી બધી વ્યાકૂળતા ઉપજે છે તેનો કાંઇ નિર્ણય કરી શકતી નથી. ”

એટલું કહ્યા પછી ઘણીવાર સુધી **રત્નમાળા** રડતી બેસી રહી. છેવટે જ્યારે બહુ અશ્રૂપાતને લીધે તેનું હૃદય ખાલી થયું ત્યારે તેણી કિંચિત્ સ્વસ્થ થઇ અને **મણિભદ્રને** ઉદ્દેશીને બોલી કે:—“ **આજ સંસારને ? જે સંસારમાં મનુષ્યો આબદ્ધ**

થયા પછી પોતાનું આત્મકર્તવ્ય ભૂલી જાય છે તે આજ સંસારને? જે સંસારમાં મનુષ્યો પોતેજ પોતાના શત્રુ બને છે તે આજ સંસારને? એ સંસારમાં હવે, મોહ શા માટે હોવો જોઇએ? પધારો, નાથ! મણીભદ્ર! પધારો, કાયમને માટે પધારો. જાઓ, નાથ! પેલો વીતરાગધર્મનો માર્ગ કે જે માર્ગે એકવાર ગતિ કર્યા પછી સંસારના જન્મ મરણાદિ ભયો દૂર થઇ જાય છે તે માર્ગે જાઓ. તાપીઓના તાપને શાંત કરો અને પીડિતાત્માઓના અશ્રુને લુછી નાંખી આશ્વાસનની મધુર, શિતળ વાણી સંભળાવો. જાઓ, એ માર્ગે જાઓ. હું હવે આનંદપૂર્વક તમને તે માર્ગે સિંહવિક્રમી વીરપુરૂષની માફક વિચરવાની વિદાયગીરી આપું છું. પ્રભુ મહાવીર અને તેમ ।। શાસનદેવ તમને નવું બળ અર્પે અને તમે કૃતાર્થ થાઓ, એ માત્ર એક આશિષ પૂર્વક વિદાયગીરી સ્વીકારો." એટલું કહી રહ્યા પછી રત્નમાળાએ દંડવત્ પ્રણામ કર્યા અને સૌ પ્રથમ પોતે જ ગૃહનો પરિત્યાગ કરી ત્યાંથી ચાલી નીકળી. મણીભદ્ર થોડીવાર કિંકર્તવ્યમૂઢની જેમ તે શૂન્યગૃહમાં બેસી રહ્યો. બાકી રહેલી રાત્રી વિચારમાં ને વિચારમાં જ તેણે પસાર કરી.

ઉપસંહાર

પ્રાતઃકાળે મણિભદ્રે આત્મીય સજ્જનોને મળી તેમની અનુમતિ મેળવી પોતાના ગૃહનો કિંવા સંસારનો ચિરદિનને માટે પરિત્યાગ કર્યો, અને તેના ભાગે જે અખૂટ ધન–સંપત્તિ આવી હતી, તે સમસ્ત સંપત્તિનો પણ ચૈત્યો–ઉપાશ્રયો અને તીર્થોના ઉદ્ધારઅર્થે ઉત્સર્ગ કર્યો. મણિભદ્રે તથા રત્નમાળાએ રાજગૃહીમાં જઈ શુભ મુહૂર્ત્ત અને શુભ દીને પ્રભુના આશ્રય નીચે દીક્ષા સ્વીકારી. મણિભદ્ર મુનિગણ સાથે તથા રત્નમાળા સાધ્વીજીઓ સાથે, એકાંત મનોયોગ પૂર્વક ગ્રામાનુગ્રામ વિહરવા લાગ્યા. મણીભદ્ર તથા રત્નમાળાના પ્રચુર અર્થ પ્રતાપે ભારતવર્ષના પ્રધાન પ્રધાન નગરો અને તીર્થોમાં જે અનેક નૂતન મંદિરો તથા સુશોભિત ઉપાશ્રયો તૈયાર થયા હતા તે હજી પણ તેમની પવિત્ર કીર્તિ અને ગૌરવનું ગાન કરી રહ્યા છે." માત્ર પાષાણની કથા આ કાળે સાંભળી તથા સમજી શકે એવા મનુષ્યો મળી આવવા દુર્લભ છે.

આવી રીતે ભારત વર્ષના મુખ્ય મુખ્ય નગરોમાં પવિત્ર જૈનશાસનનો પ્રભાવ ક્રમે ક્રમે વિસ્તરવા લાગ્યો. પ્રાયઃ સર્વત્ર ધર્મ અને સંઘની પ્રતિષ્ઠાઓ થવા લાગી. હાય, કાળ! આજે તે સર્વ ક્યાં ગયું? **મણિભદ્ર** જેવા સંયમી યુવકો, અને **રત્નમાળા** **જેવી સતી સાધ્વીઓને શું અમારો સમાજ હવે જન્મ નહીં આપે? જે યુવક યુવતિના અનંત બળ અને પવિ-**

વ્રતાના પ્રતાપે જૈનશાસને સમસ્ત વિશ્વ ઉપર એક કાળે દયા-શાંતિ-ક્ષમા આદિ પુણ્યભાવનાઓ પ્રસરાવી હતી, તે શાસનની આવી વર્તમાન શોચનીય દશા ક્યાંસુધી ચાલશે ? પ્રભુ ! દેવાધિદેવ ! એકવાર પુનઃ અમારા ધર્મ અને સમાજ ઉપર કૃપા કરો, અને રત્નમાળા જેવી સાધ્વીઓ તથા મણિભદ્ર જેવા પવિત્ર પુરૂષો પુનઃ ઉત્પન્ન કરો. એવા પવિત્ર, વિશુદ્ધ ચિત્ત, ધર્મપ્રાણ મહાનુભાવોના અવતરણથી આ વીરપ્રસવિની વસુંધરા-ભારતમાતાને એકવાર પુનઃ ગૌરવાન્વિત થવા દ્યો ?

સમાપ્ત.

હરેક જૈન બન્ધુને નિર્ચે જણાવેલ મહાન્ મહાત્માઓના ચરિત્રો વાંચવા, વિચારવા અને મનન કરવા ભલામણ કરીએ છીએ.

રા. સુશીલ કૃત જૈન નવયુગ પ્રથમ કિરણ શ્રી મહાવીર જીવન વિસ્તાર.

આ ગ્રંથ માટે જાણીતા જૈન અને જૈનેતર વિદ્વાનોના સંખ્યાબંધ ઉત્તમોત્તમ અભિપ્રાયો મળ્યા છે, જેમાંના એક જ અભિપ્રાય અમો અત્રે પ્રગટ કરીએ છીએ. શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડના માનવંતા તંત્રી શ્રી રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ. એલ. એલ; બી. લખે છે કે **મહાવીર જીવનવિસ્તાર**—લેખક, શ્રીયુત સુશીલ, પ્રયોજક—પંડીત **ભીમજી હરજીવન**, પ્રકાશક મેસર્સ મેઘજી હીરજીની કંપની મૂલ્ય રૂ. ૧–૮–૦. અમે જ્યારે શ્રી મહાવીરનો સમય અને ધર્મ પ્રવર્તક તરીકે મહાવીર એ નામનો લેખ લખી આ માસિકના ગત વર્ષના પર્યુષણ સમયે કાઢેલા શ્રીમાન્ મહાવીર 'અંક'માં પ્રસિદ્ધ કર્યો હતો ત્યારે આ પુસ્તક અપ્રસિદ્ધ હતું અને તેની સહાય લેવામાં આવી છે એવા સ્વીકાર કરી સ્પષ્ટ જણાવ્યું હતું કે "આ પુસ્તક એવી સુરમ્ય, ચિત્તાકર્ષક, બોધપ્રદ અને શૌર્યાન્વિત ભાષા શૈલીમાં વિચાર પૂર્વક રા. સુશીલે રચ્યું છે કે તે એક વખત વાંચવા લીધું તો પડતું મુકવું નજ ગમે; એમ અમને તેની હસ્તલિખિત પ્રતને વાંચવાની તક મળ્યા પછી છાતી ઠોકી કહેવામાં જરા પણ બાધ આવતો નથી."—

આ લખ્યા પછી લગભગ એક વર્ષે આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. પણ તેની અંદર ચિત્રો તદ્દન નવીન અને કલ્પના મિશ્રિત મુકી તેનો પરિચય જુદાજ રંગીન કાગળપર કરાવી પાકા પુંઠામાં બહાર પાડવા માટે મેસર્સ **મેઘજી હીરજી પોતાના સાહસ માટે મગરૂરી લઇ શકે તેમ છે.** આ પુસ્તકમાં રા. સુશીલે જે વિચારો દર્શાવ્યા છે તે સર્વથી સહુ સમંત નહિ થઈ શકે. છતાં તે જણાવવામાં પોતે કોઈ પણ અભિનિવેશથી દોરાયા છે એવું તો તેઓમાંનો કોઇ પણ સજ્જન સ્વીકારી શકશે નહિ. રા. **સુશીલ** જૈન લેખકોમાં એક **સ્વતંત્ર વિચારક પ્રખર અધ્યાયી, અને નિડર લખનાર તરીકે પ્રસિદ્ધ થયેલા** છે, છતાં જણાવવું પડે છે કે તે ઘણું થોડું લખે છે. પરંતુ તે જે કંઈ લખે છે **તેમાં વિલક્ષણતા, પ્રતિભા ખાસ તરી વળે** છે. તેમના લખેલા સંવાદો આત્મા અને કર્મનો સંયોગાદિ તત્વજ્ઞાનના લેખો તથા જે કંઈ તેમણે લખેલું હોય તે સર્વ એક પુસ્તકના આકારમાં બહાર પાડવાની વિનંતી આ પુસ્તકના પ્રકાશકને કરીશું કે જેથી ઘણું અજવાળુ પડવાનો સંભવ છે. આ પુસ્તક તેમજ હવે પછી જે જે નિકળે તે વાંચવા મનન કરવાની ભલામણ કરીશું.

૨	શ્રી ચંદ્રકુમાર (આનંદમંદીર.)	૧—૪—૦
૩	,, અભયકુમાર મંત્રીશ્વર.	૧—૪—૦
૪	,, ઉત્તમ કુમાર.	૦—૧૦—૦
૫	,, જૈન ઇતિહાસ.	૦—૧૦—૦
૬	,, દાનવીર રત્નપાળ.	૦—૧૨—૦
૭	,, ધન્નાચરિત્ર.	૦—૩—૦
૮	,, સમરાદિત્ય.	૨—૦—૦

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સાહિત્ય પ્રેમીઓનાં મુબારક નામ.

મુંબઇ.

નકલ નામ

૩૧ શા. ખીઅશી ભુધા (મુંબઇમાં ચાતુર્માસ રહેલા સાધુ સાધ્વીઓને ભેટ આપવા માટે.)

૨૫ માસ્તર કાનજી કરમશી માંડવી સ્કુલ જૈન વિદ્યાર્થી મંડળ

૧૫ શા. પુંજાભાઇ કરમશી

૧૧ ,, મુરજી ખીમજી હીરજી કાયાણી

૧૦ ,, રવજી નેણુશી

૧૦ ,, ખીમજી રતનશી પરબત કચ્છ ડુમરાવાળા

૧૦ ,, જેઠાભાઇ નરશી કચ્છ ડુમરાવાળા

૧૦ ,, જીવણચંદ ધરમચંદ ઝવેરી

૫ ,, દલીચંદ ફુલચંદ ઝવેરી

૫ ,, હીરજી ધેલાભાઇ ગણુશી

૫ ,, લખમશી ખેતશી હુંડીવાલ

૫ ,, ભીમશી માણેક જૈન બુકસેલર

૫ ,, વસનજી ખીમજી

૫ ,, ટોકરશી કાનજીની કું.

૫ ,, દેવજી કલ્યાણજી પટેલ

૫ ,, રવજી રાધવજીની કું.

૫ ,, મરહુમ મકનજી કાલીદાસના સ્મરણાર્થે ભેટ આપવા માટે એક સદ્‌ગૃહસ્થ તરફથી

૫ ,, મુરજી ભીઅશી

૫ ,, પાસુભાઇ લખમશી કચ્છ-લઠેડીવાલા

૫ ,, લધાભાઇ ગણુપત

૫ રાવબહાદુર શેઠ તેજુભાઇ કાલા જે, પી,

૫ શા. ગાંગજીભાઇ નેણુંશી

૫ ,, ટોકરશી મુલજીની કું.
૫ ,, ઠાકરશી હીરજીની કું.
૫ ,, દેવીદાસ લક્ષ્મીચંદઘેવરીયા
૫ ,, માલશી કાનજી
૫ ,, ગોવીંદજી હરશી
૫ ,, પદમશી લાલજી રામજી
કચ્છ નલીઆવાલા.
૫ ઝવેરી ખેતસી હંસરાજ
૨ ,, વીરજી ચત્રભોજ
૨ ,, રવજી દેવરાજ
૨ ,, રણુશી દેવરાજ
૨ ,, વેલજી પરબત વીરાણી
૨ ,, લધાભાઇ ચાંપશી ઉત્તમી.
૨ ,, જગજીવન હેમચંદ રેશમ-
વાલા
૨ ,, માંગરોળ વાશી જૈન ગૃહ-
સ્થ તરફથી
૨ ,, કુંવરજી રામજી
૨ ,, શાંકળચંદ મોકમચંદ
૨ ,, પાનાચંદ માનચંદ ઝવેરી
૨ ,, નરશી જાદવજી
૨ ,, હરજીવન ગોપાલજી
૧ ,, કુંવરજી કેશવજી
૧ ,, ગણુપત પાસુ
૧ ,, રતનશી દેવજી
૧ ,, ગાંગજી જેસંગ
૧ ,, ખેતસી જેઠા
૧ ,, નરશી ખેતશી
૧ સંઘવી જશરાજ મોનજી
૧ ,, ન્યાલચંદ નાગજી
૧ શા. પાનાચંદ કરમચંદ
૧ દોસી જસવીર પ્રાગજી
૧ ખીમચંદ ઉજમશી ભાડુકા-
વાળા
૧ માસ્તર વીરજી રાજપાલ
૧ શા. રતનશી લખમશી ધીવાલા
હા. મુરજી હીરજી
૧ ખીમજી લીલાધર જૈન બુક
બાઇન્ડર
૧ શા. વેલજી ચત્રભુજ લોડાયા
૧ ,, ઠાકરશી શામજી
૧ ,, લખમશી ભીમજી
૧ ,, અમૃતલાલ નાગરદાસ
૧ ,, મણીલાલ મોકમદાસ
૧ ,, વેલચંદ મોકમદાસ
૧ ,, વ્રજલાલ કાળીદાસ

૧ ,, ફતેહચંદ ડાંબાલાલ
૧ ,, લીલાધર ગુલાબચંદ
૧ ,, ખીમજી સાંગણ
૧ ,, દેવરાજ શિવજી
૧ ,, ત્રીભોવન ધારશી ધીવાલા
૧ ,, દામજી રામજી
૧ ,, ઉજમશી ખુશાલ
૧ ,, ગોવીંદજી જેઠા કચ્છ
જખૌવાલા
૧ ,, ભુરચંદ પુનમચંદ
૧ ,, ધનજી પાસુ કચ્છતેરાવાલા
૧ ,, દામોદર નાનચંદ
૧ ,, શવચંદ કચરાભાઇ
૧ ,, કસ્તુરચંદ નાનચંદ
૧ ,, દેવજી ખેતશી
૧ ,, પુનમચંદ ભીખાચંદ
૧ ,, ધારશી માધવજી વડવી-
યાળીવાલા.
૧ ,, મોહનલાલ દેવચંદ
ખેરવાવાલા
૧ ,, ખેતશી લખમશી દોઢીઆ
૧ ,, રામજી તોયરા
૧ ,, નાનજી શામજી પડધરી-
વાલા

૧ ,, ભગવાનજી જીવાજી ગદેઆ
૧ ,, હકીસંગ રવજી
૧ ,, દેવશી દયાલચંદ
૧ ,, શંભુ નાનચંદ
૧ ,, રાયશી હીરાચંદ કચ્છ
અંજારવાલા
૧ ,, દીપચંદ કેવલચંદ શેઠ
૧ ,, સ્વરૂપચંદ તારાચંદ
૧ ,, પુનમચંદ કૃષ્ણાજી
૧ ,, હંસરાજ માદણ
૧ ,, પનાજી કલાજી
૧ ,, અમરચંદ તારાચંદ ઝવેરી
૧ ,, તલકશી કોરશી નેણુશી
કચ્છ શેરડીવાલા
૧ ,, દેવશી દંનાણી કચ્છ
વડાલાવાળા
૧ ,, લખમીદાસ રોપણ પાલન
કચ્છ વાકુંવાળા
૧ ,, કુંવરજી ચાંપશી કચ્છ
કોઠારાવાલા
૧ ,, ગોવીંદજી પાસુ દેવજી
કચ્છ દેવપુરવાલા

૧ ,, દયાળ કાનજી કચ્છ તેરા-
વાલા
૧ ,, શામજી ઘેલાભાઇ કચ્છ
ગોધરાવાલા
૧ ,, વેલજી દોશા કચ્છગંદી-
આલીઆવાલા
૧ ,, માણેક મુલજી કચ્છ-કોટડી
૧ ,, મોનજી મુરજી
૧ ,, કરમશી મોમાઇઆ
૧ ,, છગનલાલ વીરજી
ટાણાવાળા
૧ ,, અમીચંદ નેમાજી
૧ ,, માણેકચંદ ગુલાબચંદ
૧ ,, ગુમનાજી નેમાજી
૧ ,, ગુમનાજી નાથાજી
૧ ,, દોશી નેમચંદ ગુલાબચંદ
જોડીઆ બંદરવાલા
૧ ,, લીલાધર ખીમજી
૧ ,, જેઠાભાઇ પ્રેમજી
૧ ,, સૂરચંદ લાલચંદ
૧ ,, હરગોવનદાશ મોદી
૧ ,, ચત્રભુજ શાકળચંદ
૧ ,, પીતાંબર શામજી

૧ ,, ખેતશી જેઠાભાઇ
૧ ,, કાનજી માધવજી
૧ ,, તારાચંદ શાકળચંદ
૧ ,, પુનમચંદ બલાખીદાસ
૧ ,, અનુપચંદ રામજી
૧ ,, મુંબઇ રત્નચીંતામણી
સ્થાનકવાસી જૈન મિત્ર
મંડળ
૧ ,, ડાહ્યાભાઇ અજુ
૧ ,, પાનાચંદ કાલીદાસ
૧ ,, દુલભજી કચરા સંઘવી
૧ ,, ઉમરશી જીવરાજ
૧ ,, છોટાલાલ બેચર

પાલીતાણા જૈન સમાજના સભાસદો.

૧ શા દીપચંદ કુશળચંદ
૧ ,, કપાસી હરિલાલ ગોપાલજી
૧ ,, ઝવેરભાઇ ગાંગજી
૧ ,, વનમાળી લવજી
૧ ,, અમૃતલાલ છગનલાલ
સંઘવી
૧ ,, દયાળજી છગલાલ
૧ ,, બાવચંદ વીઠલદાશ

૧ ,, વીઠલદાશ હરખચંદ

૧ ,, મોનજી રૂગનાથ

૧ ,, મોહનલાલ લલુભાઇ

કચ્છ પુનડી.

૧ શા. પુંજાભાઇ રતનશી

ભડકવા.

૧ શા. નાનચંદ જેચંદ

જલગામ.

૧ શા. ભાઇચંદ ખુશાલચંદ
પાટણવાલા

શિરપુર.

૧ મુની માણેક જૈન કન્યાંશાળાના
સેક્રેટરી શા. વહાલચંદજી
દેવચંદજી

સુરત.

૨ શા. ઝવેરચંદ ગુલાબચંદ

૧ શા. લાલચંદ ખુબચંદ

ખડકલાટ.

૧ શા. દલુપચંદ શરૂપચંદ

રાણપુર.

૧ શા. કેશવલાલ છગનલાલ

હીંમતનગર

૧ પંડીત જાદવજી

છોટી સાદડી મેવાડ.

૧૦ શેઠ સાહેબ ચંદનમલ નાગોરી

કચ્છ સાંયરા.

૧ શા. માણેકજી કલ્યાણજી

કચ્છ ભુજ

૧ શા. ગુલાબચંદ શીવજી

નીકોરા.

૧ શા. બાપુલાલ અમરચંદ

કુરકુવાડી.

૧ શા. રાયમલ હીરજી

કલકત્તા

૧ પટવા શીવલાલ દીપચંદ

૨ શા. દુલભજી સોમચંદ

૧ ,, હજારીમલ હીરાલાલ

રંગુન.

૧ શા. જેચંદ છગનલાલ ધ્રુવ

કોઠ

૧ શા. પોપટભાઇ મુલચંદ

ચુના.

૧ શા. ગુલ્બા અંસલાજી

૧ શા. વાડીલાલ દીપચંદ

માણુંદ.

૧ શા. માધવલાલ લલ્લુચંદ

ઢમરકા.

૧ શા. નેણશી શીવજી સંઘવી

કચ્છ માંડવી.

૧ શા. નથુભાઇ વી. નેમીદાશ પારેખ

૧ શા. વરધમાનભાઇ વિ. લખમીચંદ

૧ ,, નાગજીભાઇ અમરશી

૧ ,, ધનજીભાઇ હમીર

૧ શાંતીદાસ નારાણજી

૧ ,, જીવણભાઇ જેઠાણી

૧ ,, માણેકચંદ પાનાચંદ સંઘવી

૧ ,, જૈનમીત્ર મંડળ

૧ શા. ગોવીંદજી દેવજી

૧ પંડીત પાનાચંદ કાલાભાઇ

અમદાવાદ.

૧ શા. ચીમનલાલ વહાલચંદ

૧ શા. મુલચંદ આશારામ જવેલર

૧ ,, મગનલાલ મોતીચંદ

શિરોહી (રાજપુતાના)

૧ મી. બી. પી. સીંગી

ડભોઈ.

૧ હીમચંદભાઇ મોહનલાલ વૈદ્ય

લતીપુર.

૧ મોંતીચંદ કશળચંદ

પાચોરા.

૪ શા. કપુરચંદ વછરાજ

૧ ,, ભાણજી પાસવીર

૧ ,, કેશવજી તેજપાળ

૧ ,, સોજપાર કેશવજી

૧ ,, પાસવીર ચત્રભુજ

૧ ,, વેલજી કાનજી

૧ ,, પાચોરા જૈન પાઠશાલા

લખતર.

૧ મેતા નેણશી કલ્યાણજી
દફતરદાર

નાગોર.

૧ મુનીમહારાજશ્રી રૂપમુનીજી
ગુલાબમુનીજી

કચ્છ સુથરી.

૧ શા. વેરશી માડણ
૧ ,, હંસરાજ હીરજી
૧ ,, શામજી ઉકેડા

ચાલીસગામ.

૧ એ. ડી. ધરમશી

દખન હૈદ્રાબાદ.

૨ શા. પદમશી ભાણજી

રાંદેર.

૧ નગરશેઠ છોટાલાલભાઇ
૧ ડાયાભાઇ જેચંદ કાપડીઆ

ડોંડાઇચા.

૧ નાગડા ડુંગરશી કાનજી

દુડાણા.

૧ શા. વલભદાસ મોતીચંદ

માંડલ.

૧ શા. લખમીચંદ છગનલાલ

ખેડા.

૧ શા. શકરચંદ કેવલદાસ
૧ ,, હીરાલાલ લલુભાઇ
૧ ,, ડાયાભાઇ પ્રેમચંદ પટેલ
૧ ,, હીરાલાલ મુલજી
૧ ,, સોમચંદ મગન
૧ ,, જેઠાલાલ ચુનીલાલ
૧ ,, મથુર જગજીવન
૧ ,, હરજીવન મગન
૧ ,, સોમચંદ ઉમેદભાઇ
૧ ભાવશાર મગન કેવલદાશ

ધુલીઆ.

૧ શા. બગતાવરમલ ગણેશલાલ

ભાવનગર.

૧ ,, પ્રેમચંદ રતનજી

કલ્યાણી.

૧ મેતા વ્રજલાલ છગનલાલ

વાપી.

૧ શા. પુનમચંદ લક્ષ્મીચંદ

દેગામ.

૧ શા. ગુલાબચંદ મકનજી

મુરબાડ.

૧ શા. મણીલાલ હેમચંદ

મેતા.

૧ માસ્તર મુલચંદ સુરચંદ ગાંધી

કારંજા.

૧ શા. મોતીચંદ શામજી કોરડીઆ

ઉંઝા.

૧ શા. ચુનીલાલ વસ્તારામ

રાજકોટ.

૧૦ મેતા કીરચંદ જાદવજી કંટ્રાકટર

કોઠ નગર.

૧ શા. ફુલચંદ હીમચંદ
૧ ,, પોંચાલાલ રઘુભાઇ
૧ ,, છગનલાલ લવજી
૧ ,, હરીલાલ હઠીસંગ મહેતા
૧ ,, હરખચંદ વીરજી
૯ ,, ભીખાભાઇ પુરસોત્તમદાસ
૧ ,, શાન્તીલાલ જુરાભાઇ
૧ ,, પદમશી રાયચંદ
૧ ,, કેશવલાલ લાલચંદ
૧ ,, માસ્તર ગુલાબચંદ જુઠાભાઇ
૧ ,, શકરચંદ ચુનીલાલ

અલપઇ.

૧ શા. તેજશી ત્રીકમજી
૧ શા. સોમચંદ વિ. લક્ષ્મીચંદ

વડોદરા.

૧ શા. સોમચંદ ખીમચંદ

શંખલપુર.

૧ શા. પોપટલાલ અમૃતલાલ

અલીઆબાળા.

૧ શા. ફોફરીયા કરમચંદ હરજી

થરાદ.

૧ શા. વીરચંદ ભાઇચંદ વોરા

મોરચીઆ વાંકુના.

૧ શા. તારાચંદ શામજી મેતા

ખાંવલી.

૧ શા. નાગરદાશ શરૂપચંદ

લુણાવાડા.

૨ શા. રાયચંદ કાલીદાશ
૧ શા. રાયચંદ ગુલાબચંદ
૧ શા. કરમચંદ કાળીદાશ
૧ શા. અંબાલાલ લલુભાઇગાંધી

કચ્છ અંજાર.

૧ કોઠારી હંસરાજ સવચંદ જૈન પાઠશાળાના માનવંતા માસ્તર સાહેબ
૧ ,, લીલાધર સવચંદ
૧ શા. વીશનજી વીકમશી
૧ શા. દેવચંદ નાથાભાઇ
૧ શેઠ ભગવાનજી મેઘજી ટ્રેઝરર
૧ કોઠારી દામજી ન્યાલચંદ

કચ્છ બાડા.

૧ શા. શિવજી મેઘરાજ ભેરાજ

બાલાપુર.

૧ જૈન લાયબ્રેરી શા. હવશીલાલ પાનાચંદ

લીંબાડા.

૧ શા. ફોજમલ પરતીરાજ

અહમદનગર.

૧ માણેકચંદ કીશનદાશ

દારાજ.

૧ શા. વાડીલાલ એન્ડ ચુનીલાલ

જોરણંગ.

૧ બહોરા જેચંદભાઇ નથુભાઇ

કરમસદ.

૧ શા. કુંદનમલ ભગવાનદાસજી

અંડવા.

૧ શા. નેણશી રતનશી

ગામ ખડકલાટ.

૧ શ્રી જૈન શ્વેતાંબર સુબોધ વાંચનાલય

સીકંદ્રાબાદ.

૧ માસ્તર નાનચંદ કસ્તુરચંદ

કલકત્તા.

૧ મહેતા ચીમનલાલ નીહાલચંદ રહેવાસી પાલણપુર

સાવરકુંડલા.

૧ દોશી કાલીદાસ ભાણજી

કોચીન.

૧ શા. મણીલાલ સુરચંદ

૧ શા. વાછરાજ ઘેલાભણુ

એરણા.

૧ દોશી લલુ દેવચંદ

૧ શા. છગનલાલ જેઠીરામ

ખંભાત.

૧ શા. અંબાલાલ પાનાચંદ

જૈન લાયબ્રેરી

મુંબઇ.

૧૦ શા. કોરશી વસાઇઆ

૫ શા. પાસુભાઇ સુરજી

૧ શા. શામજી ખીમજી બોના

૧ શા. રતનશી ત્રીકમજી

૧ શા. માધવજી કેશવજી વહોરા

૧ શા. શામજી વીરજી

૨ એસ. એન. ગાંધી બતીવાળા

હુબલી.

૧ શા. ભાણજી શામજી

૧ શા. કુંવરજી મેઘજી

૧ શા. જેઠાભાઇ કચરા

કડોદ.

૧ શ્રી મહાવીર સ્વામી જૈન

પુસ્તકાલય

દેશાડ.

૧ શા. વીરચંદ કાનાજી

બીલીમોરા.

૫ શા. કેસરીચંદ ભાણાભાઇ

મુંબઇવાળા

કચ્છ નવાવાસ.

૧૦ શા. જગશી ખીમજી

મુંબઇવાળા

(અપૂર્ણ.)

અમારી નવીન યોજના.

અમારી આફીસમાં જૈન ધર્મનાં પુસ્તકો ઉપરાંત અન્ય ઉપયોગી ગ્રંથો પણ મળી શકે એવી યોજના અમે કરી લીધી છે. અને તેથી હવે ગમે તે પ્રકારનાં પુસ્તકો અમારા કાર્યાલય તરફથી ગ્રાહકોને પુરા પાડવામાં આવશે. ગુજરાતની પ્રસિદ્ધ ગ્રંથમાલાઓનો તથા ગુજરાતી ગ્રંથકારોના પુસ્તકોનો બહોળો જથ્થો અમારી પાસે આવી પહોંચ્યો છે.

નોવેલોનો અદ્દભુત ખજાનો.

નોવેલના તમે અનેક પુસ્તકો વાંચ્યા હશે, પણ આ પુસ્તકો તમે જ્યાંસુધી વાંચ્યા નથી ત્યાંસુધી ઉત્તમ બોધ રસવાળી વાર્તામાં કેવી રીતે ગુંથવામાં આવે છે તે તમારા જાણુ-વામાં ભાગ્યેજ આવ્યું હશે. સત્શાસ્ત્રોના નિયમો વાંચનારને અત્યંત આનંદ આપે એવી નવલકથાઓના રૂપમાં જો કોઇ પણ ગ્રંથોમાં ગુંથવામાં આવ્યા હોય તો તે આજ ગ્રંથો છે. તેને વાંચતાં તમારા અંતઃકરણમાંની અત્યંત ઉંચી સ્થિતિ તત્કાળ અનુભવશો. આ બધા ગ્રંથો આપની ખરીદવાની ભક્તિ ન હોય અગર આ પ્રશંસા ઉપર પુરતો ભરૂસો ન હોય તો માત્ર એકજ નોવેલ મંગાવી ખાત્રી કરશો.

		રૂ.આ.પા.
૧	**મણી અને મોહન**—એક સુબોધક વાર્તા. કિં.	૨—૦—૦
૨	**હાસ્ય મંદિર**—કર્તા રા. બા. રમણભાઇ તથા તેમનાં પત્ની	૧—૮—૦
૩	**મોહિનીચંદ્ર અને સવિતા**	૧—૦—૦
૪	**રત્નગ્રંથિ**	૦—૮—૦
૫	**સત્યભામા**—પત્નીની પસંદગી શુદ્ધ પ્રેમનો આદર્શ	૧—૦—૦
૬	**ચોખેરવાલી**-કર્તા મહાત્મા કવિશીરોમણી રવીન્દ્રનાથ ટાગોર કે જેઓના એકજ કાવ્યના અમેરીકાના પ્રો.—એ સવાબે લાખ રૂપીઆ ઇનામ આપ્યા હતા તેઓની કૃતિની આ અદ્ભુત નવલકથા અવસ્ય વાંચો	૧—૦—૦
૭	**પશુમાંથી દેવ**	૦—૮—૦
૮	**કુમુદચંદ્ર**	૧—૪—૦
૯	**પાપ અને પશ્ચાતાપ**	૨—૦—૦
૧૦	**કમળા કુમારી** (હિન્દુ ઘર સંસાર સ્થિતિનું ચિત્ર)	૧—૦—૦
૧૧	**સુબોધચંદ્ર** આધ્યાત્મિક નોવેલ	૦—૮—૦
૧૨	**નીલમ અને માણેક**—સચિત્ર ભાગ ૧—૨ ...	૨—૦—૦
૧૩	,, ,, ,, ૩—૪ ...	૨—૦—૦
૧૪	,, ,, ,, ૫—૬ ...	૨—૦—૦
૧૫	,, ,, ,, ૭—૮ ...	૨—૦—૦
૧૬	**શાંતિ-પ્રિયા** સચિત્ર	૨—૦—૦
૧૭	**વરઘેલી વનિતા** સચિત્ર	૨—૦—૦

			રૂ.આ.પા.
૧૮	કુંદન કુસુમ ભાગ ૧ લો સચિત્ર	...	૦-૧૨-૦
૧૯	,, ૨ જો ,,	...	૦-૧૨-૦
૨૦	,, ૩ જો ,,	...	૦-૧૨-૦
૨૧	,, ૪ થો ,,	...	૦-૧૨-૦
૨૨	,, ૫ મો ,,	...	૦-૧૨-૦
૨૩	લતા અને લલિતા સચિત્ર ભાગ ૧	...	૦-૧૨-૦
૨૪	,, ,, ૨	...	૦-૧૨-૦
૨૫	,, ,, ૩	...	૦-૧૨-૦
૨૬	મુંબઇની શેઠાણી ગુર્જરી	...	૧-૪-૦
૨૭	મીલન મંદીર	...	૧-૪-૦
૨૮	રતિ સુંદરી સચિત્ર	...	૧-૮-૦
૨૯	પાપ પુંજ ડીટેકટીવ નવલ કથા	...	[illegible]-૧૨-૦
૩૦	તરૂણ તપસ્વિની	...	૧-૮-૦
૩૧	કલિકૌતક સંગ્રહ (હાસ્યરસનો હોજ)	...	૦-૧૨-૦
૩૨	વિપલતા	...	૦-૧૨-૦
૩૩	જહાંગીર	...	૦-૯-૦
૩૪	સુંદરી સુબોધ માળા	...	૧-૦-૦
૩૫	મહારાષ્ટ્રીય કથાકુંજ	...	૦-[illegible]-૦
૩૬	લાલન-વણજારી સચિત્ર	...	૧-[illegible]-૦
૩૭	બહાદુર કલો અને અનાથ તારા	...	૧-૦-૦
૩૮	અનુપકુમારી	...	૦-૧૨-૦
૩૯	ઉમાજી નાયક	...	૦-૬-૦
૪૦	બેરીસ્ટરની બૈરી	...	૨-૦-૦

		રૂ.આ.પા.
૪૧	ઓરત	૦-૧૨-૦
૪૨	ભેદક ખૂન (મેસ્મેરીઝમનો મહાન ઉપયોગ) ...	૦-૧૨-૦
૪૩	કુસુમ લતા (એક ભેદી ખુન અને દગાખોર દોસ્તનો આબેહુબ ચિતાર)	૧-૦-૦
૪૪	વિવેક વાણી	૨-૦-૦
૪૫	સ્નેહ સદન (ખાસ વાંચવી)	૧-૦-૦
૪૬	કાળી રાત્રિનું ખુની ખંજર	૧-૪-૦
૪૭	બ્રહ્મચારિણી	૦-૧૨-૦
૪૮	હેમકળા સચિત્ર	૧-૮-૦
૪૯	સ્ત્રીમય સંસાર	૧-૪-૦
૫૦	નટવર સચિત્ર	૩-૦-૦
૫૧	કેશરી ભાગ ૧ લો	૧-૮-૦
૫૨	,, ૨ જો	૧-૮-૦
૫૩	પંદર લાખ પર પાણી	૧-૦-૦
૫૪	ઘાશીરામ કોટવાલ	૦-૮-૦
૫૫	વાર્ત્તા વૃક્ષ આદર્શ સાંસારિક રસભરી વાર્ત્તાઓનો સંગ્રહ	૦-૧૨-૦
૫૬	કથા સાગર રસમય વાર્તાઓનો અપૂર્વ સંગ્રહ	૨-૮-૦
૫૭	ભારતીય સામ્રાજ્ય	૨-૮-૦
૫૮	દુઃખીયારી દુઃખતર	૧-૪-૦
૫૯	પાટણની પ્રભુતા	૨-૦-૦
૬૦	પવિત્ર કન્યા	૦-૮-૦
૬૧	પ્રેમની આંટી ઘુંટી	૧-૦-૦

		રૂ.આ.પા.
૬૨	ભુજબળથી ભાગ્યપરિક્ષા	૨-૦-૦
૬૩	ભદ્રકાળી	૨-૦-૦
૬૪	એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી?	૧-૮-૦
૬૫	જગન્નાથની મૂર્તિ	૨-૦-૦
૬૬	શાહજહાનના છેલ્લા દિવસો	૧-૮-૦
૬૭	શશિબાળા યાને ભયંકર મઠ	૦-૧૦-૦
૬૮	વિમળા (રસમય નવલ કથા)	૧-૦-૦
૬૯	અરેબિયન નાઇટ્સ	૨-૮-૦
૭૦	વિદ્યાચંદ્ર સુમતિ	૧-૦-૦

નાટકોનાં પુસ્તકો—ભાષાંગો સહિત.

૭૧	પ્રતાપી પ્રમિલા	૦-૮-૦
૭૨	કામ-લતા	૦-૮-૦
૭૩	સત્યવાદી હરિશ્ચંદ્ર	૦-૮-૦
૭૪	ચિતોડનો કરણ...	૦-૮-૦

બોધદાયક પુસ્તકો.

૭૫	દિવાને સાગર	૨-૮-૦
૭૬	ગજલીસ્તાન	૧-૦-૦
૭૭	ભજન પદ દોહન	૦-૫-૦
૭૮	પાંડવપ્રબોધ	૧-૮-૦
૭૯	આનંદ મંદીર	૧-૪-૦
૮૦	દાનવીર રત્નપાલ	૦-૧૨-૦

		રૂ.આ.પા.
૮૧	સતી મંડળ ભાગ ૧–૨ હરેકના	૨–૮–૦
૮૨	પ્રાચીન ભારત (પ્રાચીન સ્થિતિનો ખ્યાલ આપેછે)	૦–૮–૦
૮૩	ઉત્તમ કુમાર	૦–૧૦–૦
૮૪	પુણ્ય પ્રભાવ	૨–૦–૦
૮૫	ધર્મવીર જયાનંદ	૨–૦–૦
૮૬	ધમ્મીલ કુમાર	૦–૧૦–૦
૮૭	કૃષ્ણચરિત્ર	૧–૮–૦
૮૮	બુદ્ધચરિત્ર	૦–૮–૦
૮૯	ગોપાળ કૃષ્ણ–ગોખલે સચિત્ર	૦–૮–૦
૯૦	સૉક્રેટિસ	૦–૮–૦
૯૧	લાલન આત્મવાટિકા	૦–૧૨–૦
૯૨	સદ્વક્તા	૦–૧૨–૦
૯૩	દ્રષ્ટાંતમાળા	૦–૮–૦
૯૪	ટૉડકૃત રાજસ્થાન (સંપૂર્ણ.)	૫–૦–૦
૯૫	પ્રવાસીના પત્રો...	૧–૦–૦
૯૬	રાજ્યના રીપુ ભાગ ૧–૨	૨–૪–૦
૯૭	સ્ત્રી ધર્મ નીતિ	૧–૪–૦
૯૮	પ્રેમથી મુક્તિ	૦–૮–૦
૯૯	હુન્નર સાગર	૨–૮–૦
૧૦૦	વિદ્યાસાગર	૦–૪–૦
૧૦૧	ચંદ્રકાન્ત ભાગ ૧–૨–૩ હરેકના	૨–૮–૦
૧૦૨	દ્રૌપદીની ફરિયાદ (એક પતિ સાબીત કરે છે)	૦–૮–૦
૧૦૩	શ્રી કૃષ્ણની રાસક્રીડાનું આધ્યાત્મિક સ્વરૂપ	૦–૪–૦

		રૂ.આ.પા.
૧૦૪	રાજવલ્લભ અથવા શિલ્પશાસ્ત્ર	૬-૦-૦
૧૦૫	૨૦૦ વર્ષનું પંચાંગ	૩-૮-૦
૧૦૬	દેવી ભાગવત શુદ્ધ ગુજરાતી ભાષાંતર ..	૨-૪-૦
૧૦૭	સ્વામી શ્રી વિવેકાનંદ વિચારપુષ્પમાળા ભાગ ૧-૨-૩-૪ દરેક ભાગના ...	૦-૪-૦
૧૦૮	કેશવકૃતિ	૧-૮-૦
૧૦૯	પ્રવૃત્તિનિવૃત્તિ	૦-૬-૦
૧૧૦	વેપાર શિક્ષક (વેપારીએ અવશ્ય આ પુસ્તક વાંચવું)	૨-૦-૦
૧૧૧	કથા વિનોદ	૦-૮-૦
૧૧૨	કુંજકિશોરી	૧-૪-૦
૧૧૩	લીલાવતી અને સુમતિવિલાસ	૧-૮-૦
૧૧૪	કાશ્મીર અને કેશરી	૧-૦-૦
૧૧૫	હરગંગલતા ભાગ ૧-૨ દરેક ભાગના	૦-૪-૦
૧૧૬	સુશીલ સુંદરી	૦-૪-૦
૧૧૭	કયા ઈશ્વરે આ વિશ્વ રચ્યું?	૦-૪-૦
૧૧૮	સતી ચરિત્ર સંગ્રહ	૨-૦-૦
૧૧૯	પ્રબંધ ચિંતામણી...	૨-૦-૦
૧૨૦	શ્રીમદ્રાજચંદ્ર (મૂળ કીમત રૂા ૭) ઘટાડેલી ...	૩-૦-૦
૧૨૧	પ્રવીણસાગર મ્હોટું સચિત્ર...	૧૨-૦-૦

મેસર્સ મેઘજી હીરજીની કું.

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,

નં. ૫૬૬, પાયધુની, મુંબઈ.

વિદેશી તથા વિલાયતી કાર્ડોની સાથે

હરિફાઇ કરે તેવાં સુંદર આકર્ષક મનોહર તથા દીલપસંદ કાર્ડો, કંકોત્રીઓ અને ફેન્સી રૂમાલો ઉપર છપાયેલાં મુબારકબાદીના તથા ક્ષમાપનાના કાર્ડોનું, કાગળોનું, કંકોત્રીઓનું તથા ચેકોનું:——

રમણીય પ્રદર્શન

જોવું હોય તો શ્રાવણ વદિ ૧ ને દિને અમારી ઑફીસમાં જરૂર પધારજો.

બ્હાર ગામવાળાઓએ સેંપલોને માટે

માત્ર ચાર આનાની

પોસ્ટની ટીકટો મોકલવી અથવા વી. પી. થી પણ મોકલવામાં આવશે.

મેસર્સ મેઘજી હીરજીની કુંપની;

૫૬૬, પાયધુની મુંબઈ.

